સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

અક્ષયતૃતીયા

વિ. સં. ૨૦૪૧

પુસ્તક ૨૨

અંક ૩

[ગુજરાત રાજ્યના પુરાતત્ત્વખાતાના સૌજન્યથી]



[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી દિનકર મહેતાનો લેખ]

સૂર્ય, માખેલ તા. રાપર, જિ. કચ્છ

સંપાદક

સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા

નિયામક

પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા પુસ્તક ૨૨ : અંક ૩

વિ. સં. ૨૦૪૧ એપ્રિલ, ૧૯૮૫

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	ઋગ્વેદની કેટલીક મંત્રદર્શિનીઓ—ઉમા શ. દેશપાંડે ...	૨૨૧
૨.	વૈદિક સાહિત્યમાં ગુહા—રામકૃષ્ણ વ્યાસ ...	૨૩૧
૩.	બ્રહ્મસૂત્ર (૪-૧-૧૩)માં "उत्तराघ-अश्लेष" શબ્દનું અર્થઘટન —ભક્તિનાથ ગિરીન્દ્રનાથ શુક્લ ...	૨૪૭
૪.	पा. सू. १-४-३६ અને ભટ્ટોજિ દીક્ષિતાદિ—વસન્તકુમાર મ. ભટ્ટ ...	૨૪૯
૫.	નવ્યન્યાય–એક પરિચય—લક્ષ્મેશ વ. જોષી ...	૨૫૩
૬.	સંસ્કૃત નાટકોનો હાસ્યરસ—અંજના એમ. રામી ...	૨૬૧
૭.	નાટ્યકાર સુબન્ધુ—આર. પી. મહેતા ...	૨૬૭
૮.	રઘુનાથ ભટ્ટકૃત वैराग्यतरङ्गः–એક પરિચય—ભગવત્પ્રસાદ પ. પંડ્યા ...	૨૭૫
૯.	ચતુરંગ અને બુદ્ધિબળ વિશેનાં બે પ્રાચીન સંસ્કૃત વર્ણનો —સિદ્ધાર્થ ય. વાકણકર ...	૨૮૩
૧૦.	માખેલની સૂર્યપ્રતિમા—દિનકર મહેતા ...	૨૯૫
૧૧.	ગ્રન્થાવલોકન ...	૨૯૯
૧૨.	સાભાર સ્વીકાર ...	૩૨૦

મુદ્રક : શ્રી પ્રહ્લાદ નારાયણ શ્રીવાસ્તવ, મૅનેજર, ધી મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : મમ. પ્રો. ડૉ. સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જુલાઈ, ૧૯૮૫.

સંપાદકીય

"સ્વાધ્યાય" પુસ્તક ૧૬, અંક ૩ (અક્ષયતૃતીયા અંક, વિ. સં. ૨૦૩૫)માં ઈ. સ. ૧૯૭૮ના ડિસેમ્બર ૩૧મી અને ઈ. સ. ૧૯૭૯ના જાન્યુઆરી ૧લીના રોજ નર્મદાતીરે આવેલ નારેશ્વરતીર્થમાં યોજાયેલ ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક-મંડળના જ્ઞાનસત્ર (વાર્ષિક અધિવેશન) પ્રસંગે રજૂ થયેલ અભ્યાસલેખો અને "સ્વાધ્યાય" પુસ્તક ૧૮, અંક ૪ (જન્માષ્ટમી અંક, વિ. સં. ૨૦૩૭)માં ઈ. સ. ૧૯૮૧ના જાન્યુઆરી ૨૪, ૨૫ અને ૨૬ના રોજ નડિયાદ મુકામે 'શ્રી સંતરામમંદિર'માં યોજાયેલ જ્ઞાનસત્રમાં રજૂ થયેલ અભ્યાસલેખો અને અમદાવાદ નજીક આવેલ જેતલપુર મુકામે 'શ્રી સ્વામિનારાયણ-મંદિર'માં એપ્રિલ ૪, ૫, અને ૬, ૧૯૮૨ના રોજ 'મંડળ'ના આઠમા વાર્ષિક જ્ઞાનસત્ર (વાર્ષિક અધિવેશન)માં રજૂ કરાયેલ અભ્યાસલેખો "સ્વાધ્યાય" પુ. ૨૦, અંક ૨ (વસંતપંચમી અંક, વિ. સં. ૨૦૩૯)માં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

સરદાર પટેલ યુનિવર્સિટી (વલ્લભ વિદ્યાનગર, જિ. ખેડા)ના સંસ્કૃતવિભાગ (અનુસ્નાતક)ના આશ્રયે 'મંડળ'નું નવમું વાર્ષિક અધિવેશન માર્ચ ૧૯ અને ૨૦ ૧૯૮૩ના રોજ યોજાયું હતું. આ અધિવેશનમાં આશરે ૭૦ પ્રાધ્યાપકમિત્રોએ ઉપસ્થિતિ આપી હતી. શનિવાર તા. ૧૯-૩-૮૩ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. કે. એન. શાહે ઉદ્ઘાટન કર્યું હતું. આ અધિવેશનના પ્રમુખ ડૉ. વી. એમ. કુલકર્ણી અને અતિથિવિશેષ પ્રો. જયાનંદભાઈ એલ. દવે હતા. ઉદ્ઘાટનબેઠકમાં (તા. ૧૯-૩-૮૩) નિવૃત્ત સંસ્કૃતના વિદ્વાનો-ડૉ. જયદેવભાઈ એમ. શુકલ, શ્રી જયન્તભાઈ પ્રેમશંકર ઠાકર, પ્રો. ડૉ. અરુણોદય નટવરલાલ જાની અને શ્રી ચીમનભાઈ દેસાઈનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેઓએ સંસ્કૃત સાહિત્યના આગ્રહો અને પૂર્વગ્રહો, સંસ્કૃત અંગેના ખોટા ખ્યાલો દૂર કરવા વગેરે બાબતો ઉપર ધ્યાન દોર્યું હતું. અસ્વાસ્થ્યને કારણે ડૉ. ધીરુભાઈ પી. પટેલ (અત્યારે સ્વર્ગસ્થ) ઉપસ્થિત રહી શકયા ન હતા.

પ્રો. કે. એન. શાહે ઉદ્ઘાટનપ્રવચનમાં સંસ્કૃત ભાષાની વિશિષ્ટતા અને આજના સંદર્ભમાં તેના અધ્યયન અને અધ્યાપનની આવશ્યકતાની સુંદર રજૂઆત કરી હતી. પ્રમુખ-સ્થાનેથી ડૉ. કુલકર્ણીએ મહાનિબંધોની ઉતરતી જતી કક્ષા માટે દુઃખ વ્યક્ત કરી, ઉતરતાં ધોરણોને પુનઃ સ્થાપિત કરવા ઘોષણા કરી હતી. ઉતરતાં જતાં ધોરણો તરફ વર્ષો પહેલાં સદ્ગત ડૉ. વી. રાઘવને ધ્યાન દોર્યું હતું અને ધોરણોની અવનતિ રોકવા અને ઉન્નતિ સ્થાપવા પ્રયાસ કરવાને હાકલ કરી હતી, તે અત્રે સ્મૃતિપટ પર આવે એ સહજ છે.

શનિવાર તા. ૧૯-૩-૮૩ની બેઠકના અધ્યક્ષસ્થાને શરૂઆતમાં ડૉ. વી. એમ. કુલકર્ણી હતા અને પછી પ્રો. ડૉ. અરુણોદય જાની હતા. ઉદ્ઘાટનબેઠકમાં ડૉ. હરિપ્રસાદ જોષીએ સંદેશાવાચન કર્યું હતું. ડૉ. સી. એલ. શાસ્ત્રીએ 'મંડળ'ના હેતુઓનો અને કાર્યોનો

ખ્યાલ આપ્યો હતો અને ડૉ. શાંતિકુમાર પંડ્યાએ મંત્રીનો અહેવાલ રજૂ કર્યો હતો. પ્રો. સુરેશચંદ્ર જ. દવેએ આભારવિધિ કર્યો હતો.

રવિવાર, તા. ૨૦-૩-૮૩ના રોજ પૂર્વાહ્‌ણની બેઠક પ્રો. જયાનંદભાઈ દવેની અધ્યક્ષતામાં મળી હતી; અપરાહ્‌ણમાં પૂર્ણાહુતિબેઠક ડૉ. સી. એલ. શાસ્ત્રીના પ્રમુખપદે મળી હતી. તેમાં દિવંગત વિદ્વાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને ત્રણ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. આભારવિધિથી અધિવેશનની સમાપ્તિ થઈ હતી.

બે દિવસની બેઠકોમાં ઉપર્યુક્ત બેઠકોના અધ્યક્ષોના પ્રમુખપણા હેઠળ સંસ્કૃત ભાષા અને સાહિત્યનાં વિવિધ પાસાંઓને લગતા વિવિધ વિષયો ઉપર સંશોધનલેખો રજૂ કરવામાં આવ્યા હતા.

અધિવેશનમાં ઉપસ્થિત સભ્યો માટે વડતાલના સ્વામિનારાયણમંદિરની અને આણંદની અમૂલડેરીની મુલાકાતની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ અધિવેશનની આ વિશિષ્ટતા હતી.

આ વાર્ષિક અધિવેશનમાં રજૂ થયેલ અભ્યાસલેખો સર્વને એક જ સ્થાને સરળતાથી પ્રાપ્ત થાય, તે હેતુથી આ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. દરેક લેખમાંનાં મન્તવ્યો માટે જે તે લેખક જવાબદાર છે. લેખો સમયસર મોકલી આપવા બદલ અધ્યાપકમિત્રોનું અત્રે ઉપકારસ્મરણ કરતાં હું આનંદ અનુભવું છું.

પ્રસ્તુત અંકમાં વિદ્યાનગર-અધિવેશનના લેખો અંગેની આવશ્યક તૈયારીમાં સહકાર અને સાહાય્ય આપવા બદલ ડૉ. અનંતરાય જ. રાવળ (પ્રવાચક, સંસ્કૃત, પાલિ અને પ્રાકૃતવિભાગ, કલાસંકાય, મ. સ. વિશ્વવિદ્યાલય અને મંત્રી, ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપકમંડળ), શ્રી ભગવત્પ્રસાદ પંડ્યા અને ડૉ. દેવદત્ત જોશી, સંશોધન-અધિકારીઓ, પ્રાચ્યવિદ્યામંદિર, શ્રી નવીનભાઈ શાહ, તાંત્રિક મદદનીશ, પ્રાચ્યવિદ્યામંદિર, પ્રત્યે હું સાનંદ આભારની લાગણી વ્યક્ત કરું છું.

અંતમાં, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસના મેનેજર શ્રી પ્રહ્‌લાદ નારાયણ શ્રીવાસ્તવ અને તેમના સાહાય્યકર્તાઓની મદદથી આ અંક ઝડપથી છાપી શકાયો છે, તે બદલ તે સર્વનો હું આભારી છું.

દેવશયની એકાદશી,
વિ. સં. ૨૦૪૧
તા. ૨૮-૬-૧૯૮૫

સુરેશચંદ્ર ગો. કાંટાવાળા
સંપાદક,
'સ્વાધ્યાય'

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૪૧ પુસ્તક ૨૨

એપ્રિલ, ૧૯૮૫ અંક ૩

ઋગ્વેદની કેટલીક મંત્રદર્શિનીઓ[1]

ઉમા શ. દેશપાંડે*

ઘણા સંસ્કૃત લેખકોએ "ઋષિ" શબ્દની સમજૂતી આપેલી છે. પણ નિરુક્તકાર યાસ્કે કરેલી ઋષિની વ્યાખ્યા નોંધપાત્ર છે:

साक्षात्कृतधर्माणः ऋषयो बभूवुः । (नि. १.६) ધર્મનો સાક્ષાત્કાર જેમને થયો તે ઋષિ; અને.

> तद् यद् एनान् तपस्यमानान् ब्रह्म स्वयंभू:
> अभ्यानर्षत् यद् ऋषीणाम् ऋषित्वम् इति विज्ञायते ।[2]

તપશ્ચર્યા કરતાં કરતાં સ્વયંભૂ પરબ્રહ્મ એમના સામે પ્રગટ થયું અને વૈદિક મંત્રોનું એમને આર્ષ દર્શન થયું.

આ વ્યાખ્યાઓ પરથી ખ્યાલ આવે છે કે વેદકાલીન ઋષિ એવી પરિશુદ્ધ વ્યક્તિ હતી કે જેની પાસે અતીંદ્રિય પૈગંબરીય જ્ઞાન અને કાવ્યાત્મક દૃષ્ટિ હતાં. એટલે જ વૈદિકકાળમાં ઋષિઓનું સમાજમાં મોટું માન હતું, પ્રતિષ્ઠાનું સ્થાન હતું. તેથી જ ઋગ્વેદના બીજા મંડળના દ્રષ્ટા ગૃત્સમદ પોતાની અભિલાષા વ્યક્ત કરતાં કહે છે—बृहद्वदेम विदथे सुवीराः ।[3] અમારા શૂરવીર પુત્રો સાથે યજ્ઞમંડપમાં અમે ઊંચા નાદમાં મંત્રોનો ઉદ્‌ઘોષ કરીએ.

પણ મંત્રોનો ઉદ્‌ઘોષ કરવો કે પૌરોહિત્ય કરીને દેવતાઓનું આવાહન કરવું એ કાંઈ ફક્ત પુરુષોનો જ ઈજારો ન હતો. ઋગ્વેદિક સમાજમાં એવી તેજસ્વિની અને મેધાવિની

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૩, અક્ષયતૃતીયા અંક, એપ્રિલ '૮૫, પૃ. ૨૨૧-૨૩૦.

* સંસ્કૃત વિભાગ, કલાસંકાય, મ. સ. યુનિવર્સિટી, વડોદરા-૩૯૦ ૦૦૨.

૧ વલ્લભવિદ્યાનગર મુકામે તા. ૧૯-૨૦ માર્ચ ૮૩ના રોજ યોજાયેલ, ગુજરાત રાજ્ય યુનિ. અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના નવમા અધિવેશનમાં રજૂ થયેલો લેખ.

૨ શર્મા, ઉમાશંકર, (સં.) નિરુક્ત, ચૌખંબા વિદ્યાભવન, ૧૯૬૧, પૃ. ૩૩, ૪૯.

૩ ઋગ્વેદ, ૨. ૧૧, ૧૩, ૧૪, ૧૫ ઈ.

સ્ત્રીઓ હતી કે જે આકરી તપશ્ચર્યા કરીને વેદબ્રહ્મનું દર્શન કરી શકતી હતી, યજ્ઞમંડપમાં વેદમંત્રો ગાઈ શકતી હતી અને દેવતાઓની પ્રાર્થના કરીને ઇચ્છિત ફળ મેળવી શકતી હતી.

'બૃહદ્દેવતા' (૨. ૮૨–૮૪) નામના પુસ્તકમાં ૨૭ મંત્રદર્શિની સ્ત્રીઓનો ઉલ્લેખ કર્યો છે.[૪]

સ્થળમર્યાદાના કારણે આ લેખમાં વિશ્વવારા, અપાલા, ઘોષા, અદિતિ અને વાક્ નામની મંત્રદર્શિની સ્ત્રીઓનાં સૂક્તોનું વિવેચન કર્યું છે.

વિશ્વવારા : મંત્રદર્શિની વિશ્વવારા પ્રખ્યાત અત્રિ ઋષિના ઉચ્ચ કુળમાં જન્મેલી છે. ભગવાન દત્ત, દુર્વાસા અને સોમના પિતા અને સતી અનસૂયાના પતિ અત્રિ ઋષિ પાંચમાં મંડળના દ્રષ્ટા ગણાય છે. ભારતવર્ષમાં આવીને આર્યધર્મનો પ્રસાર કરનાર અને આર્યોની વસાહતો સ્થાપનાર જે પાંચ કુળો હતાં–પુરુ, અનુ, દ્રુહ્યુ, તુર્વશ અને યદુ એ વંશોના અત્રિ પુરોહિત હતા.

પાંચમા મંડળના ૨૮મા સૂક્તમાં વિશ્વવારા અગ્નિદેવની પ્રશંસા અને પ્રાર્થના કરે છે.

યજ્ઞયાગનું નિત્યશઃ અનુષ્ઠાન કરનારા ઋગ્વેદિક આર્યોમાટે અગ્નિદેવ એ સૌથી શ્રેષ્ઠ દેવ હતા. ઋગ્વેદના આશરે ૨૦૦ સૂક્તોમાં અગ્નિનું આવાહન કરવામાં આવ્યું છે. ઋગ્વેદનો પ્રારંભ જ 'अग्निमीळे पुरोहितम् ।' એમ અગ્નિપ્રાર્થનાથી થાય છે. ઋગ્વેદના દરેક મંડળમાં શરૂઆતનાં સૂક્તો અગ્નિપરક હોય છે. દરરોજ સવારે પેટાવવામાં આવતો અગ્નિ દરેક આર્ય વ્યક્તિ માટે પ્રકાશ અને પ્રગતિનો દેવ હતો.

ઋગ્વેદિક સમયમાં વિવિધ યજ્ઞયાગોનાં અનુષ્ઠાનમાં સ્ત્રીઓ પણ સરખી રીતે સહભાગી થતી હતી. એટલું જ નહિ પણ યજ્ઞોના સમારોહમાં પુરુષ ઋત્વિજોની સાથે વેદીની પાસે બેસીને મંત્રોના ગાયન દ્વારા દેવતાઓનું આવાહન કરતી. સમ્યક્ વાણી અને સુંદર શૈલીમાં એમની સ્તુતિ અને પૂજા કરતી. આ કોટીની મંત્રગાયિકા ઋષિકાઓમાંની અત્રિકુલ-દીપિકા વિશ્વવારા હતી.

અગ્નિનું આવાહન કરતાં એ કહે છે :

समिद्धो अग्निर्दिवि शोचिरश्रेत्
प्रत्यङ्ङुषसमुर्विया विभाति ।
एति प्राची विश्ववारा नमोभिः
देवाँ ईळाना हविषा घृताची ॥ ५.२८-१ ॥

વહેલી સવારે સારી રીતે પ્રગટાવેલા અગ્નિનો પ્રકાશ ઊંચે આકાશમાં ફેલાય છે. દેવોને વંદન કરતી વિશ્વવારા એવા અગ્નિને આહુતિ અર્પે છે.

૪ મૅકડોનેલ. એ. એ., (સં.) બૃહદ્દેવતા, હાર્વર્ડ યુનિવર્સિટી, ૧૯૦૪, પૃ. ૧૮.

જે યજમાન અગ્નિદેવનું સારું આતિથ્ય કરીને એને સન્માને છે, આવકારે છે તેને અગ્નિદેવ સમગ્ર ધન અર્પણ કરે છે. આવો અગ્નિપૂજક ગરીબ કે કંગાળ રહેતો નથી.

विश्वं स धत्ते द्रविणं यमिन्व-
स्यातिथ्यमग्ने नि च धत्त इत्पुरः ॥ २ ॥

અને પછી પોતાના હૈયાની વાત કરતાં વિશ્વવારા કહે છે–હે અગ્નિદેવ અમારા શત્રુઓનો વિનાશ કરો જેથી અમે ધનવાન અને સમૃદ્ધ બનીએ. એક સંનિષ્ઠ પત્ની અને આદર્શ ગૃહિણી તરીકે વિશ્વવારા અગ્નિને પ્રાર્થના કરતાં બીજી પંક્તિમાં કહે છે :

सं जास्पत्यं सुयममा कृणुष्व । ३ ।

પતિ અને પત્નીના જે પરસ્પર આત્મીય સ્નેહબંધ અને પ્રેમરસ હોય છે તેને તું વધારે દૃઢ, વધુ મજબૂત બનાવ જેથી કરીને સમાજનો આ મહત્ત્વનો ઘટક ટકી રહે અને સામાજિક, કૌટુંબિક સુરક્ષા અને સ્થિરતાને આંચ આવે નહિ.

આગળની ઋક્‌માં વિશ્વવારા અગ્નિદેવની શ્રેષ્ઠતાનું અભિવાદન કરે છે.

છેલ્લે, દેવોને આહુતિ પહોંચાડનાર હવ્યવાહન અગ્નિના પૂજનનો ઋત્વિજોને આદેશ આપતી ઋષિકા વિશ્વવારા કહે છે :

आ जुहोता दुवस्यताग्निं प्रयत्यध्वरे ।
वृणीध्वं हव्यवाहनम् ॥ ६ ॥

જ્યારે અમારો આ યજ્ઞ પ્રવર્તે છે ત્યારે હે ઋત્વિજો આ અગ્નિદેવની સારી રીતે પૂજા કરો. તેની સેવા કરો. તેનું વરણ, સ્વીકરણ કરી તેનું સન્માન કરો.

અપાલા : વિશ્વવારાનાજ વંશમાં એટલે પ્રખ્યાત અત્રિકુળમાં જન્મેલી બીજી મેધાવિની અને આર્ષજ્ઞાનવાળી ઋષિકા એટલે અપાલા. સારા કુળમાં જન્મેલી અપાલા એક દુર્દૈવી સ્ત્રી હતી. વિવાહિત હોવા છતાં એના પતિએ એને ઘરમાંથી કાઢી મૂકી હતી. કારણ ?

બે કારણો હતાં. એક તો એને ત્વચાદોષ હતો, ચામડીનો રોગ હતો અને બીજું એનો શારીરિક વિકાસ બરાબર થયો ન હોતો. એક સ્ત્રી તરીકે જેવી રીતે એના શરીરનું ઘડતર થવું જોઈએ એવું થયું નહોતું.

પણ પિતાના ઘરમાં રહી રહીને એ કંટાળી ગઈ. પતિનો વિરહ એને બહુ સાલતો હતો.

એટલે પતિનો પ્રેમ પરત મેળવવા અને સુખી કૌટુંબિક જીવનની પ્રાપ્તિ કરવા માટે એ ઈન્દ્રદેવને પ્રસન્ન કરવાનું નક્કી કરે છે :

कन्या३ वार॑वायती सोम॒मपि॑ स्रुताविदत् ।
अस्तं भर॑न्त्यब्रवीदिन्द्राय सुनवै त्वा शक्राय सुनवै त्वा ॥ ८.९१.१ ॥

ઋગ્વેદિક દેવતાઓમાં ઇન્દ્રદેવ સૌથી પરાક્રમી, બલશ્રેષ્ઠ અને આર્યોને લઢાઈમાં વિજય અપાવનાર તરીકે વર્ણવવામાં આવ્યા છે. ઋગ્વેદનાં સૌથી અધિક સૂક્તોમાં એટલે કે લગભગ ૨૫૦ સૂક્તોમાં ઇન્દ્રદેવની પ્રાર્થના કરવામાં આવી છે. ઇન્દ્રદેવની સૌથી મનગમતી વસ્તુ એટલે સોમરસ; જે પીવાથી એમનામાં અખૂટ શક્તિનો સંચાર થાય છે, વધારે સ્ફૂર્તિ મળે છે અને એ વિવિધ પ્રકારનાં કાર્યો કરી શકે છે.

અપાલા આ વાત સારી રીતે જાણે છે. એટલે તે ઇન્દ્રનું આવાહન કરીને તેને સોમરસ પીવા આપે છે. સાથે જ તેને વધારે પ્રસન્ન કરવા માટે–ધાના–ધાણી, કરંભ–દહીં મિશ્રિત લોટનો પદાર્થ, અપૂપ પુરોડાશ જેવા પૂડા પણ પ્રેમથી આરોગવા વિનવે છે :

इमं जम्भसुतं पिब धानाव॑न्तं कर॒म्भिण॑मपूपव॑न्तमु॒क्थिन॑म् ॥ २ ॥

આગળની ઋક્‌માં રમણીય અને મનોહર એવી કાવ્યાત્મક શૈલીમાં ઇન્દ્રની પ્રાર્થના કરતાં એ કહે છે :

कुविच्छक॑त् कुवित् करत् कुविन्नो वस्य॑सस्करत् ।
कुवित् प॑तिद्विषो॑ य॒तीरिन्द्रे॑ण संगमा॑महै ॥ ४ ॥

મારા પતિથી વારંવાર (**कुवित्**) તરછોડાયેલી, અપમાનિત થયેલી હું ઇન્દ્રનો સાથ કરું છું. ઇન્દ્રને શરણે જાઉં છું.

શરણાગતવત્સલ અને મહાપરાક્રમી એવા ઇન્દ્રદેવ પાસે અપાલા ત્રણ પ્રકારની યાચના કરે છે :

૧ **कुवित् शकत्**—ઇન્દ્રદેવ મને બહુવિધ પ્રકારે શક્તિમાન, સામર્થ્યવાન બનાવે. જે કારણથી હું પતિદેવને ગમતી નથી તે મારી શારીરિક દુર્બળતા દૂર કરી મને ઇન્દ્રદેવ સૌષ્ઠવ અને નિરામયતા આપે.

૨ **कुवित् करत्**—ઇન્દ્રદેવ અમારી વૃદ્ધિ કરો. હું એકલી ન રહેતાં મારા પરિવારમાં અનેક વ્યક્તિઓનો ઉમેરો થાઓ.

૩ **कुविन्नो वस्यसस्करत्**—ઇન્દ્રદેવ અમને સમૃદ્ધ અને સંપત્તિશાળી બનાવે.

પણ આગળની બે ઋચાઓમાં અપાલાની યાચના વધારે સ્પષ્ટ અને ભાવાત્મક છે.

इमानि त्रीणि॑ विष्टपा तानी॑न्द्र विरो॑हय ।
शिरस्ततस्योर्वरामादिदं म उपोदरे॑ ॥ ५ ॥

અપાલા ઈન્દ્રદેવને કહે છે—આ ત્રણ જગ્યાઓ પર વાળ ઊગાડ. सर्वा ता रोमशा कृधि ॥६॥ મારા પિતાજીના માથા ઉપર, એમની સૂકાયેલી જમીન ઉપર અને મારા શરીર ઉપર. મારા પિતાજીનું માથું જે વાળ વગરનું છે તેના ઉપર સુંદર, કાળા, ચમકતા વાળ ઊગાડ. બીજું એવું કે એમની જમીન જે ઉજ્જડ પડેલી છે એમાં અનાજ ઉગાડીને તેને સમૃદ્ધ કર.

ત્રીજું મને રોમશા કર. મારા શરીરનું સારું ઘડતર કર. મારી ત્વચાનો દોષ દૂર કરીને તેને યોગ્ય ઠેકાણે રોમયુક્ત કર. મને પ્રજનન–ક્ષમતાવાળી સ્ત્રી બનાવ જેથી કરીને હું સારી પત્ની, પ્રેમાળ મા અને સુંદર ગૃહિણી તરીકે સમાજમાં માનભેર રહી શકું.

આ સૂક્તની છેલ્લી ઋક્‌માં એવું કહેવામાં આવ્યું છે કે ઈન્દ્રદેવે પ્રસન્ન થઈને અપાલાની માગણી પૂર્ણ કરી. व्यकृणोः सूर्यत्वचम् । સૂર્યના જેવી ચમકતી, સુંદર, નિરામય ત્વચા આપી તેને નિર્દોષ, સુદૃઢ બનાવી.

ઘોષા : બ્રહ્મવાદિની ઘોષાના નામ ઉપર ઋગ્વેદના દસમા મંડળમાં ૩૯ અને ૪૦ એમ બે સૂક્તો છે.

પહેલા મંડળના ૧૧૬–૧૨૬ અને નવમા મંડળના ૭૪ સૂક્તના દ્રષ્ટા કક્ષીવાન નામના ઋષિની ઘોષા કન્યા હતી. કક્ષીવાનનું કુળ વૈદિક ઋષિઓનું કુળ હતું. કારણ કક્ષીવાનના પિતા દીર્ઘતમસ્, તેમના પિતા ઉચથ્ય અને ઉચથ્યના અંગિરસ. આ બધા જ મંત્રદ્રષ્ટા ઋષિઓ હતા. આમ વૈદિક ઋષિઓની પરંપરા નિર્માણ કરનાર ઉચ્ચ કુળમાં ઘોષાનો જન્મ થયો હતો.

આટલા સારા કુળમાં જન્મેલી હોવા છતાં ઘોષા એક દુર્દૈવી, કમનસીબ, અભાગણુ સ્ત્રી હતી. એના માટે કયાંય સારો પતિ જ મળતો નહોતો. પોતાના પિતાના ઘરમાં રહીને એણે કેટલાંક વર્ષો પસાર કર્યાં. પણ પછી એ કંટાળી ગઈ. એને પોતાનું એકલવાયું જીવન નીરસ લાગવા લાગ્યું.

આ મુશ્કેલીમાંથી માર્ગ કાઢવામાટે, સારો પતિ મેળવવામાટે ઘોષાએ ઈશ્વરસ્વરૂપ અશ્વિન દેવોની ભાવપૂર્ણ પ્રાર્થના શરુ કરી. કારણ એ યુગમાં ઈન્દ્ર, અગ્નિ અને સોમ આ દેવતાઓ પછી અશ્વિનોનું મહત્ત્વ અને શ્રેષ્ઠત્વ ઘણું વધી ગયું હતું. તે વખતના લોકોને એવી દૃઢ શ્રદ્ધા હતી કે આ અશ્વિનો પાસે અગાધ જ્ઞાન અને અલૌકિક શક્તિ રહેલી છે. પ્રકાશના દ્યોતક આ જોડિયા દેવતાઓમાં ભક્તોનું સંકટમાંથી રક્ષણ કરવાની ગમે તે મુશ્કેલીમાંથી એમને તારવાની પ્રચંડ શક્તિ હતી. જે લોકો તેમની પ્રાર્થના કરતા એમના તેઓ તારણહાર બનતા. એમની આશા–આકાંક્ષા પૂર્ણ કરતા. એટલે જ એમનું બીજું નામ નાસત્યા—ન અસત્યા—જે કદી ખોટા ઠરતા નથી, જેમની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી.

એટલે જ ઘોષા અશ્વિનોની મનઃપૂર્વક પ્રાર્થના કરતાં કહે છે :

यो वां परिज्मा सुवृदश्विना । १०–३९–१ ।

સુંદર અને મજબૂત રથમાં ફરનારા અશ્વિનોની અમે રાતદિવસ પ્રાર્થના કરીએ છીએ.

અપ્રત્યક્ષ રીતે પોતાની પ્રાર્થનાનો હેતુ બતાવતાં એ કહે છે :

अमाजुरश्चिद्भवथो युवं भगो । ३ ।

અવિવાહિત કન્યાના તમે ભાગ્ય બનો છો–તમે એને સારો પતિ આપીને ભાગ્યશાળી બનાવો છો.

ઘોષાને ખબર છે કે આજ અશ્વિનોએ અનેક લોકોનું રક્ષણ કર્યું છે. તેમને મદદ કરી છે. એવા દાખલાઓ ટાંકીને એમની પ્રશંસા કરતાં એ કહે છે :

युवं च्यवानं सनयं यथा रथं पुनर्युवानं चरथाय तक्षथुः । ४ ।

' જેમ સુથાર જૂના અને ભંગાર થયેલા રથને દુરસ્ત કરીને નવો અને મજબૂત બનાવે છે તેમ તમે ઘરડા અને જરાજીર્ણ થયેલા ચ્યવન ઋષિને ફરીથી જુવાન કર્યો, હરતો ફરતો કર્યો. વળી તમે જ ઘરડા થયેલા કલિ નામના ઋષિને નવયૌવન આપ્યું. તેમ જ કૂવામાં પડી ગયેલા વંદન નામના ઋષિને બહાર કાઢ્યો અને યુદ્ધભૂમિ પર લઢવા ગયેલી વિશ્પલાનો જ્યારે એક પગ દુશ્મનના શસ્ત્રથી કપાઈ ગયો ત્યારે તમે જ એને નવો પગ આપીને હરતીફરતી કરી.

આવા અનેક દાખલાઓ આપતી ઘોષા અશ્વિનોનું નિરંતર ધ્યાન ખેંચવા માટે દરેક પંક્તિમાં તમે જ આ કાર્ય કર્યું, તમે જ આને બચાવ્યો–युवं च्यवानं युवं रथेन विमदाय, युवं विप्रस्य, युवं ह रेभं...' એમ સરસ, સચોટ અને ચિત્તવેધક ભાષાશૈલી પ્રયોજે છે. અને પોતાની મનોકામના, આંતરિક ઈચ્છા પ્રગટ કરતી એ અશ્વિનોને પ્રાર્થે છે :

प्रियो स्त्रियस्य वृषभस्य रेतिनो गृहं गमेमाश्विना तदुश्मसि ॥ १०–४०–११ ॥

જે મારા પર પ્રેમ કરશે, મને ચાહશે એવા નિરામય અને સુદઢ પતિના ઘરમાં રહેવાની મારી કામના છે. હે અશ્વિનો મારા પર કૃપા કરો. પ્રસન્ન થાઓ.

अभूतं गोपा मिथुना शुभस्पती प्रिया अर्यम्णो दुर्यां अशीमहि ॥ १०–४०–१२ ॥

તમે જ મારું રક્ષણ કરનાર છો, તો મને મારા પ્રિય પતિના ઘરે લઈ ચાલો.

આમ ઈશ્વર પ્રત્યેની અનન્ય નિષ્ઠાનું, ભગવાનમાં સંપૂર્ણ શરણાગતિ અને પ્રપત્તિનું એક ' આદર્શ ' ઉદાહરણ બ્રહ્મવાદિની ઘોષા આપણી સામે મૂકે છે. ફલસ્વરૂપ અશ્વિનો ઘોષાને સારો પતિ આપે છે અને સુહસ્તિ નામના મંત્રદ્રષ્ટા (૧.૧૧૭.૭) પુત્રની પણ પ્રાપ્તિ કરાવે છે.

આ ત્રણ મંત્રદર્શિની સ્ત્રીઓનાં સૂક્તો મુખ્યત્વે સાહિત્યિક, સામાજિક અને આધ્યાત્મિક દૃષ્ટિથી ઘણાં અગત્યનાં અને મહત્ત્વપૂર્ણ છે.

આ સ્ત્રીઓની રચનાઓમાં એમની પોતાની આગવી ભાષાશૈલી છે. (ઘોષાની ભાષા–युवं च्यवानं, युवं रथेन...અને અપાલાની સંગીતમય વાણી–कुवित् शकत्, कुवित् करत् । ઈ.)

સાચી નમ્રતા અને ઋજુતાથી કરેલી આ પ્રાર્થનાઓ પ્રાસાદિક અને અર્થમધુર છે. તેથી જ હૃદયસ્પર્શી એવાં આ સૂક્તો અથવા ભક્તિગીતો વૈદિક સાહિત્યમાં અક્ષય, અમર અને ચિરંતન સ્થાન પામે છે.

આ સૂક્તોમાં હજારો વર્ષો પહેલાંના ઋગ્વેદિક સમાજની સમસ્યાઓનો અને ખામીઓનો ચિતાર મળે છે. સ્ત્રીઓની સ્થિતિ ગૌણ હોવાથી એમને ઘણું સહન કરવું પડતું અને ગૃહ-ક્લેશને કારણે કુટુંબસંસ્થા ભયમાં મૂકાતી હતી.

પણ તે વખતના સામાજિક અને કૌટુંબિક જીવનનું એક ઊજળું અને આદર્શ પાસું એટલે તત્કાલીન આર્યાવર્તની તેજસ્વી, નિર્ભય અને ઈશ્વરનિષ્ઠ નારી. પોતાની ઉપર આવેલી અણધારી મોટી આફતમાં પણ ઘોષા, અપાલા જેવી સ્ત્રીઓ ડગતી નહોતી, હિંમત હારતી નહોતી. પણ ઈશ્વર ઉપર દૃઢ શ્રદ્ધા રાખીને, તેને પ્રાર્થનાને પૂજાથી પ્રસન્ન કરીને ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કરતી, સંકટમાંથી માર્ગ કાઢતી અને એમ પોતાના કર્તૃત્વથી જીવનને ઉદાત્ત અને પ્રકાશમય બનાવીને સમાજને બોધપાઠ આપતી હતી. વળી વિશ્વવારા જેવી મેધાવિની મહિલા ઋષિઓની માફક તપશ્ચર્યા કરીને મંત્રદર્શન કરી શકતી હતી અને પુરુષ ઋત્વિજોની સાથે જ યજ્ઞના અનુષ્ઠાનમાં બેસી, સૂક્તોનું ગાયન કરી દેવોનું આવાહન કરતી હતી. વર્તમાન સમયમાં સાકોરીના પૂજ્ય ઉપાસની બાબાના આશ્રમમાં રહેનારી, વેદવેદાંગોનું અધ્યયન, અધ્યાપન કરતી અને યજ્ઞયાગનું અનુષ્ઠાન કરનારી ઋષિકાઓ, ઋગ્વેદિક મંત્રદર્શિની સ્ત્રીઓની ઉજ્જવળ અને બહુમુખી પ્રતિભા અને પરંપરાને ટકાવી રાખે છે અને દૃઢ બનાવે છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ આ સૂક્તો ભક્તિયોગનું શ્રેષ્ઠત્વ પ્રતિપાદન કરે છે. ભાગવતમાં જે નવવિધ–નવ પ્રકારની ભક્તિ કહેલી છે[5] તેનું સચોટ નિદર્શન પણ તેમાં થાય છે.

ભક્તિની વ્યાખ્યા કરતાં નારદ અને શાંડિલ્યે કહ્યું છે :

सा त्वस्मिन् परमप्रेमरूपा ।[6]

सा परानुरक्तिरीश्वरे ।[7]

આ સ્ત્રીઓને પણ ઈશ્વર પ્રત્યે અનહદ પ્રેમ અને અસીમ શ્રદ્ધા છે. એટલે જ તો એ દેવોની આર્ત પ્રાર્થના કરીને, એમને સ્વાદિષ્ટ આહુતિ–નૈવેદ્ય અર્પણ કરીને અને સંપૂર્ણ શરણાગતિ સ્વીકારીને તેમનું યજન, પૂજન અને કીર્તન કરે છે.

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥ गीता, ७.१६. ॥

---

૫ श्रीमद्भागवतमहापुराणम्, ७–५–२३, गीताप्रेस, गोरखपुर, १९६६.

૬ સ્વામી ત્યાગીશાનંદ, (સં.) **નારદ ભક્તિસૂત્ર–૨** શ્રીરામકૃષ્ણ મઠ, મદ્રાસ, ૧૯૭૨.

૭ જોષી વાસુદેવ મહાશંકર, (સં.) **શાંડિલ્ય ભક્તિસૂત્ર–૨** સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, મુંબઈ, ૧૯૫૫.

ગીતાના આ શ્લોકમાં ગણાવેલા ચાર પ્રકારના ભક્તો પૈકી અર્થાર્થી ભક્તોનું ઉદાહરણ પૂરું પાડતી આ સ્ત્રીઓ આપણી સામે સકામ અને સગુણ ભક્તિયોગનો ચિરંતન આદર્શ મૂકે છે.

અદિતિ : ઋગ્વેદના દસમા મંડળના ૭૨મા સૂક્તના દ્રષ્ટા તરીકે બૃહસ્પતિ અને અદિતિ એ બંનેનો નિર્દેશ કરેલો હોવા છતાં સૂક્તનો પ્રતિપાદ્ય વિષય અને રચનાકૌશલ્ય ધ્યાનમાં લેતાં, અદિતિ જ એ સૂક્તદર્શિની હોવી જોઈએ એમ કહી શકાય.

આદિત્ય કે સૂર્યની માતા અને દુઃખી ભક્તોને બંધનમાંથી મુક્ત કરનારી વિરાટ દેવતા તરીકે અદિતિનાં વર્ણનો ઋગ્વેદમાં મળે છે. પણ એક ઋષિકા તરીકે અદિતિ અગમ્ય–mystic જ્ઞાન ધરાવનારી, વિશ્વની ઉત્પત્તિવિષયક જિજ્ઞાસાથી પોતાના વિચારો વ્યક્ત કરનારી અને પોતાના પુત્રોનો નિર્દેશ કરીને તેમનું શ્રેષ્ઠત્વ સ્થાપનારી પ્રગલ્ભ અને મેધાવિની સ્ત્રી જણાય છે.

દેવોની અને વિશ્વની નિર્મિતિ કેવી રીતે થઈ તેની ટૂંકમાં સમજૂતી આપતાં અદિતિ કહે છે :

> ब्रह्मणस्पतिरेता सं कर्मार इवाधमत् ।
> देवानां पूर्व्ये युगेऽसतः सदजायत ॥ १०–७२–२ ॥

એક સરસ દૃષ્ટાન્ત આપીને સમજાવતાં અદિતિ કહે છે કે જેમ લુહાર ધમણમાંની હવાથી બુઝાયેલા અગ્નિને પ્રજ્વલિત કરે છે તેમ પ્રાચીન યુગમાં ભગવાન બ્રહ્મણસ્પતિએ વિશ્વમાં પ્રાણ પૂર્યો, તેને સજીવન કર્યું અને પછી અસત્‌માંથી સત્‌ની ઉત્પત્તિ થઈ.[૮] એટલે નામરૂપરહિત પરમોચ્ચ તત્ત્વમાંથી નામરૂપાત્મક એવી જડ અને ચેતન ભૌતિક વસ્તુઓની ઉત્પત્તિ થઈ.

એવી એક સાર્વત્રિક માન્યતા છે કે વિશ્વના નિર્માણ પહેલાં બીજી કોઈ ભૌતિક વસ્તુનું અસ્તિત્વ નહોતું, હતું તે ફક્ત પાણી. આ આદિમ જલમય તત્ત્વમાંથી આગળ અનેકવિધ પ્રાણીમાત્રની નિર્મિતિ થઈ.[૯] આ રહસ્યનો નિર્દેશ કરતાં અદિતિ કહે છે :

> यद्देवा अदः सलिले सुसंरब्धा अतिष्ठत ।
> अत्रा वो नृत्यतामिव तीव्रो रेणुरपायत ॥ ६ ॥

પહેલાં દેવો પાણીમાં જ એકરૂપ થઈને રહેતા હતા. ત્યાર પછી એમનામાંનો એક અત્યંત તેજસ્વી અંશ એટલે સૂર્ય બહાર નીકળી આકાશમાં સ્થિર થયો.

આગળની બે ઋચાઓમાં પોતાના પુત્રોનો ઉલ્લેખ કરતાં અદિતિ કહે છે કે એણે આઠ પુત્રોને જન્મ આપ્યો. જેમાંથી એણે સાત પુત્રો દેવોને સોંપ્યા અને આઠમા માર્તંડને વિશ્વના જનજીવન માટે ધારણ કર્યો. તૈત્તિરીય આરણ્યક (૧.૧૩.૩) પ્રમાણે અદિતિના આઠ પુત્રો એટલે મિત્ર, વરુણ, ધાતા, અર્યમા, અંશ, ભગ, વિવસ્વાન અને આદિત્ય.

---

૮ સરખાવો : **તૈત્તિરીય ઉપનિષદ્‌**, ૨.૭
૯ સરખાવો : **મનુસ્મૃતિ**, ૧.૮

આમ સૃષ્ટિની નિર્મિતિનું અતીંદ્રિય જ્ઞાન ધરાવનારી અને તેને વૈખરી વાણીમાં સરળ રીતે સમજાવનારી અદિતિ મંત્રદર્શિની જ નહિ પણ તત્ત્વદર્શિની ઋષિકા તરીકે શોભી ઊઠે છે.

વાક્ : ઋગ્વેદના દસમા મંડળના ૧૨૫મા સૂક્તની ઋષિકા અમ્ભૃણ મહર્ષિની કન્યા વાક્ છે. આ ઋષિકા સાચા અર્થમાં બ્રહ્મવાદિની છે કારણ એણે ફક્ત મંત્રોનું જ દર્શન કર્યું નથી પણ વૈદિક મંત્રોના મૂળમાં અને સમગ્ર સૃષ્ટિની પાછળ જે વિરાટ પરબ્રહ્મ તત્ત્વ છે તેનું પણ દર્શન કર્યું છે. બ્રાહ્મી સ્થિતિ પામેલી આ ઋષિકા આ સૂક્તમાં પરમેશ્વરનું યથાર્થ સ્વરૂપ સમજાવે છે, સાથે જ તેની દિવ્ય શક્તિની પ્રતીતિ કરાવે છે.

બ્રહ્માનંદમાં મસ્ત રહેનારી વાક્ ઉદ્ઘોષ કરે છે :

अहं रुद्रेभिर्वसुभिश्चराम्यहमादित्यैरुत विश्वदेवैः । १०–१२५–१ ।

જેમ ચોથા મંડળના વામદેવને પણ બ્રહ્મસાક્ષાત્કાર થયેલો હોવાથી તે કહે છે : **अहं मनुरभवमहं सूर्यश्च ।** (૪.૨૬.૧–૩) તેમજ અહીં વાક્ પોતાનું રુદ્ર, વસુ, આદિત્ય જેવા દેવતાઓની સાથે તાદાત્મ્ય સાધે છે. ઈશ્વરનું વિરાટ અને સર્વવ્યાપી સ્વરૂપ સમજાવતાં આગળ વાક્ કહે છે :

अहं राष्ट्री संगमनी वसूनां चिकितुषी प्रथमा यज्ञियानाम् ।
तां मा देवा व्यदधुः पुरुत्रा भूरिस्थात्रां भूर्यावेशयन्तीम् ॥ ३ ॥

હું સમગ્ર રાષ્ટ્રની દેવતા છું. સંપત્તિ આપનારી છું. પરતત્ત્વને જાણનારી છું. યજ્ઞોમાં હું જ પૂજનીય છું. સર્વત્ર રહેલા દેવોએ મને અનેક ઠેકાણે મૂકેલી છે, જોયેલી છે.

अहमेव वातइव प्र वाम्यारभमाणा भुवनानि विश्वा ।
परो दिवा पर एना पृथिव्यैतावती महिना सं बभूव ॥ ८ ॥

સમગ્ર પ્રાણીમાત્રને નિર્માણ કરીને પ્રવર્તતી હું મારી મહાનતાથી સ્વર્ગ અને પૃથ્વીથી પર રહું છું. વિશ્વાતીત છું.

આમ, દેહ અને ઈન્દ્રિયોનાં બંધનોથી પર થયેલી જીવન્મુક્તિનો આનંદ લૂંટવાની સાથે પરમતત્ત્વનું યથાર્થ સ્વરૂપ વર્ણવતી આ વાક્ નામની ઋષિકા–**अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम्** ॥ ૫.૨૬. એમ ગીતામાં કહ્યું છે તે પ્રમાણે બ્રહ્મદર્શિની નારી નહિ પણ નારાયણી છે.

નારેશ્વર નિવાસી બ્રહ્મીભૂત શ્રીરંગાવધૂતજીને પણ આવી અપરોક્ષાનુભૂતિ થઈ હતી. પરબ્રહ્મનું સાયુજ્ય માણતાં માણતાં એમણે પણ પોતાને વિષે કહ્યું છે :

नाहं मर्त्यो नासुरो नो सुरो वा
न स्थाणुर्नो जङ्गमो दृश्यरूपः ।
नाहं बालो नो युवा नापि वृद्धः
सोऽहं शान्तः सच्चिदानन्दरूपः ॥ १ ॥ (कोऽहम्)[૧૦]

હું મર્ત્ય માણસ નથી કે નથી દાનવ અથવા દેવ. જે બધું દેખાય છે તે ચરાચર પૈકી હું નથી. હું બાળક નથી, જુવાન નથી કે ઘરડો પણ નથી. હું તો તે પ્રશાન્ત સત્, ચિત્ આનંદ સ્વરૂપ પરમ તત્ત્વ છું.

આવા સાક્ષાત્કારી સંતો અને તેજસ્વી, નિર્ભય અને દિવ્ય જીવન જીવનારી મંત્રદર્શિની સ્ત્રીઓ સમાજના આધ્યાત્મિક અભ્યુત્થાન અને ઉત્કર્ષમાં પોતાનો અમૂલ્ય ફાળો આપે છે એમાં શંકા નથી.

---

૧૦ મોદી અમૃતલાલ કાશીભાઈ, (પ્ર.) રંગહૃદયમ્ નડીઆદ, ૧૯૫૫, પૃ. ૧૬૪.

વૈદિક સાહિત્યમાં ગુહા*

રામકૃષ્ણ વ્યાસ**

વૈદિક સાહિત્યમાં, ખાસ કરીને ઋગ્વેદમાં, ગુહા શબ્દ વારંવાર પ્રયોજાયો છે. તેના સંદર્ભો જુદા જુદા છે. પણિઓ ગાયોને ચોરી લઈ ગુહામાં છુપાવે છે. દેવો, વિશેષ રીતે અગ્નિ, ઈન્દ્ર ગુહામાંથી ઉત્પન્ન થાય છે. ગુહામાંથી ગાયોને ઈન્દ્ર અને બૃહસ્પતિ શોધી કાઢે છે અને મુક્ત કરે છે. પર્વતની ગુહામાં જળોને અવરોધીને સૂતેલા અહિ કે વૃત્રને મારી નાખી ઈન્દ્ર તેમને વહેતાં મૂકે છે. ગુફામાં છુપાયેલા અગ્નિને માતરિશ્વા, અંગિરસો અને ભૃગુઓ શોધી કાઢે છે. ગાયોમાં સંભૃત મધુ તેમ જ ઘી મેળવવામાટે ઈન્દ્ર તેમને છુપાવવાના સ્થાનમાં તેમનાં પદચિહ્નોની મદદથી પહોંચી જાય છે. કણ્વ ઋષિ ગુહામાં રહેલી ધીતિઓને (સ્તુતિઓને) પ્રકાશિત કરે છે. અનૃતના સેતુની પેલી પાર પહોંચીને, અનૃતના બંધનોને તોડીને બૃહસ્પતિ જ્યોતિની કામના કરતાં, તમસ્ કે અંધકારના મધ્યમાંથી તેજસ્વી ગાયોને હાંકી લાવે છે. વાણીના ચાર ચરણો પૈકી ત્રણ ચરણો ગુહામાં નિહિત છે, સ્પન્દરહિત છે; તેમને મનીષી બ્રાહ્મણો જ સૂક્ષ્મદર્શનની શક્તિવડે જાણી શકે છે. સાયણાચાર્ય ક્યાંક પર્વતની ગુફા, અન્તરિક્ષ, મેઘ અને ક્યાંક હૃદય એવા ગુહા શબ્દના અર્થો પોતાના ભાષ્યમાં આપે છે. પાશ્ચાત્ય વિદ્વાનો સાધારણતયા આવા જ અર્થોને અનુસરે છે, પરંતુ કેટલીક જગાએ એવો ભૌતિક અર્થ સંગત ન જણાતાં માત્ર ગુપ્ત કે ગુહ્ય, છુપાયેલું કે અપ્રકાશિત એવા સંદિગ્ધ અર્થો કરે છે. તેઓ આવા સંદર્ભોમાં અસ્પષ્ટતા અને રહસ્યવાદ હોવાની વાત પણ કરે છે.

ગુહા શબ્દ गुह् ધાતુમાંથી નિષ્પન્ન થાય છે. આવરણ કરવું, છુપાવવું, અપ્રગટ હોવું એવા એના અર્થો છે. ઋગ્વેદમાં गुह् ધાતુમાંથી વ્યુત્પન્ન થતા ગૂઢ, ગુહ્ય, અગૂહત્, જુગુક્ષતિ, ગુહઃ ગુહ્યમાન વગેરે શબ્દો પણ સમાન સંદર્ભોમાં પ્રયોજાયા છે. જ્યાં જ્યાં આ શબ્દોનો પ્રયોગ થયો છે ત્યાં એક પ્રકારની રહસ્યમયતાની અર્થછાયા રહેલી જોવા મળે છે. તે કોઈ અતીન્દ્રિય પદાર્થ કે સ્થિતિ તરફ અથવા કોઈ ગૂઢ શક્તિ કે તત્ત્વના સ્રોત તરફ સંકેત કરે છે. આ કારણે ગુહા શબ્દ પર્વતબિલ કે અગમ્ય સ્થાન માટે જ સર્વત્ર વપરાયો છે એમ ન કહી શકાય. દેવોના સંદર્ભમાં તે વિશ્વની કે પ્રકૃતિની–દેવમાતા અદિતિની–અવ્યક્ત સ્થિતિ માટે તેમ જ વાણી, ધીતિ, પ્રેરણાના સંદર્ભમાં માનવીય ચેતનાના અગોચર સ્તરો, હૃદયનાં ઊંડાણો તેમ જ મનની અવ્યક્ત દશા–જેને યુંગ અવચેતન કહે છે–દર્શાવવા માટે વપરાયા હોય એ શક્ય છે. એવી અવ્યક્તતામાં સભાનપણે પ્રવેશ મેળવવા માટે ખાસ પ્રકારની સાધના, અભ્યાસ, સંયમ વગેરે

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૩, અક્ષયતૃતીયા અંક, એપ્રિલ '૮૫, પૃ. ૨૩૧–૨૪૬.

* વલ્લભવિદ્યાનગર મુકામે તા. ૧૯–૨૦ માર્ચ ૧૯૮૩ના રોજ યોજાયેલ ગુજરાત રાજ્ય યુનિવર્સીટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના નવમા અધિવેશનમાં રજૂ કરેલો લેખ.

** પ્રાચ્યવિદ્યા મંદિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨.

આવશ્યક હોવાથી તેમ જ તેવી સાધના કર્યા પછી પણ મનના અવ્યક્ત અવચેતન–અચેતન–પ્રદેશોમાં પ્રવેશ કરવો ખૂબ જ મુશ્કેલ હોવાથી ગુહા શબ્દ વપરાયો હોય–અને તે પણ પ્રતીક તરીકે વપરાયો હોય–એવા સ્પષ્ટ સંકેતો મળે છે. તેનું દૃઢીકરણ ઉપનિષદોમાં "**आत्माऽस्य जन्तोर्निहितो गुहायाम्**"[1] જેવાં વિધાનો દ્વારા થયું છે. ગુહાનિહિત ધર્મના તત્ત્વને કે અસ્તિત્વના સત્યને સાક્ષાત્કારવડે દર્શનનો વિષય બનાવી છન્દોબદ્ધ મંત્રોમાં તેનું કવન કરનાર ઋષિઓ માટે કવિ, મનીષી, સૂરિ, ધીર વગેરે વિશેષણો વપરાયાં છે, તેની યથાર્થતા આ રીતે જ ઘટાવી શકાય.[2]

જે. ગોન્ડાએ પોતાના પુસ્તક "The vision of the vedic poets"માં[3] ધી, ધીતિ, મનીષા વગેરે શબ્દોના વિભિન્ન અર્થોની ઝીણવટભરી ચકાસણી કર્યા પછી નિશ્ચિત કરેલા તેમના અર્થો પૈકી ધ્યાનવડે ઉત્પન્ન થતી પ્રજ્ઞા, અન્તર્દૃષ્ટિ, અતીન્દ્રિય દર્શન જેવા અર્થો આપ્યા છે. આવી દર્શનશક્તિ ગુહા અને તેમાં રહેલા તમસ્‌ની પાર રહેલા અમૃતત્વની પ્રાપ્તિમાં સહાયભૂત છે, એ હકીકતની નોંધ અહીં લેવી જોઈએ.

ગુહા સાથે પથ, સમુદ્ર, પરમવ્યોમ, ઋત અને અમૃતત્વના વિચારો સંકળાયેલા છે. ઋગ્વેદ, ૪.૧૮.૫ ઈન્દ્રની ઉત્પત્તિ ગુહામાંથી થતી જણાવે છે. ૧.૧૬૪.૩૯ ઋચાઓ અને દેવો પરમવ્યોમમાં વસે છે એમ જણાવે છે. તેમ જ ૪.૧૮.૧ પ્રાચીન પથની વાત કરે છે જ્યાંથી બધા દેવોનો ઉદ્‌ગમ થયો. આ મંત્રો ક્રમશઃ આ મુજબ છે :

अवद्यमिव मन्यमाना गुहाकरिन्द्रं माता वीर्येणा न्यृष्टम् ।
अथोदस्थात्स्वयमत्कं वसान आ रोदसी आपृणाज्जायमानः ॥[4]

"નિન્દનીય હોય એવું માનતી માતાએ વીરતાથી દીપ્ત ઈન્દ્રને ગુહામાં છુપાવ્યો. ત્યારે તે પોતે જ ત્યાંથી પ્રગટ થયો, વસ્ત્રો ધારણ કર્યાં અને બન્ને લોકોને તેજથી ભરી દીધાં".

ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन्देवा अधि विश्वे निषेदुः ।
यस्तन्न वेद किमृचा करिष्यति य इत्तद्विदुस्त इमे समासते ॥[5]

"ઋચાઓ અક્ષર પરમ વ્યોમમાં વસે છે, જેમાં બધા દેવો પણ નિવાસ કરે છે. જે તેને જાણતો નથી તે ઋચાઓ વડે શું કરશે? તેને જાણનાર શાન્ત બનીને બેસે છે".

---

૧ **કઠોપનિષદ્‌**, ૨.૨૦

૨ દુનિયાની અન્ય પ્રજાઓના પ્રાચીન ઇતિહાસમાં પણ આવા વિશિષ્ટ સિદ્ધિ કે શક્તિ ધરાવતા કવિઓ, વૈદ્યો, રહસ્યવેત્તાઓનાં વર્ણનો જોવા મળે છે. સાઈબેરિયાની પ્રાચીન પ્રજામાં શમનોનું આવું સ્થાન હતું.

૩ Gonda, J., *The Vision of the Vedic Poets*, mouton & co., The **Hague**, 1963.

૪ **ઋગ્વેદ**, ૪.૧૮.૫

૫ **એજન**, ૧.૧૬૪.૩૯

अयं पन्था अनुवित्तः पुराणो यतो देवा उदजायन्त विश्वे ।[६]

"આ પ્રાચીન અને આનુપૂર્વીથી સ્વીકૃત માર્ગ છે, જ્યાંથી બધા દેવો ઉત્પન્ન થયા".

બૃહદારણ્યક ઉપનિષદ્, ૧. ૪. ૧૦ બધા દેવોને આત્માથી ભિન્ન જાણનારને અજ્ઞાની કહે છે. હું અન્ય અને આ દેવ મારાથી ભિન્ન એમ માનીને ઉપાસના કરનાર દેવોના પશુ જેવો છે. આ વિધાન યુંગના અવચેતનની ધારણાની યાદ આપે છે. તેના મત પ્રમાણે દેવો અવચેતનામાં રહેલાં આર્કેટાઈપ પ્રતીકો છે. આ મનોવૈજ્ઞાનિક શોધ ભલે નવી ગણાય. તેની નોંધ ઉપનિષદ્-કાળમાં લેવાઈ છે એ હકીકત સૂચક છે.

આ ઉપરાંત સમુદ્રનું પ્રતીક પણ પ્રયોજાયું છે; તે સમુદ્ર અંદર છે, હૃદયમાં છે; તેમાં દેવનું તેજ સંભૃત છે:

धामन्ते विश्वं भुवनमधि श्रितमन्तः समुद्रे हृद्यन्तरायुषि ।
अपामनीके समिथे य आभृतस्तमश्याम मधुमन्तंत ऊर्मिम् ॥[७]

"હે દેવ, તમારું તેજ સંપૂર્ણ વિશ્વમાં સ્થિત છે, અન્તઃસમુદ્રમાં, હૃદયમાં, જીવનમાં સ્થિત છે. જે આ જળોના સંગમસ્થાને સંભૃત થાય છે તેવા તમારા મધુમય ઊર્મિનો અમે આસ્વાદ કરીએ".

આ ગુહામાર્ગ, ગુહ્ય કેડી કવિઓ સાધનાવડે તૈયાર કરે છે:

सतो नूनं कवयः सं शिशीत वाशीभिर्याभिरमृताय तक्षथ ।
विद्वांसः पदा गुह्यानि कर्तन येने देवासो अमृतत्वमानशुः ॥[८]

"હે કવિઓ! અમૃતત્વને પામવાના માર્ગને તમારા વાંસલાઓ વડે તૈયાર કરો. તમે તે ગુહ્ય કેડીને જાણો છો. દેવો જે માર્ગે અમૃતત્વ પામ્યા તેને તમે તૈયાર કરો".

અમૃતત્વનો માર્ગ ગુહામાંથી પસાર થાય છે:

अदेवाद्देवः प्रचता गुहा यन् प्रपश्यमानो अमृतत्वमेमि ।[९]

"અદેવમાંથી દેવ (માં શ્રદ્ધાળુ) બનતો હું ગુહામાં પસાર થતાં અને પ્રકૃષ્ટપણે નિહાળતાં અમૃતત્વને પ્રાપ્ત કરું છું".

ઈન્દ્ર, અગ્નિ, સોમ, સૂર્ય, બૃહસ્પતિ તેમ જ વાણીનો ગુહા સાથેનો સંબંધ બતાવતા મંત્રોની ચર્ચા હવે પ્રસ્તુત કરવામાં આવે છે:

---

૬ એજન, ૪.૧૮.૧
૭ એજન, ૪.૫૮.૧૧
૮ એજન, ૧૦.૫૩.૧૦
૯ એજન, ૧૦.૧૨૪.૨

૧ ઈન્દ્ર :

ઉપર ઈન્દ્રને તેની માતાએ ગુહામાં છુપાવ્યો અને તે ત્યાંથી સ્વયં પ્રગટ થયો એ હકીકતની નોંધ લેવાઈ છે. દ્યાવાપૃથિવીને પોતાની પકડમાં રાખવા મથતા અસુરને ઈન્દ્ર ગુહાના અંધકારમાં ધકેલી દે છે અને ત્યાં જ તેને હણે છે :

य इमे रोदसी मही समीची समजग्रभीत् ।
तमोभिरिन्द्र तं गुहः ॥[10]

"વિશાળ અને સંયુક્ત દ્યાવાપૃથિવીને જે ગ્રહણ કરવા ચાહે છે, તેને હે ઈન્દ્ર, તું અંધકારમાં છુપાવે છે".

गुहा हितं गुह्यं गूळ्हमप्स्वपीवृतं मायिनं क्षियन्तम् ।
उतो अपो द्यां तस्तभ्वांसमहन्नहिं शूर वीर्येण ॥[11]

"હે શૂર ઈન્દ્ર, તું ગુહામાં છૂપાઈને રહેલા, જળોથી વીંટળાયેલા, માયાવી અહિને પરાક્રમથી હણે છે, જેણે દ્યુલોકને અને જળોને અવરોધ્યાં હતાં".

મરુતોની સહાયથી ઈન્દ્ર ગુહામાં રહેલી ગાયોને મેળવે છે :

वीळु चिदारुजत्नुभिर्गुहा चिदिन्द्र वह्निभिः ।
अविन्द उस्रिया अनु ॥[12]

"દૃઢ પદાર્થોને હલાવી નાખનાર મરુતોની સહાયથી, હે ઈન્દ્ર, તું ગુહામાં રહેલી ગાયોને મેળવે છે".

તેમાં છુપાયેલ ગુહ્ય મધુ ઈન્દ્ર મેળવે છે :

इन्द्रो मधु संभृतमुस्रियायां पद्वद्विवेद शफवन्नमे गोः ।
गुहा हितं गुह्यं गूळ्हमप्सु हस्ते दधे दक्षिणे दक्षिणावान् ॥[13]

"ખરીયુક્ત ચરણુવાળી ગાયમાં, ગુહામાં નિહિત ગુહ્ય મધુ ઈન્દ્રે મેળવ્યું અને ઉદારતાથી દક્ષિણ હસ્તમાં ધારણ કર્યું".

ચરણયુક્ત ગાયમાં ગુહ્ય રીતે છુપાયેલ મધુ એટલે હૃદયગુહામાં રહેલી ચાર ચરણુવાળી વાણીનો સાર કે જ્ઞાન એવો રહસ્યમય અર્થ પ્રસ્તુત સંદર્ભમાં સુસંગત લાગે છે. ગાય, ગુહા અને ગુહ્ય મધુનો બીજો શો અર્થ થઈ શકે ?

---

૧૦ એજન, ૮.૬.૧૭
૧૧ એજન, ૨.૧૧.૫
૧૨ એજન, ૧.૬.૫
૧૩ એજન, ૩.૩૯.૬

ઈન્દ્રને પ્રિય સોમ ગુહાહિત અને ગૂઢ છે :

> ऋष्वस्त्वमिन्द्र शूर जातो दासीर्विशः सूर्येण सह्याः ।
> गुहा हितं गुह्यं गूळ्हमप्सु बिभृमसि प्रस्रवणे न सोमम् ॥[१४]

"હે ઈન્દ્ર, તું મહાન છે, જન્મથી જ શૂર છે. સૂર્યની સહાયથી દાસ પ્રજાઓને જીતે તે હેતુથી તું ગુહાહિત, ગુહ્ય સોમને ગૂઢ ઝરણાની જેમ ધારણ કરે છે".

વિલ્સન અને ગ્રિફિથ ગુહાનો અર્થ મેઘ અથવા અન્તરિક્ષ કરે છે. વજ્રના (વીજળીના) આઘાતથી ઈન્દ્ર મેઘમાં રોકાયેલ જળને મુક્ત કરે છે, ત્યારે ગાયો—સૂર્યકિરણો—પૃથ્વી સુધી પહોંચે છે. પરંતુ ગાયમાં ગુહ્ય મધુ ઈન્દ્ર મેળવે છે, તે વિષે તેઓ સમજૂતી આપતા નથી.

૨ સોમ :

સોમનો સંબંધ પણ ગુહા અને સૂક્તો કે વાણી સાથે—પ્રેરણા આપનાર તરીકે વર્ણવાયો છે :

> एवा पुनान इन्द्रयुर्मदं मदिष्ठ वीतये ।
> गुहा चिद् दधिषे गिरः ॥[१५]

"આ રીતે પવિત્ર કરનાર, આનંદ આપનાર, ઈન્દ્રના મિત્ર હે સોમ, તમે સ્તુતિ માટે વાણીને ગુહામાં ધારણ કરો છો".

લુડવિગના અભિપ્રાય મુજબ જ્ઞાન સોમમાં વસે છે પણ તેને પીધા વિના તે પ્રગટ થતું નથી તેથી એમ માનવું આવશ્યક છે કે જ્ઞાન સોમમાં નહીં પણ તેને પીનારના હૃદયમાં વસે છે.

જ્ઞાનની પ્રેરણા આપનાર સોમને હૃદયમાં રહેલો સૂરિઓ જોઈ શકે છે :

> अभि प्रिया दिवस्पदमध्वर्युभिर्गुहा हितम् ।
> सूरः पश्यति चक्षसा ॥[१६]

"સૌને પ્રિય, દ્યુલોકવાસી સોમને, અધ્વર્યુઓ વડે જ્યારે તે ગુહા (હૃદય)માં સ્થાપિત થાય છે ત્યારે, સૂર (જ્ઞાની કે સૂર્ય) તેને નિહાળે છે".

૩ સૂર્ય :

સૂર્યની ઉત્પત્તિ પણ ગૂઢ સમુદ્ર સાથે સંકળાયેલી છે :

---

૧૪ એજન, ૧૦.૧૪૮.૨
૧૫ એજન, ૯.૬.૯
૧૬ એજન, ૯.૧૦.૯

यद्देवा यतयो यथा भुवनान्यपिन्वत ।
अत्रा समुद्र आ गूळ्हमा सूर्यमजभर्तन ॥[१७]

"જ્યારે દેવોએ સમસ્ત ભુવનોને નિપજાવી વૃદ્ધિગત કર્યાં ત્યારે સમુદ્રમાં ગૂઢ રીતે છુપાયેલા સૂર્યને તેમણે પ્રગટ કર્યો".

આ સમુદ્ર આન્તરિક છે. તેમાં વસતા સૂર્યનું દર્શન કેવળ તેજને ઇચ્છતા વિપશ્ચિતોને થાય છે, કવિઓને પણ થાય છે :

पतङ्गमक्तमसुरस्य मायया हृदा पश्यन्ति मनसा विपश्चितः ।
समुद्रे अन्तः कवयो वि चक्षते मरीचीनां पदमिच्छन्ति वेधसः ॥[१८]

"દેવની માયાથી આવૃત્ત તે હંસ (સૂર્ય કે આત્મા)ને ધીર વિપશ્ચિતો પોતાના હૃદય અને મન વડે નિહાળે છે. કવિઓ અને કિરણોના મૂળ સ્રોતને નિહાળવા ઇચ્છતા વેધાઓ (વિદ્વાનો) સમુદ્રની અંદર તેને વિશેષપણે જુએ છે".

પ્રસ્તુત સંદર્ભમાં સમુદ્ર હૃદયનું અને સૂર્ય આંતર–જ્યોતિરૂપ આત્માનું કે બ્રહ્મનું પ્રતીક છે એવું ગોન્ડાનું મન્તવ્ય યુક્તિસંગત જણાય છે. તે લખે છે :

"The bird is a symbol of internal light or enlightenment. Mention may be made of "the bird of golden hue" which in Maitri Upaniṣad, 6. 34. is said to abide in the heart and in the Sun; "a diver bird, a swan of surpassing radiance" which is to be worshipped in fire. This being in the Sun, heart and fire is one and the same. The man who knows it finds union with Brahman, because the bird is no other than Brahman".[૧૯]

સર્જનની પ્રક્રિયામાં સવિતાદેવ સક્રિયપણે સંકળાયેલા છે; ગુહાનિહિત તત્વોને તેઓ પ્રગટ કરે છે, અવ્યક્તને વ્યક્ત બનાવે છે :

सं दक्षेण मनसा जायते कविर्ऋतस्य गर्भो निहितो यमा परः ।
यूना ह सन्ता प्रथमं वि जज्ञतुर्गुहा हितं जनिम नेममुद्यतम् ॥[२०]

"યુગ્મથી પર ઋતના ગર્ભસમાન, દક્ષ પ્રજ્ઞાવાળા તે કવિ (સૂર્ય) જન્મે છે. યુવાન એવા તેઓ સૌ પ્રથમ અર્ધ ગુહાહિત અને અર્ધ પ્રગટ તત્વોને ઉત્પન્ન કરે છે".

---

૧૭ એજન, ૧૦.૭૨.૭
૧૮ એજન, ૧૦.૧૭૭.૧
19 Gonda J., *op. cit.* Intr. PP. 31. F.N
૨૦ ઋગ્વેદ, ૯.૬૮.૫

લુડવિગના મતપ્રમાણે દ્યાવાપૃથિવીનું યુગ્મ જ્યારે જુદું પાડવામાં આવ્યું ન હતું તે વખતે ચંદ્ર ઉત્પન્ન થયો તે ઘટનાનું આ મંત્રમાં વર્ણન છે. સૂર્ય તેની પહેલાં ઉત્પન્ન થયો હતો.

સૂર્યનાં ઋતુને કારણે પ્રગટતાં બે ચક્રો સહુ કોઈ જાણે છે, પરંતુ ગુહાનિહિત ઈતર ચક્રને માત્ર તત્ત્વજ્ઞો જાણે છે :

> द्वे ते चक्रे सूर्ये ब्रह्माण ऋतुथा विदुः ।
> अथैकं चक्रं यद् गुहा तदद्धातय इद् विदुः ॥[२१]

"હે સૂર્યા, તારાં ઋતુ મુજબ પ્રગટ થતાં બે ચક્રોને બ્રાહ્મણો (યાજ્ઞિકો) જાણે છે. વળી એક ચક્ર જે ગુહાનિહિત છે તેને તત્વજ્ઞો જ જાણે છે." સૂર્યની ઉત્તરાયણ અને દક્ષિણાયન ગતિનું જ્ઞાન ઋગ્વેદકાળના ઋષિઓને હતું, એમ આ મંત્ર પરથી જણાય છે.

૪ અગ્નિ :

અગ્નિદેવને અંગિરસોએ ગુહામાંથી શોધી કાઢ્યા હતા :

> त्वामग्ने अङ्गिरसो गुहाहितं अन्वविन्दञ् छिश्रियाणं वनेवने ।[२२]

"હે અગ્નિ, ગુહાનિહિત તને અંગિરસોએ મેળવ્યો. પછી પ્રત્યેક વનમાં તને આશ્રય કરતો નિહાળ્યો".

ભૃગુઓએ અને માતરિશ્વાએ ગુહામાંથી અગ્નિને પ્રાપ્ત કર્યો હતો :

> उदस्तम्भीत्समिधा, नाकमृष्वोऽग्निर्भवन्नुत्तमो रोचनानाम् ।
> यदी भृगुभ्यः परि मातरिश्वा गुहा सन्तं हव्यवाहं समीधे ॥[२३]

"તેજસ્વીઓમાં શ્રેષ્ઠ, મહાન્ અગ્નિએ પોતાના તેજથી સ્વર્ગની ઉચ્ચતાને ઊર્ધ્વમાં પ્રતિષ્ઠિત કરી. ત્યારે ભૃગુઓ પહેલાં માતરિશ્વાએ ગુહામાં વસતા અગ્નિને પ્રજ્વલિત કર્યો હતો".

પછી સર્વજ્ઞ અગ્નિને મિત્રભાવે બધી માનુષી પ્રજાઓએ ઉપાસ્યો :

> त्वामग्ने मानुषीरीळते विशो होत्राविदं विविचिं रत्नधातमम् ।
> गुहा सन्तं सुभग विश्वदर्शतं तुविष्वणसं सुयजं घृतश्रियम् ॥[२४]

---

૨૧ એજન, ૧૦.૮૫.૧૬
૨૨ એજન, ૫.૧૧.૬
૨૩ એજન, ૩.૫.૧૦
૨૪ એજન, ૫.૮.૩

"હે અગ્નિ, માનુષી પ્રજાઓ તારું સ્તવન–યજન કરે છે, કેમ કે તું યજ્ઞના રહસ્યને જાણનાર, વિવેકી, રત્નોની ખાણ સમાન, સર્વજ્ઞ, સૌભાગ્ય લાવનાર, સમર્થ શરીરવાળો, સહેલાઈથી પ્રસન્ન કરી શકાય એવો અને ઘીવડે યશસ્વી થનાર છે".

ભૃગુઓએ પદચિહ્નોથી ખોવાએલા પશુની શોધ થાય એમ ગુહામાં છુપાયેલા અગ્નિને મેળવ્યો હતો. તે ગુહા મર્ત્ય મનુષ્યોની અંદર આવેલી છે :

इमं विधन्तो अपां सधस्थे पशुं न नष्टं पदैरनुग्मन् ।
गुहा चतन्तमुशिजो नमोभिरिच्छन्तो धीरा भृगवोऽविन्दन् ॥[२५]

"જળના સંગમસ્થળે, ગુહામાં પ્રકાશતા અગ્નિને ખોવાએલા પશુને પદચિહ્નથી ખોળાય એમ કામનાયુક્ત, સ્તુતિ અને નમસ્કારયુક્ત, ધીર ભૃગુઓએ મેળવ્યો".

મર્ત્યોમાં જે ચૈતન્યપ્રકાશ છે તેનું બાહ્ય પ્રતીક અગ્નિ છે :

"मर्त्यानामन्तर्महाँश्चरसि रोचनेन ॥[२६]

"મર્ત્ય મનુષ્યમાં મહાન્ અગ્નિ પોતાના પ્રકાશવડે વિચરે છે".

"उशिक् पावको अरतिः सुमेधा: मर्तेष्वग्निरमृतो निधायि ॥[२७]

"સ્નેહાર્દ્ર પવિત્ર કરનાર, દૂતકર્મા, સુંદર પ્રજ્ઞાવાળો અમૃત અગ્નિ મર્ત્યોમાં સ્થાપિત થયો".

મનુષ્યની અંદર પ્રતિષ્ઠિત થયેલો અગ્નિ બુદ્ધિનો અને વાણીનો પ્રેરક દેવ છે :

त्वं शुक्रस्य वचसो मनोता ॥[२८]

"હે અગ્નિ, તું તેજસ્વી વચનોનો પ્રેરક છે".

त्वेषं चक्षुर्दधिरे चोदयन्मति ॥[२९]

"દેવોએ અગ્નિને બુદ્ધિને પ્રેરનાર તેજસ્વી નેત્ર બનાવ્યો".

त्वदग्ने काव्या त्वन्मनीषास्त्वदुक्था जायन्ते राध्यानि ॥[३०]

---

૨૫ એજન, ૧૦.૪૬.૨
૨૬ એજન; ૧૦.૪.૨
૨૭ એજન, ૧૦.૪૫.૭
૨૮ એજન, ૨.૯.૪
૨૯ એજન, ૫.૮.૬
30 એજન, ૪.૧૧.૩,

"હે અગ્નિ, તારાથી કાવ્યો, તારાથી મનીષા, તારાથી પ્રશસ્ય ઉકથો જન્મે છે".

पदं न गोरपगूळ्हं विविद्वानग्निर्मह्यं प्रेदु वोचन्मनीषाम् ॥[३१]

"જેમ જાણકાર માણસ ગાયનું ગુપ્તસ્થાન બતાવી દે તેમ અગ્નિએ મને આ મનીષા (જ્ઞાન) કહી છે".

ગુહાધ્વા (ગુહામાંથી પસાર થતા માર્ગ)નું ગન્તવ્ય કે લક્ષ્ય અગ્નિ જાણે છે, અને તેના પ્રત્યે સાધકને દોરી જાય છે :

किं नो अस्य द्रविणं कद्ध रत्नं वि नो वोचो जातवेदश्चिकित्वान् ।
गुहाध्वनः परमं यन्नो अस्य रेकु पदं न निदाना अगन्म ॥[३२]

"હે અગ્નિદેવ, તમે જાણો છો તેથી કહો કે અમારું શું ધન છે? રત્ન કયું છે? અમારો ખજાનો ક્યાં છે? ગુહામાર્ગમાં અમારું પરમ લક્ષ્ય શું છે? અમે ગન્તવ્યને ન જાણતા અહીં આવ્યા છીએ".

૫ બૃહસ્પતિ :

ઋગ્વેદમાં બ્રહ્મન્ શબ્દનો અર્થ સૂક્ત કે પ્રાર્થના થાય છે એ સુવિદિત છે. તેથી બ્રહ્મણ-સ્પતિ કે બૃહસ્પતિ વાણીના અધિષ્ઠાતા દેવ ગણાય છે. બૃહસ્પતિને ઉદ્દેશીને લખાયેલા મંત્રોમાં ગુહાના અંધકારમાં અનૃતના બંધનમાં પડેલી ગૌને (વાણીને) તેમણે જ્યોતિની કામના કરતાં મુક્ત કરી, પ્રગટ કરી એ હકીકત અસંદિગ્ધ શબ્દોમાં કહેવાઈ છે :

"अवो द्वाभ्यां पर एकया गा गुहा तिष्ठन्तीरनृतस्य सेतौ ।
बृहस्पतिस्तमसि ज्योतिरिच्छन्नुदुस्रा आकर्वि हि तिस्र आवः ॥[३३]

"બેના નીચે અને એકથી પર, અનૃતના બંધનમાં પડેલી ગુહામાં રહેતી ગાયોને અંધકારમાં જ્યોતિને ઈચ્છતા બૃહસ્પતિએ પ્રગટ કરી".

આ મંત્રના ભાષ્યમાં સાયણાચાર્ય પણિઓ વડે ચોરી લાવેલી દેવોની ગાયો ગુફામાં છુપાવાઈ હતી, તે બૃહસ્પતિએ મુક્ત કરી એવી પુરાણગાથાને અનુસરતો અર્થ કરે છે. તે લખે છે :

बृहस्पति: तमसि ज्योतिः कर्तुं इच्छन् तत्र स्थिता: गाः उद् आक: उदकार्षीत् ।

---

૩૧ એજન, ૪.૫.૩

૩૨ એજન, ૪.૫.૧૨

૩૩ એજન, ૧૦.૬૭.૪

"બૃહસ્પતિએ અંધકારમાં પ્રકાશ પ્રગટ કરવાની ઈચ્છા કરતાં ત્યાં રહેતી ગાયોને પ્રગટ કરી".

અહીં ગુહાનો અંધકાર, તેમાં પ્રકાશની ઈચ્છા કરવી અને ત્યાં રહેતી ગાયોને પ્રગટ કરવી એ વિધાનોનો પ્રાથમિક અર્થ બિલકુલ અસંગત જણાય છે. તેથી ગુહાને હૃદય માનવું જરૂરી છે. તેમાં રહેતો અજ્ઞાનાંધકાર નષ્ટ કરવા ઈચ્છનારે ચેતનામયી વાણીને ત્યાં પ્રગટ કરવી જોઈએ, એટલે કે વાણીના સહારાથી હૃદયની ગુહાના અંધકારમાં પ્રકાશ કરતા જઈને છેવટે આત્મ-જ્યોતિને મેળવી લેવો જોઈએ એવો પ્રતીકાત્મક અર્થ કરવો જરૂરી બને છે. વળી સાયણાચાર્ય અન્યત્ર (ઋગ્વેદ, ૧૦.૬૭.૩.ના ભાષ્યમાં) "गाः" શબ્દનો અર્થ "स्तोत्रलक्षणाः वाचः" કરે છે. તેથી गौः શબ્દ વાણી માટે પ્રયોજાય છે એ હકીકત જાણે છે.

મહાભારતમાં સૂક્ષ્મ સ્પન્દનો વાળી વાણીને ઉત્તમ રસ વહાવતી ધેનુ કહી છે તે પ્રાચીન પરંપરાનું દ્યોતક છે:

गौरिव प्रस्रवत्येषा रसमुत्तमशालिनी ।
सततं स्यन्दते ह्येषा शाश्वतं ब्रह्मवादिनी ॥

दिव्यादिव्यप्रभावेण भारती गौः शुचिस्मिते ।
एतयोरन्तरं पश्य सूक्ष्मयोः स्पन्दमानयोः ॥[३४]

બૃહસ્પતિએ પ્રથમવાર વાણીને પ્રેરી ત્યારે તેનું ગુહાનિહિત શ્રેષ્ઠ તત્ત્વ પ્રગટ્યું એવું સ્પષ્ટ વિધાન ગુહામાં રહેલી ગૌ વાણી જ છે એ હકીકત છતી કરે છે:

बृहस्पते प्रथमं वाचो अग्रं यत्प्रैरत नामधेयं दधानाः ।
यदेषां श्रेष्ठं यदरिप्रमासीत्प्रेणा तदेषां निहितं गुहाविः ॥[३५]

"હે બૃહસ્પતિ, જ્યારે વિભિન્ન નામોવાળી વાણીનો તમે પ્રથમ વાર તેના પ્રાચીન રૂપમાં પ્રેરી ત્યારે તેનામાં જે શ્રેષ્ઠ અને નિષ્પાપ તત્ત્વ ગુહાનિહિત હતું તે (જગતના) પ્રેમને કારણે થયું".

ઋગ્વેદ, ૧૦, ૭૧ સૂક્ત સ્વપ્રકાશ બ્રહ્મજ્ઞાનનું સૂક્ત છે એમ બૃહદેવતામાં જણાવ્યું છે.[૩૬] તેથી વાણીની પ્રથમ પ્રેરણાના સ્રોત પરબ્રહ્મ કે આત્મા છે, અને તે જ ગુહાનિહિત શ્રેષ્ઠ તત્ત્વ છે જેને પ્રગટ કરવા માટે વાણી પ્રયોજાય છે.

---

૩૪ **મહાભારત**, ૧૪.૨૧. ૧૭-૧૮

૩૫ **ઋગ્વેદ**, ૧૦.૭૧.૧

૩૬ सुज्योतिः परमं ब्रह्म यद्योगात्समुपाश्नुते ।
तज्ज्ञानमभितुष्टाव सूक्तेनाथ बृहस्पति ॥

—बृहद्देवता, ७.१०९

વાણી પોતાના સૂક્ષ્મતર સ્તરો વડે પરબ્રહ્મના મહિમાનો નિર્દેશ કહે છે. ધેનુરૂપ વાણી તેનું જ અનુસરણ પૂર્વકાળથી કરતી રહી છે :

इदमु त्यन्महि महामनीकं यदुस्रिया सचत पूर्व्यं गौः ।
ऋतस्य पदे अधि दीद्यानं गुहा रघुष्यद्रघुयद्विवेद ॥[૩૭]

"આ સૌથી મહાન્ તત્ત્વનો મહિમા છે. તેનું અનુસરણ પૂર્વકાળથી આ તેજોમયી ધેનુ કરી રહી છે. તે ઋતના સ્થાનમાં અધિકતમ દીપ્તિથી પ્રકાશિત થાય છે. ગુહામાં તેની ગતિશીલતાને તેણીએ જાણી છે".

વાણી, ગૌ અને ગુહા ઋષિઓ સાથે સંબંધ ધરાવે છે :

यज्ञेन वाचः पदवीयमायन् तामन्वविन्दन्नृषिषु प्रविष्टाम् ॥[૩૮]

"ઋષિઓમાં પ્રવેશીને રહેતી વાણીની પદવીને યજ્ઞવડે મેળવી".

પરબ્રહ્મ, વાણી, તેમજ તેને બોલનારના સ્વરૂપને કવિઓ ઋતના પદમાં નિષ્ઠાવડે જાણે છે અને રક્ષે છે :

पतङ्गो वाचं मनसा बिभर्ति तां गन्धर्वोऽवदद् गर्भे अन्तः ।
तां द्योतमानां स्वर्यं मनीषामृतस्य पदे कवयो निपान्ति ॥[૩૯]

"પતંગ (હંસ કે આત્મા) મનથી વાણીને ધારણ કરે છે. ગન્ધર્વ (જીવ) ગર્ભમાં (ગુહામાં) તેને કહેવા માગે છે. તે સ્વયં પ્રકાશિત મનીષાને ઋતના સ્થાનમાં કવિઓ રક્ષે છે".

અહીં આત્મા, મન, વાણી અને ઋતના સંબંધને કવિઓ જાણે છે તેમ જ રક્ષે છે, એ હકીકત સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવી છે.

૬ વાણી :

ઋગ્વેદ વાણીની રહસ્યમયતાને સ્પષ્ટ કરતાં કહે છે કે તેને બોલવા કે સાંભવા માત્રથી તેના પૂર્ણ રહસ્યને પામી શકાતું નથી. સાધક કે કવિ તેના સંપૂર્ણ રહસ્યમય સ્વરૂપને જાણી શકે છે :

उत त्वः पश्यन्न ददर्श वाचं उत त्वः शृण्वन्न शृणोत्येनाम् ।
उतो त्वस्मै तन्वं विसस्रे जायेव पत्य उशती सुवासाः ॥[૪૦]

---

૩૭ ઋગ્વેદ, ૪.૫.૯
૩૮ એજન, ૧૦.૭૧.૩
૩૯ એજન, ૧૦.૧૭૭.૨
૪૦ એજન, ૧૦.૭૧.૪

"એક મનુષ્ય વાણીને બોલે છે છતાં જોતો નથી. એક તેને સાંભળે છે છતાં સાંભળતો નથી. જ્યારે એકની સમક્ષ વાણી, સુવસના, સ્નેહાર્દ પત્નીની જેમ પોતાના સ્વરૂપને પ્રગટ કરે છે".

વાણીના ચાર પૈકી ત્રણ ચરણો ગુહામાં છુપાએલા છે, જેને મનીષી બ્રાહ્મણો જ જાણે છે :

चत्वारि वाक् परिमिता पदानि तानि विदुर्ब्राह्मणा ये मनीषिणः ।
गुहा त्रीणि निहिता नेङ्गयन्ति तुरीयं वाचो मनुष्या वदन्ति ॥[४१]

"વાણી ચાર ચરણોમાં પરિમિત છે, તે સર્વને મનીષી બ્રાહ્મણો જાણે છે. ત્રણ ગુહામાં નિહિત છે, પ્રકાશિત નથી. વાણીના ચોથા ચરણને મનુષ્યો બોલે છે".

આ મંત્રના ભાષ્યમાં સાયણ લખે છે :

गुहानिहितानि हृदयान्तर्वर्तित्वात्...ब्राह्मणाः रवाख्यस्य शब्दब्रह्मणोऽधिगन्तारो योगिनः ॥

યાસ્કના મત મુજબ નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત એ વાણીના ચાર ચરણો છે. ઈતર શાસ્ત્રો આ ચાર ચરણો નીચે મુજબ વર્ણવે છે : વૈદિકોના મતમાં ત્રણ વ્યાહૃતિઓ અને ૐકાર, યાજ્ઞિકોના મતમાં મંત્ર, કલ્પ, બ્રાહ્મણ અને લૌકિક વાણી, ઐતિહાસિકોના મતમાં સર્પોની, પક્ષીઓની, ક્ષુદ્ર જન્તુઓની અને વ્યાવહારિકી વાણી,[૪૨] માંત્રિકોના મત મુજબ પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી એ વાણીના ચાર ચરણો છે. માંત્રિકો સિવાયના મતો અસ્વીકાર્ય છે કેમ કે ત્રણ ચરણો ગુહાનિહિત કેવી રીતે છે એ તેઓ સમજાવતા નથી. માંત્રિકો કહે છે કે પરાવાણી નાદબ્રહ્મરૂપિણી છે, અને તે મૂલાધારમાંથી ઉદય પામે છે. પશ્યન્તી હૃદયમાં ક્રમરહિત પ્રગટે છે. બુદ્ધિમાં આરૂઢ થઈને વિવક્ષાને પ્રાપ્ત થયેલી મધ્યમા કહેવાય છે. આ ત્રણ હૃદયગુહામાં નિહિત હોવાથી અપ્રગટ કહી શકાય. ચોથી વૈખરી તાલ્વોષ્ઠાદિના વ્યાપારથી શ્રાવ્યરૂપે પ્રગટ થાય છે, તેનાથી મનુષ્યો વ્યવહાર કરે છે.

ભર્તૃહરિ વાક્યપદીયમાં વાણીના ત્રણ ચરણો વિષે લખે છે :

वैखर्या मध्यमायाश्च पश्यन्त्याश्चैतदद्भुतम् ।
अनेकतीर्थभेदायास्त्रय्या: वाचः परं पदम् ॥ १.१४३[४३]

આ શ્લોકની વૃત્તિમાં જણાવ્યું છે :

---

૪૧ **ઍાજન**, ૧.૧૬૪.૪૫

૪૨ cf. तदेतत्तुरीयं वाचो निरुक्तं यन्मनुष्या वदन्त्यथैतत्तुरीयं वाचोऽनिरुक्तं यत्पशवः ...वयांसि...क्षुद्रसरीसृपं वदति ॥

—**શતપથ બ્રાહ્મણ**, ૪.૧.૩.૧૬

૪૩ Abhyankar K. V. & V. P. Limaye, Ed. **भर्तृहरिविरचितं वाक्यपदीयम्**, University of Poona, Poon a, 1965, P. 121.

परैः संवेद्यं यस्याः श्रोत्रविषयत्वेन प्रतिनियतं श्रुतिरूपं सा वैखरी ।
मध्यमा त्वन्तः संनिवेशिनी परिगृहीतक्रमेव बुद्धिमात्रोपादाना ।
प्रतिसंहृतक्रमा सत्यप्यभेदे समाविष्टक्रमशक्तिः पश्यन्ती ॥[૪૪]

ત્રીજા કાંડમાં પરાનું સ્વરૂપ દર્શાવ્યું છે :

विकारापगमे सत्यं सुवर्णं कुण्डले यथा ।
विकारापगमे सत्यां तथाऽऽहुः प्रकृतिं पराम् ॥ ३.२.१५

वाच्या सा सर्वशब्दानां शब्दाश्च न ततः पृथक् ॥ ३.२.१६.[૪૫]

પરા અન્ય ત્રણ ચરણોની પ્રકૃતિ છે. પરા કથન કરનારનો આત્મા છે, જેને ઋગ્વેદ (૪.૫૮.૩)માં વૃષભ કહ્યો છે. શબ્દબ્રહ્મરૂપ વૃષભ કે આત્માની પ્રાપ્તિ માટે વાગ્યોગની જાણકારી આવશ્યક છે :

अपि प्रयोक्तुरात्मानं शब्दमन्तरवस्थितम् ।
प्राहुर्महान्तमृषभं येन सायुज्यमश्नुते ॥ १.१३१

तस्माद्यः शब्दसंस्कारः सा सिद्धिः परमात्मनः ।
तस्य प्रवृत्तितत्त्वज्ञः तद्ब्रह्मामृतमश्नुते ॥ १.१३२[૪૬]

વાક્યપદીયની વૃતિમાં શબ્દબ્રહ્મની પ્રાપ્તિનો ક્રમ બતાવ્યો છે :

"सर्वेश्वरः सर्वशक्तिर्महान् शब्दवृषभः, तस्मिन् वाग्योगविदो ।
विच्छिद्याहकारग्रंन्थीन् अत्यन्ताविनिर्भागेन संसृज्यन्ते ॥"[૪૭]

ઋગ્વેદકાલીન ઋષિઓએ હૃદય માટે ગુહા અને વાણી માટે ધેનુનાં પ્રતીકો યોજ્યાં તેના રહસ્યને ભર્તૃહરિએ તેમ જ વૃત્તિકારે સ્ફુટ બનાવ્યું છે. પદચિહ્નોના સહારાથી ગુહામાં છુપાયેલી ધેનુને મેળવી તેમાં રહેલું મધુ કે સારરૂપ ધૃત મેળવી શકાય, એ જ રીતે વાણીના વ્યક્ત ચરણના સહારાથી હૃદયગુહામાં છૂપાયેલ તેના ત્રણ સ્તરોનું અનુસરણ કરનાર મંત્રવિદ્ કે સત્યનિષ્ઠ સાધક વાણીના મૂળ કે ઉત્સરૂપ આત્માને પામી શકે. વ્યક્તમાંથી અવ્યક્ત અને ત્યાંથી સર્વકારણ બ્રહ્મ કે આત્મજ્યોતિ સુધીનો ગુહામાં વિસ્તરતો પથ અમૃતત્વનો માર્ગ છે. વૃત્તિકારના શબ્દોમાં :

प्राणवृत्तिमतिक्रान्ते वाचस्तत्त्वे व्यवस्थितः ।
क्रमसंहारयोगेन संहृत्यात्मानमात्मनि ॥

---

૪૪ Iyer Subrahmania, K. A., Ed., *Vākyapadiya* of *Bhartṛhari* Kāṇḍa–I, Deccan College, Poona, 1966, P. 213, 214

૪૫ Abhyankar, K. V. & V. P. Limaye, *op. cit.*, P. 67.

૪૬ *Ibid*, P. 13.

૪૭ Iyer Subrahmania, K. A., *op. cit.* P. 123.

वाचः संस्कारमाधाय वाचं ज्ञाने निवेश्य च ।
विभज्य बन्धनान्यस्याः कृत्वा तां छिन्नबन्धनाम् ॥

ज्योतिरान्तरमासाद्य छिन्नग्रन्थिपरिग्रहः ।
परेण ज्योतिषैकत्वं छित्त्वा ग्रन्थीन् प्रपद्यते ॥[૪૮]

ઋગ્વેદનો મંત્ર "अन्तःसमुद्रे हृद्यन्तरायुषि" (૪. ૫૮. ૧૧). સમુદ્ર કે ગુહાને હૃદય તરીકે નિઃસંદિગ્ધ ઓળખાવે છે. એ સમુદ્રમાંથી ઊઠેલો મધુમાન્ ઊર્મિ અમૃતત્વ તરફ સંકેત કરે છે :

समुद्रादूर्मिर्मधुमाँ उदारदुपांशुना सममृतत्वमानट् ।
घृतस्य नाम गुह्यं यदस्ति जिह्वा देवानाममृतस्य नाभिः ॥[૪૯]

"સમુદ્રમાંથી મધુમય ઊર્મિ ઊઠ્યો, તે નિઃશબ્દ ઊર્મિ સાથે અમૃતત્વ સંસૃષ્ટ છે. ઘી એનું ગુહ્ય નામ છે. તે દેવોની જીહ્વા (વાણી) છે અને અમૃતની નાભિ (કેન્દ્ર) છે".

ઉપનિષદોમાં આ સત્ય નિરાવરણ રૂપમાં રજૂઆત પામ્યું છે :

तं दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणम् ।
अध्यात्मयोगाधिगमेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति ॥[૫૦]

"તે કષ્ટથી જોઈ શકાય એવા, ગૂઢ સ્થાનમાં પ્રવેશીને રહેલા, ગુહાનિહિત ગહ્વરમાં વસતા પુરાણ દેવને અધ્યાત્મયોગના માર્ગે પ્રાપ્ત કરીને ધીર પુરુષ હર્ષશોક ત્યજી દે છે".

પ્રસ્તુત સંદર્ભમાં વપરાયેલા ગુહા, ગહ્વર જેવા શબ્દો હૃદયમાં પ્રવેશવાની કઠિનતા સૂચવે છે. હૃદય એ માંસપિંડ કે મસ્તિષ્ક નહીં પણ ચેતનાની તે સૌથી અન્તરતમ સ્થિતિ છે જેમાંથી અહંકાર, મન, ઇન્દ્રિયો અને તેમના વિષયો ઉદય પામે છે, અને તેમાં જ લય પણ પામે છે. આધુનિક મનોવિજ્ઞાન મનના અવચેતન વિભાગમાં યુગોજૂના સંગ્રહાયેલા વૈયક્તિક તથા જાતીય સંસ્કારોની જટિલ ગૂંથણી અને તેનું ચેતન મન ઉપરનું વર્ચસ્વ સ્પષ્ટપણે દર્શાવે છે. તેની પાછળ રહેલી અચેતન–દશાનું ઊંડાણ અગાધ છે. આ ગુહા કે ગહ્વર શબ્દોનું સૂચિત તાત્પર્ય છે. તેમાં રહેલા અંધકારમાં માર્ગ કરીને તેની પેલે પાર સૂર્ય જેવા પ્રકાશમાન આત્માને મેળવવા માટે ઋગ્વેદના ઋષિઓ ઉપદેશે છે. તેઓએ આ માર્ગ કંડારી આપ્યો છે. અમૃતત્વનો આનાથી ભિન્ન કોઈ માર્ગ નથી. મંત્રશાસ્ત્ર આ સિદ્ધાન્તને અનુસરી સિદ્ધિ મેળવવા પુરુષાર્થ કરવાનો ઉપદેશ કરે છે.

---

૪૮ *Ibid*, P. 202, 203.

૪૯ ઋગ્વેદ, ૪.૫૮.૧

૫૦ કઠોપનિષદ્, ૨.૧૨

ઉપસંહારરૂપે એમ કહેવું આવશ્યક છે કે ગુહાનું આ પ્રતીક પ્રાચીન હોવા છતાં સર્વદા નૂતન છે. હૃદયગુહાપ્રવેશ એ અર્વાચીન યોગીનું પણ લક્ષ્ય છે. ઈશ્વર અને ગુરુ હૃદયમાં વસે છે એ કથન આ હકીકત તરફ સંકેત કરે છે. ઉપનિષદો ગુહામાં બે પક્ષીઓની વાત કહે છે:

ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे ॥[૫૧]

વેદાન્તશાસ્ત્રમાં ગુહામાં પ્રવેશીને રહેલા જીવ અને આત્માની સમજૂતિ આપવા માટે અવચ્છેદવાદ અને પાછળથી પ્રતિબિમ્બવાદનો વિકાસ થયો. ઘટ કે ગુહાવડે અવચ્છિન્ન આકાશનું ઉદાહરણ, નિર્વિશેષ ચેતનાના જીવભાવને સમજાવવા માટે યોગ્ય યુક્તિ છે. અંદર રહીને નિયમન કરનાર અન્તર્યામી પણ ગુહામાં રહેલો માનવો જોઈએ, તેથી બે પક્ષીઓની કલ્પના કરવી પડી હશે, પરંતુ અન્તર્યામી ગુહાવચ્છિન્ન હોવા ઉપરાંત વ્યાપક પણ હોવો જોઈએ એ સ્થાપના કરવા માટે અને ગુહાના પ્રતીકનો અવચ્છેદવાદ સાથે સંબંધ દર્શાવવા વધુ સંશોધન આવશ્યક છે.

---

૫૧ કઠોપનિષદ્, ૩.૧

JOURNAL
OF THE
ORIENTAL INSTITUTE

M. S. UNIVERSITY OF BARODA, BARODA

Editor : **S. G. Kantawala**

The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is Quarterly published in every September, December, March and June.

SPECIAL FEATURES :

Articles on Indology, Vedic Studies textual and cultural problems of the Rāmāyaṇa, Epic & Purāṇic studies, Notices of manuscripts, Reviews of books, Survey of contemporary Oriental Journals and the publication of rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the features of the Journal.

CONTRIBUTORS TO NOTE :

1. Only typewritten contributions will be accepted. Copies should be retained by the authors for any future reference, as no manuscripts will be returned.

2. In the body of the article Non-English stray words/Sanskrit/Prakrit line/verse must be written either in Devanagari or in transliteration with proper diacritical marks.

3. The sources of citations/statements of any authority quoted should be invariably mentioned in the footnotes which must be written in the following order : (1) Surname, initials of the author or editor, (2) Title of the work, (3) Publisher, (4) Place (5) year of publication and (6) Page No.

4. Whenever an abbreviation is used in an article, its full form should be stated at the first occurrence and should not be repeated.

5. Please give running foot-note numbers from the beginning to the end of the article.

SUBSCRIPTION RATES : ANNUAL :

Inland Rs. 30/- (Post-free), Europe £ 3.00 (Post-free)
U.S.A. $ 10.00. (Post-free)

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscriptions articles be sent to the Journal may be sent to—

The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Baroda-390 002, Gujarat, India.

"બ્રહ્મસૂત્ર (૪-૧-૧૩)માં "उत्तराघ–अश्लेष" શબ્દનું અર્થઘટન"*

ભક્તિનાથ ગિરીન્દ્રનાથ શુક્લ**

બ્રહ્મસૂત્ર ઉપનિષદોના તત્ત્વજ્ઞાનનો વિસ્તાર છે. ઉપનિષદોમાં રહેલી વિભિન્ન વિચાર-ધારાને દાર્શનિક પરંપરાથી સમજાવવાનો બ્રહ્મસૂત્રનો પ્રયત્ન છે.

આ બ્રહ્મસૂત્રમાં ચાર અધ્યાય છે. દરેક અધ્યાયને ચાર પાદમાં વિભક્ત કર્યો છે. જેમાં અધિકરણો જોવા મળે છે. આ અધિકરણોમાં સૂત્રો છે, જે ઉપનિષદોના બ્રહ્મવિષયક અનેક વિચારોમાંથી મુખ્ય વિચારનો આધાર લઈ તેની ચર્ચા કરે છે.

બ્રહ્મસૂત્રના ૪–૧–૧૩ '**तदधिगमे उत्तरपूर्वाघयोरश्लेषविनाशौ तद्व्यपदेशात्**"માં બ્રહ્મ-વિદ્યા પ્રાપ્ત થયા પછીની સ્થિતિ જણાવી છે. સૂત્રનો અર્થ આમ જણાવી શકાય કે તેની (બ્રહ્મની) પ્રાપ્તિ થતાં, પછી અને પહેલાંનાં પાપનો અશ્લેષ અને વિનાશ થાય છે, કારણ કે ઉપનિષદમાં એમ જોવા મળે છે.

શંકરાચાર્ય આ સૂત્ર પર પોતાના ભાષ્યમાં જણાવે છે કે બ્રહ્મવિદ્યાના ફળનો વિચાર કરતાં શંકા થાય છે કે બ્રહ્મપ્રાપ્તિ થાય ત્યારે પાપક્ષય થાય કે નહીં ? એક રીતે તો એમ કહેવાય કે કર્મનું ફળ તો હોય છે જ; તેથી કોઈ પણ કર્મ ફળ આપ્યા વિના ક્ષય પામતું નથી. તો પછી કોઈનો પણ મોક્ષ થઈ શકે નહીં.

તેથી આ સૂત્રથી એમ જણાવ્યું છે કે બ્રહ્મપ્રાપ્તિ થયા પછી '**उत्तराघ**'નો '**अश्लेष**' થાય છે અને '**पूर्वाघ**'નો '**विनाश**' થાય છે. સૂત્રમાં, આ મતના સમર્થનમાં છાન્દોગ્ય ઉપનિષદનું પ્રમાણ જોવા મળે છે, જે આ પ્રમાણે છે. "**यथा पुष्करपलाश आपो न श्लिष्यन्त एवमेवंविदि पापं कर्म न श्लिष्यते**" । (૪.૧૪.૩). જેનો અર્થ; "જેમ કમળપત્રને જળનો સ્પર્શ થતો નથી તેમ આ બ્રહ્મજ્ઞાનીને પાપકર્મનો સ્પર્શ થતો નથી." આમ સૂત્રભાષ્યમાં છંદોગ્યનું પ્રમાણવચન આપીને શ્રી શંકરાચાર્ય જણાવે છે કે, "**अश्लेष इति चागामिषु कर्मसु कर्तृत्वमेव न प्रतिपद्यते ब्रह्मविदिति दर्शयति**", અર્થાત્ અશ્લેષ શબ્દથી ભવિષ્યમાં થનારાં કર્મોમાં બ્રહ્મજ્ઞાનીનું કર્તૃત્વ જોવા મળતું નથી.

ઉપરના વિવેચન પરથી એ સ્પષ્ટ થાય છે કે શ્રી શંકરાચાર્ય '**अश्लेष**' શબ્દનો અર્થ નિર્ગુણ બ્રહ્મજ્ઞાની માટે અકર્તાપણાનો ભાવ સૂચવે છે. આમ બ્રહ્મજ્ઞાન પછી ભાવિ કર્મોમાં

'**સ્વાધ્યાય**', પુ. ૨૨, અંક ૩, અક્ષયતૃતીયા અંક, એપ્રિલ '૮૫, પૃ. ૨૪૭-૨૪૮.

* વલ્લભવિદ્યાનગર મુકામે તા. ૧૯-૨૦ માર્ચ ૧૯૮૩ના રોજ યોજાયેલ ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપકમંડળના નવમા અધિવેશનમાં વાંચેલો લેખ.

** સંસ્કૃત વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.

બ્રહ્મજ્ઞાનીનું કર્તૃત્વ હોતું નથી. પણ આ ઉપરથી એમ કહી શકાય નહીં કે બ્રહ્મજ્ઞાની પાપ કરી શકે નહીં. અહીં તો આટલી જ સ્પષ્ટતા સૂત્ર પરથી થાય છે કે પાપ થયાં હોય તો પણ અકર્તાપણાને લીધે, બ્રહ્મજ્ઞાનીને પાપનો સ્પર્શ થાય નહીં.

અહીં પ્રશ્ન એ થાય છે કે બ્રહ્મજ્ઞાની માટે, બ્રહ્માનુભૂતિ પછીના પાપનો '**अश्लेष**' કઈ રીતે સમજવો ? કારણ કે તેનાં '**पूर्वाघ**'નો '**विनाश**' થાય છે અને પછીનાં કર્મ બ્રહ્મજ્ઞાન થયું હોવાને લીધે '**दग्धकर्मं**' બને છે, આમ પ્રારબ્ધકર્મ તો નાશ પામે છે તો પછી ક્રિયમાણ–કર્મમાં તે પાપ કઈ રીતે કરી શકે ?

આમ અહીં '**उत्तराघ**' પદ સમજતાં ક્લિષ્ટતા અનુભવાય છે. બ્રહ્મજ્ઞાન થયા પછી પણ શું બ્રહ્મજ્ઞાની પાપાચરણ કરે ? સૂત્રકાર '**उत्तराघ**' પદ મૂકીને આ શંકા વધુ પ્રબળ બનાવે છે.

રાધાકૃષ્ણન્[૧] આ સૂત્રને સમજાવતાં જણાવે છે કે આ સૂત્રમાં જીવન્મુક્તિનો વિચાર છે. જીવન્મુક્તને અકર્તાનો અનુભવ હોવાથી, તેને કર્મની અસર થતી નથી. મુક્તદશામાં કર્મચક્ર અસર કરતું નથી. અહીં પણ '**उत्तराघ**' શબ્દની સ્પષ્ટતા શંકાને દૂર કરતી નથી. આમ આ શબ્દનો બુદ્ધિગમ્ય ઉકેલ સરળ નથી.

એમ માની લઈએ કે બ્રહ્મજ્ઞાનીને પણ જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી કર્મ તો કરવાં પડે જ, તો પણ; તેને કર્મની આસક્તિ સંભવતી ન હોવાથી તે નિષ્કામભાવે જ કર્મ કરશે, જે કર્મ કદાપિ પાપકર્મ હોઈ શકે નહીં.

અણુભાષ્યમાં આ સૂત્રનું વિવેચન આ શબ્દોમાં જોવા મળે છે : "**अत्रोत्तरस्योत्पन्नस्याश्लेष इति नार्थस्तस्यात्मन्येवोत्पत्तेस्तदतिरिक्तस्य श्लेषस्याभावादतोनुत्पत्तिरेवार्थः**" । આમ અશ્લેષ શબ્દનો અર્થ અનુત્પત્તિ એમ સ્પષ્ટ જણાવી, બ્રહ્મજ્ઞાનીને પાપની ઉત્પત્તિ થતી નથી; એમ સ્પષ્ટ રીતે જણાવ્યું છે.

શ્રી ભાષ્યમાં આ વાત જુદી રીતે સમજાવવામાં આવી છે. તેનો આ મત છે કે "**विद्यायाः दुश्चरितविरतिनिष्पाद्यत्वावगमात्**" એટલે કે બ્રહ્મજ્ઞાન દુષ્કર્મમાંથી પાપમાંથી વિરતિ ઉત્પન્ન કરે છે.

આ બધા વિચારોથી એ સ્પષ્ટ થાય છે કે, શ્રીશંકરાચાર્યે, પોતે ત્રણ પ્રકારની સત્તા સ્વીકારેલી હોવાથી, પારમાર્થિક રીતે; બ્રહ્મપ્રાપ્તિ પછી અકર્તાભાવ થતાં, પાપ–પુણ્ય જેવું રહેતું નથી, અને આવા બ્રહ્મજ્ઞાનીને કદાચ પાપ–દુરિત થાય તો પણ તેનો સંશ્લેષ–સ્પર્શ થતો નથી એટલી વાત અસ્પષ્ટ રહે છે. શ્રી ભાષ્યમાં દુષ્કર્મની વિરતિ બતાવી તે પાપાચરણ કરવા પ્રેરાતો નથી એમ જણાવ્યું છે, પણ અણુભાષ્યમાં તો "**अनुत्पत्ति**" એમ સ્પષ્ટ રીતે જણાવી બ્રહ્મજ્ઞાનીની પાપની પ્રવૃત્તિનો સ્પષ્ટ નિષેધ જોવા મળે છે. આ રીતે શ્રીભાષ્ય તેમ જ અણુભાષ્યની આ શબ્દની સ્પષ્ટતા વધુ વિશદ છે એમ માની શકાય.

---

૧ S. Rādhākrishnan, *The Brahma–Sūtra,* London, 1960, Page no. 530.

पा. सू. १–४–३६ અને ભટ્ટોજિ દીક્ષિતાદિ*

વસન્તકુમાર મ. ભટ્ટ**

૧.૦ **स्पृहेरीप्सितः ।** पा. सू. ૧–૪–૩૬ સૂત્ર ઉપર ભટ્ટોજિ દીક્ષિતે **વૈયાકરણસિદ્ધાન્ત-કૌમુદી**માં લખ્યું છે કે ઇપ્સિત–માત્રમાં આ (સમ્પ્રદાન) સંજ્ઞા થાય છે. પરંતુ જો **પ્રકર્ષ**ની વિવક્ષા હોય તો **પરત્વને** કારણે 'કર્મ' સંજ્ઞા થાય છે.[1] પદમંજરીકાર હરદત્તાચાર્ય પણ આમ જ કહે છે. આ વિધાનને આધારે **पुष्पेभ्यः स्पृहयति ।** જેવાં વાક્યોની સાથે જ **देवदत्तः पुष्पाणि स्पृहयति ।** જેવાં વાક્યો પણ બની શકે. એક ડગલું આગળ વધીને કહીએ તો **देवदत्तेन पुष्पाणि स्पृह्यन्ते ।** એવો કર્મણિ પ્રયોગ પણ થઈ શકે.

૧.૧ ભટ્ટોજિ દીક્ષિતની વૃત્તિના અનુસન્ધાનમાં તત્ત્વબોધિનીકાર ઉમેરે છે કે પરત્વને કારણે **कर्तुरीप्सिततमं कर्म ।** ૧–૪–૪૯ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા૦થવાથી "परस्परेण स्पृहणीय-शोभम्"। "स्पृहणीयगुणैर्महात्मभिः"। જેવાં ઉદાહરણોમાં 'કર્મ' અર્થમાં–अनीयर् પ્રત્યય લાગીને **स्पृहणीय** શબ્દ બન્યો છે.[2]

પદમંજરીકાર હરદત્ત પણ જણાવે છે કે "कुमार्य इव कान्तं स्पृहयन्ति"। જેવા પ્રયોગોમાં **षष्ठी शेषे ।** ૨–૩–૫૦થી 'કર્મ'ની, એટલે કે કાન્તની શેષત્વ વિવક્ષા કરીને ષષ્ઠી વિભક્તિ પણ આપી શકાય છે. જેમ કે, **कुमार्य इव कान्तस्य स्पृहयन्ति ।**[3]

આમ ભટ્ટોજિ દીક્ષિત, તત્ત્વબોધિનીકાર અને પદમંજરીકાર એક બાબતમાં એકમતિ ધરાવે છે કે √ **स्पृह** ધાતુના યોગમાં **પ્રકર્ષ**ની વિવક્ષા (અર્થાત્ 'ઇપ્સિત'ને બદલે 'ઇપ્સિતતમ') હોય તો **पुष्प** જેવા પદાર્થની 'કર્મ' સંજ્ઞા પણ થઈ શકે. પરંતુ ભટ્ટોજિ દીક્ષિતનો આ મત ચિન્ત્ય છે.

'**સ્વાધ્યાય**', પુ. ૨૨, અંક ૩, અક્ષયતૃતીયા અંક, એપ્રિલ '૮૫, પૃ. ૨૪૯–૨૫૨.

* તા. ૧૯, ૨૦ માર્ચ, ૧૯૮૩ના રોજ સ. પ. યુનિ. વલ્લભવિદ્યાનગરના ઉપક્રમે યોજાયેલા ગુ. રા. યુનિ. અને કૉલેજ સંસ્કૃત અધ્યાપકમંડળના 'જ્ઞાનસત્ર' (૯મા અધિવેશન)માં રજૂ કરેલ લેખ.

** ભાષા–સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

१ ईप्सितमात्रे इयं संज्ञा । प्रकर्षविवक्षायां तु परत्वात्कर्मसंज्ञा । पुष्पाणि स्पृहयति । (कौ. पृ. १७८) एवं (पदमं. पृ. ५५३).

२ परत्वादिति । तेन 'परस्परेण स्पृहणीयशोभम्' 'स्पृहणीयगुणैर्महात्मभिः' इत्यादौ कर्मण्यनीयर् सिध्यति । (कौ. पृ. १७८) इत्यत्र तत्त्वबोधिनी ॥

३ शेषत्वविवक्षायां तु 'कुमार्य इव कान्तस्य त्रस्यन्ति स्पृहयन्ति च' इत्यत्र षष्ठ्यपि सिध्यतीति हरदत्तादयः ॥ (कौ. पृ. १७८) इत्यत्र तत्त्वबोधिनी ॥

૧–૪–૩૬ સૂત્ર ઉપર 'પદમંજરી' ટીકામાં આવું કોઈ વાક્ય મળતું નથી. પરંતુ તત્ત્વબોધિની-કાર, (ઉપર મુજબ) હરદત્તનું નામ લઈને આ વિચાર રજૂ કરે છે.

૨.૦ पुष्पेभ्यः स्पृहयति । આ ઉદાહરણમાં स्पृहेरीप्सितः । १-४-३६ સૂત્રથી पुष्पની સમ્પ્રદાનસંજ્ઞા થઈને ચતુર્થી વિભક્તિ વપરાઈ છે. ભટ્ટોજિ દીક્ષિત કહે છે કે पुष्प અત્યંત ઇપ્સિતતમ છે એમ દર્શાવવાની ઇચ્છા હોય તો पुष्पની 'કર્મ' સંજ્ઞા થશે. એટલે કે पुष्पाणि स्पृहयति । જેવો પ્રયોગ પણ થશે. ભટ્ટોજિ દીક્ષિતના મતે, स्पृहेरीप्सितः । १-४-३६ સૂત્ર કરતાં कर्तुरीप्सिततमं कर्म । १-४-४९ સૂત્ર પરસૂત્ર હોઈને–પરત્વને કારણે–'કર્મ' સંજ્ઞા પણ થઈ શકશે. આમ पुष्पेभ्यः स्पृहयति ।ની સાથે જ पुष्पाणि स्पृहयति । જેવા પ્રયોગને પણ સાધુ (પ્રયોગાર્હ) ગણી શકાય છે.

પરંતુ ભટ્ટોજિ દીક્ષિતે પોતાના મતના સમર્થન માટે જે **परत्वात्** એવો હેતુ આપ્યો છે તે અયુક્ત છે, શાસ્ત્રવિરુદ્ધ છે. 'પરત્વ'ની દલીલ અહીં લાગુ પાડી શકાય એમ નથી. કેમકે स्पृहेरीप्सितः । १-४-३६ અને कर्तुरीप्सिततमं कर्म । १-४-४९ એ બે સૂત્રો સાવકાશ–કોઈક ઉદાહરણમાં ચરિતાર્થ–હોય તો જ विप्रतिषेधे परं कार्यम् । १-४-२ સૂત્ર પ્રવૃત્ત થઈને, પરત્વને ધ્યાનમાં લઈને નિર્ણય આપી શકે. પરંતુ અહીં બન્ને સૂત્રો સાવકાશ નથી; માટે પૂર્વત્વ કે પરત્વનો વિચાર પ્રસ્તુત બનતો જ નથી.

कर्तुरीप्सिततमं कर्म । १-४-४९ સૂત્ર સાવકાશ છે, જ્યારે स्पृहेरीप्सितः । १-४-३६ સૂત્ર નિરવકાશ છે. આથી સાવકાશ १-४-४९ પરસૂત્ર હોવા છતાંય, १-४-३६ એવું પૂર્વસૂત્ર **નિરવકાશ** હોઈને १-४-४९નું બાધક બને છે. આથી કેવળ पुष्पेभ्यः स्पृहयति । એવો એક જ પ્રયોગ થશે. આમ पुष्पની 'કર્મ' સંજ્ઞા થશે જ નહીં, (અને પરિણામે पुष्पाणि स्पृहयति । જેવો દ્વિતીયા વિભક્ત્યન્ત પ્રયોગ થશે નહીં અને તેનો કર્મણિ પ્રયોગ પણ થશે નહીં). ભટ્ટોજિ દીક્ષિતે જે લખ્યું છે તે સિદ્ધાન્તવિરુદ્ધ છે.

૨.૧ તત્ત્વબોધિનીકારે એક તરફથી ભટ્ટોજિ દીક્ષિતના મતનું સમર્થન કરવા, "स्पृहणीयशोभम् જેવા પ્રયોગોમાં 'કર્મ' અર્થમાં–अनीयर्–પ્રત્યય લાગ્યો છે" એવું લખ્યું છે. પરંતુ બીજી તરફ, ભર્તૃહરિ અને હેલારાજના[४] ગ્રન્થોને આધારે એ પણ નોંધ્યું છે કે √ स्पृह

---

४ हेतुत्वे कर्मसंज्ञायां शेषत्वे वापि कारकम् ।
रुच्यर्थादिषु शास्त्रेण सम्प्रादानाख्यमुच्यते ॥ (वा. प. ३-७-१३०)

(अत्र हेलाराजः)–यथा संज्ञान्तरपूर्वकं 'कर्म' प्रागुक्तं, तथा इदमपि सम्प्रदानमन्यपूर्वकं शास्त्रेण 'रुच्यर्थानां प्रीयमाणः (१-४-३३) इत्यादिना व्याख्यायते ।......यदा तु 'देवदत्ताय रोचते मोदकः' इति, अयमर्थो 'देवदत्तं मोदकः प्रीणयति' इति; तथा च प्रीयमाण इति विशेषणं तदा कर्मसंज्ञायां प्राप्तायां सम्प्रदानसंज्ञारम्भः ।...। 'पुष्पेभ्यः स्पृहयति' इति पुष्पाणामीप्सिततमत्वात् कर्मसंज्ञप्रसङ्ग उक्तः ॥

આ ચર્ચાનો અર્થ એવો થાય છે કે पुष्प પહેલેથી જ 'ઇપ્સિતતમ' છે; અને એ સ્થિતિમાં कर्तुरीप्सिततमं कर्म । १-४-४९ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા થવા આવે છે. તેનો બાધ કરીને 'સમ્પ્રદાન' સંજ્ઞા કરવા માટે જ પાણિનિએ स्पृहेरीप्सितः । १-४-३६ સૂત્રની રચના કરી છે. આમ ભર્તૃહરિના મતે "पुष्प કોઈક વાર 'ઇપ્સિત' હોય અને બીજી કોઈક વાર 'ઇપ્સિતતમ' હોય"–એવું શક્ય જ નથી.

ધાતુના યોગમાં આ ૧–૪–૩૬ સૂત્રવિહિત 'સમ્પ્રદાન' સંજ્ઞાથી 'કર્મ' સંજ્ઞાને (અને શેષ–ષષ્ઠીને પણ) બાધ થાય છે. આ દૃષ્ટિએ "परस्परेण स्पृहणीयशोभम्" । જેવાં ઉદાહરણોમાં दानीयो विप्रः ।ની જેમ બાહુલકથી 'સમ્પ્રદાન' અર્થમાં–अनीयर्–પ્રત્યય લાગ્યો છે એમ કહેવું રહ્યું. એ જ પ્રમાણે, "कुमार्य इव कान्तस्य स्पृहयन्ति ।"નો અર્થ "कुमार्य इव कान्ताय स्पृहयन्ति । કરવો રહ્યો.[5] અંતે તત્ત્વબોધિનીકાર ઉમેરે છે કે હરદત્તના મતે[6] क्रियया यमभिप्रैति० । ૧–૪–૩૨ સૂત્ર ઉપરના વાર્તિકથી જ ઈષ્ટસિદ્ધિ થઈ જતી હતી. એવી સ્થિતિમાં स्पृहेरीप्सितः । ૧–૪–૩૬ સૂત્રની જે રચના કરવામાં આવી છે તે વ્યર્થ થઈ જશે; (જો પુષ્પની 'સમ્પ્રદાન' સંજ્ઞા કરવાને બદલે, 'કર્મ' સંજ્ઞા કરીશું તો).[7]

ગ્રન્થ–સૂચિ

१ काशिकावृत्तिः न्यासापरपर्यायकाशिकाविवरणपञ्चिकया पदमञ्जरीव्याख्यया च सहिता । प्रथमो भागः, सम्पादकौ–स्वामी द्वारिकादासः शास्त्री एवं श्रीकालिकाप्रसाद शुक्लः, प्राच्यभारतीप्रकाशनम्, वाराणसी, १९६५.

२ वाक्यपदीयम् (With the comm. of Helārāja), Kāṇḍa III, (Part I), Ed. by. K. A., Subramania Iyer, poona, 1963.

३ सिद्धान्तकौमुदी–तत्त्वबोधिनीसमाख्यया व्याख्यया सहिता । प्रका. क्षेमराज–श्रीकृष्णदास, श्रीवेङ्कटेश्वर स्टीम्–मुद्रणालये सम्मुद्रय प्रकाशिता । मुंबई, १९७४.

---

५ वाक्यपदीयहेलाराजीग्रन्थयोस्तु स्पृहयतियोगे कर्मसंज्ञायाः शेषषष्ठयाश्च बाधिकेयं संप्रदानसंज्ञेति स्थितम् ।...तस्माद्वाक्यपदीयादिग्रन्थानुरोधेन 'परस्परेण स्पृहणीय शोभम्' इत्यादौ 'दानीयो विप्रः' इतिवत् बाहुलकात् संप्रदाने अनीयर् इति व्याख्येयम् । 'कुमार्य इव कान्तस्य' इत्यत्र तु...'कान्ताय स्पृहयन्ति' इति व्याख्येयमिति केचित् ॥ (कौ. पृ. १७८) इत्यत्र तत्त्वबोधिनी ॥

૬ 'કાશિકા' ઉપરની પદમંજરીમાં આવો કોઈ મત પ્રાપ્ત થતો નથી. જુઓ: કાશિકા–પદમંજરીસહિતા પૃ. ૫૫૩.

૭ युक्तं चैतत्–'क्रियया यमभिप्रैति'. इत्यनेनैवेष्टसिद्धेः 'स्पृहेरीप्सितः' इत्येतत्सूत्रस्य हरदत्तादिमते वैयर्थ्यप्रसङ्गात् ॥ (कौ. पृ. १७८) इत्यत्र तत्त्वबोधिनी ॥

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂા. પૈ.
૧	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૧૦=૫૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૬=૫૦
૨	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ—સં.** : ડૉ. ભો. જ. સાંડેસરા	૯=૫૦
૩	**ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી	૧૧=૫૦
૪	ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૫૦
૫	**ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી (૧૯૭૧)	૮=૦૦
૬	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૧૦=૫૦
૭	**પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૨૪=૦૦
૮	**સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ	૧૫=૫૦
૯	**હમ્મીર પ્રબન્ધ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ	૬=૦૦
૧૦	**પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ (૧૯૭૪)	૩૧=૦૦
૧૧	**વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૧૨=૦૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૨=૫૦
૨	,, ,, ,, ૨	૨=૫૦
૩	,, ,, ,, ૩	૬=૫૦
૪	**નિરુત્તમા**	૨=૫૦
૫	**વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત)	૨=૫૦
૬	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૪=૫૦
૭	**પ્રવેશકો, ગુચ્છ બીજો**	૩=૦૦
૮	**અંબડ વિદ્યાધર રાસ**	૪=૦૦
૯	**મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૦	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છ્ઠું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૧	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૨	**પ્રો. બ. ક. ઠાકોર ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી	૨=૦૦
૧૩	**પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ**	૧૫=૫૦
૧૪	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨**—સંપાદક : ડૉ. હર્ષદ ત્રિવેદી	૬=૭૫
૧૫	**વિવેચક**—પ્રો. બલવન્તરાય ઠાકોર	૨૫=૦૦

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧

નવ્યન્યાય–એક પરિચય**

લક્ષ્મેશ વ. જોષી*

નવ્યન્યાયનો પ્રારંભ, ગંગેશ ઉપાધ્યાય (ઈ. સ. ૧૩૫૦)ના 'તત્ત્વચિન્તામણિ' ગ્રન્થથી થયો એમ મનાય છે. આ રીતે ગંગેશ ઉપાધ્યાયને નવ્યન્યાયના પ્રણેતા માનવામાં આવે છે. પરંતુ કેટલાક વિદ્વાનો ઉદયનાચાર્ય (ઈ. સ. ૧૦૫૪)ને નવ્યન્યાયના આદ્ય સ્થાપક ગણે છે.[૧] વળી, ગંગેશની પહેલાંનાં નવ્યન્યાયના બે ગ્રન્થો, મણિકણ્ઠનો 'ન્યાયરત્ન' ગ્રન્થ અને શશધરનો 'ન્યાયસિદ્ધાન્તદીપ' ગ્રન્થ હમણાં પ્રસિદ્ધ થયા છે. તેથી એક એવો મત પણ પ્રવર્તે છે કે ગંગેશ ઉપાધ્યાયને નવ્યન્યાયના આદ્ય પ્રણેતા માનવા કરતાં, તેમના પુરોગામી નૈયાયિકોની વ્યાખ્યાઓ અને દલીલોને આગળ ધપાવનાર તે એક કુશળ વિદ્વાન હતા એમ માનવું વધુ યોગ્ય ગણાય.[૨] ગંગેશના 'તત્ત્વ–ચિન્તામણિ' ગ્રન્થની વિશેષતા એ છે કે તેમાં, પ્રાચીન ન્યાયના પ્રમાણ, પ્રમેય, સંશય વગેરે સોળ પદાર્થોમાંથી પ્રમાણને જ પ્રાધાન્ય અપાયું છે. ન્યાયદર્શનનાં ચાર પ્રસિદ્ધ પ્રમાણોમાંનાં એક–એક ઉપર ગંગેશ 'તત્ત્વચિન્તામણિ'માં એક–એક ખંડ લખે છે: પ્રત્યક્ષખંડ, અનુમાનખંડ, ઉપમાનખંડ અને શબ્દખંડ. અહીં એ નોંધવું જોઈએ કે ગંગેશની લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે થયેલા ભાસર્વજ્ઞે પ્રમાણને પ્રાધાન્ય આપીને 'ન્યાયસાર' નામના પ્રકરણગ્રન્થની રચના કરી. તેમાં પણ પ્રત્યક્ષ પરિચ્છેદ, અનુમાન પરિચ્છેદ વગેરેના નિર્દેશ દ્વારા ગ્રન્થનું વિભાજન કરેલું છે. આમ પ્રમાણને કેન્દ્રમાં રાખીને, અક્ષપાદ–પરંપરાના ન્યાયદર્શનમાં ગ્રન્થ રચવાનો પ્રારંભ ભાસર્વજ્ઞથી થયો હોય એમ જણાય

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૩, અક્ષયતૃતીયા અંક, એપ્રિલ '૮૫, પૃ. ૨૫૩–૨૬૦.

* ભાષા–સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

** વલ્લભવિદ્યાનગર ખાતે તા. ૧૯–૨૦ માર્ચ '૮૩ના રોજ સંસ્કૃત અધ્યાપક મંડળના વાર્ષિક સંમેલનમાં વાંચેલો નિબંધ.

1 Gaṅganātha Jhā goes so far as to say that "Udayana was the pioneer of that Modern School...."–i.e. of Navyā Nyāya, which properly speaking is held to begin with Gaṅgeśa in the mid–14th century.–Encyclopedia of Indian Philosophies, Vol. II, ed. by Karl H. Potter, Motilal Banarsidas,–Delhi, First ed. 1977, p. 521.

2 Although Gangeśa is said to be the pioneer exponent of Navya-Nyāya but with the publication of Nyāyaratna of Maṇikaṇtha and Nyāyasiddhāntadīpa of Śaśadhara, the two works belonging to pre–gaṅgeśa period, we are now in a position to say that Gaṅgeśa was more an expert in marshalling the definitions and arguments of his predecessors.—Preface (by the author) p. IX, Navya Nyāya, Gopikamohan Bhattacharya, Bharatiya Vidya Prakashan, Delhi–Varanasi, Ed. I, 1978.

છે. તેથી, પ્રમાણને પ્રાધાન્ય આપવાના લક્ષણને નવ્યન્યાયનું એક મુખ્ય લક્ષણ માનીએ તો નવ્યન્યાયનો મૂલસ્રોત ભાસર્વજ્ઞનો 'ન્યાયસાર' ગ્રન્થ બને. વળી, આના સમર્થનમાં એક બીજી વાત પણ નોંધી શકાય. પ્રાચીન ન્યાયમાં કેટલાંક ક્રાંતિકારી પરિવર્તનો (જેમ કે સંખ્યા એ ૨૪ ગુણોમાંનો એક ગુણ નથી, પરંતુ એક માનસિક કલ્પનામાત્ર છે, વગેરે–) નવ્યનૈયાયિક રઘુનાથ શિરોમણિ (ઈ. સ. ૧૪૭૭)એ કરેલાં મનાય છે. પરંતુ, ખરેખર તો એ પરિવર્તનોમાંનાં કેટલાંક ભાસર્વજ્ઞ (ઈ. સ. ૯૫૦)ની 'ન્યાયસાર' ઉપરની સ્વોપજ્ઞ ટીકા 'ન્યાયભૂષણ'માં છે.[1]

આમ ગંગેશ ઉપાધ્યાયની પૂર્વે નવ્યન્યાયની ભૂમિકા સર્જાઈ ચૂકી હતી. સામાન્ય રીતે, ગંગેશનો 'તત્ત્વચિન્તામણિ' ગ્રન્થ નવ્યન્યાયનો આદ્ય ગ્રન્થ મનાય છે. મિથિલા એ સમયે નવ્યન્યાયનું કેન્દ્ર હતું. જયદેવ (કે પક્ષધર) મિશ્રે તત્ત્વચિન્તામણિ ઉપર 'આલોક' ટીકા લખી અને વાસુદેવ મિશ્રે 'તત્ત્વચિન્તામણિ-ટીકા' લખી. નવ્યન્યાયની શાખાના આ પ્રસિદ્ધ આચાર્યો હતા. બંગાળથી વાસુદેવ સાર્વભૌમ મિથિલામાં આવીને પક્ષધર મિશ્ર પાસેથી નવ્યન્યાય શીખ્યા. પરંતુ એ વખતે તત્ત્વચિન્તામણિ વગેરે ગ્રન્થોને મિથિલાની બહાર લઈ જવાની છૂટ ન હતી. તેથી વાસુદેવ સાર્વભૌમ (લગભગ ઈ. સ. ૧૪૫૦) આખા 'તત્ત્વચિન્તામણિ' ગ્રન્થને કણ્ઠસ્થ કરીને, એ રીતે (Smuggling કરીને!) નવ્યન્યાયને બંગાળમાં લઈ ગયા. બંગાળમાં આવીને તેમણે નવદ્વીપ (નદીઆ)માં નવ્યન્યાયની શાખાનો પ્રારંભ કર્યો. વાસુદેવ સાર્વભૌમની નીચે રઘુનાથ શિરોમણિએ (લગભગ ઈ. સ. ૧૪૭૭–૧૫૪૭) નવ્યન્યાયનો અભ્યાસ કર્યો અને 'તત્ત્વચિન્તામણિ' ઉપર 'દીધિતિ' નામની પ્રસિદ્ધ ટીકા લખી. રઘુનાથ પછી નવ્યન્યાયમાં વિચારપ્રસ્તુતિની નવી શૈલી, નૂતન પરિભાષા વગેરે દાખલ થયાં.[2] રઘુનાથ પછી મથુરાનાથ તર્કવાગીશે (લગભગ ઈ. સ. ૧૫૭૦) તત્ત્વચિન્તામણિરહસ્ય ટીકા લખી. તે ટીકા બંગાળમાં ફક્કિકા કે માથુરી તરીકે પ્રસિદ્ધ છે. જગદીશ તર્કાલંકારે (લગભગ ઈ. સ. ૧૬૨૫) તત્ત્વચિન્તામણિ ઉપર મયૂખ ટીકા અને રઘુનાથની તત્ત્વચિન્તામણિદીધિતિ ઉપર પ્રકાશિકા ટીકા (જાગદીશી) લખી. ત્યારબાદ ગદાધર ભટ્ટાચાર્યે (લગભગ ઈ. સ. ૧૬૫૦) તત્ત્વચિન્તામણિવ્યાખ્યા ટીકા અને જયદેવ મિશ્રની તત્ત્વચિન્તામણિ–આલોક ઉપર "આલોક-ટીકા" લખી. એમ કહેવાય છે કે ગદાધર પરંપરાગત પંડિત ન હોવાને કારણે તેમની પાસે કોઈ વિદ્યાર્થી ભણવા આવતો નહીં. તેથી ગદાધરે એક ઉદ્યાન બનાવ્યો. જ્યારે કોઈ

1 Bhāsarvajña's theories may well turn out to have inspired some of the reforms currently attributed to the Navya-naiyāyika Raghunātha Śiromaṇi, for instance.—Encyclopedia of Ind. Phil. Vol. II, ed. by Karl H. Potter Motilal Banarsidas, Delhi, First ed. 1977, P. 6.

2 Raghunātha Śiromaṇi stands at a period of transition in the history of Navyanyāya. With him the period of earlier commentators on the Tattvacintāmaṇi came to an end and then commenced a period marked by a new style of presentation, new terminology. Navya–Nyāya by Gopikamohan Bhattacharya, Bharatiya Vidya Prakashan, Delhi, Varanasi, First Edition, 1978, chapter IV p. 29.

વિદ્યાર્થી ફૂલ ચૂંટવા આવે ત્યારે, તેને આકર્ષવા, ગદાધર ઉદ્યાનના વૃક્ષને સંબોધીને નવ્યન્યાય ઉપર વ્યાખ્યાન આપવાનું શરૂ કરતા. ધીમે ધીમે વિદ્યાર્થીઓ આકર્ષાયા અને ગદાધર એક મહાન નૈયાયિક તરીકે પ્રસિદ્ધ થયા.

ગદાધર ભટ્ટાચાર્ય પછી પણ અનેક વિદ્વાનોએ તત્ત્વચિન્તામણિ અથવા તત્ત્વચિન્તામણિ-દીધિતિ ઉપર ટીકાઓ લખી. આમ તત્ત્વચિન્તામણિ ઉપર પછીના લગભગ ૬૦૦ વર્ષોમાં નવ્ય-ન્યાયની પરિભાષામાં ટીકાઓ ઉપટીકાઓનું વિપુલ સાહિત્ય રચાયું.[1]

નવ્યન્યાયમાં, કોઈ પણ પદાર્થના લક્ષણને અત્યંત પરિશુદ્ધ અને તાર્કિક રીતે સંપૂર્ણ દોષરહિત બનાવવા માટે, **अवच्छेदकता**, **प्रतियोगिता** જેવાં પદોથી યુક્ત પારિભાષિક પદાવલિના પ્રયોગનો પ્રારંભ થયો. આ પરિભાષા, ટીકાઓની પરંપરામાં વધુ ને વધુ દુરૂહ બનતી ગઈ. નવ્યન્યાયની ક્લિષ્ટ પરિભાષાને કારણે તેની સામે આક્ષેપો થયા. આ પરિભાષામાં આવતા લાંબા સમાસો અને જટિલ વિચારોએ અનેકને ભડકાવી દીધા. વિશિષ્ટ પારિભાષિક પદાવલિ અને વિચારની સૂક્ષ્મતાના અતિશયને કારણે સાદા પ્રશ્નો પણ અત્યન્ત ગૂઢ બની ગયા. પરિશ્રમપૂર્વક પરિભાષાનો પરિચય કર્યા પછી, નવ્યન્યાયનો અભ્યાસી મહાન પંડિત દેખાય, પરંતુ પંડિત પોતે કદાચ જાણતો નથી કે પોતે કયા વિષયવસ્તુને જાણે છે. નવ્યન્યાયની બુદ્ધિરૂપી ઘંટી ઘણું ઝીણું દળે છે એ વાત સાચી પણ સાથે સાથે એ પણ કબૂલ કરવું પડે કે એ ઘંટીમાં (વિષયવસ્તુના) પૂરતા દાણા ઓર્યા સિવાય જ ચલાવાય છે![2]

નવ્યન્યાયની સામેના આ આક્ષેપોમાં કેટલુંક તથ્ય છે. પરંતુ સૂક્ષ્મ વિચારોના વિકાસમાં તેની ઉપયોગિતા ઓછી નથી. ડેનિયલ ઈન્ગાલ્સ, કાર્લ એચ. પોટર જેવા અમેરિકાના વિદ્વાનોએ અને દિનેશ ચંદ્ર ગુહા, બિમલ કૃષ્ણ મતિલાલ, ગોપિકામોહન ભટ્ટાચાર્ય જેવા ભારતીય વિદ્વાનોએ વર્તમાન વિચારજગતમાં નવ્યન્યાયની ઉપયોગિતા સિદ્ધ કરવા પ્રયાસ કર્યો છે. ખરેખર તો નવ્યન્યાયની શાખા ભારતની સૂક્ષ્મ બુદ્ધિમત્તાની પરિચાયિકા છે. વળી, નવ્યન્યાયના સાહિત્યનો મોટો ભાગ હજી હસ્તલિખિત પ્રતોના સ્વરૂપમાં પડેલો છે; માંડ $\frac{1}{10}$ ભાગ પ્રકાશિત થયો હશે.[3] એટલે પ્રથમ તો નવ્યન્યાયના અપ્રકાશિત ગ્રન્થોને પ્રકાશમાં

---

1 The text of the work (Tattva-cintāmaṇi) covers about 300 pages, but its expository treatises extend to over 10,00000 Pages.—A History of Indian Logic, by Satis Chandra Vidyabhusana; Motilal Banarsidas, Delhi, 1971, p. 454.

2 "they (Navyanyāya work) merely succeed in showing how learned one can be about one knows not what. Even those who believe that the mill of their intellect grinds exceedingly small cannot help admitting that it is not always fed with a sufficiency of grain"—Indian Philosophy, Dr. Radhakrishnan, Vol. II, Seventh Edition, 1962, New York, London, P. 42.

3 "From the published texts of Navyanyāya which form less than a tenth of what lies buried in manuscripts, one may see that the Indian genius erected noble edifices of rationalism.." Introductory note, by Daniel H. H. Ingalls; Navya Nyāya System of Logic, by D. C. Guha, Motilal Banarsidas, Delhi, second revised ed. 1979, P. IX.

લાવવાની જરૂર છે. એનાથી ખૂટતી કડીઓ જોડાતાં, નવ્યન્યાયનું અ-ખણ્ડ દર્શન થતાં આજે અત્યન્ત દુરૂહ લાગતા વિચારો કદાચ સુગમ બને.

વળી, હમણાં નવ્યન્યાય અને પશ્ચિમના સાંકેતિક તર્કશાસ્ત્ર (Symbolic Logic) એ બે વચ્ચે આશ્ચર્યકારક સામ્ય જણાયું છે.[1] પશ્ચિમમાં સાંકેતિક તર્કશાસ્ત્રનો પ્રારંભ થોડાં વર્ષ પૂર્વે થયો; જ્યારે નવ્યન્યાયનો પ્રારંભ ભારતમાં ૬૦૦ વર્ષ પહેલાં થયો. નવ્યન્યાયની પશ્ચિમે કરેલી પ્રશંસા સાંભળીને, હવે ભારતીય વિદ્વાનો નવ્યન્યાયને જુદા દૃષ્ટિકોણથી જોવા પ્રેરાયા છે.

નવ્યન્યાય મુખ્યત્વે તો પ્રમાણમીમાંસા છે. તદુપરાન્ત તે એક ભાષાશાસ્ત્રીય અધ્યયન પણ છે. કોઈ પણ વિષયનાં વિધાનો અને વિચારોનું સૂક્ષ્મ પૃથક્કરણ કરીને, જ્ઞાનની મીમાંસા કરવી એ નવ્યન્યાયની ચર્ચાનો પ્રધાન વિષય છે.[2]

આજે નવ્યન્યાયની પરિભાષાનું જ્ઞાન, શાસ્ત્રીય સંસ્કૃત ગ્રન્થોનું અધ્યયન કરનારને માટે લગભગ અનિવાર્ય થઈ ગયું છે. છેલ્લાં ૩૦૦-૪૦૦ વર્ષમાં લખાયેલા વ્યાકરણ, વેદાન્ત, અલંકાર-શાસ્ત્ર વગેરેના સંસ્કૃત ગ્રન્થોમાં વિષયને નવ્યન્યાયની પરિભાષામાં નિરૂપવાનો પ્રયત્ન થયો છે. તેથી આવા ગ્રંન્થોના અભ્યાસ પહેલાં, નવ્યન્યાયની પરિભાષાનો પરિચય હોવો આવશ્યક છે.

ગંગેશ ઉપાધ્યાય પછી લગભગ ૬૦૦ વર્ષ સુધી નવ્યન્યાય ભારતના અનેક પ્રતિભાશાળી વિદ્વાનો માટે રસનો વિષય રહ્યો; અને હવે તો એ પશ્ચિમના પંડિતોનો પણ આકર્ષણ-વિષય બન્યો છે. નવ્યન્યાય માત્ર શબ્દજાળ છે એમ કહીને હવે એની ઉપેક્ષા કરી શકાય નહીં. યોગ્ય રીતે અનુમાન તારવવા માટે, ભાષાના સામર્થ્યની સીમાનો ચોક્કસ ખ્યાલ પ્રાપ્ત કરવાના પ્રયાસમાંથી નવ્યન્યાયની ગૂઢ પરિભાષા સહજ રીતે જન્મી છે. એ કૃત્રિમ નથી.[3]

---

1 There are striking similarities between western symbolic logic and Navyanyāya, They deal with Śimilar problems and are often guided by a similar spirit of inquiry.—Doniel H. H. Ingalls, Ibid p. X.

2 Navyanyāya is basically an epistemological and linguistic system. Analysis of statements and 'concepts, theory of knowledge etc. form here the subject of discussion.-Preface P. IX, Gopikamohan Bhattacharya, Navya Nyāya, Bharatiya Vidya Prakashan, Delhi-Varanasi, ed. I, 1978.

3 Prof Taraporewala, an eminent linguist, also rightly stressed that the very abstruse language of Navya Nyāya was the natural outcome of an effort to obtain an accurate idea of the capabilities of language for the sake of drawing inferences in a proper way.—Irach Jehangir Sorabji Taraporewala, Elements of the Science of Language, p. 291, Calcutta Uni. Publication, quoted in Navya Nyāya System of Logic, D. C. Guha, Motilal B. Delhi, second revised ed. 1979, p. 11. Read : " .. in the process of drawing inferences an accurate idea had to be obtained of the capabilities of the language for that purpose. Hence there grew up a special section of a very abstruse branch of linguistics.."—Elements of the Science of Language, I. J. S. Taraporewala, third ed. 1962, Culcutta Uni,. para 270, pp. 433–34.

હવે આપણે નવ્યન્યાયની પરિભાષાનું એકાદ ઉદાહરણ જોઈએ. ન્યાયનાં ઉદાહરણોમાં ઘટ (ઘડો) અને પટનો પ્રયોગ પ્રચુર પ્રમાણમાં થયો છે. શા માટે ઘટ–પટ જ? આના ઉત્તરમાં કોઈકે હળવા વિનોદમાં કહ્યું છે કે નૈયાયિકો રાતદિવસ વાદવિવાદ કરીને કલહ અને ઘોંઘાટ કરતા હતા. તેથી ગામના લોકોએ કંટાળીને, નૈયાયિકોને ગામની બહાર કાઢી મૂક્યા. હવે ગામની બહાર તો કુંભાર દ્વારા રચાતા ઘટ અને વણકર દ્વારા રચાતા પટ જ નૈયાયિકોની નજરે ચડતા. તેથી નૈયાયિકોનાં ઉદાહરણોમાં ઘટ–પટનું બાહુલ્ય છે! વળી, નવ્યનૈયાયિક વિચારના પૃથક્કરણને પ્રાધાન્ય આપે છે; અને વ્યાકરણની શુદ્ધિનો બહુ આગ્રહ રાખતા નથી. તેથી નવ્યન્યાયની ભાષા વિષે એક પરિહાસ પ્રસિદ્ધ થયેલ છે: નૈયાયિક કહે: **अस्माकीनाम् नैयायिकेषाम् अर्थनि तात्पर्यम्, शब्दनि कश्चिन्ता !** (**अस्माकं नैयायिकानाम् अर्थे तात्पर्यम्, शब्दे का चिन्ता ?** અમારું, નૈયાયિકાનું તાત્પર્ય **અર્થ** વિષે છે, તો શબ્દ વિષે વળી શી ચિંતા?) આ થઈ વિનોદની વાત.

હવે, નવ્યન્યાયની પરિભાષાનું ઉદાહરણ જોતાં પહેલાં આપણે, એ ઉદાહરણને સમજવા પૂરતાં, એ પરિભાષાનાં કેટલાંક પદોનો અર્થ વિચારીએ.

૧ **अवच्छेदक**—સામાન્યત: કોઈ પણ પદના અર્થને ચોક્કસ રીતે સીમિત કરીને, તે પદાર્થને અન્ય પદાર્થોથી ભિન્ન કરીને રજૂ કરવા માટે, **अवच्छेदक** કે **अवच्छिन्न** પદનો પ્રયોગ થાય છે. આ અવચ્છેદક એક રીતે જોતાં વિશેષણનું કાર્ય કરે છે. તેથી એ એક પ્રકારનું વિશેષણ છે; જેમ કે, **घटत्वावच्छिन्नः घटः ।** આ વાક્યમાં ઘટત્વ એ એ ઘટનો અવચ્છેદક (ઘટના અર્થને ચોક્કસ રીતે સીમિત કરનાર) બને છે. **घटः** ઘટત્વરૂપ અવચ્છેદકથી અવચ્છિન્ન (સીમિત) બને છે. આમ ઘટત્વ એ અવચ્છેદક બને; અને ઘટ અવચ્છિન્ન બને છે. માત્ર 'ઘટ' કહેવાથી, લાલ, કાળા વગેરે બધા ઘટોનો બોધ થાય નહીં. પરંતુ ઘટત્વ એ જાતિથી યુક્ત (સમવેત) ઘટ કહીએ અથવા ઘટત્વ એ જાતિથી અવચ્છિન્ન (સીમિત) એમ કહીએ એટલે, કોઈ પણ ઘટ બાકી ન રહે તેમ, સર્વ ઘટોનો બોધ થાય છે. વળી, ઘટત્વરૂપે રહેલો અવચ્છેદક, ઘટ–પદાર્થને બીજા પટ વગેરે પદાર્થોથી વ્યાવૃત્ત (ભિન્ન) પણ કરે છે. આ અવચ્છેદકનું એક લક્ષણ આવું અપાયું છે: અવચ્છેદક એક એવો પદાર્થ છે કે જે પોતે અમુક શબ્દનો શક્યાર્થ (વાચ્યાર્થ વગેરે) હોય અને જે પદાર્થ એ જ શબ્દના બીજા એક શક્યાર્થને અન્ય વસ્તુઓથી વ્યાવૃત્ત (ભિન્ન) કરતો હોય.[૧] પદના ત્રણ અર્થો મનાયા છે: (૧) સામાન્ય કે જાતિ; (૨) આકૃતિ; અને (૩) વ્યક્તિ (**Individual Object**). ઘટત્વ જાતિ એ ઘટ–પદનો એક સામાન્ય અર્થ છે. ઘટની આકૃતિ એ બીજો અર્થ; અને ઘટ–વ્યક્તિ (અમુક ચોક્કસ ઘટ) એ ત્રીજો અર્થ. હવે, ઉપર આપેલા, અવચ્છેદકના લક્ષણ પ્રમાણે વિચારતાં, ઘટત્વ એ ઘટ–પદનો એક શક્યાર્થ છે; અને તે ઘટત્વ (સામાન્ય), ઘટના બીજા એક અર્થ ઘટ–વ્યક્તિને, પટ વગેરે બીજા પદાર્થોથી ભિન્ન (વ્યાવૃત્ત) કરે છે. તેથી ઘટત્વ એ અવચ્છેદક છે.

---

૧ शक्यत्वे सति शक्यव्यावर्त्तकत्वम् अवच्छेदकत्वम् । (परीक्षादर्पण, पृ. १३)–Quoted in 'Navya Nyāya System of Logic'–by D. C. Guha, P. 15, Fn. 3 Motilal Banarsidas, Delhi, ED. II, 1979.

૨ प्रकारता—પ્રકાર એટલે મુખ્ય વિશેષણ. જે ગુણધર્મને લીધે અમુક પદાર્થને 'પ્રકાર' એવું નામ અપાય છે તે છે **प्रकारता.** આ પ્રકારતાનો ગુણધર્મ પ્રકારમાં રહે છે. **घटवद् भूतलम्**–વાક્યમાં **घटवत्** એ વિશેષણ અથવા પ્રકાર છે. એ પ્રકારતા (વિશેષણતા)થી, 'અમુક જ ભૂતલ' એવો નિર્ણય થાય છે. અહીં પ્રકારતા એ નિરૂપક કે નિર્ણાયક બને છે; અને તેનાથી નિર્ણિત થનાર ભૂતલ એ નિરૂપિત વિશેષ્ય બને છે.

૩ **प्रतियोगिता**—નવ્યન્યાયમાં, ખાસ કરીને, અભાવના સંદર્ભમાં **प्रतियोगिता** પદનો ખૂબ પ્રયોગ થયેલો જોવા મળે છે. સામાન્યત: મનાય છે કે **यस्य अभावः स प्रतियोगी**–જે વસ્તુનો અભાવ હોય તે વસ્તુ પોતાના અભાવનો પ્રતિયોગી બને.[1] જેમ કે, અમુક સ્થળે ઘટનો અભાવ છે. આ અભાવના પ્રતિયોગીને ઘટ કહે છે. અમુક સ્થળે ઘટ ત્યારે જ પ્રતિયોગી બને કે જ્યારે ત્યાં ઘટ ન હોય. એટલે અમુક સ્થળે ઘટનું પ્રતિયોગી બનવું એ ત્યાં રહેલા ઘટના અભાવને સૂચવે છે. વળી, જ્યારે આપણે કહીએ કે 'ઘટનો અભાવ', ત્યારે આપણને ઘટ અને તેના અભાવ વચ્ચે એક પ્રકારનો સંબંધ જણાય છે. 'ઘટનો' એ વિશેષણ–પદ છે; અને અભાવ એ વિશેષ્ય–પદ છે. **दण्डी देवदत्तः** એ વાક્યમાં વિશેષણ દણ્ડ અને વિશેષ્ય દેવદત્ત વચ્ચે સંયોગ–સંબંધ છે. આમ ઘટ એ વિશેષણ અને અભાવ એ વિશેષ્ય–આ બન્ને વચ્ચે પ્રતિયોગિતાનો સંબંધ હોય છે. સામાન્યત: અભાવોનું સ્વરૂપ એક જ હોવા છતાં પ્રતિયોગીની ભિન્નતાથી અભાવો પણ ભિન્ન બને છે; જેમ કે ઘટ–અભાવ, પટ–અભાવ. વળી પ્રતિયોગિતા જ્યારે પણ દર્શાવવામાં આવે ત્યારે એ પ્રતિયોગિતાનો સંબંધદર્શક અવચ્છેદક બતાવવો અત્યંત જરૂરી છે. તંતુઓમાંથી પટ બનતા પહેલાં, તંતુઓમાં પટનો જે અભાવ છે તે સમવાયસંબંધથી અભાવ છે; કારણ કે તંતુઓમાંથી પટ બનતાં, એ પટ તંતુઓમાં સમવાયસંબંધથી રહે છે. ભૂતલ ઉપર ઘટનો અભાવ, તે, સંયોગસંબંધથી, અભાવ છે; કારણ કે ભૂતલ ઉપર ઘટ હોત તો સંયોગ-સંબંધથી રહેલો હોત. તેથી સમવાયિકારણરૂપ તંતુઓમાં પટનો (પ્રાગ્) અભાવ દર્શાવવાનો હોય ત્યારે, પટની પ્રતિયોગિતા સમવાયસંબંધથી અવચ્છિન્ન (સીમિત) બને છે. ભૂતલ ઉપર ઘટનો અભાવ વર્ણવવાનો હોય ત્યારે એ અભાવના પ્રતિયોગી ઘટની પ્રતિયોગિતા સંયોગસંબંધથી અવચ્છિન્ન બને છે. એવું બને કે સંયોગસંબંધથી ભૂતલ ઉપર ઘટ હોય, છતાં સમવાયસંબંધથી ઘટનો અભાવ કહેવાય. તેથી અમુક અભાવ કયા સંબંધથી વિવક્ષિત છે તે સ્પષ્ટ કરવા માટે એ અભાવના પ્રતિયોગીને કે તેની પ્રતિયોગિતાને, અમુક સંબંધરૂપ અવચ્છેદકથી અવચ્છિન્ન કરવામાં આવે છે; જેમ કે, **संयोगसम्बन्धावच्छिन्नप्रतियोगिताकः (भूतले) घटाभावः ।**

હવે આપણે નવ્યન્યાયની પરિભાષાનો પ્રયોગ વિચારીએ. કોઈકને સામે રહેલા અમુક ભૂતલ ઉપર, 'ઘટ છે' એવું જ્ઞાન થાય છે. જ્ઞાન એ સંશયરૂપ કે વિપર્યયરૂપ પણ હોઈ શકે. બીજાને એ જ ભૂતલ ઉપર 'ઘટ નથી' એવું નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે. અહીં **घटवद् भूतलम्** એ જ્ઞાન, **घटाभाववद् भूतलम्** એ નિશ્ચયાત્મક જ્ઞાનથી બાધિત થશે; કારણ કે પ્રથમ જ્ઞાન નિશ્ચયાત્મક નથી.

---

૧ यस्य (पदार्थस्य) अभावः, तत्–त्वम् प्रतियोगित्वम् इति ।—पादटिप्पणी, न्यायकोश, ले. भीमाचार्य झळकीकर, निर्णयसागर, द्वितीय आवृत्ति, १८९३, पृ. ४९३

घटवद् भूतलम्-ઘટવાળું ભૂતલ છે; આમાં घटवत् એ વિશેષણ અથવા પ્રકાર છે; જ્યારે भूतलम् એ વિશેષ્ય છે. પરંતુ વસ્તુતઃ "દણ્ડી પુરુષ"માં જેમ વિશેષણ દણ્ડ છે તેમ અહીં ઘટ એ વિશેષણ કે પ્રકાર બને છે. હવે, ઘટરૂપી પ્રકારની પ્રકારતાને આપણે સુનિશ્ચિત કરીએ. ઘટ એટલે ઘટત્વ જાતિ જેમાં રહેતી હોય તેવો કોઈ પણ ઘટ; એટલે કે ઘટત્વરૂપી અવચ્છેદકથી અવચ્છિન્ન કોઈ પણ ઘટ. હવે ઘટ ભૂતલ ઉપર હોય તો તે સંયોગસંબંધથી જ હોઈ શકે (સમવાયસંબંધથી નહીં) તેથી આ ઘટને સંયોગસંબંધથી અવચ્છિન્ન (મર્યાદિત) કહેવાય. આ ઘટરૂપી પ્રકારની પ્રકારતા (વિશેષણતા) આ રીતે દર્શાવાશે: घटत्व-अवच्छिन्नप्रकारता અને संयोगसंबन्धावच्छिन्नप्रकारता અર્થાત્ घटत्वावच्छिन्नसंयोगसंबन्धावच्छिन्नप्रकारता. હવે આવી પ્રકારતાથી નિરૂપિત (વર્ણવાયેલું) ભૂતલ એ વિશેષ્ય છે. અહીં ભૂતલ એટલે ભૂતલત્વ જાતિ જેમાં રહે છે તેવું અમુક ભૂતલ અર્થાત્ ભૂતલત્વરૂપ અવચ્છેદકથી અવચ્છિન્ન એવું ભૂતલ કે વિશેષ્ય—भूतलत्वावच्छिन्नविशेष्य. આમ घटवद् भूतलम्—ને આ પ્રમાણે વ્યક્ત કરવામાં આવશે: घटत्वावच्छिन्नसंयोगसंबन्धावच्छिन्नप्रकारतानिरूपितभूतलत्वावच्छिन्नविशेष्यम्. હવે, આપણે આગળ કહ્યું તેમ આ જ્ઞાન નિશ્ચય પ્રકારનું નથી. તેથી આ જ્ઞાનને આપણે બુદ્ધિરૂપ કે બોધરૂપ કહીશું—बुद्धित्वथी अवच्छिन्न એવું જ્ઞાન આ જ્ઞાનનો વિષય છે—ઘટવાળું ભૂતલ. બીજા શબ્દોમાં કહીએ તો ઉપર કહેલ વિશેષ્યની વિશેષ્યતા (ભૂતલનું ઘટયુક્ત હોવાપણું) એ જેનો વિષય છે એવું જ્ઞાન. આ જ્ઞાનને સુનિશ્ચિત રીતે દર્શાવતી પદાવલિ થશે—घटत्वावच्छिन्नसंयोगसंबन्धावच्छिन्नप्रकारता-निरूपितभूतलत्वावच्छिन्नविशेष्यताकबुद्धित्वावच्छिन्नं ज्ञानम्-घटवद् भूतलम् इति.

હવે, ઉપરના જ્ઞાનનું બાધક, નિશ્ચયરૂપ જ્ઞાન છે: "ઘટના અભાવવાળું ભૂતલ"—घटाभाववद् भूतलम्. આ જ્ઞાનમાં ઘટાભાવવાળું અર્થાત્ ઘટાભાવ એ વિશેષણ કે પ્રકાર થશે; અને પહેલાંની જેમ ભૂતલ એ વિશેષ્ય બનશે. (ઘટના) આ અભાવરૂપ પ્રકારની પ્રકારતા આ રીતે સીમિત થશે: અભાવત્વરૂપ અવચ્છેદકથી અવચ્છિન્ન—अभावत्वावच्छिन्न. વળી, અભાવરૂપ વિશેષણ પોતાના અધિકરણમાં (ભૂતલમાં) સ્વરૂપસંબંધ કે અભાવીય—વિશેષણતાના સંબંધથી રહે છે. 'દણ્ડી પુરુષ'માં દણ્ડ એ વિશેષણ સંયોગસંબંધની સાથે અભિન્ન હોતું નથી. દણ્ડ એ દ્રવ્ય અને સંયોગ એ ગુણ છે. પરંતુ, અભાવવાળું ભૂતલ આ વાક્યમાં વિશેષણ—વિશેષ્યરૂપ સંબંધ વસ્તુતઃ સંયોગસંબંધની જેમ, અભાવ અને ભૂતલથી ભિન્ન નથી. અહીં વિશેષણ અભાવ—સ્વરૂપ જ છે; અને વિશેષ્ય એ ભૂતલ—સ્વરૂપ જ છે. તેથી घटाभाववद् भूतलम्—માં ઘટાભાવ અને ભૂતલ વચ્ચે જે વિશેષણ—વિશેષ્યરૂપ સંબંધ મનાયો છે તેને સ્વરૂપસંબંધ કહે છે. તેથી અભાવની વિશેષણતા કે પ્રકારતા આ રીતે નિશ્ચિત થશે—अभावत्वावच्छिन्नप्रकारता અને स्वरूपसम्बन्धावच्छिन्नप्रकारता અર્થાત્ अभावत्वावच्छिन्नस्वरूपसम्बन्धावच्छिन्नप्रकारता. હવે, વિશેષણ કે પ્રકારરૂપ બનેલ અભાવનો પ્રતિયોગી ઘટ છે. બીજી રીતે કહીએ તો, ઘટની પ્રતિયોગિતાવાળો અભાવ—घटप्रतियोगिताक—अभावः. અભાવનો પ્રતિયોગી ઘટ બે રીતે અવચ્છિન્ન (સીમિત) બનશે: એક તો घटत्व જાતિથી અવચ્છિન્ન; અને બીજું, ઘટ ભૂતલ ઉપર હોત તો સંયોગસંબંધથી હોત; તેથી સંયોગસંબંધથી અવચ્છિન્ન. આમ આ પ્રતિયોગી ઘટને સીમિત કરતી પદાવલિ થશે: घटत्वावच्छिन्नसंयोगसंबन्धावच्छिन्न (घट) प्रतियोगी. આવી પ્રતિયોગિતા જેની પાસે છે તેવો અભાવ તે ઘટાભાવ.

હવે, અભાવરૂપ પ્રકારની પ્રકારતા (વિશેષણતા) આ પ્રમાણે દર્શાવાશે—**घटत्वावच्छिन्न-संयोगसंबन्धावच्छिन्नप्रतियोगिताक—अभावत्वावच्छिन्नस्वरूपसंबन्धावच्छिन्नप्रकारता.** આવી પ્રકારતાથી નિરૂપિત (વર્ણવાયેલ) અને ભૂતલત્વ એ જાતિથી અવચ્છિન્ન એવું ભૂતલ વિશેષ્ય બને છે. આવી વિશેષ્યતા, જેની પાસે વિષય તરીકે છે એવો નિશ્ચય; અને આવા નિશ્ચયત્વથી અવચ્છિન્ન એવું જ્ઞાન તે—**घटाभाववद् भूतलम्.** હવે આ બધાને નવ્યન્યાયની પરિભાષામાં મૂકીએ : **घटत्वावच्छिन्नसंयोगसंबन्धावच्छिन्नप्रतियोगिताकाभावत्वावच्छिन्नस्वरूपसंबन्धावच्छिन्नप्रकारतानिरूपितभूतलत्वावच्छिन्नविशेष्यताकनिश्चयत्वावच्छिन्नं ज्ञानम् 'घटाभाववद् भूतलम्' इति.**

આ રીતે, નવ્યન્યાયમાં કોઈ પણ વિચારને અત્યંત ચોક્કસાઈ સાથે રજૂ કરવા માટે, હેતુપૂર્વક અમુક પદોને પસંદ કરવામાં આવે છે; અને સુનિશ્ચિત રીતે તેમને ગોઠવવામાં આવે છે. ઉપર જણાવેલાં ઉદાહરણોમાંના પ્રથમ ઉદાહરણમાં (**घटवद् भूतलम्**–માં) ઘટને જો આપણે દ્રવ્ય તરીકે સમજીએ તો તે દ્રવ્ય **द्रव्यत्वावच्छिन्न** બને. એટલે વાક્ય બનશે—**द्रव्यवद् भूतलम्.** હવે આ વાક્યજ્ઞાનનો, **घटाभाववद् भूतलम्** એ વાક્યનિશ્ચયથી બાધ થઈ શકે નહીં, કારણ કે ઘટ ભલે ન હોય, પણ ત્યાં પટરૂપ દ્રવ્ય હોઈ શકે. ઘટાભાવનો નિશ્ચય એ ઘટજ્ઞાનને બાધિત કરી શકે; પરંતુ દ્રવ્ય (પટ વગેરે)ના જ્ઞાનનો બાધ કરી શકે નહીં.

સંગીતશાસ્ત્રમાં ષડ્જ (૪ શ્રુતિઓ), ઋષભ (૩), ગાંધાર (૨), મધ્યમ (૪), પંચમ (૪), ધૈવત (૩), નિષાદ (૨) એમ સાત સ્વરની બાવીસ શ્રુતિઓથી વિભક્ત નાદબ્રહ્મથી સમગ્ર ગાનમણ્ડલ વ્યાપ્ત છે. આમ તાર્કિક જગતમાં પણ દ્રવ્યાદિ સાત પદાર્થો અને પ્રતિયોગિતા વગેરે મળીને પંદર પદાર્થો—આમ કુલ બાવીસ પદાર્થોથી સમસ્ત વિચાર—જગત વ્યાપ્ત થયેલું દેખાય છે.[1]

---

१ संगीतशास्त्रे सप्तस्वरात्मकस्य नादब्रह्मणो द्वाविंशतिश्रुतिरूपेण प्रविभज्यमानस्य समस्तगानमण्डलव्याप्तत्वं यथा विदग्धव्यवहारसिद्धमवलोक्यते तथैव तार्किकजगत्यपि, द्रव्य–गुण–कर्म–सामान्य-विशेष–समवाय–अभावा: सप्त, प्रतियोगिता–अनुयोगिता–अवच्छेदकता–अवच्छेद्यता–निरूपकता–निरूप्यता–आधारता–आधेयता – संसर्गता–विषयता–विषयिता – प्रयोजकता–प्रयोज्यता–कारणता–कार्यता–इत्येते पञ्चदश चेति मिलित्वा द्वाविंशतिपदार्थैरेव समस्तं विज्ञानमयं जगद् व्याप्तमवलोक्यते ।—अवच्छेदकतादिविमर्श:

લે પં. રાજેશ્વર શાસ્ત્રી, વલ્લભરામ શાલીગ્રામ સાંગવેદ વિદ્યાલય, વારાણસી; પૃ. ૧, ઉદ્ધૃત Navya Nyāya System of Logic, લે. દિનેશ ચન્દ્ર ગુહા, મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, બીજી આવૃત્તિ, ૧૯૭૯, ફૂટનોટ પૃ. ૧૨.

સંસ્કૃત નાટકોનો હાસ્યરસ*

અંજના એમ. રામી**

સંસ્કૃત નાટકની વિભાવના પ્રમાણે નાટક એટલે વિવિધ ભાવોનું, વિવિધ અવસ્થાઓનું, 'લોકવૃત્ત'નું અનુકરણ. આચાર્ય ભરત નાટક વિષે કહે છે કે:

विनोदकरणं लोके नाट्यमेतद् भविष्यति ।[1]

નાટ્યશાસ્ત્ર રૂપકોના દશ પ્રકાર આપે છે, જેમાં નાટક કેન્દ્રસ્થાને છે, સંસ્કૃત નાટકમાં પાંચથી દશ અંકો, પૌરાણિક અથવા ઐતિહાસિક કથાવસ્તુ, ઉદાત્ત વંશનો રાજા નાયક અને નાયિકા કુલીન હોય છે. નાટકનું કાર્ય પાંચ અવસ્થાઓમાં અને કથાવસ્તુ પંચસંધિ અને સંધ્યંગોમાં વિભક્ત કરવામાં આવે છે. તેમાં પ્રધાનરસ વીર કે શૃંગાર હોય છે. અન્ય રસો ગૌણ તરીકે સ્થાન પામી શકે. નિર્વહણમાં અદ્ભુત રસની પણ અપેક્ષા રખાઈ છે.

પાંચથી દશ અંકોના વિસ્તાર સુધી માત્ર શૃંગાર કે વીરરસ નિરૂપાયા કરે તો જરૂર નાટકની એકવિધતા કંટાળો ઉપજાવે. આ એકવિધતા અને ભારને હળવાં કરવા માટે હાસ્યરસ ઉપયોગી થઈ પડે છે. સંસ્કૃત નાટકોના હાસ્યરસનો વિચાર કરતાં જ આપણને વિનોદી વિદૂષકનું પાત્ર યાદ આવી જાય છે. વિદૂષકનો વિકૃત દેખાવ, હાથમાં વાંકી લાકડી, વિકૃત વેશભૂષા, કેશરચના તથા વારંવાર ભોજન માટેની તેની અધીરાઈ વગેરે સ્થૂળ હાસ્ય નિષ્પન્ન કરે છે. મૂર્ખાઈ તેમ જ છબરડા વાળવાની ખાસિયતવાળા વિદૂષકનો રંગમંચ પર પ્રવેશ જ પ્રેક્ષકોમાં હાસ્યનું મોજું પ્રસરાવી દે છે. જો કે ધીમે ધીમે વિદૂષકના બાહ્યરૂપ અને વેષમાં પરિવર્તનો થતાં ગયાં છતાં પણ હાસ્યકાર તરીકેનું વિદૂષકનું સ્વરૂપ યથાવત્ રહ્યું છે. આપણે પ્રસિદ્ધ એવાં કેટલાંક સંસ્કૃત નાટકોમાં વિદૂષક દ્વારા ગૂંથાતા હાસ્યરસને અનુભવીએ.

ભાસના 'અવિમારક' નાટકના બીજા અંકમાં પ્રવેશતો વિદૂષક 'સંતુષ્ટ' રાજપુત્ર અવિમારકને મળવા જતાં રસ્તામાં ચંદ્રિકા નામની દાસીને મળે છે. દાસી અને સંતુષ્ટના સંવાદમાં સંતુષ્ટની ફજેતી મનોરંજન પૂરું પાડે છે. તેની ભોજનપ્રિયતા જ નહિ, વેદાભ્યાસની

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૩, અક્ષયતૃતીયા અંક, એપ્રિલ '૮૫, પૃ. ૨૬૧-૨૬૬.

* તા. ૧૯-૨૦મી માર્ચ, ૧૯૮૩ના રોજ વલ્લભવિદ્યાનગર મુકામે યોજાયેલ સંસ્કૃત અધ્યાપક મંડળના નવમા વાર્ષિક અધિવેશન સમયે રજૂ કરેલ લેખ.

** વિરમગામ આર્ટ્સ કૉલેજ, વિરમગામ.

१ नाट्यशास्त्र, गा. ओ. सि., पृ. ४४, १९५६.

બડાશ, ભોળપણ મને અવિમારક પ્રત્યેની તેની ભક્તિમાં આપણને ફક્ત હસવું જ આવે. નાયિકા રડે છે ત્યારે, શીઘ્રભોજન લાવવાનો ઉપાય સૂચવતો સંતુષ્ટ હાસ્ય ફેલાવે છે. રડતી કુરંગીને સાંત્વન આપતો સંતુષ્ટ શોકજનક પ્રસંગને હાસ્યરૂપમાં પરિવર્તિત કરી વિનોદી જીવન જીવવાનું ઉદાહરણ પૂરું પાડે છે.

'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' નાટકના ત્રીજા અંકમાં ભિખારી વેશે વિદૂષક વસંતક રંગમંચ પર પ્રવેશે છે. ઉન્મત્તકે મોદક ચોર્યાની વાત શ્રમણકને કરતો વિદૂષક આ તો મદ્યમાં ભીના કરેલા આટાના ગોળા છે એવું જાણતાં નિરાશ થાય છે. ભોજનપ્રિયતા સાથે ડરપોકપણું તેનામાં છે. આંખો ચોળીને શિવને જોતાં વિદૂષકને પોતાની ભૂલ માલૂમ પડે છે. ચિત્રમાં છે તે વાસ્તવમાં મોદક નહીં પણ ચિત્રકાર દ્વારા ચિત્રિત સુન્દર ચિત્ર છે એમ સમજાય છે, ત્યારે તે ચમકતા રંગોનો ઉપયોગ કરી સુંદર ચિત્ર ખેંચનાર કલાકારની પ્રશંસા કરે છે.

'સ્વપ્નવાસવદત્તમ્' નાટકના ત્રીજા અંકના અંતે ગંભીર બનેલા વાતાવરણને હળવું બનાવવા ચોથા અંકની શરૂઆતમાં ભાસ વિદૂષક 'વસન્તક'નો પ્રવેશ કરાવે છે. મગધના રાજમહેલને બદલે સ્વર્ગમાં હોવાની કલ્પના કરતો તે અત્યંત ખુશ છે. વાસવદત્તાની અપેક્ષાએ પદ્માવતી તેને વધુ પ્રિય છે કારણ કે તે તેને યાદ કરીને પકવાનો આપે છે. સમુદ્ર-ગૃહમાં દરવાજે લગાવેલી, તૂટીને નીચે પડતી ફૂલની માળામાં તેને સર્પની ભ્રાંતિ થાય છે અને તે બચાવ માટે બૂમો મારે છે. તેનું ડરપોકપણું હાસ્ય ફેલાવે છે. રાજાનો સંતાપ જોઈ વિદૂષક તેને હળવો કરવા માટે બીજી વાત માંડે છે. જેમાં નગર બ્રહ્મદત્ત અને રાજા કામ્પિલ્યનો અવળો ઉલ્લેખ કરી રમૂજ ફેલાવે છે.

ભાસનાં આ ત્રણેય નાટકોમાં વિદૂષકના પાત્ર દ્વારા સુન્દર હાસ્ય નિષ્પન્ન થયું છે, તે નાયકનો પરમ મિત્ર હોવાથી તેની કેટલીક વાતો અને કાર્યો કથાવસ્તુને વેગ આપે છે. અને તેનું આગમન પ્રેક્ષકોને તાજા કરી દે છે.

કાલિદાસના 'માલવિકાગ્નિમિત્રમ્' નાટકના બીજા અંકના આરંભમાં વિદૂષક ગૌતમ પ્રવેશે છે. તેમાં અગ્નિમિત્ર અને માલવિકાનું પ્રથમ મિલન, નાટ્યાચાર્યોમાં ઝઘડા નિર્માણ કરવાથી માંડીને જયેષ્ઠા રાણી માલવિકાના હાથમાં રાજાનો હાથ મૂકે છે, ત્યાં સુધીની બધી ઘટનાઓની યોજના ગૌતમની છે. નાટકના કાર્યનો વિકાસ નાયક–નાયિકાના સ્વપ્રયત્ન કરતાં વિદૂષકની યુક્તિ–પ્રયુક્તિઓ ઉપર વધુ આધારિત છે. નૃત્યનો પ્રસંગ હોય કે રાજાના વિરહદુઃખનો પ્રસંગ હોય પણ ભોજનનો સમય ન વિસરતો ગૌતમ સૌ કોઈને હસાવે છે. વાંદરાના પ્રયત્નથી અચાનક બચી જતાં વાંદરાને ધન્યવાદ આપતો તે હાસ્યપાત્ર બને છે. સર્પદંશ થયાનો ઢોંગ કરતો તે આંગિક અભિનય દ્વારા હાસ્યરસ નિષ્પન્ન કરે છે. રાજા અને માલવિકાને એકાંત આપવા માટે બહાર ચોકી કરતો નિદ્રાધીન ગૌતમ રાણી ઈરાવતી આવી પહોંચતાં ઊભી થતી સંઘર્ષમય પરિસ્થિતિથી હાસ્યરસ નિષ્પન્ન કરે છે. આમાં પ્રસંગોની પરંપરા એવી રીતે યોજાય છે કે તેમાંથી હાસ્ય ઉત્પન્ન થાય છે. ગૌતમ જેવું કર્તૃત્વ અન્ય વિદૂષકોમાં જોવા મળતું નથી.

'વિક્રમોર્વશીયમ્' નાટકના બીજા અંકમાં વિદૂષક 'માણવક'નો પ્રવેશ છે. ઉર્વશીનો પ્રેમપત્ર વિદૂષકની બેદરકારીથી ઊડતો ઊડતો રાણી ઔશિનરીના હાથમાં જાય છે, અને નાટકમાં સંઘર્ષનું તત્ત્વ સાકાર બને છે. માણવકને દિવાસ્વપ્નમાં ભોજન વિના કશું દેખાતું નથી. કુમાર આયુ સાથે રાજાનો મેળાપ થાય છે ત્યારે કહે છે :

ननु आश्रमवासपरिचित एव शाखामृगः ।[२]

ભોજનપ્રિય, ભૂલકણો અને રાજાના વિલાપોને શાંત કરવાના ઉપાય સૂચવતો માણવક હાસ્ય પ્રસરાવે છે.

'અભિજ્ઞાનશાકુન્તલ' નાટકના બીજા અંકના પ્રારંભમાં વિદૂષક 'માઢવ્ય'નો પ્રવેશ છે. રાજા દુષ્યંત, વિદૂષકને શકુન્તલા વિષેની વાત કરે છે અને એ સઘળું તો પરિહાસ માત્ર હતો કહીને ભૂલી જવાનું કહે છે. આ વિગતોનો ઉચિત નાટ્યાત્મક ઉપયોગ કાલિદાસ કરે છે. આ અંકમાં વિદૂષકની એકપાત્રી ઉક્તિઓ બાણના એકપાત્રી અભિનયની યાદ અપાવે છે. પાંચમા અંકમાં સંગીતના સૂર કાને પડતાં વિદૂષક રાજાનું ધ્યાન એ તરફ દોરે છે. રાજાના પ્રણયની થોડી મશ્કરી પણ તે કરે છે. અંતઃપુરની દાસીઓ હાથમાં આવતાં વિદૂષકની ચોટલી ખેંચે છે, તેને ધક્કો મારે છે આદિ દશ્યો હસાવે છે. શકુંતલાની સ્મૃતિ થતાં જ પશ્ચાત્તાપથી ક્ષુબ્ધ થઈ ગયેલા દુષ્યંતને વિદૂષક કહે છે :

कदापि सत्पुरुषाः शोकपात्रात्मना न भवन्ति ।
ननु प्रवातेऽपि निष्कम्पा गिरयः ॥[३]

આ ઉક્તિ કોઈ મૂર્ખ બોલી શકે નહિ. દુનિયાદારીનું ઊંડું અધ્યયન કર્યું હોય તેવો જ માણસ આવાં ડહાપણનાં વચનો ઉચ્ચારી શકે. એક બાજુ દુષ્યંત વિરહાગ્નિમાં તડપે છે તો બીજી બાજુ માઢવ્યનો જઠરાગ્નિ પ્રદીપ્ત થઈ રહ્યો છે. માઢવ્ય પોતે 'मृतपिण्ड-बुद्धि' હોવાનું ખુલ્લે ખુલ્લી રીતે સ્વીકારે છે.

આમ કાલિદાસનાં ત્રણેય નાટકો વિદૂષકના પરંપરાગત પાત્રને નિરૂપતાં હોવા છતાં તેઓ માત્ર મૂર્ખ નથી. કથાવસ્તુની ગતિમાં તેમનો અનન્ય ફાળો રહેલો છે.

શ્રીહર્ષના 'નાગાનન્દ' નાટકના બીજા અંકમાં વિદૂષક આત્રેય જીમૂતવાહન સાથે વાદ–વિવાદ કરતો પ્રવેશે છે. નાયિકા મલયવતી લજ્જાને કારણે નાયક સામે આવતી નથી ત્યારે મજાકમાં વિદૂષક કહે છે, 'શું તમારા તપોવનમાં એવી પ્રથા છે કે આવેલા અતિથિનું શબ્દથી પણ સ્વાગત ન કરવું?' કુરૂપ અને ડરપોક આત્રેયને વિટ 'કપિલમર્કટ' નામથી બોલાવે છે. નાયકના વિવાહઅવસરે વિદૂષકને રેશમી વસ્ત્ર અને પુષ્પમાળા ભેટમાં મળે છે. હાથ પર વસ્ત્ર રાખી માથા પર પુષ્પમાળા બાંધી, ખુશ થતાં આત્રેયને રસ્તામાં ભ્રમર પજવે છે. તેને

---

૨ વિક્રમોર્વશીય, પાંચમો અંક, ૧લી પોપ્યુલર બુકસ્ટોર, સૂરત, ૧૯૫૭, પૃ. ૧૧૨

३ अभिज्ञानशाकुन्तल, महाजन प्रकाशन, अहमदाबाद, १९५५, पृ. १४६

એક યુક્તિ સૂઝે છે. પોતાની પાસેનું વસ્ત્ર ખોલી શરીર પર ઓઢી ઘૂમટો પણ સ્ત્રીની જેમ ખેંચે છે. તે સમયે શરાબમાં મસ્ત વિટ તેની પ્રેયસીને શોધતો આવી ચડે છે. અને આત્રેયને જોઈ વિટ તેની પ્રેયસી માની તેની સાથે પ્રણયવ્યવહાર શરૂ કરે છે. દાસી વિટને બીજી સ્ત્રી સાથે પ્રેમ કરતો જોઈ ચીડાય છે. પરન્તુ સાચી સ્થિતિ જાણી આત્રેયનો ઉપહાસ કરે છે. બ્રાહ્મણત્વનો ગર્વ રાખતાં આત્રેયને જનોઈ તૂટી જતાં નવમાલિકા પાસે યાચના કરવાનો વારો આવે છે. નાયિકાની સખી ચિત્ર બતાવવાનો સ્વાંગ રચી તમાલપત્રથી આત્રેયનું મુખ કાળું કરી દેતાં તેની દુર્દશાથી હાસ્ય પ્રગટયું છે.

ભવભૂતિના 'મહાવીરચરિત' નાટકમાં વિદૂષક નથી. તેમાં ચોથા અંકને અંતે આવતી ભરતની કથા અને વાલી તથા સુગ્રીવનું દૃશ્ય સરસ રીતે રજૂ થયું છે. નાટકમાં હાસ્યરસ અનુભવાતો નથી.

'ઉત્તરરામચરિત'માં 'एको रसः करुण एव'નો મહિમા ગાતાં પણ ભવભૂતિ હાસ્યરસ પીરસવાનું ચૂકયા નથી. અહીં હાસ્યરસ વિદૂષક દ્વારા નિરુપાયો નથી સૌધાતકિ અને દાંડાયન ચોથા અંકમાં પ્રવેશે છે. લાંબી કૂચા જેવી દાઢીવાળા ઋષિઓની પધરામણીના માનમાં આશ્રમમાં અનધ્યાય જાહેર થયો હોવાથી વિદ્યાર્થી આલમના આ બે પ્રતિનિધિઓ ખુશખુશાલ છે. તેમના વાર્તાલાપમાં હાસ્યરસ નિષ્પન્ન થયો છે. ચિત્રદર્શનપ્રસંગમાં સીતાએ લક્ષ્મણની કરેલી મજાકમાં અને ચોથા અંકમાં મિશ્રવિષ્કંભકમાં નાટચકારે હાસ્યરસ પીરસ્યો છે. વળી તમસાની ઉક્તિ વ્યંગ્યને અતિસ્ફુટ કરે છે. આમ ભવભૂતિમાં વિનોદ પીરસવાની ક્ષમતા છે તેમ કહી શકાય.

દિઙ્નાગરચિત 'કુન્દમાલા' જેવા ગંભીર નાટકમાં વિદૂષકનું પાત્ર એક વિશિષ્ટતા છે. આ નાટકમાં નાયકના ભાઈ તરીકેનું અને મિત્ર તરીકેનું કામ લક્ષ્મણ કરે છે. ત્રણ અંકો સુધી વિદૂષકનું નામ સાંભળવા મળતું નથી. ચોથા અંકમાં વેદવતી પાસેથી સાંભળેલ પુરાણી સ્વર્ગદાસીના રહસ્યને કહેવા વિદૂષક રામ પાસે આવે છે ત્યારે રામ પૂછે છે :

कतमाऽसौ पुराण स्वर्गदासी । किम् उर्वशी । किं तिलोत्तमा ।

ત્યારે વિદૂષક જવાબ આપે છે :

न जानामि, किं तिलोत्तमा सिलोत्तमा इति ।[४]

અહીં હાસ્યનાં છાંટણાં છે. વિદૂષક 'હસિત' સીતાની યાદથી પોતે દુઃખી છે એવું જણાવે છે ત્યારે રામ પૂછે છે કે જો સીતાને તું સ્મરણયોગ્ય માને છે તો તેનો પરિત્યાગ કરતાં મને કેમ રોકયો નહિ ? ત્યારે વિદૂષક જણાવે છે કે ભાઈ, રાજાનો શો વિશ્વાસ ! સેવકો પ્રસન્ન મનવાળા સ્વામીને પણ ભાગ્યે વિનંતી કરી શકે. રાજા રોષે ભરાયો હોય ત્યારે વાત કરવાની કોની મગદૂર હોઈ શકે ? અહીં વિદૂષકની સમજશક્તિ છતી થાય છે. પાંચમા અંકમાં રામ

---

४ कुन्दमाला, साहित्य भण्डार प्रकाशन, सुभाष बाजार, मेरठ, १९७२, पृ. १६४.

જ્યારે વિદૂષકને પૂછે છે કે સીતાત્યાગને કેટલાં વર્ષ થયાં ? ત્યારે વિદૂષક હાથની આંગળીઓથી સંખ્યા ગણીને પછી પગની આંગળીઓથી ગણે છે. ત્યાં સહજ હાસ્ય સર્જાય છે.

શક્તિભદ્રના 'આશ્ચર્યચૂડામણિ' નાટકમાં શૂપર્ણખાના પ્રસંગમાં તથા વર્ષવરના પાત્રમાં હાસ્યરસ છે.

શ્રી મહાદેવરચિત દશ અંકી નાટક 'અદ્ભુતદર્પણ'માં વિદૂષક 'મહોદર' પાંચમા અંકમાં પેટ પર હાથ ફેરવતો પ્રવેશે છે. તેનું નામ જ તેના અભિનયને શોભા આપે છે. અહીં રાવણના સાથીદાર તરીકે વિદૂષક છે. રાવણ તેને 'રામતંત્રસચિવ' કહીને બોલાવે છે. મહોદરે રાવણના દુષ્ટ ઈરાદાઓ પ્રત્યે પોતાનો અણગમો દર્શાવી એક વિશિષ્ટ છાપ પાડી છે. શંબરની વિનોદી વૃત્તિમાં અને છટકેલા શંબરને વાનર માની દાનવ પકડે છે ત્યાં વિનોદ નિર્માયો છે. "દર વર્ષે છોકરું જણતી મારી બ્રહ્મરાક્ષસી કુંડોદરી જ મારું પૌરુષ જાણે છે". મહોદરનાં આ વચનો ખડખડાટ હસાવે છે. મહોદર અને રાવણ વચ્ચેના વાદ-વિવાદમાં મહોદરની ચતુરાઈ, તર્કકુશળતા અને જ્ઞાન પ્રગટ થાય છે. આ નાટકમાં વિદૂષક ફક્ત હસાવવાનું જ નહિ પરન્તુ રાવણને સન્માર્ગે દોરવાનું કાર્ય પણ કરે છે.

સમગ્રપણે જોતાં એમ કહી શકાય કે સંસ્કૃત નાટકોમાં નિષ્પન્ન થતો હાસ્યરસ શિષ્ટ, સુરુચિપૂર્ણ અને શુદ્ધ છે. વાચિક, આંગિક, વ્યક્તિનિષ્ઠ, પ્રસંગનિષ્ઠ એમ વિવિધ પ્રકારે વિદૂષક દ્વારા સર્જાતું હાસ્ય સંસ્કૃત નાટકોમાં વ્યાપક સ્વરૂપ ધરાવે છે. નાટકનો આત્મા રસ છે. સંસ્કૃત નાટકોમાં હાસ્યરસનું વૈવિધ્ય અનુભવાય છે. તેનું એક કારણ, મોટા ભાગનાં નાટકો શૃંગારરસપ્રધાન છે. અને હાસ્ય શૃંગારપોષક હોવાથી હાસ્યરસની નિષ્પત્તિ નાટકોમાં વિદૂષકના પાત્ર દ્વારા થતી જોવા મળે છે. હાસ્યરસનો ઉદ્દેશ લાગણીના ઓથારને હળવો પાડવાનો છે. અહીં પાત્ર પોતે હાસ્યરસ ઉપજાવે તેવી પરિસ્થિતિમાં મુકાયું હોવા છતાં પોતે પૂરેપૂરું ગંભીર હોય છે. આ હાસ્યરસની પાછળ સમાજસુધારાનો કે સમાજના કોઈક વર્ગને ખુલ્લો પાડવાનો ઉદ્દેશ નથી. નાટકમાં નિષ્પન્ન થતો હાસ્યરસ કથાવસ્તુના એક ભાગરૂપે આવતો હોવાથી ક્યાંય ઉપરચોટિયો કે થીંગડાં જેવો લાગતો નથી. પરન્તુ કથાવસ્તુની સાથે સહજ રીતે સ્વાભાવિક રૂપમાં જ હાસ્યરસની નિષ્પત્તિ થાય છે. હાસ્યરસની નિષ્પત્તિમાં અતિશયોક્તિ નથી. સંસ્કૃત નાટકોનો મનોરંજન પીરસવા સિવાય બીજો કોઈ ઉદ્દેશ હોતો નથી. નાટક અને પ્રકરણ રાજદરબારમાં કે સાક્ષરસમાજની આગળ ભજવાતાં હોવાથી અશ્લીલતા કે અસભ્યતા માટે તેમાં કોઈ અવકાશ નથી. જ્યારે સમાજના નિમ્ન સ્તરના લોકજીવનમાંથી આવતાં ગ્રામ્ય ચરિત્રો ધરાવતાં અને નિમ્નવર્ગ માટે લખાયાં હોવાથી પ્રહસન, ભાણ. ઈત્યાદિમાં અશ્લીલતા, અસભ્યતા અને નિમ્નકોટિના હાસ્યરસનું નિરૂપણ હોય છે.

*　　*　　*

સન્દર્ભગ્રન્થસૂચિ

૧ દવે મોહનલાલ પા., પ્રો. એ મેકડોનલકૃત સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ, પોપ્યુલર પ્રકાશન, સૂરત, ૧૯૬૮.

૨ નાન્દી તપસ્વી, સંસ્કૃત નાટકોનો પરિચય, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૧.

३ भरतमुनि, नाट्यशास्त्र, व्याख्या० बाबूलाल शुक्ल, चौखम्बा प्रकाशन, वाराणसी, सं. २०२९.

४ श्रीहर्ष, नागानन्द, व्या. बलदेव उपाध्याय, चौखम्बा प्रकाशन, वाराणसी, १९५५.

5 Parikh J. T., Sanskrit oomic characters, Surat, 1952.

નાટચકાર સુબંધુ*

આર. પી. મહેતા**

નાટચકાર સુબંધુ અને તેની રચનાઓ વિસ્મૃતિમાં વિલીન થઈ ગયાં છે. તેમ છતાં તેમનું અસ્તિત્વ નિર્વિવાદ છે; તે પ્રાપ્ત થયેલા તેમના વિષેના ઉલ્લેખોને આધારે પ્રતીત થાય છે.

મગધના છેલ્લા નંદરાજાના સમયમાં સુબંધુનું અસ્તિત્વ હતું. 'કથાસરિત્સાગર'માં એક પ્રસંગ આ રીતે છે: છેલ્લા નંદરાજા યોગનન્દનો મંત્રી શકટાલ હતો. તેને અંતરથી રાજા પ્રત્યે રોષ હતો. તેવામાં તેને ચાણક્ય સાથે મુલાકાત થઈ. તેને થયું કે આ વ્યક્તિ રાજાને મારી શકે તેમ છે. તેણે ચાણક્યને આમંત્રણ આપ્યું, 'રાજાને ઘેર તેરશને દિવસે શ્રાદ્ધ છે. તો તું આવ. વિપ્રશ્રેષ્ઠ બન અને લક્ષ સુવર્ણ દક્ષિણા મેળવ.' ચાણક્ય નિર્ધારિત સમયે પહોંચી ગયો અને વિપ્રોના અગ્રણી તરીકે વિધિમાં જોડાયો. પણ રાજાને આ ન ગમ્યું. શકટાલને ધમકાવીને કહ્યું, 'આ વિપ્રોના અગ્રણીના સ્થાને માત્ર સુબંધુ જ બેસે. બીજું કોઈ યોગ્ય નથી.' ક્રુદ્ધ ચાણક્યએ નંદવધની પ્રતિજ્ઞા લીધી.[1]

બૃહત્કથા, જૈન બૃહત્કથાકોશ અને બૌદ્ધ ગ્રંથ મંજુશ્રીમૂલકલ્પમાં સુબંધુને છેલ્લા નંદનો બ્રાહ્મણમંત્રી માન્યો છે.[2]

નન્દનો અનુગામી ચન્દ્રગુપ્ત મૌર્ય હતો. તેની ઇચ્છા કુમાર બિન્દુસારને રાજ્ય સોંપીને નિવૃત્ત થવાની હતી. તેણે બિન્દુસારની અભિષેકવિધિ પોતાના આ બ્રાહ્મણ પંડિત સુબંધુ પાસે કરાવી હતી; તેમ ધૂમકેતુએ દર્શાવ્યું છે.[3] બૃહત્કથા, જૈન બૃહત્કથાકોશ અને મંજુશ્રીમૂલ-કલ્પમાં તેને ચન્દ્રગુપ્તનો બ્રાહ્મણમંત્રી કહ્યો છે.

બૃહત્કથા, જૈન બૃહત્કથાકોશ અને મંજુશ્રીમૂલકલ્પમાં સુબંધુને ચન્દ્રગુપ્તના અનુગામી બિન્દુસારનો પણ બ્રાહ્મણમંત્રી કહ્યો છે. ધૂમકેતુએ પણ દર્શાવ્યું છે કે તે બિંદુસારનો મંત્રી હતો.[4]

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૩, અક્ષયતૃતીયા અંક, એપ્રિલ '૮૫, પૃ. ૨૬૭-૨૭૪.

* વલ્લભવિદ્યાનગર મુકામે તા. ૧૯-૨૦ માર્ચ ૧૯૮૩ના રોજ યોજાયેલ ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના નવમા અધિવેશનમાં રજૂ કરેલો લેખ.

** બ્લૉક: ચ. ૧૭/૪; સેક્ટર-૨૯; ગાંધીનગર-૩૮૨ ૦૨૯.

૧ कथासरित्सागर: १-५-९८-११९; मोतीलाल बनारसीदास, दिल्ली, १९७७.

२ शास्त्री के. ए. नीलकण्ठ; नन्दमौर्ययुगीन भारत; मोतीलाल बनारसीदास, दिल्ली; १९६९; प्रथम आवृत्ति, पृ. ३७२-३.

૩ ધૂમકેતુ; સમ્રાટ ચન્દ્રગુપ્ત; ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૭૯, પહેલી આવૃત્તિનું બીજું પુનર્મુદ્રણ; પૃ. ૩૨૦-૩.

૪ એજન; પૃ. ૩૨૩, પાદટીપ.

જૈન ગ્રન્થ પરિશિષ્ટ પર્વ (૮+૪૪૩-૯)માં પ્રસંગ આ રીતે છે: બિન્દુસાર રાજા થયો ત્યારે ચાણક્યએ સુબંધુને તેની પાસે મંત્રીપદ અપાવ્યું. પણ સુબંધુને તેને માટે ઇર્ષા હતી. તેણે રાજાને કાનભંભેરણી કરી કે ચાણક્યએ તમારી માતાનું પેટ ચીરાવ્યું હતું. રાજાએ એક ધાત્રીને પૂછ્યું તો તેણે સમર્થન આપ્યું. આથી રાજાને ચાણક્ય માટે રોષ થયો. ચાણક્યે વ્યથા અને વૈરાગ્યથી વનવાસ સ્વીકારી લીધો. રાજાએ ખાત્રી માટે બીજી ધાત્રીને પૂછ્યું. તે જાણકાર હતી. તેણે જણાવ્યું, 'તમારા પિતાને કોઈ શત્રુ દ્વારા પ્રયોજાયેલી વિષકન્યાની અસર ન થાય તેથી ચાણક્ય તેમને રોજ આહારમાં થોડું વિષ આપતા. એકવાર આવો આહાર ભૂલથી તમારી માતા દુર્ધરાએ ખાઈ લીધો. તેનું અવસાન થયું. તે આસન્નપ્રસવા હતાં. આથી ચાણક્યએ તેનું પેટ ચીરાવી તમને જીવતા લઈ લીધા'. રાજાને સાચી વિગત જાણી પસ્તાવો થયો. તેણે અને પછી સુબંધુએ ચાણક્યની માફી માગી. પણ ચાણક્ય પોતાના નિર્ણયમાંથી ન ડગ્યો. સુબંધુને ભય હતો કે તે વનમાંથી ફરીને પાછો મંત્રીપદ સ્વીકારશે, એટલે તેણે ચૂપચાપ ચાણક્યના નિવાસને આગ લગાડી. તેમાં ચાણક્ય બળી મર્યો.[૫]

દંડિન્‌ના 'અવંતિસુંદરીકથા (પ્રાસ્તાવિક પદ્ય-૬)'માં આ અપૂર્ણ શ્લોક છે, 'સુબંધુ ખરેખર બિન્દુસારના બંધનમાંથી નીકળી ગયો'. તેનું જ હૃદય બાંધીને વત્સરાજ...[૬] બિંદુસારે તેને કેદમાં નાખ્યો તેનું કારણ, ઉપર્યુક્ત દુષ્કૃત્ય હતું; તેમ સત્યકેતુ વિદ્યાલંકાર માને છે.[૭] ડૉ. માનસિંઘ આ માટે જુદી પરંપરા આપે છે; કે બિંદુસાર વિરુદ્ધ તક્ષશિલામાં બળવો હતો. તેમાં સુબંધુ હતો તેથી રાજાએ તેને કેદ કર્યો. તે બુદ્ધિશાળી હતો. તેથી તે મંત્રીપદ સ્વીકારે તો મુક્તિ મળે; તેવી શરત રાજાએ મૂકી. તેણે સ્વીકારીને મુક્તિ મેળવી. એ. રંગાસ્વામી સરસ્વતી અહીં **वत्सराजो**ને બદલે **वत्सराजकथा** પાઠ સ્વીકારે છે અને સમજાવે છે કે સુબંધુએ રાજાને વત્સરાજની કથા કહીને દિલ જીતી લીધું અને છૂટકારો મેળવ્યો.[૮]

વામનના કાવ્યાલંકારસૂત્રવૃત્તિમાં છે: 'આ ચન્દ્ર જેવા પ્રકાશવાળો ચન્દ્રગુપ્તનો પુત્ર અત્યારે યુવાન છે. તે રાજા બુદ્ધિશાળીઓનો આશ્રય બન્યો છે. સદ્ભાગ્યે તેનો શ્રમ સફળ છે'. "બુદ્ધિશાળીઓનો આશ્રય", એમ (કહ્યું છે તેમાંથી) આ (રાજા)ના

---

૫ सत्यकेतु विद्यालंकार; मौर्य साम्राज्यका इतिहास; श्री सरस्वतीसदन, मसूरी; १९७१; આવૃત્તિ નથી; पृ. ४५७-९.

६ सुबन्धु किल निष्क्रान्तो बिन्दुसारस्य बन्धनात् ।
तस्यैव हृदयं बद्ध्वा वत्सराजो......... ॥

Dharmendra Kumar Gupta; Maherchanda Lachhmandas, Delhi; 1970; First edition; P. 270, fn. 3.

७ सत्यकेतु विद्यालंकार; मौर्य साम्राज्यका इतिहास; पृ. ४५९-६०.

8 Maan Singh; Subandhu and Daṇḍin; Maherchanda Lachhmandas, New Delhi; 1979; First edition; PP. 475–7.

વસુબંધુ પ્રધાન હતા; તેમ સૂચવાય છે. આ 'સાભિપ્રાયત્વ'(નું દષ્ટાન્ત) છે.[૯] અહીં 'वसुबन्धु અને च सुबन्धु બંને પાઠ મળે છે; પણ તેમાંથી च सुबन्धु પાઠ વધુ યોગ્ય છે; તેમ ડૉ. માનસિંઘ અને કૃષ્ણમાચારિયર્ બંને માને છે. શ્રી એચ. પી. શાસ્ત્રી તેનું કારણ આપે છે કે ઉત્તરની અને દક્ષિણની છ હસ્તપ્રતોમાં च सुबन्धु પાઠ છે; જ્યારે वसुबन्धु પાઠ માત્ર એક કે બે પ્રતમાં જ છે.[૧૦]

આર્યમંજુશ્રીકલ્પ (ભાગ–૩, પૃ. ૬૫૩)માં એક શ્લોક છે. વી. રાઘવન્ તેનું સંસ્કરણ કરીને તેને આ રીતે મૂકે છે: 'તે (બિન્દુસારના) (મંત્રીઓ) પુષ્પપુરમાં સકાર નામે દ્વિજ અને વિકાર નામે દ્વિજ તરીકે પ્રસિદ્ધ થયેલા.' અહીં કે. પી. જયસ્વાલ જણાવે છે કે સકાર તે સુબંધુ અને વિકાર તે વિષ્ણુગુપ્ત છે.[૧૧]

બિન્દુસારના દેહત્યાગ પછીની ઉત્તરાધિકારીની સમસ્યા અને અશોકના રાજ્યારોહણ–સમયે અમાત્યપરિષદ સક્રિય હતી. તેમાં પાંચસો અમાત્યો હતા. ધૂમકેતુ અહીં જણાવે છે કે સુબંધુ અમાત્ય મહામંત્રી હતો અને કાર્યવાહીનું સંચાલન કરતો.[૧૨]

સુબંધુ આ રીતે છેલ્લા નંદ, ચંદ્રગુપ્ત, બિન્દુસાર અને અશોક સાથે હોય તેવા સંદર્ભો મળે છે. રાધાકુમુદ મુકરજીએ નંદરાજાઓનો સમય ઈ. પૂ. ૩૬૪–૨૪નો આપ્યો છે અને અશોકનો ઈ. પૂ. ૨૭૩–૩૬નો આપ્યો છે.[૧૩] એટલે કે સુબંધુ ઈ. પૂ. ૩૬૪થી ઈ. પૂ. ૨૩૬ સુધીમાં થઈ ગયો છે; તેમ નિઃસંકોચપણે કહી શકાય.

સુબંધુની નાટ્યરચના વાસવદત્તા નાટ્યધાર છે તે ઉપલબ્ધ નથી. પણ તેના ઉલ્લેખો બીજેથી મળે છે; તે આ પ્રમાણે છે:

---

૯ 'सोऽयं संप्रति चन्द्रगुप्ततनयश्चन्द्रप्रकाशो युवा ।
जातो भूपतिराश्रयः कृतधियां दिष्टया कृतार्थश्रमः ॥'

'आश्रयः कृतधियाम्' इत्यस्य वसुबन्धुसाचिव्योपक्षेपपरत्वात् साभिप्रायत्वम् ।–काव्यालंकारसूत्राणि, ३–२ वृत्ति; निर्णयसागर प्रेस, मुम्बई २; १९५३.

10 M. Krishnamachariyar; History of Classical Sanskrit Literature; Motilal Banarsidass, Delhi; 1970; First reprint; P. 549, fn. 3.

Maan Singh; Subandhu and Daṇḍin; P. 10.

११ तस्यापरेन विख्यातो विकाराख्यो द्विजस्तथा ।
पुरेपुष्पसमाख्याता ते भवितासौ......... ॥

Maan Singh Subhandhu and Daṇḍin; P. 477.

૧૨ ધૂમકેતુ; પ્રિયદર્શી સમ્રાટ અશોક; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; ૧૯૭૬; બીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ; પૃ. નથી.

13 Majumdar R. C., The age of Impirial Unity, Bhartiya Vidya Bhavan, Bombay 7; 1968; Fourth edition; PP. 33, 88–9.

(ક) દંડિનનું 'કાવ્યાદર્શ':

'(તે) મરી ગઈ છે' એમ (માનીને જાતે) મરી જઈને જેને મળવા માટે મેં (મારા) મરણની ઇચ્છા કરેલી તે આ અવંતી (દેશની કન્યા) આ જ જન્મમાં મને કેવી મળી ગઈ?' પંડિત રંગાચાર્ય રેડ્ડીની ટીકા 'પ્રભા'માં આનો સંદર્ભ મળે છે, 'વાસવદત્તાના દાહની અફવાથી ભારે દુઃખી થયેલા અને ફરીથી તેને મેળવીને હર્ષની ઉચ્ચ કોટિને પામેલા વત્સરાજની આ ઉક્તિ છે.'[૧૪] આ ઉક્તિ આ અપ્રાપ્ત નાટકની છે; એવી માન્યતા કૃષ્ણમાચારિયરની છે.[૧૫]

(ખ) અભિનવગુપ્તનું 'અભિનવભારતી':

૧ જેવી રીતે 'નૃત્તપાર'માં गति......उपस्थितमिदं तत्प्रयोजनं વગેરે. આનાથી વાસવદત્તાનું ઉજ્જયિનીથી હરણ કરીને લઈ જવા માગતા વત્સરાજનું પ્રયોજન જેમણે જાણ્યું છે તેવા પ્રધાનોનો વિરોધ શાલંકાયને વ્યક્ત કર્યો છે.'[૧૬] 'નૃત્તપાર' એ વાસવદત્તાનૃત્તપાર'નું ટૂંકું રૂપ છે; જે આ નાટકનું બીજું નામ છે.

૨ 'અથવા ગ્રહણ એટલે બંધન સાથે (નાયકને) કેદ કરવો. જેમકે, 'વાસવદત્તાનૃત્તધાર (પાર?)માં વત્સરાજની (કેદ)'[૧૭] અહીં નાટકનું બીજું નામ મળે છે: 'વાસવદત્તાનૃત્તધાર.'

૩ બીજા કહે છે કે અગાઉ એમ કહ્યું છે કે રાજર્ષિવંશમાં થયેલા હોય તે નાયક થઈ શકે. આ આર્યાથી એમ કહ્યું છે કે ચંદ્રગુપ્ત, બિન્દુસાર વગેરે (રાજર્ષિવંશમાં થયેલા ન હોય તેવા) પણ નાયક થઈ શકે.[૧૮]

---

१४ मृतेति प्रेत्य संगन्तुं यया मे मरणं मतम् ।
सैवावन्ती मया लब्धा कथमत्रैव जन्मनि ॥ २–२८० ॥
वासवदत्ताया दाहप्रवादेन परं दुःखितस्य पुनस्तां प्राप्य हर्षस्य परां कोटिमुपगतस्य वत्सराजस्योक्तिरियम् ॥–काव्यादर्शः; प्राच्य विद्या संस्थान, पुण्यपत्तन; १९७०.

15 M. Krishnamachariyar; History of Calssical Sarskrit Literature; P. 549.

१६ यथा नृत्तवीरे "गति...उपस्थितमिदं तत्प्रयोजन" मित्यादि । अनेन वासवदत्तामपहृत्योज्जयिनीं निनीषोर्वत्सेशस्य प्रयोजकत्वं प्राप्तानाममात्यानां संरम्भः शालंकायनेनोक्तः ।– नाट्यशास्त्रम् २, १८–३५ वृत्ति; ओरिएन्टल इन्स्टिटयूट, बरोडा; १९३८.

१७ ग्रहणं वा सनिबन्धनबन्धनमिति । यथा वासवदत्तानृतपारे वत्सराजस्य ।– वही, १८–२१ वृत्ति.

१८ अन्य त्वाहुः पूर्वं राजर्षिवंशप्रभवा नायका उक्ताः । अनया त्वार्यया चन्द्रगुप्तबिन्दुसारादयोऽपि संगृह्यन्ते इति ।–वही.

Maan Singh; Subhandhu and Dandin; P. 476.

ડૉ. માનસિંઘ કહે છે કે આ વાક્ય આ નાટકને લગતું છે;[૧૯] તે બરાબર છે. કારણ કે ચન્દ્રગુપ્તના નાયકત્વવાળાં નાટક મળે છે, મુદ્રારાક્ષસ વગેરે; પણ બિન્દુસારના નાયકત્વવાળું આ સિવાય બીજું કોઈ નાટક નથી.

૪ 'તેમાં ઘણા વધુ ભાગમાં વ્યાપીને રહેલા, અનેક ગર્ભવાળા, સ્વપ્નાયિત (એકમાં બીજું સ્વપ્ન, એમાં બીજું સ્વપ્ન)ના જેવા નાટ્યાયિત (એકમાં બીજું નાટક, એમાં બીજું)નું ઉદાહરણ મહાકવિ સુબંધુએ રચેલા 'વાસવદત્તા નાટ્યધાર'નો સમગ્ર જ પ્રયોગ. કારણ કે તેમાં જેના વસ્તુનો પ્રયોગ હોય તેવા ઉદયનચરિતમાં બિંદુસાર પ્રેક્ષક બને છે અને તે (પ્રયોજ્ય નાટકમાં) આ ઉદયન (પોતે) પણ (પોતાની) વાસવદત્તા સાથેની ચેષ્ટા (ને લગતાં બીજાં નાટક)માં (પ્રેક્ષક હોય). કહેવાનું આટલું જ.–(આ) સૂત્ર(માંના દોરાની જેમ એકબીજા સાથે સંકળાયેલા) રૂપકને, પોતે જોયું હોય, તે(જ) બરોબર સમજી શકે. વિસ્તારના ભયે અમે અહીં બધું બતાવતા નથી. માત્ર એક ભાગનું જ ઉદાહરણ આપીએ છીએ. તે (નાટક)માં ઉદયન પ્રેક્ષક બને છે, ત્યારે (તે જે વાસવદત્તાચેષ્ટાનું નાટક જોઈ રહ્યો છે તેના) સૂત્રધારનો પ્રયોગ. 'તારા (ઉદયનના) સુચરિતથી આ જય પામે છે;' એમ સૂત્રધાર કહે છે; ત્યારે (આ નાટકના પ્રેક્ષક તરીકે બેઠેલો) ઉદયન, 'મારાં સુચરિતો કેવાં ?' એમ કહીને આંસુ સાથે રડે છે–'તે કટક પિંગલ, પાલક વગેરે મને ભજે છે. પણ મા, તું અહીં આવ. હું ઉદયન (તારો) પ્રેમાળ પુત્ર છું. યૌગંધરાયણ, મને (તે) રાજપુત્રી લાવી દે. અરે હર્ષરક્ષિત, દૂર થયેલા પ્રભાવવાળો તું પણ જતો રહ્યો છે.' ત્યાં (પ્રેક્ષકગૃહમાં)જ પ્રેક્ષક તરીકે હાજર રહેલો બિંદુસાર (ઉદયનના આ વિલાપને) સાચા અર્થમાં માને છે (અને તે) ઉચ્છ્વાસ મૂકે છે, 'જેના પ્રત્યે પ્રેમીના આવા પ્રલાપો છે તે સ્ત્રીને ધન્ય છે.' પ્રતિહારી આત્મગત (કહે છે)–'અગણિત પરમ અર્થના સાધનની બાબતમાં ખરેખર દેવ પૂછે છે'.[૨૦]

નાટકના આ પ્રસંગને આ રીતે સમજાવી શકાય : બિન્દુસાર પ્રેક્ષકગૃહમાં બેસીને ઉદયનચરિતનું એક નાટક જોતો હોય છે. એ નાટકમાં એક બીજા ભજવાતા નાટકનાં દશ્ય છે. તેમાં ઉદયન પ્રેક્ષાગૃહમાં બેઠો છે અને ભૂતકાળમાં પોતાની વાસવદત્તા સાથે જે ઘટના

---

૧૯ तत्रास्य बहुतरव्यापिनो बहुगर्भस्वप्नायिततुल्यस्य नाट्यायितस्योदाहरणं महाकवि-सुबन्धुनिबद्धो वासवदत्तानाट्यधाराख्यः समस्त एव प्रयोगः । तत्र हि बिन्दुसारः प्रयोज्यवस्तुक उदयनचरिते सामाजिकांकृतः, असावप्युदयनो वासवदत्ताचेष्टिते । एष चार्थः—स्वस्मिन् सूत्ररूपके दृष्टे सुज्ञानो भवति । अति वैतत्यभयात्तु न प्रदर्शितः । एकस्तु प्रदेश उदाह्रियते तत्र ह्युदयने सामाजिकीकृते सूत्रधारप्रयोगः—"तव सुचरितैरेष जयति" इति, तत उदयनः 'कुतो मम सुचरिता'नीति सास्त्रं विलपति :

एह्यम्ब किं कटकपिङ्गलपालकैस्तैर्भक्तोऽहमप्युदयनः सुतलालनीयः ।
यौगन्धरायण मामानय राजपुत्रीं हा हर्षरक्षित गतस्त्वमपप्रभावः ॥

२० तत्रैव बिन्दुसारः सामाजिकीभूतः परमार्थताभिमन्यमानो "धन्या खलु (इदशैर्भक्तस्य) प्रलापैः" इत्युच्छ्वसति । प्रतिहारी आत्मगतं–"अअणिदपरमत्थकळणे हि पिच्छइ खु देवो इत्यादि । नाट्यशास्त्रम्, १; २२–४८ वृत्ति; ओरिएन्टल इन्स्टिटयूट, बरोडा; १९७५.

બની છે તેનું નાટક જોઈ રહ્યો છે. ડૉ. માનસિંઘ પણ આ રીતે સમજાવે છે.[૨૧] આમ આમાં એકમાં બીજું, તેમાં ત્રીજું, એમ નાટકપરંપરા છે.

અહીં નાટકનું બીજું નામ મળે છે : 'વાસવદત્તાનાટચધાર'.

શ્રી રંગાસ્વામી સરસ્વતી માને છે કે કટકપિંગલ એ નાટકનો વિદૂષક છે અને હર્ષરક્ષિત પ્રતિહારી છે.[૨૨] પણ એમ. આર. કવિની માન્યતા છે કે કટક, પિંગલ, પાલક વગેરે ઉદયનના ભાઈઓ છે.[૨૩]

૫ '(નિવૃત્ત્યંકુર) નાટચાયિત 'વાસવદત્તાનાટચધાર'માં પદે પદે (સતત) જોવા મળે છે.'

એકને લગતું વાક્ય સૂચક અભિનયને કારણે બીજા સાથે જોડાઈ જાય, એવી કથા જેમાં હોય તેવું નાટચાયિત (એકમાં બીજું નાટક) 'નિવૃત્ત્યંકુર' કહેવાય છે.[૨૪]

(ग) રામચન્દ્ર-ગુણચન્દ્રનું 'નાટચદર્પણ' :

'બન્ધ' એટલે બીજા દ્વારા ગ્રહણ. જેમ કે, 'વાસવદત્તાનૃત્તવાર'માં વત્સરાજનું.[૨૫] અહીં આ નાટકનું બીજું નામ મળે છે : વાસવદત્તાનૃત્તવાર.

ડૉ. સુનીતિકુમાર ચેટરજી જણાવે છે કે અભિનયકલા અતિવિકસિત અવસ્થામાં હતી તેનો પુરાવો આ નાટક છે.[૨૬] ડૉ. શ્યામ શર્મા આનું કારણ આપે છે કે આમાં નાટચધારા જેવો દુષ્કર પ્રયોગ છે. શ્રી રંગાસ્વામી સરસ્વતી તો ત્યાં સુધી કહે છે, કે આવો પ્રકર્ષ તો ભારતીય સાહિત્યમાં પછી ક્યારેય જોવા મળ્યો નથી. ચન્દ્રગુપ્ત અને બિન્દુસારના સમકાલીન ઉલ્લેખોને કારણે નાટક મૌર્યકાળના વિશેષત: બિન્દુસારના સમયના-ઇતિહાસ પર સારો પ્રકાશ પાડી શકે તેમ છે; તેમ ડૉ. શ્યામ શર્માની નોંધ છે;[૨૭] તે યોગ્ય છે.

આ ઉપરાંત સુબંધુએ નાટચશાસ્ત્રનો કોઈ ગ્રન્થ લખ્યો હોવો જોઈએ. પણ તે ઉપલબ્ધ નથી. તેના નામે આ અવતરણ મળે છે :

---

21 Maan Singh; Subandhu and Daṇḍin; P. 475.

२२ श्याम शर्मा; संस्कृतके ऐतिहासिक नाटक; पृ. ३३१.

२३ नाटचशास्त्रम् ३; २२-४८ वृत्ति.

२४ (निवृत्त्यंकुरो) नाटचायितं च वासवदत्तानाटचधारे प्रतिपदं दृश्यते । वही; २२-५० वृत्ति.

२५ 'बन्ध' इति परैर्ग्रहणम् । यथा वासवदत्तानृत्तवारे वत्सराजस्य । नाटचदर्पणम्; १-२१ वृत्ति.

२६ शास्त्री के. ए. नीलकण्ठ; नन्दमौर्ययुगीन भारत; पृ. ३७५.

२७ श्याम शर्मा; संस्कृतके ऐतिहासिक नाटक; पृ. ३३१-२.

શારદાતનયનું 'ભાવપ્રકાશન'–'સુબંધુએ નાટકનાં પાંચ સ્વરૂપ કહ્યાં છે: પૂર્ણ, પ્રશાન્ત, ભાસ્વર, લલિત અને સમગ્ર...વગેરે.'[૨૮]

આ અવતરણને આધારે કૃષ્ણમાચારિયરૂની નોંધ છે કે નાટયકાર સુબંધુ નાટયશાસ્ત્રજ્ઞ પણ હતો.[૨૯]

આ બંને ઉપરાંત સુબંધુએ એક આખ્યાયિકા લખી હોય તે સંભવિત છે. પાણિનિ-સૂત્ર ૪–૩–૮૭ ઉપરના ભાષ્યમાં પતંજલિએ ત્રણ આખ્યાયિકાનાં નામ આપ્યાં છે: વાસવદત્તા, સુમનોત્તરા અને ભૈમરથી.[૩૦] આમાંથી 'વાસવદત્તા'ના લેખક સુબંધુ હોય તે શકયતાનો સ્વીકાર કૃષ્ણમાચારિયરૂ એ કર્યો છે.[૩૧]

આ રીતે સુબંધુ વિસ્મૃતિમાં વિલીન થયા છે. પણ તેને લગતા સંદર્ભો સાંપડે છે, તેથી તે અપરિચિત રહ્યા નથી. 'વાસવદત્તાનાટયધાર'ની રચના તો તેણે કરેલી છે જ, તે ઉપરાંત બીજી પણ બે રચી હોય તે સંભવિત છે.

---

૨૮ सुबन्धुर्नाटकस्यापि लक्षणं प्राह पञ्चधा ।
पूर्णं चैव प्रशान्तं च भास्वरं ललितं तथा ॥
समग्रमिति... ... ... ॥
भावप्रकाशनम्, अष्टमोऽधिकारः; ओरिएन्टल इन्स्टिटयूट, बरोडा; १९६८.

29 M. Krishnamachariyar; History of Classical Sanskrit Literature; P. 551.

३० व्याकरणमहाभाष्य २, ४–३–८७; मोतीलाल बनारसीदास, दिल्ली; १९६०.

31 M. Krishnamachariyar; History of Classical Sanskrit Literature; P. 551.

Ever seen a stuffed human?
The wild have a
right to their life, too.
Jyoti Marketing and
Projects Limited
VADODARA
everest/82/JY/510

રઘુનાથ ભટ્ટકૃત वैराग्यतरङ्गः—એક પરિચય*

ભગવત્પ્રસાદ પનાલાલ પંડ્યા**

પ્રાચ્યવિદ્યામન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરાના અમૂલ્ય હસ્તલિખિત પોથીઓના નિધિમાં વિવિધ શાસ્ત્રોની અનેક પ્રકાશિત-અપ્રકાશિત પોથીઓનો સંગ્રહ છે. તેમાં શ્રી રઘુનાથ ભટ્ટકૃત "वैराग्यतरङ्गः" નામે અપ્રકાશિત પોથી છે. આ કૃતિનો મુખ્ય ઉદ્દેશ માનવજીવનના અંતિમ લક્ષ્ય મુક્તિ, ઈશ્વરપ્રાપ્તિને સિદ્ધ કરવા માટે વેદાન્ત-ઉપનિષદમાં દર્શાવેલા ઉપાયોમાંથી સરળ, સીધો લાગે તેવો માર્ગ 'વૈરાગ્ય'ની વિસ્તૃત ચર્ચાનો છે. મુખ્યત્વે ઉપનિષદનો આધાર લઈ લેખક શંકરાચાર્યના સિદ્ધાન્તોને ધ્યાનમાં લઈ બ્રહ્મભાવ, મુક્તિનો વિચાર પ્રસ્તુત કરે છે.

હસ્તપ્રતવર્ણન :

ક્રમાંક નં. ૫૨૧૩, વિષય : અદ્વૈતવેદાન્ત; લેખક-રઘુનાથ ભટ્ટ, પત્રસંખ્યા-૪, ગ્રંથસંખ્યા આશરે ૯૦; ભાષા-સંસ્કૃત, લિપિ-દેવનાગરી; એક પત્રમાં એક બાજુએ ૧૨ લીટીઓ અને પ્રત્યેક લીટીમાં ૩૬ અક્ષરો છે. પત્રની લંબાઈ ૨૩.૮ સે.મી. અને પહોળાઈ ૧૨.૩ સે.મી. છે.

લેખક :

પ્રસ્તુત પોથી वैराग्यतरङ्गःના કર્તા શ્રી રઘુનાથ ભટ્ટ વિષે કોઈ પણ પ્રકારની માહિતી હસ્તપ્રતમાં મળતી નથી. આ ઉપરાંત તેમના વિશે થિઓડોર ઑફ્રેટના 'કૅટલૉગસ કૅટલોગરમ્' અથવા 'ન્યૂ કૅટલૉગસ કૅટલોગોરમ્'માં પણ પોથીનો ઉલ્લેખ મળતો નથી. વિદ્વાનોને મારી નમ્ર પ્રાર્થના કે લેખક અથવા કૃતિ વિષે વિશેષ માહિતી મળે તો તે વિશે જાણ કરી આભારી કરે. વિશેષ માહિતીના આધારે જ લેખકનો સમય, બીજી કૃતિઓ વિગેરેનો સંશોધનાત્મક અભ્યાસ કરી શકાય.

વિષયવિવેચન :

પ્રારંભમાં લેખક વિઘ્નહર્તા શ્રી ગણપતિને વંદન કરી એક અનુષ્ટુપ શ્લોકથી પરાત્પર ગુરુને વંદન કરે છે. જેમના ઉપદેશથી સંસારવાસનાનો ત્યાગ કરી શકાયો અને ચૈતન્યાભિમુખ બની શકાયું.

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૩, અક્ષયતૃતીયા અંક, એપ્રિલ '૮૫, પૃ. ૨૭૫-૨૮૨.

* 'ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળ'ના નવમા અધિવેશનમાં તા. ૧૯-૨૦ માર્ચ ૧૯૮૩ના રોજ વલ્લભવિદ્યાનગર, (આણંદ)માં રજૂ કરેલું શોધપત્ર.

** પ્રાચ્યવિદ્યામન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા, ૩૯૦ ૦૦૨.

ત્યારબાદ બીજા ચાર અનુષ્ટુપ શ્લોકોથી વૈરાગ્ય શબ્દનું લક્ષણ આપવામાં આવે છે. સંસાર એ જ સર્વ દુઃખોનું મૂળ છે. સંસાર એટલે વાસના અને સંસારત્યાગ અર્થાત્ વાસનાત્યાગ એ જ દુઃખનાશનો ઉત્તમ ઉપાય છે એમ સિદ્ધયોગીઓનો સિદ્ધાંત છે એમ લેખક દર્શાવે છે.

ત્યારબાદ ગદ્યમાં વાસનાત્યાગ કેવી રીતે કરવો જોઈએ તેનું સવિસ્તર સોદાહરણ વર્ણન આપ્યું છે. જગતમાં સર્વ મિથ્યા જ છે. અને તેથી ગૃહત્યાગ એ જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે. એ વાત કારણો આપી સમજાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગૃહની સાથે રાજ્યનો સંબંધ, ગજ, અશ્વ, ગાય વિગેરે પશુઓ, વસ્ત્રાલંકાર, ચંદનાદિ લેપ, વિષયવાસનાસુખ, પુત્ર, સ્ત્રી વિગેરેનો ત્યાગ કરવાથી જ માનવના સહજ શત્રુઓ કામ, ક્રોધ, લોભ, મોહ વિગેરે ઉપર વિજય મેળવી શકાય, એ જ શ્રેષ્ઠ માર્ગ છે. **संगात्संजायते कामः** (ગીતા ૨–૬૨) શ્રીકૃષ્ણના આ વચન દ્વારા લેખક દેહાધ્યાસનો ત્યાગ કરી આત્માધ્યાસ કરવા જણાવે છે.

દેહાધ્યાસનો ત્યાગ કરવા માનવજીવનના છ ભાવવિકારો **अस्ति, जायते, वर्द्धते, विपरिणमते, अपक्षीयते,** અને **विनश्यति** જે વાર્ષ્યાયણિએ બતાવ્યા છે અને જેનું વર્ણન નિરુક્ત (અ. ૧)માં છે તેની ચર્ચા કરી સર્વનો ત્યાગ કરવા સૂચવે છે.

માનવીનું અસ્તિત્વ (**अस्ति**), જન્મ કેવી રીતે થાય છે, ગર્ભની પરિસ્થિતિ વિ. (**जायते**), બાલ્યાવસ્થા (**वर्द्धते**), કુમારાવસ્થા અને પછી તરુણાવસ્થામાં (**विपरिणमते**) સ્ત્રીસમાગમ, વિષયલોલુપતા, માતાપિતાનો દ્વેષ વિગેરે ભાવો, ત્યારબાદ ઇન્દ્રિઓની ક્ષીણતા (**अपक्षीयते**), અત્યન્ત વૃદ્ધાવસ્થાના સમયે મોહ, મમતા, માયા, ધનપુત્રાદિમાં ચિત્તવૃત્તિ વિગેરે જે બાધકતત્ત્વો છે તેથી તે પણ અમંગલ છે. અનેક પ્રકારના સંકલ્પ–વિકલ્પો વૃદ્ધાવસ્થામાં થાય છે અને તે પૂર્ણ નથી થતા ત્યારે માનવ રુદન કરે છે. (**नश्यति**) અને તેને કારણે આત્મવિષયા બુદ્ધિ ક્યારે પણ થતી નથી.

સ્થૂલદેહના ત્યાગ પછી માનવને પુણ્ય અને પાપના આધારે સ્વર્ગ અને નરકના ભોગો ભોગવવા પડે છે. સૂક્ષ્મદેહના સ્વર્ગાદિ ભોગ, પંચજ્ઞાનેન્દ્રિય, પંચકર્મેન્દ્રિય, પંચવાયુ, સપ્તદશ-કલાત્મક લિંગશરીર આ સર્વ અમંગલ છે. કારણ ઇન્દ્રિયો જડ અને મલિન છે, આત્માને ઓળખતી નથી. પરાધીન હોવાથી ત્યાજ્ય છે.

મન પણ સંકલ્પ–વિકલ્પ કરે છે. અનેક પ્રકારની વાસનાઓના યોગથી વિવિધ વિષયોને ભોગવે છે. તેની સમાપ્તિ શક્ય જ નથી. વિષયોમાં પ્રત્યેક ક્ષણે વિલક્ષણતા જ દગ્ગોચર, થાય છે. વિષયભોગ પણ પ્રતિક્ષણ નવા નવા જ થાય છે. ભોગ નાશ પામતા જ નથી. શરીર ક્ષીણ બને છે પણ મન કદાપિ ક્ષીણ થતું નથી. આવું મન ત્યાજ્ય છે.

આ જ રીતે મનની પ્રેરક બુદ્ધિ પણ અમંગલ જ છે. મનનું મૂળ બુદ્ધિ છે. ગીતામાં પણ શ્રીકૃષ્ણે કહ્યું છે કે **इन्द्रियाणि पराण्याहुः** (ગીતા ૩–૪૨) તેથી આત્મારહિત બુદ્ધિનો ત્યાગ કરવો જોઈએ.

આમ અનાત્મભૂત લિંગશરીર અને તમોમય, અજ્ઞાનથી ભરેલા કારણશરીરનો પણ ત્યાગ જ કરવો જોઈએ.

અંતમાં ભગવત્પ્રાપ્તિ, મુક્તિ મેળવવા માનવે શું કરવું જોઈએ તે દર્શાવતાં લેખક જણાવે છે કે આત્માનુસન્ધાન કરવા યોગ્ય દેહ જે પ્રાપ્ત થયો છે તેનાથી આત્માનુસંધાન કરવું જોઈએ. અનેક જન્મજન્માન્તરોમાં ભગવદારાધનથી અર્જિત કરેલા પુણ્ય દ્વારા દુરિતનો ક્ષય થવાથી ચિત્તની શુદ્ધિ થાય છે. ચિત્તશુદ્ધિથી મહાપુરુષનાં દર્શન થાય છે. તેમની ચરણસેવાથી શમદમાદિ સાધન પ્રાપ્ત થતાં જ્ઞાનોત્પત્તિ થાય છે. લેખકે શમ–દમ–ઉપરતિ–તિતિક્ષા–શ્રદ્ધા–સમાધાન અને મુમુક્ષુત્વનું વિસ્તૃત વર્ણન કર્યું છે. અને તેના આચરણ દ્વારા જ માનવ મોક્ષ મેળવી શકે છે. સર્વવાસનાત્યાગ એટલે શમ, બાહ્યવૃત્તિઓનો નિગ્રહ એનું નામ દમ, વિષયોમાંથી પરાવૃત્તિ એટલે ઉપરતિ, સર્વદુઃખોને સહન કરવાં એનું નામ તિતિક્ષા, ગુરુ અને વેદનાં વાકયોમાં ભક્તિ એ જ શ્રદ્ધા, ચિત્તની એકાગ્રતા એ જ સમાધાન અને સંસારરૂપી બંધનમાંથી મારી મુક્તિ કેવી રીતે થાય? કયારે થાય? એવી ઇચ્છા એ જ મુમુક્ષુત્વ. આ આ સાત સાધનોનો વિચાર સતત કરવો જોઈએ. લેખક હું કોણ છું? આ બધું કેવી રીતે થયું? આનો કર્તા કોણ છે? આનું (વિશ્વનું) ઉપાદાનકારણ શું છે? આનો ઉપાય શું છે? વિગેરે પ્રશ્નો ઉપસ્થિત કરી ગ્રન્થના અન્તે પ્રશ્નોના ટૂંકા છતાં સુંદર જવાબો ઉપનિષદના આધારે આપે છે.

હું દેહ નથી. સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહથી ભિન્ન છું. ઉપરના દેહત્રયનો સાક્ષીભૂત મહાકારણસંબંધી હું બ્રહ્મ છું એવું અનુસંધાન એ જ હું છું. આ બધું (વિશ્વ) બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે. બ્રહ્મમાંથી અવ્યક્ત, અવ્યક્તમાંથી મહત્, મહત્‌માંથી અહંકાર, અહંકારમાંથી પંચતન્માત્રા, પંચતન્માત્રામાંથી પંચમહાભૂત, અને પંચમહાભૂતમાંથી અખિલ વિશ્વ ઉત્પન્ન થયું છે. મારામાં જ બ્રહ્મને જોવો જોઈએ. સર્વપ્રપંચના ઉત્પત્તિરૂપ બ્રહ્મની જ ઉપાસના કરવી જોઈએ. સર્વ બ્રહ્મ જ છે. "જેમ સુવર્ણમાંથી બનાવેલા અલંકારાદિમાં મૂળ સુવર્ણ જ છે" એ જ રીતે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ વિશ્વમાં સર્વત્ર બ્રહ્મ જ છે, નિત્ય શાશ્વત છે, તેથી આ અખિલ વિશ્વ અને હું પણ એક જ છું. એવો શ્રી શંકરાચાર્યનો સિદ્ધાન્ત લેખક અહીં ઉદ્ધૃત કરે છે. **एकमेवाद्वितीयं ब्रह्म** (છાન્દો. ૬–૨–૧)ની શ્રુતિ લેખક નોંધે છે. અને જણાવે છે કે વિશ્વના સર્વ પદાર્થોમાં બ્રહ્મત્વનો ભાવ મનમાં રાખવો એ જ મુક્તિ છે. માટે ભ્રમરકીટકન્યાયથી બ્રહ્મનું સતત અનુસન્ધાન કરવાથી જ માનવ પણ બ્રહ્મ બને છે. **ब्रह्मविदाप्नोति परम्** (તૈત્તિરીય ૨–૧) બ્રહ્મને જાણનાર શ્રેષ્ઠને (બ્રહ્મને) પ્રાપ્ત કરે છે. આવાં સિદ્ધાન્તવાકયોથી જ્ઞાનની દૃઢતા થાય છે. અને જ્ઞાનની દૃઢતા થતાં જ માનવની જેવી બુદ્ધિ તેવી જ તેની ગતિ થાય છે; **अन्ते मतिः सा गतिः** અર્થાત્ મૃત્યુના સમયે માનવની જેવી બુદ્ધિ (ઇચ્છા) તે પ્રમાણે જ તેની ગતિ થાય છે.

આ રીતે શ્રી રઘુનાથ ભટ્ટે ઉપનિષદના સિદ્ધાન્તોને આધારભૂત માની શ્રી શંકરાચાર્યના અદ્વૈતસિદ્ધાંતના આધારે સરળ ટૂંકાં વાકયો દ્વારા, હૃદયંગમ રીતે બ્રહ્મત્વને સિદ્ધ કરવાના ઉપાયોનું વિશદ વર્ણન પ્રસ્તુત ગ્રંથમાં કર્યું છે:

[Fol. 1a] ॥ श्री गणेशाय नमः ॥

परात्परगुरुं वन्दे चैतन्यामृतविग्रहम् ।
यस्यावलोकनेनैव गता संसारवासना ॥ १ ॥

अथ वैराग्यलक्षणम् :

दुःखमूलो हि संसारस्तत्र सौख्यं न विद्यते ।
वासना संसृतेर्मूलं तस्य त्यागो विधीयताम् ॥ २ ॥

अन्तरे वृत्तिरुत्पन्ना संसारस्य प्रवर्तकी ।
तस्या निर्मूलनं कार्यं प्रकर्षेण मुमुक्षुणा ॥ ३ ॥

वासना मुख्यरूपं स्यात्संसारार्णवकारणे ।
तस्या निरोधः कर्तव्यस्त्वन्यथा पतनं स्मृतम् ॥ ४ ॥

वासना एव संसारो नान्यत्संसारकारणम् ।
तस्याः संत्यजनं त्वादौ कथितं सिद्धयोगिभिः ॥ ५ ॥

प्रथमं वासनात्यागः कथं कर्तव्यस्तत्राह ।

सर्वं मिथ्यैव तिष्ठति तस्य शनैश्शनैस्त्यागः कार्यः । आदौ गृहत्यागः कार्यः गृहे नाना उपद्रवाः सन्ति । गृहसम्बन्धि यानि यानि उपकरणानि सन्ति तानि सर्वाणि त्याज्यानि । राज्यं त्याज्यम् । राज्यसम्बन्धिगजाश्वा गावः नाना पशवः सन्ति । तस्मान्मनोवृत्तिराकर्षणीया । नाना वस्त्राणि नानालङ्कारान्त्यक्त्वा । वृत्तिरात्मनिकार्या । एवं सर्वदुःखजनकं भवति । एतस्य प्राप्तिसमये महद्दुःखं चोत्पद्यते । इदं स(Fol. 1b)र्वं सुखदुःखात्मकं त्याज्यम् । स्रक् चन्दनादिविषय–भोगानपि त्यक्त्वा । आत्यन्तिके सुखे तिष्ठेत् । विषयसुखं तु क्षणिकम् । देहसम्बन्धिसुहृदो नाना कार्योद्यताः । कपटरूपास्तेषां सङ्गस्त्याज्यः । तेषां सङ्गात्कुबुद्धिरुत्पद्यते । पुत्रादयोपि सर्वे त्याज्याः । तेपि लोभमोहजनकाः । स्त्रीसङ्गः सर्वात्मना त्याज्यः । स्त्रीणां अवलोकनं न कर्तव्यं, न संभाषणं न स्पर्शनम् । तास्तु अत्यन्तामङ्गलाः । दुर्जनाः मिथ्याभाषिण्यः । दुर्हृदयाः दुष्टमोहकारिण्यः । अन्ते नरकवासाः । बाह्यमङ्गलरूपिणी । मोहकामस्वरूपा सा । मुक्तिमार्गप्रभेदिनी ।

चर्मकुण्डेभगे घोरे दुर्गन्धे रौरवान्विते ।
पतत्येव जगत्सर्वं सदेवासुरमानुषम् ॥

एतादृशी कुस्त्री त्याज्या । यस्याः सङ्गादज्ञानोत्पत्तिर्जायते । "सङ्गात्संजायते काम" इति भगवद्वाक्यम् । इदं सर्वमनात्मभूतं त्यक्त्वा । आत्माध्यासः कर्तव्यः । देहस्यापि त्यागो विधेयः । देहः अत्यन्तासत् । मा[म]हान्लोभी । पापभाक् । अस्ति । जायते । वर्द्धते । विपरिणमते । अपक्षीयते । विनश्यतीति षड्भावविकाराः सन्ति ।

अस्ति नाम विद्यमानोऽस्ति । नाना कार्यरतः सुखदुःखाद्यनुभूयमानः पापपुण्यमाचरन् । (Fol. 2a) अविद्यात्मकः सन्नास्ते । देहलोभेन यं यं विषयं भुङ्क्ते स स विषयो विष्टारूपो

जायते । देहस्य कालः व्याघ्रवद्वर्धते । देहः क्षुधातृषाभ्यांपीडति । देह[हः] संकल्पविकल्प–तृष्णासमुद्राः । देहो नरकस्यागारम् । देहो दुर्गन्धिरोगायतनम् । देहः संदेहोऽहङ्कारमूर्तिः । देहः कृमीणां पतनम् । देहः कामक्रोधलोभमोहमदमत्सरदम्भादीनामद्रिः । एतादृशो अत्यन्तामङ्गलोऽसि ।

जायते नाम उत्पन्नो भवति । रजस्वलासमये स्त्रीषु पुरुषसंयोगेन शुक्रशोणितसंयोगो जायते । तस्याण्डं भवति । क्रमेणावयवाः भवन्ति । शुक्रशोणितयोगो देहस्य कारणम् । तदत्यन्त-ममङ्गलंम [लम] शुद्धमग्राह्यमस्ति । तस्य कारणमङ्गलं अस्ति । अमङ्गलत्वाद्देहस्त्याज्यः । अन्यदपि अमङ्गलत्वं कथ्यते । गर्भे विष्ठायां पचति । श्वासोच्छ्वासेन शुष्को भवति । जठराग्निना दग्धो भवति । कट्वम्लाक्षाररसेन क्लेशी भवति । जन्तुभिः पीडा क्रियते । एवं पीडितः सन्विचारं करोति । मम विषयवासनया भंगे [गर्भे] एतादृशी पीडा भवति । अतः परं विषयवासनां त्यक्त्वा अमृतवासनां करोमीति विचारितवान्बहिः पतति । पतनानन्तरं गर्भ-पीडाविस्मरणम् । इति जायते एतस्याभिप्रायः ।

वर्धते नाम यः उत्पन्नो बालस्य आयुरारोग्यं ऐश्वर्यं विचार्यते । परन्तु बालः कः, कस्य, कुतः आगतः । कुत्र गच्छति । अस्य गतिः का वा भविष्यति इति वि (Fol. 2b) चारः केनापि न क्रियते । बालसमये कुश्चलत्वं । उत्पन्नसमये सूतिकास्पर्शः । सूतकमध्ये स्नान–संध्या–देवतार्चन–होमो–ब्राह्मणसंतर्पणादिकं सर्वकर्मनष्टं भवति । मृतोऽपि तथैव । अतः देहसम्बन्धादमङ्गलत्वं बाल्याद्यवस्थायां स्वयमपि अमङ्गलः । अत्यन्ताम[न्ता]मङ्गलायाः योनिः तस्याः सकाशादुद्भवः । अथ च बाला[ल्या]वस्थायां तमः । तमः किम् । किमपि ज्ञानं नास्ति । स्वयं स्वस्यैव विष्ठाभक्षणं करोति । प्रत्यक्षं विष्ठायां पचन् । किञ्चिच्छरीरव्यथादिकं वक्तुं न शक्यते । सर्वदा रोदनं करोति । एतादृशी बाल्यावस्था सापि त्याज्या ।

अतः परं वर्द्धतेत्यत्राह । वर्द्धते नाम वृद्धिं प्राप्नोति । सा कुमारावस्था तत्र तामिश्रं आपाततः पदार्थज्ञानं वर्तते । विशेषतो नास्ति । यथा यथा देहवृद्धिं प्राप्नोति । तथा तथा अविद्या वर्द्धते । बालानां सङ्गे नाना क्रीडां करोति । आत्मबुद्धिर्नास्त्येव ।

विपरिणमते इत्यस्य कोऽर्थः । कुमारावस्थायाः परिणामः । तत्तु तारुण्यम् । तत्रापि अत्यन्तामङ्गलत्वम् । तत्रान्धतामिश्रं नाम किम् । पदार्थज्ञानं वर्तते । विवेकलेशो नास्ति । तारुण्यावस्थायां महान्गर्वस्तिष्ठति । स्वयं सुन्दरः सुरु [रू]पः पुष्टः बलवान् । इति कृत्वा अन्यस्य गणना नास्ति । वारंवारेण आहारेण उन्मत्तः विषयवान् तारुण्यं समये स्त्र्याधीतः विषय-लोलुपः । स्त्रीसङ्गेनैव सर्वकालं नयति । स्त्रियः प्रीत्या मातापितृणां द्वेषं करोति । [Fol. 3a] बन्धूनां त्यागः सुहृदैः सह कलहः । तां प्रतिवक्तुं न समर्थः । तस्या द्वारे शुनकवत्तिष्ठति । तस्याः वचनेन भृत्यवत्कार्यं करोति । तस्याः प्रीत्यर्थं नानालङ्कारान्नानावस्त्राणि अनेकाभरणानि ददाति । अन्येषां किमपि न । स्नानं दानं देवतार्चनं च शुद्धकर्म किमपि नास्ति । एतादृशं तारुण्यममङ्गलम् । तदपि त्याज्यम् ।

अपक्षीयतेत्यस्य कोऽर्थः । इन्द्रियाणां क्षीणता जायते । तद्वार्धि [र्द्धं] क्यम् । तत्र मोहसांसारिकं सर्वं ज्ञानं तिष्ठति । मुक्तिज्ञा [ज्ञा]नं नास्ति । तत् मोहः । वार्धि [र्द्ध] क्ये

नाना आधिव्याधिग्रस्तं शरीरं तिष्ठति । केशानां श्वेतत्वम् । दन्तानां भंग: । शरीरस्य कटाक्षभंग: नेत्रे अन्धता । श्रोत्रयोर्बधिरत्वं । कम्पादिना विकलं भवति । तत्रापि ज्ञानस्य लेशो नास्ति । एतादृशं वार्धि[र्द्ध] क्यम् । तदपि ताज्यम् । अत्यन्तवृद्धत्वसमये महामोह: । ज्ञानलेशो नास्ति । देहे अत्यन्ता आस्तिकी बुद्धि: । स महामोह: । तत्र अत्यन्त अमङ्गलता । अत्यन्त पापबुद्धि: । लालाश्लेष्मादिनाऽशुचि: । भक्षणे अत्यन्ता रति: । बुद्धिभ्रंशो जायते । अत्यन्त लोलुपता । अत्यन्त ममता । इदं मम गृहम् । इइं मम क्षेत्रम् । इमे मम पुत्रा: । इमे मम कान्तार: [कान्ता:] । इदं मम धनम् । इति सङ्कल्पात्मकस्तिष्ठति । एतत्सर्वस्य नाशे सति रोदनं करोति । पुन: द्रव्यंयाचनां करोति । परन्तु आत्मविषयाबुद्धिर्नास्त्येव । अतो आमरणान्तं स्थूलदेह: कुश्वि[त्सि]त: । तत्रात्मत्वाभावात् [Fol. 3b] त्याज्य: । स्थूलदेह: पातानन्तरं पुण्यपापोत्पन्नं स्वर्गनरकादिभोगा: । कस्य तत्राह । सूक्ष्मदेहस्य स्वर्गादिभोगा: । पञ्चज्ञानेन्द्रियाणि पञ्चकर्मेन्द्रियाणि । पञ्चवायू[यु]मनोबुद्धिश्वेति । सप्तदशकलात्मकं लिङ्गशरीरम् । तदपि अमङ्गलम् । कथम् । इन्द्रियाणि जडानि मलिनानि आत्मानं न जानन्ति । पराधीनत्वात् त्याज्यानि । मनोपि अमङ्गलम् । सङ्कल्पविकल्पात्मकं मन: । नाना वासनायोगेन नाना भोगान्भुङ्क्ते । कदापि पूर्णता नास्ति । विषयेषु क्षणे क्षणे विलक्षणम् । विषयभोगप्रतिक्षणं नवीनं नवीनं भवति । परन्तु भोगे जर्झ[र्जं]रिता नास्ति । शरीरे क्षीणे सति मनसि क्षीणता नास्ति । एतादृशं अमङ्गलं मनस्त्याज्यम् ।

बुद्धिरपि अमङ्गला । कथं तत्प्रवर्तका । बुद्धि: मन: प्रवर्तयति । मन: इन्द्रियं प्राप्य भोगं भुङ्क्ते । मनोमू[र्मू]लं बुद्धि: । सापि आत्मानं न जानाति । अतो अनात्मभूता । तथा च भगवद्वाक्यम् । इन्द्रियाणि पराण्याहु: । अत एव आत्मरहिता बुद्धिस्त्याज्या ।

अतो लिङ्गशरीरं अनात्मभूतम् । सुषुप्तौ उपरमात् । सुषुप्तावस्थायां लिङ्गशरीरं लीनं भवति । कारणशरीरं तमोमयत्वात् । अज्ञानबाहुल्यात्तु त्याज्यम् ।

अतो देहत्रयान्तर्वर्ति देहत्रयाद्विलक्षण: । आत्मानुसन्धानयोग्यो महाकारणदेहस्तत्रानुसन्धानं कर्तव्यम् । अनेकजन्म (Fol. 4a) जन्मान्तरोपार्जित भगवदाराधनेन पुण्योपार्जनद्वारा दुरितक्षयात् चित्तशुद्धिर्भवति । चित्तशुद्धया महापुरुषदर्शनं जायते । तत्पादसेवनात् शमदमादिसाधनसम्पन्नतां प्राप्य ज्ञानोत्पत्तिर्लभ्यते । शमो–दम–उपरतिस्तितिक्षाश्रद्धा समाध- [धा]नं मुमुक्षुत्वं चेति । अं[अ]त: सर्ववासनात्याग: **शम:** । बाह्यवृत्तीनां निग्रहो **दम:** । विषयेभ्य: परावृत्ति: **उपरति:** । सर्वदु:खानां सहनं **तितिक्षा** । गुरुवेदवाक्ययोर्भक्ति: **श्रद्धा** । चितैकाग्र्यं **समाधानम्** । मे संसारबन्धनिर्मुक्ति: कथं स्यात्, कदा स्यात् इति दृढभक्ति– **मुंमुक्षुत्वम्** । इति साधनसम्पन्नेन विचार: कर्तव्य: । कीदशो विचारो यथा ।

कोऽहं कथमिदं जातं को वै कर्तास्य विद्यते ।
उपादानं किमस्तीह उपाय: सोऽयमिष्यते ॥

कोऽहमिति विचार: कृते अहं देहो न । स्थूलसूक्ष्मकारणदेहत्रयाद्भिन्न: । देहत्रयसाक्षिभूतो महाकारणदेहसम्बन्धिब्रह्माहमस्मीत्यनुसन्धानरूपोऽहम् । कथमिदं जात्यत्राह । ब्रह्मणोऽव्यक्तम् ।

अव्यक्तान्महत् । महतोऽहङ्कारः । अहङ्कारात्पञ्चतन्मात्राणि । पञ्चतन्मात्रेभ्यः पञ्चमहाभूतानि । पञ्चमहाभूतेभ्योऽखिलां जगत् । एतादृशं जातम् । तदुत्पत्तिप्रकारस्तु । मत्कृतेर्ब्रह्मबोधो (१) द्रष्टव्यः । को वैं कर्तास्येत्यत्राह । सकलप्रपञ्चोत्पन्नं रूपं ब्रह्म उपासनं **ब्रह्मैव** । तथा च भगवच्छङ्करवाक्यम् ।

> सुवर्णा(Fol. 4b)ज्जायमानस्य सुवर्णत्वं च शाश्वतम् ।
> ब्रह्मणो जायमानस्य ब्रह्मत्वं च सदा भवेत् ॥

तस्मादिदं सर्वं अहमपि एकएवास्मि[स्मी]ति । "**एकमेवाद्वितीयं ब्रह्मे**"ति श्रुतेः । तस्मादखण्डब्रह्माकाराकारितचित्तवृत्तिर्मुक्तिः । अतो भ्रमरकीटन्यायेन ब्रह्मानुसन्धानेति **ब्रह्मैव** भवति । **ब्रह्मविदाप्नोति परं** इति सिद्धान्तवाक्येन ज्ञानस्य दृढीकरणं जायते । इति दृढानुसन्धाने जाते सति । "**अन्ते मतिः सा गतिः**" इति सिद्धान्तः ॥

॥ "**इति बाले पण्डितशेषोद्भवेन विरचितं रघुनाथकृतौ[तः] वैराग्यतरङ्गः समाप्तः** ॥

ચતુરંગ અને બુદ્ધિબળવિશેનાં બે પ્રાચીન સંસ્કૃત વર્ણનો*

સિદ્ધાર્થ યશવંત વાકણકર**

સામાન્ય શિક્ષિત લોકોનું એવું મંતવ્ય હોય છે કે લલિત સંસ્કૃતસાહિત્ય એટલે નાટકો, કાવ્યો–મહાકાવ્ય, ખંડકાવ્ય, ગદ્યકાવ્ય, ચમ્પૂકાવ્ય–સ્તોત્રકાવ્ય, સુભાષિતો વિગેરે. લલિતેતર સાહિત્યમાં વેદાન્ત, વ્યાકરણ, ધર્મશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર વિગેરે સંસ્કૃતશાસ્ત્રોની ગણના થાય છે. પણ આજકાલના 'પલ્લવગ્રાહિ પાંડિત્ય'ના જમાનાના ઘણાખરા વિદ્વાનો પણ એ નથી જાણતા કે ક્રીડા (GAMES) ઉપર પણ સંસ્કૃતમાં ઘણું બધું સાહિત્ય ઉપલબ્ધ છે. મને લાગે છે એનું પ્રમુખ કારણ સંસ્કૃતજ્ઞોની પારંપરિક અને અવ્યાપક વિચારધારા. જૂના અને જાણીતા સંસ્કૃતજ્ઞો એ માનતા જ નથી કે ક્રીડાવિશેના સાહિત્યનું અધ્યયન–સંશોધન થઈ શકે છે. એટલે જ 'સંસ્કૃતસાહિત્યમાં વર્ણિત ક્રીડાઓ' આ ઉપેક્ષિત વિષય ઉપર પ્રસ્તુત લેખક–સંશોધક ગયા ૫–૬ વર્ષોથી સંશોધન કરે છે અને આ લેખમાં એ ચતુરંગ–બુદ્ધિબળ આ પ્રાચીન રમત વિશે બે સૌથી જૂનાં કાવ્યોનો પરિચય આપે છે. આ એક જ રમતની બે અવસ્થાઓ છે અને એના અંગ્રેજી પ્રતિશબ્દો છે–Four–handed Chess & Double–Chess.

ચતુરંગ અને **બુદ્ધિબળ :** આ બે જુદી જુદી રમતો છે, એવું અજ્ઞાન પ્રાયઃ સર્વત્ર દેખાય છે. પણ અધ્યયન પછી મને એવું લાગે છે કે આ બે અલગ રમતો નથી પણ એક જ રમતની બે અવસ્થાઓ છે. ચતુરંગ અને બુદ્ધિબળના કંઈક નિયમોમાં જે ફેર થયો છે, એ કાલાનુક્રમથી થયેલા પરિવર્તનનો નિદર્શક છે. સામાન્ય રીતે એવું કહી શકાય કે ચતુરંગમાં જેટલાં સેનાના અંગ છે, તેના કરતા બમણાં સેનાંગો બુદ્ધિબળમાં છે અને ચતુરંગમાં જેટલા રાજા છે, તેના કરતાં અડધા રાજા બુદ્ધિબળમાં છે. આ બન્નેમાં જે મુખ્ય ફેર છે, તે આ પ્રમાણે :

(૧) ચતુરંગ પાસાથી રમાય છે અને એટલે જ એમાં જય–પરાજયનો આધાર નસીબ ઉપર હોય છે. બુદ્ધિબળ (**बुद्धेः बलम्**) આ નામ ઉપરથી જ એવું સ્પષ્ટ થાય છે કે આ રમતમાં બુદ્ધિનું મહત્ત્વ છે, નસીબનું નથી, કેમ કે આમાં પાસાનો ઉપયોગ થતો જ નથી.

'**સ્વાધ્યાય**', પુ. ૨૨, અંક ૩, અક્ષયતૃતીયા અંક, એપ્રિલ '૮૫, પૃ. ૨૮૩–૨૯૪.

* વલ્લભવિદ્યાનગર મુકામે તા. ૧૯–૨૦ માર્ચ '૮૩ના રોજ યોજાયેલ, ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કોલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના નવમા અધિવેશનમાં વાંચેલો લેખ.

** સંશોધન અધિકારી, પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા–૩૯૦ ૦૦૨.

(૨) પાસાની રમત એટલે તેમાં 'पण'–શરતનું સ્થાન મહત્ત્વનું એટલે જ ચતુરંગમાં 'पण' એ જ 'સર્વસ્વ' હતું. યથાકાલ 'पण' જીતવા માટે અસત્ય, કપટબાજી, અનીતિ વિગેરે અનિષ્ટ પ્રથાઓ ચતુરંગમાં પ્રવિષ્ટ થતી ગઈ, એટલે સુધી કે પશ્ચાદ્‌વર્તી ધર્મશાસ્ત્રકારોએ અક્ષનિષેધ કર્યો, આના જ પરિણામે બુદ્ધિબળનો જન્મ (ઉત્ક્રાન્તિ–પરિણુતિ) થયો અને તેમાં અક્ષનું સ્થાન બુદ્ધિએ લીધું.

(૩) ચતુરંગમાં સેનાંગોની ગતિ પૂર્ણતઃ પાસાના દાવ ઉપર જ નિશ્ચિત થતી હતી. પણ બુદ્ધિબળમાં આ ગતિ સ્વતંત્ર હતી અને રમનારાની બુદ્ધિ–તર્કબુદ્ધિ–ઉપર જ હારજીતનો ફેંસલો થતો હતો.

(૪) ચતુરંગમાં સેનાનાં ચાર અંગો એટલે કે હાથી, રથ, (–નૌકા), ઘોડા અને પાયદળ એ રાજાને મદદ કરનારાં હતાં. બુદ્ધિબળમાં આ બધા કરતા એક નવું જ સેનાંગ–વજીર કે મંત્રી–રાજાની જોડે લડતો હતો.

(૫) ચતુરંગમાં ચાર રંગના ચાર રાજાઓ હતા અને સામેના રાજા એક બાજુના–સપક્ષ–ગણાતા હતા. બુદ્ધિબળમાં કેવળ બે જ રાજાઓ હોય છે અને એ વિપક્ષ જ હોય છે.

આવી રીતે બીજાં પણ પરિવર્તનો ચતુરંગમાં સમયે સમયે થતાં ગયાં અને આજે જે બુદ્ધિબળનું સ્વરૂપ દેખાય છે, તેમાં ચતુરંગની પરિણુતિ થઈ છે. સેનાંગોની ગતિ, તેમનું બલાબલ, સ્થાન, વિગેરે નિયમો મોટા પ્રમાણમાં જે હતા તેમજ રહ્યા, પણ સમય અનુસાર એમાં પરિવર્તનો થતાં ગયાં.

આ લેખમાં ચતુરંગનું સૌથી જૂનું અને બુદ્ધિબળનું સૌથી નાનું જૂનું અને સટીક વર્ણન વિદ્વાન વાચકો સામે ટૂંકમાં પ્રસ્તુત કરું છું. આશા છે કે જાણકાર વિદ્વાનો એનું યોગ્ય સ્વાગત કરીને આ વિષયને ન્યાય આપશે.

(૧) चतुरङ्गक्रीडनम्—૧૬મી સદીના ઉત્તરાર્ધમાં બંગાળમાં રઘુનન્દન ભટ્ટાચાર્ય નામનો એક પ્રકાંડ ધર્મશાસ્ત્રકાર થઈ ગયો. એણે 'तत्त्व' નામના ગ્રન્થો ધર્મશાસ્ત્રના સિદ્ધાન્તોના નિરૂપણ કરવા માટે લખ્યા. આમાનાં જ 'તિથિતત્ત્વ' આ વિભાગમાં 'अथ कोजागरकृत्यम्'* આ શીર્ષક હેઠળ તેણે ૩૯–૪૦ શ્લોકોમાં 'चतुरङ्गक्रीडनम्' આ રમતનું વર્ણન આપેલું છે. એ એમની પોતાની રચના નથી એ 'अक्षक्रीडायां व्यासयुधिष्ठिरसंवादः प्रचरति' આ વાક્યથી સૂચિત થાય છે. પણ એમણે એ વર્ણન કયા ગ્રંથમાંથી લીધું છે એ કહેલું નથી. 'प्रचरति' આ શબ્દ ઉપરથી એવું અનુમાન થાય છે કે આ 'અક્ષક્રીડા' નામની રમત પહેલેથી જ પ્રચારમાં છે અને રઘુનન્દન આ વર્ણન ઉદ્ધૃત કરે છે. આ વર્ણનમાં આ રમતનું સૌથી પ્રાચીન, પ્રાથમિક સ્વરૂપ મળે છે, એટલે જ એ બહુ ઉપયુક્ત છે. અહીં એનો જ સાર આપું છું:–પ્રદક્ષિણાક્રમથી ૮ × ૮ ચોરસ પટ ઉપર દોરવાના. પૂર્વ દિશામાં લાલ, દક્ષિણમાં

* રઘુનંદન ભટ્ટાચાર્ય, સ્મૃતિતત્ત્વ પ્રથમ ખંડ, કલકત્તા, ૧૮૯૫, પૃ. ૧૩૭–૧૩૯.

લીલા, પશ્ચિમ દિશામાં પીળા અને ઉત્તરદિશામાં કાળા રંગના ચાર રાજાઓ અને એમની સેના મૂકવાની. એની રીત એવી છે–ડાબી બાજુના છેલ્લા ચોરસમાં નૌકા–(તરિ), ઘોડો, હાથી અને પછી રાજા, એની આગળ ચાર પાયદળો મૂકવાનાં. આ રીતે સેનાની સ્થાપના કરીને પછી પાસાના સહારે સેનાંગોનું ચાલન કરવાનું. તેના નિયમ આ પ્રમાણે–પાસાના દાણા પાંચ પડે તો રાજાનું અથવા એના પાયદળનું ચાલન કરવાનું; દાણા ચાર પડે તો હાથી, ત્રણ પડે તો ઘોડો, અને બે પડે તો નૌકા ચલાવવાની. એનો અર્થ એવો કે જે રીતે પાસાના દાણા પડે તે રીતે સેના આગળ જશે. આમાં દરેક સેનાંગની ગતિ પણ ધ્યાનમાં રાખવાની હોય છે. દા. ત. રાજા આઠ દિશામાં કેવળ એક જ ચોરસ જાય છે. પદાતિ પણ એક જ ચોરસ પણ સીધો આગળ જાય છે. બીજાને મારતી વખતે એ ત્રાંસો જાય છે. હાથી કેવળ ચાર દિશાઓમાં સીધો જ જાય છે અને ઘોડો ત્રણ ચોરસ જાય છે અને નૌકા બે ઘર–ચોરસ–કોષ્ઠ–ત્રાંસો જાય છે.

આના પછી સ્થિતિઓનું વર્ણન છે :

(૧) **सिंहासनम्**—જ્યારે એક રાજા બીજા રાજાના ચોરસમાં જાય છે, ત્યારે સિંહાસન એ સ્થિતિ થાય છે.

(૨) **चतुराजी**—જ્યારે રમનાર વ્યક્તિ પોતાના રાજાને સાચવીને બાકીના ત્રણેય રાજાઓને વશ કરે છે–તેમનો પરાજય કરે છે–ત્યારે ચતુરાજી થઈ એવું કહેવામાં આવે છે.

(૩) **नृपाकृष्टम्**—જ્યારે એક રાજા (દા. ત. अ), બીજા રાજાનો (દા. ત. बનો) પરાભવ કરે છે અને ત્રીજો રાજા (દા. ત. क), પહેલા (अ) અને ચોથા (ड) રાજાઓનો પરાભવ કરે છે, ત્યારે 'क' રાજા 'ब' રાજાને પણ આકૃષ્ટ–વશ–કરી લે છે, એવું માનવામાં આવે છે અને આથી નૃપાકૃષ્ટ થાય છે.

(૪) **षट्पदम्**—જ્યારે એક પદાતિ–પાયદળ–કોઈ પણ દિશામાં પણ સામે જ રાજા અને છેલ્લા કોણ સિવાય ૬ ચોરસ આગળ જાય છે–એટલે કે સામેની સેનાની છેલ્લી લીટીમાં પહોંચી જાય છે–ત્યારે ષડ્પદ થયું એવું માનવામાં આવે છે.

(૫) **काककाष्ठम्**—જ્યારે કોઈ રમનારાનું કોઈપણ સેનાંગ પટ ઉપર હોતું નથી–શેષ રહેતું નથી–ત્યારે તેને કાકકાષ્ઠમ્ કહે છે.

(૬) **बृहन्नौका**—જ્યારે દરેક નૌકા બે–બે દાણા રમીને એટલે કે પાસાના બે દાણાથી ચાર કોષ્ઠ કોણગતિથી જઈને પટના મધ્યમાં આજુબાજુના કોષ્ઠમાં–ચોરસમાં–આવી જાય છે, ત્યારે તે પરિસ્થિતિ બૃહન્નૌકા નામથી ઓળખવામાં આવે છે.

આના પછી આ રમતના સામાન્ય નિયમોનું વિવેચન છે. દા. ત. રાજા સૌથી મહત્ત્વનો હોય છે. એટલે એનું રક્ષણ બધાએ કરવું જ જોઈએ. જ્યારે કોઈ એક રમનાર ચતુરાજી કરે છે, ત્યારે એને શરતની–નિશ્ચિત રકમની–બમણી રકમ મળે છે. જ્યારે એક રાજા બીજા

રાજાને મારે છે, ત્યારે પણ બમણી રકમ એ પ્રાપ્ત કરે છે. રાજા પછીનું શ્રેષ્ઠ સ્થાન હાથીનું હોય છે. માટે એના રક્ષણની પણ બહુ જ કોશીશ કરવાની. હાથી પછી ઘોડો મહત્ત્વનું સેનાંગ છે, કારણ કે એ એની છલાંગથી આઠ દિશામાં આઠ કોષ્ઠ જઈ શકે છે. નૌકા કેવળ ચાર જ દિશામાં જઈ શકે છે.

બાકીની વિગતો પરંપરાથી બધાને જ્ઞાત હોવાથી અને વિસ્તાર ભયથી મેં અહીં વર્ણવેલી નથી.

(૨) **बालकहितबुद्धिबलक्रीडनम्**—બુદ્ધિબળ ક્રીડા એ ચતુરંગ ક્રીડાનુ વિકસિત રૂપ છે આમાં પાસા નથી. બુદ્ધિ–તર્કબુદ્ધિ–દૂર દષ્ટિના બળ ઉપર જ રમનાર બીજાને હરાવીને વિજય પામે છે. એટલે જ એને બુદ્ધિબળ એ અન્વર્થક સંજ્ઞા પ્રાપ્ત થઈ છે. આ રમત આ જ નામે આજે પણ મહારાષ્ટ્રમાં ઓળખાય છે.

બુદ્ધિબળનાં ઘણા વર્ણનો મળે છે. એમાનું સાથી જૂનું વર્ણન છે–'**बालकहितबुद्धिबलक्रीडनम्**'. શ્રી. ગ. રં. કુલકર્ણી નામક મહારાષ્ટ્રીય વકીલે આનું સમ્પાદન ૧૯૩૭માં કોલ્હાપુરથી કરેલું છે. આ કાવ્યની એક જ પ્રત એમને મળી હતી. તેથી એમાં જે સંશયસ્થાનો કે અસ્પષ્ટ શબ્દ છે, એમનું સ્પષ્ટીકરણ બહુ જ અઘરું લાગે છે. એટલે જ વિદ્વાનોને પ્રાર્થના છે કે તેઓ મને એ વિષે માર્ગદર્શન–સૂચન કરી ઉપકૃત કરે.

આ ગ્રન્થ અને એના ટીકાના કર્તા કોણ છે, એ વિષે કંઈ જ ખબર ન હોવાથી બન્નેના સમય વિગેરે વિગતો આપવામાં મુશ્કેલી પડે છે. એક વાત ચોક્કસ છે કે આમાં માત, બાજા, બુાજા, શાહ આવા અન્ય સંસ્કૃત ગ્રંથોમાં મળનારા ઉર્દૂ–પર્શિયન શબ્દો આવતા નથી, તેથી એવું અનુમાન થાય છે કે આ ગ્રન્થ મુસલમાની રાજ પહેલાં લખાયો હશે.

આ ગ્રંથમાં કેવળ ૭ શ્લોક જ છે અને તેના ઉપર ભામિની નામક ટીકા પણ છે. બંનેના લેખક અજ્ઞાત છે. પણ આ ગ્રંથની એક વિશેષતા એ છે કે ટીકાકાર કોઈ લક્ષ્મણ નામક પંડિતનો વારંવાર ઉલ્લેખ કરે છે. અને '**उक्तं च लक्ष्मणेन**' એવું કહીને એનાં ઉદ્ધરણો આપે છે. આથી એ સ્પષ્ટ થાય છે કે જ્યારે એ ટીકા લખાઈ ગઈ ત્યારે લક્ષ્મણનો ગ્રંથ અસ્તિત્વમાં હતો, જે આજે ઉપલબ્ધ નથી, એ દુર્ભાગ્ય છે.

આ ગ્રંથ નાનકડો છે, પણ આમાં બુદ્ધિબળ વિશેની બધી જ મહત્ત્વની વિગતો આપેલી છે. દા. ત. બુદ્ધિબલપટની વિગત, સેનાનાં અંગો, એમનાં સ્થાનો, ગતિ, રચના, યુદ્ધની શરૂઆત, વિજયના પ્રકારો વિગેરે. સામાન્ય વાચકો માટે એ બહુ જ ઉપયોગી લાગે છે.

ભાષા સરળ છે અને એના પર ટીકા હોવાથી હું અહીં એનું વિવરણ કે સ્પષ્ટીકરણ આપવા ઇચ્છતો નથી.

अथ चतुरङ्गम्

अक्षक्रीडायां व्यासयुधिष्ठिरसंवादः प्रचरति।

युधिष्ठिर उवाच :

अष्टकोष्ठयां च या क्रीडा तां मे ब्रूहि तपोधन ।
प्रकर्षेणैव मे नाथ चतूराजी यथा भवेत् ॥ १ ॥

व्यास उवाच :

अष्टौ कोष्ठान् समालिख्य प्रदक्षिणक्रमेण तु ।
अरुणं पूर्वतः कृत्वा दक्षिणे हरितं बलम् ॥ २ ॥

पार्थ पश्चिमतः पीतम् उत्तरे श्यामलं बलम् ।
राज्ञो वामे गजं कुर्यात् तस्मादश्वं ततस्तरिम् ॥ ३ ॥

कुर्यात् कौन्तेय पुरतो युद्धे पत्तिचतुष्टयम् ।
कोणे नौका द्वितीयेऽश्वः तृतीये च गजो वसेत् ॥ ४ ॥

तुरीये च वसेद्राजा वटिकाः पुरतः स्थिताः ।
पञ्चकेन वटी राजा चतुष्केणैव कुञ्जरः ॥ ५ ॥

त्रिकेणैव चलत्यश्वः पार्थ नौका द्वयेन तु ।
कोष्ठमेकं विलङ्घ्याथ सर्वतो याति भूपतिः ॥ ६ ॥

अग्र एव वटी याति बलं हन्त्यग्रकोणगम् ।
यथेष्टं कुञ्जरो याति चतुर्दिक्षु महीपते ॥ ७ ॥

तिर्यक् तुरङ्गमो याति लङ्घयित्वा त्रिकोष्ठकम् ।
कोणकोष्ठद्वयं लङ्घ्य व्रजेन्नौका युधिष्ठिर ॥ ८ ॥

सिंहासनं चतुराजी नृपाकृष्टं च षट्पदम् ।
काककाष्ठं बृहन्नौका नौकाकृष्टप्रकारकम् ॥ ९ ॥

घाताघाते वटी नौका बलं हन्ति युधिष्ठिर ।
राजा गजो हयश्चापि त्यक्त्वा घातं निहन्ति वै ॥ १० ॥

अत्यन्तं स्वबलं रक्षेत् स्वराजबलमुत्तमम् ।
अल्पस्य रक्षया पार्थ हन्तव्यं बलमुत्तमम् ॥ ११ ॥

नौकायाः चत्वारि पदानि, अश्वस्य अष्टौ पदानि इत्याधिक्यमश्वस्य ॥

मतङ्गजस्य गर्वेण राजा क्रीडति निर्भरम् ।
तस्मात् सर्वबलं दत्त्वा रक्ष कौन्तेय कुञ्जरम् ॥ १२ ॥

सिंहासनं चतूराजी यदवस्थानतो भवेत् ।
सर्वसैन्यैर्गजैर्वापि रक्षितव्यो महीपतिः ॥ १३ ॥

अन्यद्राजपदं राजा यदा यातो युधिष्ठिर ।
तदा सिंहासनं तस्य भण्यते नृपसत्तम ॥ १४ ॥

राजा च नृपतिं हत्वा कुर्यात् सिंहासनं तदा ।
द्विगुणं वाहयेत् पण्यमन्यथैकगुणं भवेत् ॥ १५ ॥

द्विगुणं पण्यं दातव्यत्वेन प्रापयेत् ।

मित्रसिंहासनं पार्थ यदारोहति भूपतिः ।
तदा सिंहासनं नाम सर्वं नयति तद्बलम् ॥ १६ ॥

यदा सिंहासनं कर्तुं राजा षष्ठपदाश्रितः ।
तदा घातेऽपि हन्तव्यो बलेनापि सुरक्षितः ॥ १७ ॥

विद्यमाने नृपे यश्च स्वकीये च नृपत्रयम् ।
प्राप्नोति तु यदा तस्य चतूराजी तदा भवेत् ॥ १८ ॥

नृपेणैव नृपं हत्वा चतुराजी यदा भवेत् ।
द्विगुणं वाहयेत्पण्यमन्यथैकगुणं भवेत् ॥ १९ ॥

स्वपदस्थं यदा राजा राजानं हन्ति पार्थिव ।
चतुरङ्गे तदा भूप वाहयेच्च चतुर्गुणम् ॥ २० ॥

यदा सिंहासने काले चतूराजी समुत्थिता ।
चतूराजी भवत्येव न तु सिंहासनं नृप ॥ २१ ॥

अत्रेदं बीजम्—उभयथा जयेऽपि परसिंहासनाधिकारात् परराजवधे शौर्याधिक्यनिष्कण्टकत्व-दर्शनात् क्रीडायामपि तथा कल्प्यते ॥

राजद्वयं यदा हस्ते आत्मनो राज्ञि संस्थिते ।
परेण संहृतश्चैको बलेनाप्यपहार्यते ॥ २२ ॥

राजद्वयं यदा हस्ते न स्यादन्यकरे परः ।
तदा राजा हि राजानं घातेऽपि तं हनिष्यति ॥ २३ ॥

नृपाकृष्टो यदा राजा गमिष्यति युधिष्ठिर ।
घाताघातेऽपि हन्तव्यो राजा तत्र न रक्षकः ॥ २४ ॥

कोणं राजपदं त्यक्त्वा वटिकान्तं यदा व्रजेत् ।
वटी च षट्पदं नाम तदा कोष्ठबलं नयेत् ॥ २५ ॥

यदा तस्य भवेत् पार्थ चतूराजी च षट्पदम् ।
तदापि च चतूराजी भवत्येव न संशयः ॥ २६ ॥

पदातेः षट्पदे विद्धे राज्ञा वा हस्तिना तथा ।
षट्पदं न भवेत्तस्य अवश्यं शृणु पार्थिव ॥ २७ ॥

सप्तमे कोष्ठके यत्स्यात् वटिका दशमेन वै ।
तदान्योन्यञ्च हन्तव्यं सुखाय दुर्बलं बलम् ॥ २८ ॥

त्रिवटीकस्य कौन्तेय पुरुषस्य कदाचन ।
षट्पदं न भवत्येव इति गौतमभाषितम् ॥ २९ ॥

नौकेका वटिका यस्य विद्यते खेलने यदि ।
गाढावटीति विख्याता पदं तस्य न दुष्यति ॥ ३० ॥

पदं राजपदं कोणपदं च ।

हस्ते रङ्गे बलं नास्ति काककाष्ठं तदा भवेत् ।
वदन्ति राक्षसाः सर्वे तस्य न स्तः जयाजयौ ॥ ३१ ॥

प्रोत्थिते पञ्चमे राज्ञि मृते वट्यां च षट्पदे ।
अशौचं स्यात्तदा हन्ति चलित्वा चालितं बलम् ॥ ३२ ॥

द्विरावृत्यागते तस्मात् हन्यात् परबलं जयी ।
पार्थ सिंहासने काले काककाष्ठं यदा भवेत् ॥ ३३ ॥

सिंहासनं भवत्येव काककाष्ठं न भण्यते ।
उपरिष्टं च यत्स्थानं तस्योपरि चतुष्टये ॥ ३४ ॥

नौकाचतुष्टयं यत्र क्रियते तस्य नौकया ।
नौकाचतुष्टयं तस्य बृहन्नौकेति भण्यते ॥ ३५ ॥

न कुर्यादेकदा राजन् गजस्याभिमुखं गजम् ।
यदि कुर्वीत धर्मज्ञः पापग्रस्तो भविष्यति ॥ ३६ ॥

स्थानाभावे यदा पार्थ हस्तिनं हस्तिसम्मुखम् ।
करिष्यति तदा राजन् इति गोतमभाषितम् ॥ ३७ ॥

प्राप्ते गजद्वये राजन् हन्तव्यो वामतो गजः ॥

॥ इति चतुरङ्गक्रीडनम् ॥

श्री:

।। बालकहितबुद्धिबलक्रीडनम्, भामिनीटीकासमुपेतम् ।।

श्रीगणेशाय नमः । श्रीसरस्वत्यै नमः ।

१ लक्ष्मीशं प्रणिपत्य बालकहिता बुद्धिबलक्रीडन-
व्याख्येयं तनुते, लघुः क्षितिभृतोः सैन्यं द्वयोर्यत्समम् ।
अष्टघ्नाष्टसुकोष्टके शुभपटे स्थाप्यं तदित्थं गजा
अश्वोष्ट्रक्ष्मापतिमन्त्रिकोष्ट्रतुरगस्तम्भेरमा धूश्वराः ॥ १ ॥

अथ भामिनीटीका

सलक्ष्मणाग्रेसरमीननायकं यशोदयाराजितविग्रहं सदा ।
सुपाणिगोवर्धनभूपपावनं सुयादवं वा प्रणमामि राघवम् ॥ १ ॥

बालप्रज्ञाबु(वृ)द्धिकरे टीकां बुद्धिबलाष्टके ।
स्पष्टार्थहेतवे कुर्वे नामधेयेन भामिनी(नीम्) ॥ २ ॥

तत्र चिकीर्षितग्रन्थसमाप्त्यर्थं कृतं मङ्गलं शिष्यशिक्षायै निबध्नन्नाह ।

लक्ष्मीशमिति । लक्ष्मी शब्दो मङ्गलार्थः, "आशीर्नमस्क्रिया वस्तुनिर्देशो वाऽपि तन्मुखम्" इत्युक्तत्वात् । लक्ष्मीशं श्रीपतिम् । प्रणिपत्य नमस्कृत्य । इदं द्वितीयमपि मङ्गलम् ।

स्वग्रन्थप्रयोजनमाह । बालकेति । बालकेभ्यो हिता, 'चतुर्थी तदर्थे' त्यादिना समासः । बुद्धेर्बलं येन तत् बुद्धिबलम् । 'अन्येभ्योऽपि दृश्यते' इति पूर्वपदस्य दीर्घः । तस्य यत्क्रीडनं तस्य व्याख्या व्यवस्था क्रियते ।

ननु, लक्ष्मणादीनां ग्रन्थैरवगतार्थत्वादयं किमित्याह । लघुरिति । एतेन तेषां ग्रन्था गुरुतरा इति हेतोः नानादरणीया इति सूचितम् ।

खेलनविषयमाह । क्षितिभृतोः अधिपयोः समं सैन्यं यत् दार्वादिविशेषाणां तत्, तद्-व्यक्तयः कर्तव्याः । तासां प्रत्येकम् अधिपादि संज्ञा । तत्र सैन्यसाङ्कर्यनिवृत्त्यर्थं वर्णद्वयमपि । यथा कश्चन समुदायः ताम्रः कश्चन पीत इति ।

अथ खेलनाङ्गणमाह । अष्टेति । अष्टगुणिता अष्टौ च ते कोष्टकाः सन्ति यस्मिन् चतुःषष्टिकोष्टकवति पटे इत्यर्थः । उक्तं च **लक्ष्मणेन**–"पङ्क्तयोऽष्टावष्टकोष्टा पटे यस्य प्रकीर्तिताः" इति । तस्यायं भावः—प्रतिपङ्क्तौ (ङ्क्ति) अष्टा कोष्टकाः एतादृश्यः पङ्क्तयोऽपि अष्टाविति चतुःषष्टिकोष्टका इति भावः ।

सैन्यमित्यस्य स्थाप्यमित्यत्रान्वयः । ननु तत्कथं स्थाप्यम् । सैन्यं च कतिचन लोके प्रसिद्धम् । यत् गजादिविशिष्टं तदेवेति वाच्यम् । कोष्टकाः प्रतिपङ्क्तौ (ङ्क्ति) अष्टौ । तत्र कदाचिद्दश पदातयोऽपि स्युः । ततो व्यवस्था न स्यात् । नव (ननु) चतुःषष्टिकोष्टकविशिष्टः पटः ।

तत्र दशानां समावेशः स्यादेवेति वाच्यम् । शतपदातीनामपि प्रसङ्गात् ततो गजादिसमावेशो न स्यात् । अतः सैन्यपरिगणनं तद्व्यवस्थां च आह ।–क्ष्मापतिः राजा, मन्त्री प्रधानः, स्तम्भेरमो हस्ती, धुरि अग्रभागे चराः पदातयः येषां ते धूश्चराः । गुडादेः परात्सप्तमीति ज्ञापकाद्यधि-करणबहुव्रीहिः । उभयोरपि सैन्ययोरियमेव व्यवस्थेति भावः । उक्तं च ।

राजा मन्त्री उष्ट्रयुग्मं द्वौ गजौ घोटकद्वयम् ।
पदातयोऽष्टावित्येकं सैन्यमेवं द्वितीयकम् ॥ इति.

२ पङ्क्त्यारम्भककोष्टकेषु च परेष्वेवं स्थिते सेवकः
त्वेकं कोष्टकमेव गच्छति सकृन्मन्त्रीश्वरेभाग्रिमाः ।
मन्त्र्यादावपचालिते द्वयमसौ तिर्यग्बले घातने
उष्ट्रोऽयं कुटिलं, गजस्तु सरलं, सार्द्धद्वयं घोटकः ॥ २ ॥

ननु गजादयो मध्यमकोष्टे स्थाप्या वा आदिकोष्टे इति सन्देहे आह ।–पङ्क्त्यारम्भेति । प्रथमकोष्टकेष्वेवं नागादिसमाकुलेष्वित्यर्थः ।

अथ युद्धमारम्भणीयम् ।–तत्र कैश्चित् एकः पक्षो ग्राह्यः । कैश्चित्परः । तत्र द्वयोरपि लेखनपरिभाषा एकैव । अतः तत्र ज्ञानार्थं हस्त्यादीनां गतिमाह–सेवक इति । सकृदिति । अग्रे एव पदातिः गच्छति, न तु पु(प)रस्तात्, अन्ये तु गच्छन्ति, आगच्छन्ति । उक्तं च ।

"पदातयोऽप्येककोष्टं गच्छन्त्येव तु सन्मुखम् ।" इति । अपचालित इति । उक्तं च ।

हस्तिराजप्रधानानां अग्रिमा ये पदातयः ।
पदद्वयं हि गच्छन्ति सकृदेव न संशयः ।
हस्तिप्रधानौ जीवन्तौ वर्तेते यदि पृष्ठतः ॥

एतद्वाक्येऽपि जीवन्ताविति उक्तं तदचालितलक्षकं न चात्र हस्तिप्रधानयोरेवोक्तत्वात् । अयं नियमो राजाग्रिमपदातौ न स्यादिति चेन्न । नृपस्यामृतित्वात् । तद्वाक्ये जीवन्ताविति पदात् किञ्च साहचर्यात् यथा तृतीयस्यापीत्यदोषः । तिर्यगिति लक्ष्मणोऽप्याह ।

पत्तीनां तु बलं प्रोक्तं वक्रमग्रिमकोष्टके ।
पत्तीनां हनने वक्रा गतिर्नित्यं निगद्यते ॥ १ ॥

उष्ट्रोऽयमित्यादि । आह च ।

हस्ती तु सन्मुखं याति हयः सार्धपदद्वयम् ।
उष्ट्रो वक्रं सदा याति मन्त्री उष्ट्रेभवत् सदा ॥ २ ॥ इति.

३ मन्त्र्युष्ट्रेभवदेककोष्टमधिपः तद्वन्न यावत्परैः
नागाद्यैरभिवेधितस्तुरगवत्तावत्सकृत्स प्रभुः ।
म्रीयन्ते नृपतीतरे युधिचराः सर्वे प्रधानादयः,
किं च घ्नन्ति परं बलेन सहितं पृथ्वीपतिर्निर्बलम् ॥ ३ ॥

मन्त्र्युष्ट्रेति । प्रधानः सरलं वक्रं च गच्छतीत्यर्थः । तद्वदिति । प्रधानवदित्यर्थः । तुरगवदिति । **उक्तं च** ।

सकृत् अविद्धो राजा स एव हयवद्गच्छतीति । तच्चिन्त्यम् । मानाभावात् । किञ्च, अचालितस्यैव यत्र प्रथमं हयवेधः तत्र राज्ञा हननं स्यात् उत न स्यात् । न आद्यः । विद्धत्वाद-धिपस्य । न अन्त्यः । अचालितत्वात् हयवद् गमनाधिकारात् । किं च राज्ञां बलनिमानं युद्धेन विना वक्तुमशक्यम् । प्रकृते च युद्धप्रसङ्गः । वेध एव तस्मिन् युद्धे सति हयवद्गमनाधिकारो नास्ति । बलनिमानात् । अविद्धे तु चालितेऽपि बलनिमानाभावात् अधिकारोऽस्त्येव ।

ननु प्रथममाप्तहयवेधे तद्धननमेव स्यात् बलनिमानादधिकारोऽस्त्येवेति [न ?] वाच्यम् । योऽयमाश्रित्य जायते स न तद्विघातः उपजीव्यविरोधात् इति न्यायात् इति दिक् ।

अथ अपचालितः प्रधानोऽपि सकृत् अश्ववत् याति इति केचित् । नेदं सिद्धान्तसम्मतम् । लक्ष्मणादिभिरनुक्तत्वात् इत्यवधेयम् ।

म्रीयन्त इति । नागाद्यैरिति शेषः । नृपेति–अत एव तस्यैव ग्रहाभावे अन्यकूर्दनासम्भवे खेलनसमाप्तिः इति भावः ।

सहितमिति । यदि तु निर्बलस्यैव सर्वत्र हननं तर्हि राजवदिति बोध्यम् । वस्तुतस्तु, निर्बलपक्षो न सिद्धान्तसम्मतः । तथा हि–शूराः शूरैः यत्र हन्यन्ते तत्रैव सङ्ग्रामव्यवहारः । तत्र निर्बलस्यैव नियमे दोषः । 'निर्बलं के नाम न हन्ति' इति न्यायात् । तथा च तस्यैव हनने शूरामा (?) न स्यात् । अतः सपक्षो दुर्बल इति तत्पक्षेऽपि अयं विशेषः । एकस्यापि द्वयोरपि बलं वेधमध्यपतिते तु नास्ति ।

अथ एवं गतिहननं चोक्त्वा लोके पुनरधिकसैन्यागमनदर्शनात् अत्रापि अधिकसेनागमन-मस्ति इति ध्वनय[न्] मृतस्य पुनरुज्जीवनमाह ।

४ नागादीन् गतमारुतान् सहचरास्तत्तत्तदग्रेसरा,
शत्रोः कोष्टमवेधितं परिगता उज्जीवयन्त्येव तम् ।
निर्वर्त्य स्वयमीश्वरस्य सचिवौ कोष्ठे तथा मन्त्रिणः
चोड्डाणं कुरुतेऽश्व आहुरपरे तिष्ठत्यसौ वेधितः ॥ ४ ॥

नागादीनिति । अवेधित इति । वेधिते तु कश्चन मद्घातको भविष्यति इति शङ्कया न भवतीति भावः । तथा च ।—यदि कश्चनार्थः साधयति तदा भविष्यत्येव । निर्वर्त्य स्वयमिति । स पदातिरेव तद्रूपो भवतीति केषाञ्चिन्मतम् । ननु अधिपकोष्ठे को नाम स्यादित्याशङ्क्याह । ईश्वरस्येति । ननु एवं मन्त्रिणः कोष्ठे कः स्यादत आह । मन्त्रिण इति । ननु राजकोष्ठे मन्त्रिणि जाते पुनः मन्त्रिकोष्ठे पदातिगमने कः स्यादत इति चेत् । अत्र केचित् । मन्त्रिणि जीवति सति तत्स्थाने हस्तिना भवितव्यमित्याहुः । तेषामयमाशयः । यथायोग्यमधिकारः, तत्र तत्र मन्त्री श्रेष्ठः । तदपेक्षया हस्ती किञ्चिन्न्यूनः । स एव भविष्यति न तु उष्ट्राश्वौ, योग्यताविरहादिति ।

अत्रेदमवधेयम् । यदि सर्वेऽपि जीवन्ति, एवं सति तत्कोष्ठे पदातिर्गतश्चेत्तदा गर्भवत्तथैव तावत्तिष्ठति यावत् तत्स्थानगतस्य मृतिर्भवेत् । तत्स्थानगे मृते पुनः स तत्कोष्ठे पुनरुज्जीवति इति । एतेन मन्त्रिणि जीवतीत्यादि प्रागुक्तमतं परास्तम् । तद्रीत्या गजयोः जीवतोः सतोः तत्कोष्ठे हयस्यापि सम्भवात्, हयस्थाने उष्ट्रस्यापि सम्भवात् इति दिक् ।

उड्डाणमिति । उक्तं च—"उत्पन्नस्तत्क्षणादश्वः स्वगत्योड्डीय गच्छति ।" ननु, एवं वेधितेऽपि मद्घातो भविष्यतीति शङ्का न स्यात् । भूतमात्रस्योड्डाणात् । तथा च—वेधेऽपि स स्यादतः सिद्धान्तमाह ।+

आहुरिति । अपर इति । सिद्धान्तिन इत्यर्थः । तिष्ठतीति । एतेन विद्धे अश्वो (श्वे)ऽपि न भवतीत्यपास्तम् ॥

५ पृथ्वीपालकवेधमध्यपतिते नान्यत्र तद्वेधनं,
राज्ञः स्यादथ केचिदाहुरपि तद्वेधस्तु भूयादिति ।
उष्ट्रे कोष्ठगते भवेन्न च परः तत्कोष्टगश्चोष्ट्रको–
ऽन्ये तु स्युर्गतकोष्टकेन नश्यतौ(?) भूतास्तु सा मृत्तिका ॥ ५ ॥

अथ वेधप्रसङ्गात् सत्यपि वेधे केषाञ्चित् वेधाभाव इत्याह ।

पृथ्वीति । नान्यत्रेति । सर्वैः नृपः संरक्षणीयः । एवं च अपरं प्राप्तमपि लाभं विहाय नृपसंरक्षणार्थे स(?) तिष्ठत्येव । अन्यथा अन्यत्र लाभाय तस्मिन् गते अत्र राज्ञो मृतिः स्यादिति । अयं भावः । तद्वेधिते कोष्ठे अन्यराजे प्राप्ते तद्धननेन स्वराजविजयो भवतीति । न च एवं स्वराजमृतिरपि प्राप्नोति सममेवेति वाच्यम् । आदौ परराजनाशे तत्पक्षपातिनाशोक्तत्वात् । अनाथत्वादिति दिक् ।

केचिदिति । अपसिद्धान्तिन इत्यर्थः । तद्वेधः । राजमध्यपतितस्य वेध इत्यर्थः । इतीति । अत्र यदरुचिबीजं तत्प्रागेवोपपादितम् । तत्कोष्ठग इति । सर्वेषां गजादीनां चतुःषष्ठिकोष्ठगमनं सम्भवति । उष्ट्रयोस्तु द्वयोः मिलित्वा चतुःषष्ठिकोष्ठसम्भवः । एवं च यदि द्वयोः मिलित्वाऽपि द्वात्रिंशत्कोष्ठेष्वेव गमनं तर्हि अन्यस्याप्रयोजकत्वं स्पष्टमेवेति बीजादिति भावः ।

खेलनसमाप्तिमाह । गतकोष्ठ इति ।

६ राज्ञोऽन्त्यं यदि वेधनं प्रकृतिजं नागाभिभूतं यदि,
तत्तत्पूर्वकनामधेयरचिता सा सा भवेत् मृत्तिका ।
× × × × × × ×
शास्त्रज्ञैरियमुत्तरत्र गदिता पुंसां प्रतिष्ठाकारी (री) ॥ ६ ॥

+ [हस्तलिखिते 'वेधेतेपिसस्यादतः' इति विद्यते । जनोऽयं तु मन्यते यत् वेधितेऽपि स स्यादतः इत्येव भाव्यम् । विदुषामभिप्रायाः प्रार्थ्यन्ते मया ।]

× अत्र त्रुटिता पङ्क्तिः । अतोऽस्मिन् षष्ठे श्लोके पङ्क्तित्रयमेव वर्तते ।

यत्तत् वेधे कोष्टाभावः तत्र नामान्तराण्याह । राज्ञोऽन्त्यमित्यादि । तत्पूर्वेति । यथा मन्त्रिणोऽन्त्यवेधे मन्त्रिमृतिकेयमित्यादि । अथ सामान्यपराक्रमादि भेदमाह । शास्त्रज्ञैरित्यादि ॥

७ यत्रेभोष्ट्रतुरङ्गमन्त्रिण इमे सर्वेऽपि नाशं गताः
स प्रोक्तः खलु बिन्दुकः सम इति प्राप्ता द्वयोश्चेत्तथा ।
एतावुत्तरती(?) लघुप्रतिकरो न्यूनौ च यौ पूर्वतः,
सा क्रीडा न हि केवलैश्च पदगैः पृथ्वीपतिभ्यां कृता ॥ ७ ॥

यत्रेति । कूर्दने इत्यर्थः । पूर्वत इति । मन्त्रिमृत्तिकादिभ्य इत्यर्थः ।

ननु यत्र अन्त्यस्थितस्य हनने वेधः पतति, कोष्ठान्तरं च नास्ति तत्र तत्र किं नाम इति चेत् ग्रहाण(?) मृतमृत्तिकेति, सा क्रीडेति, इह शास्त्रे इति भावः ।

॥ इति बलशास्त्रं बुद्धिबलसप्तकं समाप्तम् ॥

માખેલની સૂર્યપ્રતિમા

દિનકર મહેતા*

ભારતના પ્રાચીનતમ દેવોમાંના એક દેવ સૂર્ય છે, અને તેની પૂજાનું પગેરું છેક વૈદિકકાળ સુધી જાય છે. વેદોમાં ઋગ્વેદ પ્રાચીન છે. તેમાં સૂર્યની ઉપાસના માટે દસ સૂક્તોની રચના કરવામાં આવી છે. આ સૂક્તો મુખ્યત્વે સ્તુતિરૂપે છે. સૂક્તોમાં જણાવ્યા મુજબ સૂર્ય જગતનો સર્જક, રક્ષક, આત્મા, પાપપુણ્યનો દૃષ્ટા, સોનેરી આંખોવાળો, સોનાનો જીભવાળો છે.[1] વેદો પછીના સાહિત્ય બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો અને ગૃહ્યસૂત્રોમાં પણ સૂર્યપૂજાનાં સ્તોત્ર અને વિધિ જોવા મળે છે.[2] પૌરાણિક પરંપરા અનુસાર સૂર્ય–સવિતા તે કશ્યપ અને અદિતિનો પુત્ર છે.[3] ઉત્તરકાલમાં સૂર્યઉપાસનાનું મહત્ત્વ વધતાં સૌર–સંપ્રદાય પ્રવર્ત્યો.[4] આ સંપ્રદાયનો આધાર શ્રુતિને ગણવામાં આવેલ છે.[5] વેદકાલ તથા વેદોત્તરકાળમાં સર્વદેવોની ઉપાસના સ્તુતિ, સ્તોત્રો અને મંત્રોદ્વારા થતી. સૂર્યની ઉપાસના પણ તે જ રીતે થતી. પરંતુ બૌદ્ધ ધર્મમાં શરુઆતમાં બુદ્ધનાં ચિહ્નો (Symbols)ની અને પાછળથી બુદ્ધપ્રતિમાની પૂજા શરુ થઈ તેમ હિંદુધર્મના દેવતાઓને કુદરતી સ્વરૂપમાંથી મૂર્તરૂપ મળવું શરુ થયું. હવે પૂજા માટે સ્તુતિ સાથેસાથે મૂર્તિઓ પણ બનવા લાગી. અને ક્રમશ : મૂર્તિપૂજા અસ્તિત્વમાં આવી. મૂર્તિપૂજાનો વ્યાપક પ્રચાર–શૃંગકાલ (ઈ. સ. પૂર્વે ૨જી સદી)થી થયો હોય તેમ જણાય છે. અન્ય દેવોની જેમ સૂર્યનું પણ સ્વરૂપ નક્કી થયું અને તેની પ્રતિમાનું પૂજન પણ શરુ થયું. સૂર્યની પ્રાચીનતમ પ્રતિમાનું અંકન બુદ્ધગયાની એક વેદિકાસ્તંભ પર થયેલું છે. (ઈ. સ. પૂર્વે ૨જી સદી).[6] સૂર્યપૂજાના પ્રસાર અને વિકાસને કારણે અન્ય દેવોની જેમ સૂર્યને પણ મૂર્તિશાસ્ત્રમાં સ્થાન મળ્યું. રૂપાવતારમાં સૂર્ય એટલે કે આદિત્ય, ધાતા, મિત્ર, અર્યમા, રુદ્ર, વરુણ, સૂર્ય, ભગ, વિવસ્વાન, પૂષન્ સવિતૃ, ત્વષ્ટા અને વિષ્ણુ એમ બાર નામ આપેલાં છે. દીપાર્ણવમાં એક નામનો વધારો કરી તેર નામ આપી તેનાં વિધાન અને વર્ણન પણ આપેલાં છે.[7]

'સ્વાધ્યાય', પુ. ૨૨, અંક ૩, અક્ષયતૃતીયા અંક, એપ્રિલ '૮૫, પૃ. ૨૯૫–૨૯૮.

* બેંકર્સ કોલોની, ભુજ (કચ્છ).

૧ દવે ક. ભા. "ગુજરાતનું મૂર્તિવિધાન", ગુજરાત વિદ્યાસભા, ૧૯૬૩, પૃ. ૩૮૬.

૨ પ્રો. પરીખ (ડૉ.) પ્રવીણચંદ્ર, "તલસ્પર્શ", ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૮૪, પૃ. ૭૨.

૩ હજરનીસ રવિ "સ્વાધ્યાય", પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા. પુસ્તક–૨૧, અંક–૨, વિ. સં. ૨૦૪૩, પાદટીપ, ૨ અને ૭, પૃ. ૧૯૫.

૪ પ્રો. પરીખ (ડૉ.) પ્રવીણચંદ્ર, ઉપર્યુક્ત.

૫ દવે ક. ભા., ઉપર્યુક્ત.

૬ પ્રો. પરીખ (ડૉ.) પ્રવીણચંદ્ર, ઉપર્યુક્ત.

૭ સોમપુરા પ્રભાશંકર ઓઘડભાઈ, "દીપાર્ણવ", ૧૯૬૦, પૃ. ૩૪૮.

ગુજરાત-સૌરાષ્ટ્રમાં સૂર્યપૂજા અને સૂર્યમંદિર વિશે ઠીકઠીક સંશોધન થયું છે. આ અંગેની મહત્ત્વની પણ સંક્ષિપ્ત નોંધ 'સ્વાધ્યાય'માં આપેલી છે.[૮] તેમાં હજુ પણ થોડો ઉમેરો થઈ શકે તેમ છે. જૂનાગઢ મ્યુઝિયમમાં સંગૃહિત સૂર્યપ્રતિમાઓ,[૯] 'ગુજરાતની વિરલ સૂર્યપ્રતિમાઓ[૧૦] તથા શ્રી હરિલાલ ગોદાનીએ પ્રકાશમાં આણેલ સૂર્યપ્રતિમા અંગેનાં સંશોધનો પણ મહત્ત્વનાં પ્રદાન છે.[૧૧]

ગુજરાતમાં, સૂર્યપૂજા પ્રાચીનકાળથી ચાલી આવે છે તેના પુરાતાત્ત્વિક અને ઐતિહાસિક પુરાવા આપણને મળે છે.' સૂર્યનું સૌથી પ્રાચીન શિલ્પ કચ્છના દોલતપર ગામમાંથી મળેલ છે. આ શિલ્પ આખું નહિ પણ ફક્ત સૂર્યનું મસ્તક જ છે. તેની શિલ્પશૈલીના આધારે ડૉ. ઉમાકાન્ત શાહ તેને ઈ. સ.ના ત્રીજા-ચોથા સૈકામાં મૂકે છે[૧૨] ક્ષત્રપકાળનું અમૂલ્ય મસ્તક શિલ્પ સૂર્યનું હોવા માટે પ્રતિમાના કાનમાં રહેલા રથચક્રનું અલંકરણ કારણભૂત માનવામાં આવે છે.[૧૩] મૈત્રક રાજાઓ શૈવધર્મી હતા. પણ ધ્રુવસેન પહેલાનો ભાઈ ધરપટ્ટ ચુસ્ત આદિત્યભક્ત હતો.[૧૪] કદવારના વરાહમંદિરના ગર્ભગૃહના પ્રવેશદ્વારના લલાટબિંબના શિલ્પ-પટ્ટમાં સૂર્યનું શિલ્પ છે. આ મંદિર મૈત્રકસમયનું ગણવામાં આવે છે. મૈત્રકો પછી તો ગુજરાતમાં અનેક સૂર્યમંદિરો બંધાવ્યાં છે, અને અનેક સુંદર સૂર્યપ્રતિમાઓ ઘડાઈ છે.

તાજેતરના સર્વેક્ષણ દરમ્યાન રાપર તાલુકાના માખેલ ગામેથી જે સૂર્યપ્રતિમા પ્રાપ્ત થઈ છે તેની એક સામાન્ય નોંધ શ્રી કંચનપ્રસાદ છાયાએ કરી છે[૧૫] પણ તેનો વિગતે પરિચય અભિપ્રેત હોઈ અહીં આપવામાં આવે છે.

સૂર્યના પ્રતિમાવિધાન માટે રૂપમંડન, મત્સ્યપુરાણ, બૃહત્સંહિતા, અભિલષિતાર્થ-ચિંતામણિ, અગ્નિપુરાણ, અંશુમભેદાગમ, પદ્મપુરાણ, પૂર્વકારણાગમ, વિશ્વકર્માશાસ્ત્ર, શિલ્પરત્ન, શ્રીતત્ત્વનિધિ અને વિષ્ણુધર્મોત્તરમાં ભિન્ન વિગતો આપી છે.[૧૬] પરંતુ તેમાં કેટલાક ફેરફારો સિવાય તે અન્યોન્યને મળતા આવે છે. સામાન્ય રીતે સૂર્યપ્રતિમાઓ બે પ્રકારની જોવા મળે છે. (૧) ઊભી પ્રતિમા, (૨) બેઠી પ્રતિમા.

ગુજરાતમાં સ્વતંત્ર સૂર્યપ્રતિમાઓ મોટે ભાગે ઊભી જોવા મળે છે. તેનું મૂર્તિ-વિધાન આ રીતે થાય છે. કમળ ઉપર અથવા સાત ઘોડાના રથ પર આરૂઢ, બે હાથમાં

૮ હજરનીસ રવિ, ઉપર્યુક્ત.

૯ ધોળકિયા પુષ્પકાંત, 'પથિક', જુલાઈ-ઑગસ્ટ, ૧૯૭૪.

૧૦ પારેખ વ. સો., 'સ્વાધ્યાય', પુ. ૬, પૃ. ૨૩૫-૨૩૮.

૧૧ ગૌદાની હરિલાલ, 'પથિક', અંક-૧૨-૧ (વર્ષ ૧૯-૨૦), પૃ. ૩૬.

૧૨ શાહ, (ડૉ.) ઉમાકાન્ત, ગુજરાત રાજ્યનો સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૨, ૧૯૭૨, પૃ. ૩૯૨.

૧૩ જમીનદાર (ડૉ.) રસેશ, 'ક્ષત્રપકાળનું ગુજરાત', ગુજરાત વિદ્યાપીઠ, ૧૯૭૫, પૃ. ૨૧૧.

૧૪ દવે ક. ભા., ઉપર્યુક્ત, પૃ. ૩૮૭.

૧૫ છાયા કંચનપ્રસાદ, મ્યુઝિયમ બુલેટીન-વૉ. ૨૬, મ્યુઝિયમ ઍન્ડ પિક્ચર ગૅલેરી, વડોદરા, ગુજરાત સ્ટેટ, ૧૯૭૬-૭૭, પૃ. ૧૮૦.

૧૬ દવે ક. ભા., ઉપર્યુક્ત, પૃ. ૩૯૪.

કમળ, પગ વિનાનો સારથિ અરુણ, બંને પગ પાસે બે પુરુષો દંડ અને પિંગળ, તેની બાજુમાં તેમની બે પત્નીઓ, જમણી બાજુ નિક્ષુભા અથવા છાયા અને ડાબી બાજુ રાજ્ઞી કે પ્રભા અથવા સુવર્ચસા. સૂર્યના વેષપરિધાનમાં ઉદિચ્ય વેષ, છાતી પર બખ્તર, પગમાં હોલબુટ, વગેરે જોવા મળે છે.

કચ્છમાં સોલંકીસમય કે તે પહેલાં પણ સૂર્યોપાસના થતી હશે તેમ જણાય છે. દોલતપર ગામેથી મળેલું સૂર્યમુખ પ્રાચીનતમ શિલ્પ છે. તે ઈસુની ત્રીજી ચોથી સદીનું હોવાનું માનવામાં આવે છે.[૧૭] સૂર્યની ઉપાસના કાઠી લોકો સાથે સંકળાયેલી હોવાનું જણાય છે. કચ્છમાં ઠેર ઠેર પ્રાચીન વસાહતો બતાવવામાં આવે છે. પરંતુ કોટ્યાર્ક તથા કંથકોટનાં સૂર્યમંદિરો નિર્વિવાદ રીતે સૂર્યપૂજાની સાક્ષી પૂરે છે.

રાપર તાલુકાના માખેલ ગામેથી મળેલ પ્રતિમા ગામના પાદરમાં આવેલ એક મકાનમાં રાખવામાં આવી છે. ગામ લોકો તેને જુદાં જુદાં નામે ઓળખે છે, પણ હકીકતમાં તે એક સૂર્યપ્રતિમા છે. પ્રતિમાનું મૂળ સ્થાન અન્યત્ર હશે પણ તે મંદિર તૂટી જતાં અહીં લાવવામાં આવી હશે તેમ જણાય છે. મૂર્તિ ખંડિત છે. મસ્તક અલગ પડી ગયેલ છે પણ પાછળથી તેને ધડ પર ગોઠવવામાં આવેલ છે. છાતી પણ બે ભાગમાં તૂટી ગઈ છે. હાથ પણ ખંડિત છે પરંતુ થોડા સુધારા કરી ફરી જોડવામાં આવ્યા છે. પ્રતિમા આરસમાં બનાવેલી છે. શિલ્પાંકન સ્પષ્ટપણે વિદેશી અસર સૂચવે છે.

કમલપત્ર પર સમભંગમાં ઊભેલા ભાસ્કરના પાર્શ્વમાં ઊર્ધ્વપર્ણ અંકિત લંબગોળ પ્રભામંડળ મુખને અનેરો ઉઠાવ આપે છે. પ્રભામંડળમાં સૌ પ્રથમ સૂત્ર, પછી ઊર્ધ્વ પદ્મ, પુનઃ સૂત્ર અને મણિયુક્ત એકાવલી આ પ્રતિમાનાં ઉત્કૃષ્ટ અંગો છે. સૂર્યને માથે કરંડ મુકુટ છે અને તેમાં વિશેષ અલંકરણ જણાતું નથી. સામાન્ય રીતે આવો મુકુટ જોવામાં આવતો નથી. સૂર્યનું સમગ્ર સ્વરૂપ વીર યોદ્ધા જેવું જણાય છે અને તેથી તેનું મુખ પણ વીરતાથી દીપે છે. વિસ્ફારિત નેત્ર, ભયનો સંપૂર્ણ અભાવ, કૃતનિશ્ચયી મનોભાવ વગેરેથી ચહેરો ભર્યો ભર્યો લાગે છે. કર્ણમાં કુંડળ, ગ્રીવામાં હાર તથા ઉપગ્રીવા અને હિક્કાસૂત્ર શોભે છે. બંને ભુજામાં કેયૂર છે. કટિ નીચે ઊરુદામ તથા મુક્તાદામનું સુંદર અંકન થયેલું છે. પગમાં હોલબુટ છે જેમાં પણ સૂક્ષ્મ પણ અતિસુંદર રૂપાંકન જોવા મળે છે. હાથની કોણી પાસેથી શરુ થતી વનમાળા છે, જે હોલબુટના મધ્યભાગ સુધી આવે છે. વનમાલામાં પણ વચ્ચે સુંદર પુષ્પગુચ્છ મૂકેલો છે. પ્રતિમાનાં સુંદર અને કલાત્મક કહી શકાય તેવાં અંગોમાં ઊરુદામ અને મુક્તાદામમાં મોતીઓની સેરનું અંકન તથા પ્રભાવલિ કહી શકાય.

મૂર્તિ ચતુર્ભુજ હશે કે દ્વિભુજ તે ચોક્કસપણે કહી શકાતું નથી પરંતુ ખભા પાસે બે કમળ સિવાય અન્ય કોઈ આયુધ કે ઉપકરણ જણાતાં નથી તેથી પ્રતિમા દ્વિભુજ હશે તેમ અનુમાન થઈ શકે. બન્ને હાથમાં પૂર્ણવિકસિત કમળ પરથી સૂર્યનું આ મિત્રસ્વરૂપ હોઈ શકે. સાથે ઈરાનથી ભારતમાં આવેલ અને શાકદ્વીપ (મગ) બ્રાહ્મણોએ જેનો સૂર્યપ્રતિમામાં

---

૧૭ શાહ (ડૉ.) ઉમાકાન્ત, ઉપર્યુક્ત.

વ્યાપક ઉપયોગ કરેલ તે ઉદિચ્ય વેશ આ પ્રતિમામાં પણ જોવા મળે છે. ડાબા ખભા પાસે વાળેલી ગાંઠ અને લટકતી દોરીથી કૃત્તિવાસ સ્પષ્ટ થાય છે. સૂર્યના ખભા પાસે અશ્વમુખ અશ્વિનીકુમારો છે.[૧૮] અશ્વિનીકુમારો અર્ધપર્યંકાસનમાં બિરાજે છે તથા તેમણે પણ મુકુટ ધારણ કરેલા છે. સૂર્યના પગ પાસે એમની પત્નીઓ નિક્ષુભા અને રાજ્ઞી છે. દ્વિભંગમાં આલેખાયેલી બંને પ્રતિમાઓનાં મુખ ખંડિત છે તો પણ તેમના જટામુકુટ સ્પષ્ટ જોઈ શકાય છે. બંને પ્રતિમાઓને પણ પાર્શ્વભૂ આપવામાં આવી છે, જો કે આ સપાટી અલંકારહીન છે. બંને દેવીઓના સૂર્યના પગ તરફના હાથમાં શું છે તે સ્પષ્ટ થતું નથી. પરંતુ તે વિકસિત કમળ હોવાની સંભાવના છે. બીજો હાથ ઊરુસ્પર્શ કરે છે. બંને દેવીઓને કુંડળ, હાર, બાજુબંધ તથા કટકવલયથી આભૂષિત કરેલ છે. દેવીઓની પ્રતિમાથી નાના કદની બંને બાજુ એક એમ પ્રતિહારની પ્રતિમા કંડારેલી છે. જમણી બાજુ પિંગળ અને ડાબી બાજુ દંડ છે. બંને પ્રતિમાઓ ખંડિત છે જેથી તેમનાં આયુધો જોઈ શકાતાં નથી.

પ્રતિમાના સમગ્ર નિરીક્ષણ પરથી જોઈ શકાય છે કે સૂર્યના દેહથી મુખ પ્રમાણમાં મોટું છે. અન્યથા વસ્ત્રાલંકાર અને ઘડતરની ચોક્કસાઈ નજરને જકડી રાખે છે. અલંકરણોની વિપુલતા તથા ઐશ્વર્ય છાપ ઊભી કરતી આરસની આ પ્રતિમા સોલંકીસમયના અંતભાગની કે તે પછીના થોડા સમયની હોય તેમ જણાય છે. એટલે કે ઈ. સ.ની ૧૩મી ૧૪મી સદીના શિલ્પનું આ સુંદર ઉદાહરણ છે અને આ નોંધથી ગુજરાતના શિલ્પધનમાં વૃદ્ધિ થાય છે.

---

૧૮ નોંધ: કચ્છ મ્યુઝિયમ, ભુજમાં સંગ્રહિત સૂર્યપ્રતિમામાં પણ આ પ્રકારે અશ્વમુખી અશ્વિનીકુમારો કંડારાયેલા છે.

ગ્રન્થાવલોકન

મીરાંનાં પદો : સંપાદક : કેશવરામ કા. શાસ્ત્રી, આદર્શ પ્રકાશન, અમદાવાદ—૩૮૦૦ ૦૦૧ ૧૯૮૪, પૃષ્ઠ ૧૦૦ ક્રાઉન, મૂલ્ય રૂ. ૧૨ = ૫૦.

આદર્શ પ્રકાશનની ' આદર્શ કાવ્યસંચય શ્રેણી 'નું આ બીજું પ્રકાશન છે. અહીં સંપાદિત મીરાંબાઈનાં ૨૩૬ ગુજરાતી પદો જોડે નામ જોડાયું છે મહામહિમોપાધ્યાય પ્રા. કે. કા. શાસ્ત્રીજીનું એટલે આ સંપાદનને દેખીતી મહત્તા મળી રહે છે. પણ આખું પુસ્તક અભ્યાસ-દૃષ્ટિએ જોઈએ તો આ સંપાદન અગાઉના મીરાંબાઈનાં પદોના સંગ્રહો કરતાં વિશેષ મહત્ત્વ ધરાવતું જણાતું નથી. અભ્યાસક્રમમાં ક્યાંક ' મીરાંનાં પદો ' સ્થાન પામ્યાં હોય અને તે કારણે ઝપાટાબંધ આ સંગ્રહ તૈયાર કરાવી પ્રકાશકે છપાવ્યો હોય એવી તત્કાળ છાપ પડે છે.

બ્રહ્મલીન સ્વામી આનંદસ્વરૂપ સંપાદિત ' મીરાં સુધાસિન્ધુ 'નો આધાર લઈને આ પુસ્તકમાં મીરાંબાઈનાં ગુજરાતી પદોનું નવેસરથી સંપાદન કરવામાં આવ્યું છે. મુ. શાસ્ત્રીજીએ ' મીરાં: હરિની લાડણી ' શીર્ષક હેઠળ મીરાંના જીવન અને કવનની અતિ સંક્ષિપ્ત ચર્ચા આરંભમાં કરી છે. સંપાદિત પદોને જુદાં જુદાં શીર્ષક હેઠળ વિભાજિત કરવામાં આવ્યાં છે: સ્વજીવન (પદ ૧–૫) પ્રેમાલાપ (પદ ૬–૨૨), નિશ્ચય (પદ ૨૩–૪૧), વિરહ (પદ ૪૨–૫૩), પ્રાર્થના–વિનય (પદ ૫૪–૭૧), દર્શનાનંદ (પદ ૭૨–૭૯), વ્રજભાવ (પદ ૮૦–૧૯૪), અભિલાષા (પદ ૧૯૫–૧૯૯), સદ્‌ગુરુમહિમા (પદ ૨૦૦), નામમાહાત્મ્ય (પદ ૨૦૧–૨૦૨), હોળી (પદ ૨૦૩–૪), જોગી (પદ ૨૦૫), મુરલી (પદ ૨૦૬–૨૧૮) અને સત્સંગ ઉપદેશ (પદ ૨૧૯–૨૩૬). છેડે ત્રણેક પાનામાં કેટલાક શબ્દાર્થ મળે છે.

ઈ. સ. ૧૯૬૨માં મેં ' મીરાંનાં પદો 'નું સંપાદન કર્યું હતું. આજે એ પુસ્તક અપ્રાપ્ય છે. એમાં ૨૫૨ મીરાંનાં ગુજરાતી પદ હતાં અને તે ઉપરાંત ૨૨ જેટલાં પાઠાંતરિત પદ હતાં. તે પછી ૧૦૩ રાજસ્થાની પદ (કેટલાંક પાઠાંતર સાથે) અને ૫૮ હિન્દી પદ ઉમેરી મીરાંવિષયક કેટલાક ચર્ચાસ્પદ મુદ્દા સ્પષ્ટ થાય એ રીતની યોજના કરી હતી. મીરાંબાઈના જન્મ અને જીવન સંબંધી જે ભિન્ન ભિન્ન માન્યતાઓ પ્રચલિત હતી તેની ચર્ચા મેં આરંભના મારા ' મીરાં અને એની કવિતા ' શીર્ષકવાળા લેખમાં કરી હતી. એ વખતે એ લેખ ઠીક ઠીક વખણાયો હતો.

ઈ. સ. ૧૯૬૯માં મેં ' મીરાંબાઈનાં વધુ ગુજરાતી પદો અને જીવનકવનવિષયક મહત્ત્વના લેખો 'નો સંગ્રહ બહાર પાડ્યો. તેમાં અગાઉના મારા સંપાદનમાં સમાવિષ્ટ નહીં એવાં ૧૦૮ પદો મેં લીધાં હતાં. એ ગ્રંથના બીજા ખંડમાં ' ગુજરાત સંશોધન મંડળ 'ના ત્રૈમાસિકના એપ્રિલ ૧૯૫૬ના અંકમાં છપાયેલ ડૉ. ગેત્સના ' મીરાંબાઈ ' શીર્ષકવાળા ઉત્તમ લેખનો

રસવાહી ગુજરાતી અનુવાદ રજૂ કર્યો હતો. ઐતિહાસિક વિગતોથી ભરપૂર એવા ડૉ. ગેત્સના આ લેખને જ આજે વિદ્વાનો મીરાંની બાબતમાં સૌથી વધુ આધારભૂત અને વિશ્વસનીય ગણે છે. તે ઉપરાંત પણ મીરાંના જીવન અને કવનને ચર્ચતા અને મૂલવતા કેટલાક અનૂદિત લેખો મારા આ બીજા સંપાદનમાં મૂક્યા છે.

મીરાંબાઈનાં જેટલાં ગુજરાતી પદો જ્યાંજ્યાંથી મળે ત્યાંત્યાંથી મેળવી ભેગાં કરી, તેમનું વ્યવસ્થિત વિભાજન કરી, તેમનો અભ્યાસ ચાલુ રાખતાં મને પચાસેક જેટલાં વધારાનાં ગુજરાતી પદ હસ્તપ્રતો આદિમાંથી મળ્યાં હતાં, આમ મીરાંબાઈને નામે પ્રચલિત ગુજરાતી પદોની સંખ્યા મને ૪૦૦ ઉપરની જણાઈ છે. આટલાં બધાં ગુજરાતી પદ મીરાંબાઈએ રચ્યાં હોવાની શકયતા નથી જ. રાજસ્થાનનિવાસી મીરાંબાઈની ભાષા તત્કાલીન રાજસ્થાની જ હોઈ શકે. તે જમાનામાં ઉત્તર ગુજરાતમાં પણ થોડો ભૂમિગતભેદવાળી રાજસ્થાની–મારુ ગુર્જર–બોલાતી હોય તો મીરાંનાં પદોનો વ્યાપ ગુજરાતમાં ઝડપી બને એ સમજી શકાય તેવું છે. વળી રાજખટપટનો ભોગ બનેલી મીરાં મેવાડ છોડી ગુજરાતમાં દ્વારકા ખાતે વસી એ હકીકત છે, એટલે ગુજરાતમાં રહીને મીરાંએ થોડાં પદ રચ્યાં હોય એમ બને જ. પણ તેની ભાષા ગુજરાતી નહિ, ગુજરાતીની અલ્પ છાંટવાળી કદાચ હોય. કાળક્રમે ભાષામાં પરિવર્તનો થતાં અને ભજનો સાર્વજનિક મૂડી હોવાથી મૌખિક પરંપરાએ મીરાંબાઈનાં પદ ગુજરાતમાં પ્રચલિત બનતાં પદોની મૂળ ભાષા બદલાતી જઈ તેને અર્વાચીન સ્વરૂપ પ્રાપ્ત થતું આવ્યું હોઈ શકે. આમ છતાં મીરાંરચિત પદોની સંખ્યા–ગુજરાતી પદોની સંખ્યા–પચાસેક જેટલી પણ હશે કે કેમ એવો પ્રશ્ન તો રહે જ છે.

મીરાંને નામે હાલ મળતાં કેટલાંક ગુજરાતી પદોના આધાર તરીકે મીરાંનાં પોતાનાં રચેલાં કોઈક કોઈક પદો હશે ખરાં. પણ ભક્તો ભજન ગાય ત્યારે એઓને પોતાની યાદદાસ્ત ઉપર જ આધાર રાખવો પડતો હોય છે. મોટા ભાગના ભક્તો તો પાછા નિરક્ષર. એટલે ગવાતા પદની કડી ભુલાઈ જાય ત્યારે તેમને મળતી બીજી કડીઓ જોડી કાઢી અથવા અન્ય ભક્તકવિઓના પદોમાંની પંક્તિઓને ઉપયોગમાં લઈ તેઓ પદ પૂરું કરે ત્યારે કાળાંતરે તેવું પદ નવા પદનું સ્થાન મેળવી લે છે. મીરાં કૃષ્ણભક્ત હતી અને સૂરદાસ જેવા અન્ય ભક્તકવિઓની–કબીર જેવાની પણ–કેટલીક પંક્તિઓ મીરાંનાં પદોમાં ભળી ગયેલી જણાય છે.

વળી સાંપ્રદાયિક આગ્રહવાળા કેટલાક ભક્તો, પ્રખ્યાત ભક્તકવિઓ પોતાના જ સંપ્રદાય સાથે સંકળાયેલા હતા એવું દર્શાવવા, મૂળ પદોમાં મનગમતા ફેરફારો કરી તેને ગાવા લાગે છે. ગુજરાતનાં લોકગીતો પણ હાલ મીરાંને નામે મળતાં પદોનો આધાર હોય એમ લાગે છે. એથી પણ આગળ વધીએ તો જણાય છે કે મીરાંબાઈનાં પદોમાં જે ભાવો અને ભાવનાઓ વ્યક્ત થયાં છે તેને જ સ્વરચિત પદાવલીમાં ગૂંથી છે કે 'મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર' લખી નાખનાર નરનારીઓ પણ આપણે ત્યાં છે જ. ઊંચી કક્ષાના ભક્તોની આત્માભિવ્યક્તિ સહજ હોવા સાથે સરળ અને સરસ પણ હોય છે. એટલે મીરાંનાં નહિ એવાં ઘણાં ગુજરાતી પદો પણ ગીતકવિતા તરીકે આકર્ષક છે અને તેમને આમજનતા મીરાંનાં જ રચેલાં માની લે તો તેમાં નવાઈ જેવું નથી. અમુક પદ અસલ મીરાંનું જ હશે કે નહિ એ પ્રશ્ન વિદ્વાનો માટે છે, ભજનિકો માટે નથી.

મીરાંબાઈનાં પદોનો વિદ્યાપીઠની કક્ષાએ અભ્યાસ કરવાનો હોય ત્યારે ગુજરાતી પદોની બાબતમાં મોટી મૂંઝવણુ ઊભી થાય છે. ગુજરાતી ઉપરાંત ગીતકાવ્યો તરીકે સવિશેષ આકર્ષણુ ધરાવતાં મીરાંનાં થોડાં રાજસ્થાની અને હિન્દી–વ્રજનાં પદોનું વાચન પણુ મારે મતે આવશ્યક છે.

મુ. શાસ્ત્રીજીના પ્રસ્તુત સંગ્રહનું મીરાંના અભ્યાસની દૃષ્ટિએ મૂલ્ય ઝાઝું નથી એમ મારે સખેદ નોંધવું પડે છે. ગુજરાતી પદોની 'મીરાં સુધાસિન્ધુ'માંની વાચનામાં સંપાદકે ફેરફાર કર્યા છે એ તો સ્પષ્ટ જ છે. મૂળમાંની રાજસ્થાની–હિન્દીની છાંટ કાઢી નાખી ત્યાં સર્વથા ગુજરાતીકરણુ કરવું કાંઈ અઘરું નથી. પણુ મીરાંને નામે પ્રચલિત મોટા ભાગનાં ગુજરાતી પદોને અન્તે 'મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર' (કે 'ના ગુણુ')ને સ્થાને 'મીરાં કે પ્રભુ ગિરિધર નાગર' કરી નાખવું મને બરાબર લાગતું નથી. ગુજરાતી હસ્તપ્રતોમાં લહિયો અભણુ હોય ત્યારે 'કહે'ને સ્થાને 'કે' લખે તો તે નિભાવી લેવાય, પણુ ત્યાં ય ગોટાળો થવાનો સંભવ તો રહે જ. દા. ત. શિવદાસકૃત 'કામાવતી'ની મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાની એક હસ્ત-પ્રતમાં કૃતિને અંતે 'કહે શિવદાસ આનંદે કરી' એવા શબ્દોને બદલે 'કે સવદાસ આનંદે કરી' મળતું હોઈ એ રચના કેશવદાસને નામે ચડી હતી.

વળી, પાઠાંતરનાં સ્વરૂપનાં પદો સાથે સાથે હોય તો મૌખિક પરંપરાથી ઊતરી આવતા સાહિત્યમાં કેવા કેવા ફેરફારો થતા જાય છે તે સમજવું સહેલું પડે છે. પણુ અહીં બધાં જ પદને સ્વતંત્ર ક્રમસંખ્યા છે અને પાઠાંતરવાળાં કેટલાંક પદ એકબીજાથી ઠીક ઠીક દૂર છે. દા. ત. પદ ૧૩ અને ૭૫; પદ ૨૭ અને ૪૦, પદ ૩૨, ૩૪ અને ૪૦, પદ ૪૨, ૯૧, ૯૪, ૧૦૫; પદ ૪૩ અને ૫૧; વ.

બાવીસ વર્ષ પહેલાં બહાર પાડેલા મારા સંપાદનમાં મેં મોટે ભાગે હસ્તપ્રતોમાં મળતા પાઠો સ્વીકારેલા–જોડણી ફેરવેલી. પણુ સ્પષ્ટપણે દેખાતા ભ્રષ્ટ પાઠો સુધારી લેવા જોઈએ એમ હું હવે માનું છું કેમ કે એથી કવિને અન્યાય થતો અટકે છે. શાસ્ત્રીજીના સંપાદનમાંથી થોડા દાખલા આપી આ મુદ્દો સ્પષ્ટ કરું.

'તમે શું કીધું ગીતા ગાઈને?' એ ચોથા પદમાં પહેલી કડીની પહેલી પંક્તિ છે 'પર–પરમોદે, આપને શોધે, ડૂબ્યો છે તૃષ્ણા–તળાઈ રે'. આમાં 'પર' અને 'પરમોદે' સ્વતંત્ર શબ્દો છે, સમાસ નથી. વળી 'આપને' ને સ્થાને 'આપ ન' જોઈએ. ભગવદ્-ગીતા ઉપર પાંડિત્યપૂર્ણ પ્રવચન કરતા પંડિતો બીજાઓને પોતાના વાણી–વિલાસથી આનંદ આપે છે, પણુ તેઓ જાતને તપાસી આત્મસ્વરૂપને પિછાનવા પ્રયત્નશીલ નથી–તૃષ્ણારૂપી તળાઈમાં ડૂબ્યા કે ખૂંપ્યા હોવાને કારણે.

પદ ૧૦ને અંતે 'હું છું દાસી મારી રે' છપાયું છે. 'મારી'ને સ્થાને 'તમારી' જોઈએ. પદ ૧૪માં 'મન માયામાં બાધ્યું' છપાયું છે. 'માધુ' સાથેના પ્રાસ માટે 'બાધું' હોવું ઘટે. પદ ૧૪માની ચોથી કડીની બીજી પંક્તિ છે: 'સુખનું કહેતાં દુઃખ જ લાગે તે નર કયાંથી મરશે?' 'મરશે'ને સ્થાને 'તરશે' જોઈએ. પદ ૧૬મામાં 'મા' એટલે 'નહિ' એ અર્થ સ્પષ્ટ છતાં સમગ્ર પદમાં અંતિમ સ્થાને 'માં' છે. અન્યત્ર પણુ એ સ્થિતિ નજરે ચડે છે.

પદ ૧૭માં બીજી કડીની પહેલી પંક્તિમાં ‘જળમાં માછલીઓ, સંતો, કયાં ખાવે?’ છપાયું છે, ‘કયા ખાવે’ જોઈએ. પદ ૨૦માં પહેલી કડીમાં ‘આખડી’નું ‘આંખડી’ થયું છે. પદ ૪૬માં ‘પિયા કારણુ’ને સ્થાને ‘કિયા કારણુ’ મળે છે. પદ ૮૪માં બીજી કડીની પહેલી પંક્તિ છે: ‘તલ–ભર જવ–ભર વધો નવ કીધો, જવે તોળીને પાછો લે’. અહીં ‘વધો’ નહિ, ‘વછો’ (= ભેદ) જોઇએ; ‘જવે’ નહિ, ‘ત્રાજવે’ જોઈએ. પદ ૧૧૮માં બીજી કડીની બીજી પંક્તિ છે: ‘અકળામણુ દે છે હવે તમારી’. ‘તમારી’ને સ્થાને ‘ભારી’ જોઈએ. પદ ૧૪૭ને અંતે ‘હૈયામાં હરિ ભુલાવતાં’ છપાયું છે. ‘ભુલાવતાં’ને સ્થાને ‘ઝુલાવતાં’ જોઈએ. પદ ૨૨૯માં ત્રીજી કડીમાં ‘કોટિ કાલ’ નહિ, ‘કોટિ કાશી’ જોઈએ. પદ ૨૩૧માં પહેલી કડીમાં ‘કદી આવે સારું ગામ રે’ છપાયું છે. ‘કદી’ને સ્થાને કયાં તો ‘ખૂંદી’ હોય અથવા ‘ફરી’ હોય. આવી બીજી ઘણી ઘણી પાઠભૂલો છે; અભ્યાસી વાચકને તે બધી સુધારી લેવી રહી. પાઠ્યપુસ્તક તરીકે જે પુસ્તકને ઉપયોગમાં લેવાનું હોય તે પુસ્તકમાં જો પાઠભૂલો ઘણી હોય તો શિક્ષક અને વિદ્યાર્થી સૌને વારંવાર મૂંઝવણ થાય છે.

કેટલાંક પદો અંગે થોડો વિચાર કરીએ. ત્રીજા પદમાં સસરો, સાસુ, જેઠાણી, દેરાણી, નણંદ આદિના ઉલ્લેખ આવે છે. ઇતિહાસ મુજબ મીરાંને સાસુ જ નહીં, સાસુઓ હતી. સાસરો એક જ હતો, અને તેના પ્રત્યે એને ઘણું માન હતું. મીરાંનો પતિ ભોજરાજ પાટવી કુંવર હતો એટલે મીરાંને જેઠાણી ન હતી. કૌટુંબિક ઉલ્લેખવાળાં આવાં કેટલાંક (બધાં નહિ) પદ, મીરાંનાં હોવાની શકયતા નથી. દા. ત. પદ ૨૬, ૩૬. ગોપાળને અહીં ‘મિત્ર’ કહ્યા છે એ અતિ આધુનિક લાગે છે. વળી, જેઠનો ઉલ્લેખ ઇતિહાસવિરુદ્ધ છે. ત્રીજી કડીમાં ‘નવરંગ ચૂંદડી’ ઓઢવાની વાત છે. ઉપરાંત ‘નહિ ઓઢું કાંવળ લગાર રે’ એમ કહ્યું છે. ‘ગોવિંદો પ્રાણ અમારો રે’ એ સુપ્રસિદ્ધ પદ મીરાંવિષયક છે, મીરાંનું હશે કે કેમ તે નક્કી કરવાનું રહે છે. એમાં આઠમી કડીમાં ‘ચૂંદડી’ને તેમાંથી ‘રંગ ચૂએ’ એ કારણે દૂર રાખી, ‘ઓઢું હું કાળો કામળો, દૂજો ડાઘ ન લાગે કોય’ એમ કહી કામળા પર પસંદગી ઉતારવામાં આવી છે. આવાં પરસ્પર વિરુદ્ધ કથનવાળાં ઘણાં ગુજરાતી પદ મળે છે. વળી ‘રાણાજી’ને સંબોધીને લખાયેલાં મોટા ભાગનાં પદ મીરાંની રચના ન જ હોય. મીરાં સંબંધી જે માન્યતાઓ પ્રચલિત બની તેને આધારે એ પદો રચાયાં લાગે છે. ‘બીજાનાં મીંઢળ નહિ બાંધું’ એવો નિર્ણય પ્રગટ કરતાં જુદાં જુદાં પદોના રચયિતા જુદા હોવાનો સંભવ છે. મીરાંના ગુરુ રૈદાસ કે બીજા કોઈ, તે અંગે પણ મતભેદ છે. ‘જોગી’ને સંબોધી રચાયેલાં કેટલાંક પદ પણ મીરાંનાં ન હોય.

મીરાંને નાનપણથી સાધુસંતોનો સમાગમ અતિ પ્રિય હતો. એ સાધુઓમાં કેટલાક સારા સંગીતજ્ઞ હશે. સાસરિયામાં પણ સંગીતનો–શાસ્ત્રીય સંગીતનો–સારો શોખ હોવાની ઇતિહાસ સાક્ષી પૂરે છે. એટલે મીરાંની રચનાઓ શાસ્ત્રીય સંગીતના રાગ-તાલોમાં ગવાતી હશે. ગુજરાતી પદોમાં મોટે ભાગે લોકગીતોના ઢાળો છે એ વાત નોંધપાત્ર છે.

મીરાંનાં ગુજરાતી પદોનું જુદાં જુદાં શીર્ષક હેઠળ ચોક્કસ વિભાજન કરવાનું કામ મુશ્કેલ છે. ઘણાં પદ એકથી વધારે શીર્ષક હેઠળ આવી શકે છે એમ અભ્યાસીને લાગશે. સંપાદકે ‘સ્વજીવન’ હેઠળ માત્ર પાંચ જ પદ આપ્યાં છે. આ સંગ્રહમાં બીજાં એવાં ઘણાં પદ છે કે

જે 'સ્વજીવન' શીર્ષક હેઠળ આવી શકે. વળી, 'તમે શું કીધું ગીતા ગાઈને?' એ પદને મીરાંના જીવન સાથે શો સંબંધ છે તે સમજવું મુશ્કેલ છે.

મુ. શાસ્ત્રીજીએ પોતાના આરંભના લેખમાં સ્પષ્ટપણે સ્વીકારી જ લીધું છે કે સંગ્રહમાંનાં બધાં જ પદ મીરાંબાઈ–રચિત જ છે અને એ રીતે જ એમણે પદોની ચર્ચા કરી છે! પણ સંગ્રહમાં મળતાં ઘણાં પદોમાં ભાવાભિવ્યક્તિ ચોટસાધક નથી. ફાલતુ કડીઓ પણ સ્થળે સ્થળે ઘૂસી ગયેલી જ છે. એટલે કાંટછાંટપૂર્વકનાં મીરાંબાઈનાં ગુજરાતી પદોની આવશ્યકતા તો હજી જેવી ને તેવી જ રહે છે.

ચિતોડના કીર્તિસ્તંભની પાસે આદિ વરાહનાં બે વિષ્ણુ–મંદિર એક જ સપાટી પર પાસે પાસે આવેલાં છે. આ પાસે પાસે આવેલાં મંદિરોમાંના નાના મંદિરમાં મીરાંબાઈ ભજન–પૂજન માટે જતી આવતી. એમાંથી પછી લોકવાયકા ચાલી કે મોટું મંદિર તે કુંભારાણાનું અને નાનું તે મીરાંનું–એની રાણીનું બંધાવેલું. આ લોકવાયકાને આધારે કર્નલ ટોડે મીરાંને કુંભારાણાની પત્ની બનાવી દીધી. આ ભ્રમ ચાલુ જ રહ્યો. મૂળ વાત તો એટલી જ હતી કે કુંભ–શ્યામના નાના મંદિરમાં મીરાંબાઈ ભજન–પૂજન નિમિત્તે જતી હતી. ઇતિહાસ મુજબ તો કુંભા રાણા પછી આવે રાણો રાયમલ. તેની પછી રાણો સંગ–સંગ્રામસિંહ. રાણા સંગનો જ્યેષ્ઠ પુત્ર ભોજરાજ. મીરાં આ પાટવી કુંવર ભોજરાજની પત્ની હતી. ખટોલીના યુદ્ધમાં જખમી થયેલ ભોજરાજ ઝાઝું ન જીવ્યો અને મીરાં વિધવા થઈ. મીરાંની ઉંમર તે કાળે ત્રેવીસેક વર્ષની હોઈ શકે.

ભોજરાજની માતા સોલંકીકુળની કનવરબાઈ, પણ રાણા સંગના અંતઃપુરમાં સર્વ-સત્તાધીશ તો ઝાલી રાણી રતનકુંવર. સાસરામાં મીરાંને એનો સારો આશ્રય હતો. રાણાસંગની ત્રીજી રાણી તે જોધપુરવાળી ધનબાઈ. આ ધનબાઈનો પુત્ર હતો રતનસિંહ, જે પિતાના મૃત્યુ બાદ ગાદીએ આવનાર હતો ને રાજખટપટને કારણે એનું ખૂન થયેલું. રાણા સંગની ચોથી રાણી હતી કરમેતી. એને બે પુત્રો–વિક્રમાજીત અને ઉદયસિંહ તથા પુત્રી ઉદાબાઈ. આ ઉદાબાઈ મીરાંથી ઉંમરમાં એટલી નાની હતી કે એણે મીરાંબાઈને ત્રાસ આપ્યાની વાત કપોલકલ્પિત ગણવી રહી. મુસલમાનોના આક્રમણ પછી પાંચેક વર્ષના વિક્રમને મુઝફ્ફર બીજાને સોંપવો પડેલો. નાના ઉદયસિંહને તો એની દાઈ પન્ના ટોપલામાં ઘાલી લઈ ગઈ હતી અને એ બચી ગયો હતો એ જાહેર વાત છે. ગાદીએ આવનાર વિક્રમ ચારિત્ર્યહીન હતો અને એણે મીરાંને એટલો બધો ત્રાસ આપ્યો કે મીરાંને ગુજરાત ખાતે દ્વારકા ચાલ્યા જવું પડ્યું. રાજખટપટમાં વિક્રમનું પણ ખૂન થતાં એનો નાનો ભાઈ ઉદયસિંહ ગાદીએ આવ્યો અને રાજ્યની પડતીનું કારણ મીરાંબાઈ રાજ્ય છોડી ગઈ તે છે એમ માનીને એણે મીરાંને પાછી બોલાવવા પ્રયત્નો આદરેલા. મીરાં પાછી ગઈ નહીં, દક્ષિણ ભારતની ને પછી ઉત્તર ભારતની મુસાફરીએ નીકળી ગઈ હતી. આ બધી વિગતો ખૂબ સ્પષ્ટતાથી ડૉ. ગેત્સે પોતાના અભ્યાસપૂર્ણ લેખમાં આપી છે અને મીરાંના કવનને મૂલવ્યું છે.

પ્રચલિત દંતકથાઓને આધારે મીરાંબાઈના જીવનની જે કલ્પના હતી તે ઉપરથી રાણાને સંબોધીને મીરાંના નામે લખાયેલાં કેટલાંક પદ છે જ. ગુજરાતી પદોમાં 'રાણા' કે 'રાણાજી'ને સંબોધન હોય ત્યાં તે મીરાંના દિયરને જ ઉદ્દેશાને છે એમ ઘટાવવું એ સાહસ

છે. એવાં પદો મીરાંવિષયક ખરાં, મીરાંનાં નહિ, એમ હું માનું છું. બીજાં ઘણાં પદોની બાબતમાં પણ એક યા બીજે કારણે આ મીરાંની રચના હોવાની શકયતા ઓછી છે એમ કહેવાનું પ્રાપ્ત થાય જ છે. પણ હું વિસ્તાર નહિ કરું.

મીરાંબાઈ ઉપર છેલ્લાં કેટલાંક વર્ષોમાં અભ્યાસપૂર્ણ લેખો લખાયા છે, પુસ્તિકાઓ પણ છપાઈ છે. પ્રા. હસિત બૂચ અને પ્રા. નિરંજન ભગતનું પ્રદાન મહત્ત્વનું હોઈ તેનો પરિચય પણ અભ્યાસીને આવશ્યક છે. વિદ્યાપીઠના ઉચ્ચ અભ્યાસક્રમમાં ખપ લાગે, મીરાંના અભ્યાસને સાર્થક બનાવે, એવા મીરાંબાઈના પદસંગ્રહની આપણી અપેક્ષા કયો આદર્શ પ્રકાશક પૂરશે એ તો 'ગિરિધર ગોપાળ' જ જાણે !

સોનાવાલા બિલ્ડીંગ, ૩સી, ચોથે માળ,
તારદેવ, મુંબઈ–૪૦૦ ૦૦૭

ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી

* * *

હનુમાનલવકુશમિલન : લે. ભૂપેશ અધ્વર્યુ, સં. રમણ સોની, જયદેવ શુકલ, ધીરેશ અધ્વર્યુ : પ્ર. ગુજરાત સા. પરિષદ, આશ્રમ માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૯, ઈ. સ. ૧૯૮૨, પૃ. ૧૬ + ૧૪૦, કિં. રૂા. ૧૫ = ૦૦.

માત્ર બત્રીસની આશાસ્પદ વયે અને તેજસ્વી કલાકૌશલના સશક્ત ઉદય વચ્ચે જ, ગણદેવીની નદીએ પોતામાં વિલીન કરેલ (૨૧–મે ૧૯૮૨) પ્રા. ભૂપેશ અધ્વર્યુની સોળ વાર્તાઓના આ સંગ્રહમાં આજે ગુજરાતી વાર્તાકલાવિધાને અને જીવનદર્શને કેવી વિકસી છે એનું પ્રતિનિધિત્વ છે. અહીં જે વીગતોના વર્ણનની તેમ શબ્દપ્રયોગોની નવી સૂઝ છે, માનવસમૂહ–વ્યક્તિના મનમાંનો ઊંડો પાતાળસ્પર્શ છે, વાર્તારજૂઆતની તાજી–નિજી ભંગિ છે અને વાચકને સર્જનકર્મના તંતુતંતુએ કલ્પનાશીલ કરાય છે એ મહત્ત્વની સિદ્ધિ છે. છેલ્લી 'પાત્રત્વ' વાર્તાનું આયોજન શ્રોતાસમૂહ સમક્ષ કથક વાર્તા માંડે–કહે એવું છે. એમાં વાર્તાકથકના ઉદ્‌ગારો છે: '...કન્ટેન્ટનું મહત્ત્વ નથી...તૈયાર થયેલી સંપૂર્ણ વાર્તા સડસડાટ કહી જવાની સ્થિતિમાં હું નથી...આ પ્રકારના વર્ણનનો સંબંધ ચિંતન સાથે જોડીને માત્ર અટકી જવાનું નથી. એનો સમગ્ર વાર્તા સાથે સંબંધ જોડવાનો છે... (શ્રોતાઓ હાથ હલાવી શોર મચાવે છે તેથી) સ્વયંસેવકોને (= વાર્તાની આવી આધુનિક રીતિ સમજનારાઓને ?) મારી વિનંતી કે યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવા (= સમજાવવા ?) સંપૂર્ણ પ્રયત્નશીલ રહે...સભામાં ઉપસ્થિત ગૃહસ્થો, તમે નાહકના ઉશ્કેરાઈ ચૂકયા છો. (વાર્તાઅંત ટૂંકડો છે ત્યારે લખાય છે–) વાર્તા હવે નવેસરથી શરૂ થઈ જ રહી છે...' આ ઉદ્‌ગારોમાં જે મર્મ–વ્યંગ છે તે ઉપરાંત સ્પષ્ટ દિશાચીંધ છે તે ખયાલમાં રહે તો આમાંની વાર્તાઓ મનમાં ઘૂમ્યા કરે એમ છે. નહીંતરે, 'હનુમાનલવકુશમિલન', 'છિનાળ', 'નવો કાયદો', 'અલવિદા', કે 'એ છો નથી છું છે છીએ છો નથી છું છે છી'–જેવી વાર્તાઓ ખાસ કસબ–સૂઝની વાર્તાઓ રહીને યે 'વાર્તા જ' માગનાર ભાવકોને ય કોઈ શરતબરત વગર સ્વજનવત્ ભેટે–ગમે એવી નીવડી છે. 'આરોહણ', 'બિલાડી', 'વાર્તા' શી વાર્તાઓ કાં સંદિગ્ધતા કે અ–વિશેષતાથી સહૃદયને ય નબળી લાગવાની; હા, એમાં ચોકસ વલણ આગ્રહે કશુંક 'ખાસ' બતાવાય એવું બને !

'હનુમાનલવકુશમિલન'માં, અન્યત્ર અન્ય રૂપોમાં છે તેમ, ભાષાથી માંડી કથનલઢણ યા વસ્તુયોજના વ્યાપક છતાં ઊંડી ચોટની છે, એમાં લોકવાર્તાકથકની આમસમૂહરંજક છટા સુવાંગ ખીલ્યે ગઈ છે છતાં માર્મિક રહી, અંત દ્યોતક રાખીને વાર્તાહથોટી આકર્ષે છે. એ કશે ફિસ્સું, મોળું, 'માત્ર રંજન લ્યો, રંજન'ની સેલ્સમેનશિપ જેવું કંઈ જ ચલાવી લેતી નથી. કહેવાતી લોકવાર્તાની ભાષા–સંકલનાની બધી ખૂબી વાર્તાકારે સાક્ષાત કરી આપી છે. ખ્યાત વસ્તુમાં સર્જકની કસોટી–ભૂપેશ એમાં પાર ઊતરે છે; 'ખૂબ ખૂબ' રળી લે છે. 'છિનાળ' વાર્તા તો અજબ નાજુક–લપસણી ધારે ચડી હળવી તોપણ સદ્ધર ઉપરાંત સ્વસ્થ રહી છે; કલાસંયમનીએમાં ફત્તેહ છે. કારુણ્ય, વેદનાગર્ભ વ્યંગ ઉપરાંત હળવી યા મસ્ત વિનોદ–પ્રસન્નતાની છાંટ આ યુવાન લેખકની કલમને સહજ બક્ષીસ છે એ બીજી ઘણી વાર્તાઓમાંથી યે પ્રતીતાશે. 'એ છો નથી છું છે છીએ છો નથી છું છે છી'માં જાસૂસી વાર્તાનો જ મસાલો–દેકારો, કિંતુ અંત 'જોઈ લ્યો, ખૂલી ગયા ને હવે બધા ભેદભરમ? ખુશ ને? જાઓ, ઝટ દઈ હવે બધું ભૂલી જજો!'–ની લપટી રીતનો નહીં. એનું શીર્ષક પણ ગજબ મનમાં ઘૂમ્યા કરે એવું. આવી વાર્તા–'જાસૂસી' સ્તો, આમ જુઓ તો બાહ્ય ચમત્કાર–ખેલ, એમેય જાણે એ શીર્ષક કહે! લપટા–અદ્ધર શ્વાસે ગટગટાવી જવાતા વસ્તુની અહીંની માવજત કલાક્ષેત્રે કશું અસ્પર્શ્ય નહીં, પણ સ્પર્શ હોવો ઘટે કશીક સર્જક અસરનો એ મુદ્દે જાણે લેખક જાગૃત છે. સર્જક લેખે ભૂપેશ જાસૂસી યા લોકકથા, કશા સામે ઉચ્ચભ્રૂ નથી. એ એનો પોતાની સર્જક રીતે નવો ઘાટ–કાયાકલ્પ રચે છે.

'નવો કાયદો'માં પાત્રો છે અને નથી, પ્રસંગ છે ને નથી. એમાં ભરચક વીગતોથી–એના અભિપ્રેત ગૂંથણથી અને 'લોકશિક્ષણ–સુધારણા'ને નામે સ્થાપિત હિતો–ભદ્રવર્ગીયોની જ સુવિધા–ખુશી જોતા 'નવા' કાનૂનનિયમ પર કટાક્ષથી વાર્તા જામે જ છે. પરંતુ એમાં જે ઝળક છે તે એમાંની લોકબાનીની–મનમાં જ બોલાયે જતી લોકબાનીની અને લોકદિમાગની ધાર તથા લાચારીની છે. એણે જ પેલી વર્ણનવીગતોમાં કે વ્યાપક વ્યંગમાં જીવ ભર્યો છે. કેવું રોજિંદા જીવનનું દૃશ્ય? કેવું સાધારણ અનુભવનું? છતાં એમાંથી જ માનવમનની કેવી અવળસવળ સ્વાર્થી કે નિરુપાય સ્થિતિ–ગતિઓ લેખકે સૂચવી દીધી છે? છતાં 'નવીન' થવાની કોઈ અબળખા લેખકને વળગી નથી. એનું કારણ લેખકનો સર્જકધર્મ અકબંધ રાખતો પુરુષાર્થ અને આત્મવિશ્વાસ છે. એથી જ ૧૯૬૮ની એમની પહેલી વાર્તા–'વડ' (અહીં છે) પણ સાદા વસ્તુને ય શીર્ષકથી માંડી મંડાણ–નિર્વહણ લગી માતબર થઈ છે.

આવા ભાષા–કથાઘટકથી ગણ્ય વાર્તાસંચયની રમણ સોનીની પ્રસ્તાવના યે સંગ્રહને જ નહીં, નવી વાર્તાકલાને પણ સમજવામાં મિત્રરૂપ છે. પ્રકાશક સંસ્થાની મુરાદ છે કે સદ્. ભૂપેશની ગદ્યપદ્ય–બીજી રચનાઓ પણ આમ હવે પછી સુલભ કરવી. આપણે એની રાહ જોઈએ એવી મગદૂર આ પુસ્તક દાખવે છે. ભૂપેશ ગયા, છતાં આપણી સાથે રહ્યા છે.

'હરિકિરણ', બી–૧૯, પારસિક સોસાયટી,
મકરપુરા માર્ગ, વડોદરા–૩૯૦ ૦૦૯

હસિત હ. બૂચ

* * *

'માધ્યંદિની': જશભાઈ કા. પટેલની કવિતા, સંપાદક: રમણભાઈ પટેલ અને પ્રા. કૃષ્ણદેવ આર્ય, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૪, પ્રકાશક–બલદેવ પ્રકાશન, સામરખા, તા. આણંદ, જિ. ખેડા, પૃષ્ઠ સંખ્યા: ૧૧૪, કિંમત રૂા. ૨૦=૦૦.

'માધ્યંદિની' જશભાઈ કા. પટેલનાં કેટલાંક ચયન કરેલાં કાવ્યોનો સંગ્રહ છે. 'પ્રત્યૂષ' અને 'પૂર્વાહ્ન' એમ બે કાવ્યસંગ્રહો ઉપરાંત જશભાઈની અપ્રકટ રચનાઓ પણ સારી એવી સંખ્યામાં થવા જાય છે. બધી મળીને અંદાજે અઢીસો ઉપરાંત રચનાઓ એમણે આપી છે. ડૉ. રમણભાઈ પટેલ અને પ્રો. કૃષ્ણદેવ આર્ય જેવા કવિશ્રી જશભાઈના અભ્યાસી શિષ્યોએ એ બધી રચનાઓમાંથી કુલ સત્તાવન જેટલી રચનાઓની, ગુણવત્તાના ધોરણે પસંદગી કરી, આપણને 'માધ્યંદિની' સંગ્રહ સુલભ કરી આપ્યો છે. સૂઝ ભરેલી દૃષ્ટિને લઈને સંપાદન આવકાર્ય તો બને છે જ પણ તે સાથે 'પ્રત્યૂષ' કે 'પૂર્વાહ્ન' નહિ જોઈ શકેલા, અથવા તો જશભાઈની કવિતાથી ઓછા પરિચિત એવા સૌ કોઈને માટે આ સંગ્રહમાં એમની પ્રમુખ અને નોંધપાત્ર રચનાઓ એક સાથે હાથવગી બની રહે છે, એ પણ 'માધ્યંદિની'નું એક બીજું જમાપાસું છે.

એક તરફ ત્રીસનો કવિ સ્વાતંત્ર્ય, દલિત–પીડિત, વર્ગભેદ, આર્થિક અસમાનતા વગેરેને વિષય કરીને કવિતાને કશાકનું વાહન બનાવીને યોજી રહ્યો હતો ત્યારે પછીના તરતના દાયકામાં જાણે કે આ ક્રિયાની પ્રતિક્રિયા હોય એ રીતે તે કવિતાને કવિતાના આધાર વડે જ સર્જવાનો ઉપક્રમ દાખવે છે. ઉત્પાદ્ય વસ્તુ નહિ પણ રચના, રચનાનું સૌંદર્ય એનું લક્ષ્ય બનતું જણાય છે. પ્રહ્લાદ પારેખ, રાજેન્દ્ર શાહ, નલિન રાવળ, નિરંજન ભગત, અને તે પછીના અંતરાલના જયંત પાઠક–ઉશનસ્ વગેરે કવિઓ આવા સૌંદર્યોત્સુક કવિઓ છે. જશભાઈ કા. પટેલ આ પંગતમાં બેસતા કવિ છે. ઇતર પ્રવૃત્તિઓમાં વ્યસ્ત આ કવિ કવિતાને એકાગ્ર રૂપે આરાધી કે ઉપાસી શકયા નથી એ ખરું પણ જ્યારે જ્યારે એમણે કવિતા લખી છે ત્યારે ત્યારે સૌંદર્યની પેલી આછી ફરફર તો એમાં ઊતરતી જ રહી છે. એમની કાવ્યપગલીઓની છાપ ભલે એના ઘાટા રૂપે ઊપસતી ન હોય, પણ એના ઝાંખા–પાંખા રૂપનું ય એક આકર્ષણ છે. સહજતા, સારલ્ય અને સાદગીપૂર્ણ અભિવ્યક્તિના ગુણોથી ઓપતી આ રચનાઓ મધુર કે મોહક નથી એમ ભાગ્યે જ કોઈ કહી શકશે.

'માધ્યંદિની'નાં કાવ્યો કવિના વ્યક્તિત્વની એક પ્રશાંત મુદ્રા ઊભી કરી આપે છે. વયસહજ પ્રણયનો ભાવ અહીં બહુધા સૉનેટમાં અને કયારેક ગીતોમાં પ્રગટ્યો છે. પ્રણયની–મિલન–વિરહની–અવસ્થિતિઓ પણ અહીં શબ્દરૂપ પામી છે પણ એમાં ભાગ્યે જ કયાંય ઉછાળ કે ઉદ્રેક જોવા મળશે. કશી રાવ–ફરિયાદ પણ નથી. ફરિયાદ કરવાને વખતે કે વિલાપ–વિલપન કરવાને ટાણે પણ મન સાથે તેઓ કશું સમાધાન કરી લેતા જણાય છે. અને તેથી જ તેમનાં પ્રણયકાવ્યોમાં પ્રણયીનાં આવેશ–મસ્તી કે અલગારીપણાને બદલે આપણને એક પ્રકારનો સંયમ અને આભિજાત્ય જોવા મળશે, પ્રશાંત કાસારનું સ્વચ્છ–મધુર રૂપ નિહાળવા મળશે. એ રીતે એમનાં પ્રણયકાવ્યોમાં તંદુરસ્તીની લાલી ઝળહળતી દેખાય છે:

'મિલન ક્ષણનું'માં કવિ ગાય છે:

ભલે મારુંતારું મિલન ક્ષણનું, કિન્તુ જગવે
ઉર્રોર્મિ એવી કે મુજ હૃદયને ઉન્નત કરે! (પૃ. ૫)

'તું જતાં'માં પણ આવું જ સમાધાન જોવાશે.

શ્રદ્ધા મારે હૃદય, કદી તું હયાં પધારીશ પાછી;
ભાવિકેરા સુખદ શમણે રાત્રિયે થાય આછી! (પૃ. ૭)

મિલન કે વિરહના કોઈ પણ ભાવની અભિવ્યક્તિવેળા કવિના મનમાં પ્રણયનું એક સમુન્નત રૂપ જ રહ્યું છે. ટાગોરની જેમ–પ્રેમ પાડે નહિ, ઊંચે ચડાવે–એવી માન્યતા ને પ્રતીતિ પણ, આ કવિમાં જણાય છે. '–તે' એનું એક સરસ દૃષ્ટાંત છે. એવી સચ્ચાઈ જુઓ:

'ઝરો છૂપો મારા ઉરપડતળે જીવનવતો,
વહેતો, ઓથારે કુટિલ જગશિલા દબવતી.
હવે કિન્તુ ઝાઝો વખત દબવી એ નહિ શકે;
શિલા તોડીફોડી હૃદય મુજ વ્હેશે દશ દિશે.' (પૃ. ૩)

'કોને ઉઘાડ્યાં દ્વાર આ?' જેવી રચનામાં પ્રણયની એવી તૃપ્તિ સુપેરે અક્ષરાંકિત થઈ છે. 'આજે જ્યારે'–જેવી દીર્ઘ કૃતિમાં સ્મરણોના પોપડા ઉખડતાં ચિત્ત દ્રવી ઊઠે છે છતાં કવિની શ્રદ્ધાભરી દૃષ્ટિ, મધુરું કલ્પતી નજર અંતે તો આશાના સમ ઉપર આવીને જ વિરામે છે:

છતાં ય શાને ગમતાં રમાડવાં
ઊઠેલ હૈયે સ્મરણો ફરી ફરી?
વ્યથાતણા વેષ્ટનની તળે હશે?
સુગોપ્ય એવું સુખમિષ્ટબિન્દુ?

કવિનાં પ્રણયકાવ્યોમાં પ્રતિબિંબિત થતી આવી શાલીનતા હકીકતમાં તો તેમના સમગ્ર વ્યક્તિત્વના આભિજાત્યનો જ અંશ છે. જીવન અને જગત પ્રત્યે આ કવિની દૃષ્ટિ મંગલ રહી છે, કશાક શાશ્વત ઉપર એની દૃષ્ટિ મંડાયેલી છે. તેથી જ આ સંગ્રહની ચિંતન–વિમર્શનની અન્ય રચનાઓમાં તેઓ એક આસ્થાવાદી વિચારક રૂપે દેખા દે છે. 'પ્રાર્થના', 'ચાહું', 'આત્મા' 'કૃપણતા કે ક્રુરતા', 'અનાસક્તિ', 'કાલાન્તરે' જેવી રચનાઓ આનાં સારાં દૃષ્ટાંતો છે. 'કાલાન્તરે'માં તેથી જ કવિ કહે છે ને?

જે ધૂળમાંહી આ સૃષ્ટિ ખીલે,
વિલાય, વળી ખીલે...... (પૃ. ૫૫)

'વર્ષની રાતે', 'ૐકારેશ્વર', 'વાત્રક કાંઠે સંધ્યા', 'વસંત', 'સાંધ્ય ગગન' વગેરે સ્થળ–ઋતુનાં ચિત્રો કવિના પ્રકૃતિપ્રેમનાં દ્યોતક બન્યાં છે. નિસર્ગનું દર્શન કવિમાં

પ્રસન્નતાની ભરતી લાવે છે. પ્રકૃતિનાં આ વર્ણનમાં અલંકાર કે બાનીનો ઠઠેરો નથી, ઝીણી નકશી પણ નથી છતાં એમાં સભર હૃદયની ખુશબૂ જે રીતે પ્રકટતી રહી છે એ જ સ્થળ-કામનાં વર્ણનોવાળી એ કૃતિઓને આસ્વાદક્ષમ બનાવે છે.

સંગ્રહમાં ધ્યાન ખેંચે તેવાં કાવ્યોનું એક બીજું જૂથ પણ છે. અને તે કથાકાવ્યોનું, વ્યક્તિ કે પ્રસંગવિશેષનાં કાવ્યોનું. આપણે એને કથનોર્મિ કે ખંડકાવ્ય એવું નામ આપી શકીએ તેમ નથી છતાં વર્ણનોમાં આ કવિની ગતિ કેવી સુરેખ રહી છે, અને વસ્તુને સરળ બાનીમાં રોચક રૂપ આપવાની તેઓ કેવી ક્ષમતા ધરાવે છે તે આ કૃતિઓ દર્શાવે છે. કાન્ત પછી એ દિશામાં વળેલા કેટલાક કવિઓમાં આ કવિનું નામ પણ ઉમેરવું રહે. 'મીનલના મલાવે' 'કુંતા', 'ખેડૂત' અને 'બોધિસત્ત્વ સુમેધ' જેવી રચનાઓ એ દિશાના આ કવિના સૂચક પ્રયત્નો છે.

'હૈયા ફૂટી' જેવાં કોઈક કોઈક ગીતો સરસ બન્યાં છે. બાકી આ કવિની સર્જકતા એના નોંધપાત્ર રૂપે છંદોબંધ રચનાઓમાં પ્રકટી આવી છે. ગીત, હાઈકુ કે મુક્તક એ લખે છે પણ ભાવતો-ફાવતો પ્રકાર તો સૉનેટ અને વર્ણનપ્રધાન કાવ્યો જ છે.

'માધ્યંદિની'ના કવિ પાસે આંજી નાખે તેવી પદાવલિ નહિ, વાગોળવા પડે તેવા અલંકારો કે પ્રતીક-કલ્પનો નથી. સરળતા જ આ કવિનું ઓજાર છે. એ કાવ્યનું જે કંઈ સૌંદર્ય સિદ્ધ કરે છે તે અભિધાના સ્તરે રહીને જ કરે છે. એમાં એ ઘણી બધી જગાએ સફળ થયા છે. 'શાંતિ' જેવી કૃતિમાં એમનો ભાષાવૈભવ કોળી ઊઠે છે પણ એવું તો ક્યારેક જ. બાકી નિખાલસતા ને નિરાડંબરતા જ એમની કાવ્યસૃષ્ટિના વિશેષો છે.

'માધ્યંદિની'ની રચનાઓ જશભાઈના કવિપદને સ્થાયિત્વ અર્પે એટલું ને એવું બળ તો જરૂર દાખવે છે જ.

કુવારા પાસે, લુણાવાડા **પ્રવીણ દરજી**

* * *

'લીલાં પર્ણ': પ્રવીણ દરજી; પ્રકાશક: કુમકુમ પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ઑગસ્ટ ૧૯૮૪, પૃષ્ઠ સંખ્યા ૧૫૭, કિંમત રૂ. ૨૧ = ૦૦.

'લીલાં પર્ણ'ની કેટલીક કૃતિઓ, એના લેખકની શૈશવકથાનાં કલાત્મક છૂટક સ્મૃતિ-ચિત્રો રજૂ કરે છે. આ સ્મૃતિચિત્રો લલિત નિબંધના બંધમાં આલેખાયાં છે. ગ્રામ-જીવન-નગરજીવન અને ઋતુચક્રાનુસારી પલટાતી પ્રકૃતિની રૂપછટાઓનો પરિવેશ, શૈશવનાં સ્મૃતિચિત્રોને, રમણીયતા અર્પે છે. એ રમણીયતાનો ભાવસંદર્ભ વિસ્મય અને/કે વિષાદનો છે. શૈશવનો નાયક લેખકથી ભિન્ન નથી, એમ પ્રગટ અંગત સંદર્ભોથી સ્પષ્ટ કહી શકાય તેમ છે; એમ છતાંય, એ અંગત 'હું' સર્વનો 'હું' બની શકે, એવું રૂપાન્તર, નિરૂપણ-રીતિ દ્વારા, સિદ્ધ થયું છે.

અહીં, નગરજીવનના સંદર્ભે વતન–ઘરનો, ગ્રામજીવન માટેનો, ઝૂરાપો અનેક કૃતિઓમાં, અભિવ્યક્તિ પામ્યો છે. 'અનેક ખાટીમીઠી ક્ષણોનું તોરણ' રૂપે ઓળખાવાયેલ 'ઓરડો', શૈશવસ્મૃતિના સમગ્ર અસબાબ સાથે લેખક મૂર્ત કરે છે, ત્યાં એ અસબાબનો સ્મૃતિસંચાર એક પાસ હૈયાની ઊલટતાને સક્રિય કરે ત્યારે વિસ્મય નિષ્પન્ન થાય છે; તો, એ તો હવે અતીત છે, એવી સમજ ઊલટતાને ક્યાંય ગૂંગળાતી અનુભવતો 'હું' વિસ્મયને વિષાદમાં રમણીયતાથી સંક્રાન્ત કરી દે છે ! 'ઓરડો '–અમારું પરિવારનું ભર્યું ભર્યું આકાશ હતો. × × અત્યારે તો એ 'ઓરડો' મારી અનેક ક્ષણોનો સરવાળો બનતો જઈને એક આકાર રચે છે. હું એના એકેએક ખૂણા તરફ વળું છું. પેલાં કબાટ, તાકાં, અભરાઈ, અભરાઈ ઉપરનાં વાસણ, દેવાલય, હીંચકો, દાદીમા, નાની બહેન અને હું એકાકાર બની જઈએ છીએ... નગરના આલિશાન બંગલાના ખંડમાંથી, ક્યારેય પાછા ન વળવાની ઈચ્છા સાથે હમણાં તો હું ભાગી છૂટચો છું, 'દૂર...દૂર...' (પૃ. ૮).

કારણ, નગરજીવન જરાય રુચતું નથી, લેખકના 'હું' ને: 'મહાકાય નગરમાં જવાનું કોઈ નિમિત્ત આવી મળે છે, ત્યારે મન ખાટું થઈ જાય છે.' (પૃ. ૯) સહજ રુચિ નગરજીવન માટે તો નથી જ, પણ કશું ય બહિર્નિમિત્ત ઊભું જો થયું, નગરજીવન જોવા જવાનું ય, તોય, મન ખાટું થઈ જાય છે, એવી વ્યંજના કેવી વેધકતાથી અહીં પ્રતીત થાય છે ! કોઈ એકવાર, જીવનના બોત્તેર કલાક, મહાનગર મુંબઈમાં લેખકના 'હું'ને કાઢવા પડે છે ત્યારે મુંબઈ એને કેવું ભાસે છે ? ધાતકી પશુ ડોળાથી ઘૂરકાવતું ન હોય જાણે ! એથી તો 'હું'નાં આંખ–મન રીસાઈ ઊઠે છે ! ચર્ચગેટ સ્ટેશને, ઉપડતી કે આવતી રાતી કીડી જેવી ચટકીલી ટ્રેઈન, કોથળામાંથી ઠલવાતી પસ્તીની જેમ કે કાગવાસનો અવાજ સાંભળતાંવેંત અગાસીમાં ઉમટી પડતા કાગડાઓની જેમ કલવાતા/ઊમટી પડતા માણસોની કલાન્ત મુદ્રાઓ, બંધ હવા, વગેરે વીગતોમાં સંડોવાતો 'હું' ભીતર–બાહ્ય રિક્તરિક્ત થઈ ઊઠે છે ને છાતીસણકની વેદનાનો ભોગ બને છે !

લેખકનો 'હું' અવ્વલ પ્રકૃતિપ્રેમી છે, કહો કે પ્રકૃતિ સાથેની તદ્રૂપતા, એને, સહજ છે. એનું અંતરંગ, પ્રકૃતિ અને ગ્રામપરિવેશનું અનુરાગી છે. યંત્રસંસ્કૃતિના પ્રતીકસમું ચર્ચગેટનું સ્થાન એને રિક્તતાની વેદનાથી સંતપ્ત કરે છે તો એ જ મહાનગરના ભવ્ય જલવૈભવ સમો જૂહુબીચનો દરિયો 'હું'ને એવો ન્યાલ કરી મૂકે છે કે પેલાં રીસાયેલાં આંખ–મન, લેખક કહે છે કે, 'કાશ ઘાસની જેમ ઝૂમી ઊઠયાં'. દરિયો 'હું' માટે માવતર છે; કાનમાં કહી શકાય તેવી વાતો સાંભળનાર આત્મીય શ્રોતા છે; જલશીકરો પરથી આવતો પવન 'હું'ના લલાટને, કપોલને, નેત્રને, હોંઠને, કંઠને પ્રગાઢ ઈશ્વરીય ચુંબનનો પ્રસન્ન અનુભવ અર્પે છે. નગરજીવનનો ચણચણાટ, અનિદ્રાનો ભાર, તરસ, શોષ બધું તોષમાં પરિણમે છે. લેખકને એ 'ઉસપાર'નો સતત ઝૂરાપો છે, એવું 'હું'ની કથામાંથી નિષ્પન્ન સતત થાય છે.

વિસ્મય અને/કે વિષાદની મૂર્તતા નિમિત્તે સૌથી વધુ સક્રિય ઉપાદાન અહીં 'હું'ની આંખ છે. અહીં, તહીં, ચોપાસ 'હું'ની આંખ ફરતી રહી છે. પ્રવક્તાની ઉક્તિરીતિએ, અહીં, એ આંખે, દશ્યો રચ્યાં છે. સ્થળ, સમય અને પ્રકૃતિનાં, સ્થિતિ અને ગતિનાં ચિત્રો,

અને તેમાંથી ભાવવ્યંજનાઓની કલાત્મક પરિણુતિ સધાયા કરે છે. 'માસાનામ્ માર્ગશીર્ષોઽસ્મિ' 'હે વૈરાગી, શાંતિ પાઠ કર!', 'પાલ, અરવલ્લી અને હસ્તિમતી!', 'ચૈત્રના પ્રભાત ઉદય હો! ઉદય હો!' 'આષાઢ' જેવી કૃતિઓ, આ હકીકતની પ્રતીતિ કરાવશે. દેશ–વિદેશના સાહિત્યિક વિશ્વના સંદર્ભો, આસ્વાદમૂલક આભિગમથી આ દશ્યોમાં સમરસ બની બહુધા ગૂથાયા છે, તો કયાંક કયાંક દર્શન–વર્ણનમાં પૂર્વસૂરિઓનાં અનુરણનો તુર્તજ પ્રગટ સંભળાય પણ છે, એમ પણ કહેવું જોઈએ.

'લીલું છમ પર્ણ–અવશપણે એની અને આપણી વચ્ચે મૈત્રીનો સેતુ બંધાઈ જતો હોય છે' (પૃ. ૮૭) એવા લેખકના 'હું'ના કથન સાથે સંપૂર્ણ સહમત થઈને, 'લીલાં પર્ણ'ને આવકારીએ.

ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઑફ આર્ટ્સ,
વડોદરા–૩૯૦ ૦૦૨.

સુભાષ મ. દવે

* * *

શબ્દકથા : લે. હરિવલ્લભ ભાયાણી, પ્ર. શ્રી ક. લા. સ્વાધ્યાય મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૮૩, પૃષ્ઠ. ૧–૬ + ૧–૨૨૭, મૂલ્ય રૂ. ૨૪ = ૦૦.

શ્રીયુત બચુભાઈ રાવતના સ્નેહાગ્રહથી શ્રી હરિવલ્લભ ભાયાણીએ શબ્દની કથા 'કુમાર'ના વાચકોને કહેવાનું શરૂ કર્યું. 'કુમાર'માં ક્રમશ: પ્રગટ થયેલું એ લખાણ સ્વાતિ પ્રકાશન, મુંબઈ તરફથી ૧૯૬૩માં "શબ્દકથા" એ શીર્ષક હેઠળ લઘુપુસ્તિકારૂપે પ્રકાશિત થયું. ત્યારપછી પણ ૧૯૮૧ સુધી 'કુમાર'માં આ કથા–પ્રવાહ લગભગ સતત ચાલુ રહ્યો. એ બધાનો સમાવેશ કરતો સંગ્રહ પ્રસ્તુત પુસ્તકરૂપે રજૂઆત પામે છે એ ભાષાશાસ્ત્રના અભ્યાસીઓ અને ગુજરાતી બોલનાર જનસમાજ માટે આવકાર્ય ઘટના છે.

ભાષા જીવન્ત દેહની જેમ સતત વિકાસ પામે છે. ભાષાનાં અને તેના ઘટક શબ્દોનાં મૂળ અને વિકાસના તબક્કાઓ વિષે પ્રામાણિક જાણકારી મેળવવાની આતુરતા સૌને હોય એ સ્વાભાવિક છે. પરંતુ લેખક જણાવે છે એમ ઘણી અગત્યની બાબતો વિષે પણ અતિપરિચયથી ઉદાસીનતા જન્મે છે. તેથી શરીરરચના વિષેની જાણકારીની જેમ ભાષાવિષયક જ્ઞાન મેળવવા, એ વિષયના વિશેષજ્ઞ બનવા માગતી વ્યક્તિઓ સિવાય, સાધારણ જનસમાજ પ્રવૃત્ત થતો નથી. પ્રસ્તુત ગ્રંથમાં લેખકે ગુજરાતી ભાષાના કેટલાક શબ્દોનાં મૂળ પ્રાગૈતિહાસિક ભારત–યૂરોપીય ભાષા તેમ જ પ્રાચીન, ગ્રીક, લેટિન, પર્શિયન ભાષાઓમાં શોધ્યાં છે. સંસ્કૃત તો ભારતની લગભગ બધી જ દાક્ષિણાત્ય સિવાયની વર્તમાન પ્રાંતીય ભાષાઓની માતામહી છે. એટલે તેના તદ્ભવ અને તત્સમ શબ્દો ગુજરાતીમાં બહોળા પ્રમાણમાં હોય એ સ્વાભાવિક છે. ઉપરાંત પ્રાચીન મુંડા, દ્રવિડી તેમ જ મધ્યકાલીન મુસ્લિમસંસ્કૃતિના સંપર્કથી અરબી, ફારસી અને અર્વાચીન સમયમાં અંગ્રેજોના પ્રભાવી સંપર્કથી અંગ્રેજીભાષાના ઘણા શબ્દો ગુજરાતીમાં વિદેશી તરીકે ન ઓળખાય એ રીતે ભળી ગયા છે. પ્રાકૃત, અપભ્રંશ અને દેશ્ય એ ત્રણ તો હાલમાં બોલાતી ગુજરાતી ભાષાના વિકાસના તબક્કાઓ છે, છતાં તે વિભિન્ન ભાષાઓ હોય

એમ માનવાની આપણને ફરજ પડે છે કેમ કે દરેકનું વ્યાકરણ અને સાહિત્યિક સ્વરૂપ જુદું છે. જેમ વૈદિક અને પ્રશિષ્ટ સંસ્કૃતભાષાનું વ્યાકરણ પાણિનિએ રચ્યું એમ પ્રાકૃત–અપભ્રંશ ભાષાઓનું વ્યાકરણ કલિકાલસર્વજ્ઞ ગણાતા જૈન મુનિ શ્રી હેમચંદ્રાચાર્યે (૧૦૮૮–૧૧૭૨) "સિદ્ધહૈમશબ્દાનુશાસન" શીર્ષક હેઠળ રચ્યું. તેના અંગભૂત અપભ્રંશ વ્યાકરણનું ગુજરાતી ભાષાન્તર સાથે શ્રી ભાયાણીએ સમ્પાદન કર્યું છે, જે ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ તરફથી ઈ. સ. ૧૯૬૦માં પ્રકાશિત થયું છે. એ ગ્રંથમાં તેઓ હેમચન્દ્રે આપેલાં ઉદાહરણોના અપભ્રંશને પ્રાચીન ગુજરાતી, પ્રાચીન મારવાડી કે પ્રાચીન હિન્દી ગણવાનું વલણ એકાંગી અને અશાસ્ત્રીય હોવાનું જણાવે છે. આથી સ્પષ્ટ થાય છે કે વિકાસના જુદા જુદા સ્તરોએ સાહિત્યકારો વડે સ્વતંત્ર સાહિત્યિક રૂપમાં સુગઠિત બનાવવામાં આવતી અને ધ્વનિપરિવર્તનનિયમોના તજ્જ્ઞોએ વ્યાકરણની રચનાવડે નિશ્ચિત ધ્વનિ–મર્યાદામાં આબદ્ધ કરવામાં આવતી ભાષાઓ, મૂળે ભલે એક હોય, શાસ્ત્રીય દૃષ્ટિએ ભિન્ન ગણવી જોઈએ. જ્યોર્જ ગ્રિયર્સન પોતાના ગ્રંથ "ધી લિંગ્વિસ્ટિક સર્વે ઑફ ઈન્ડિયા"માં જણાવે છે કે વૈદિક અને પ્રશિષ્ટ સંસ્કૃત વેદકાળમાં બોલાતી પ્રાકૃતમાંથી નિષ્પન્ન થઈ છે. પાણિનીય વ્યાકરણથી તેનું સ્વરૂપ નિશ્ચિત થઈ ગયું. પરંતુ પ્રાકૃતભાષાપ્રવાહ અખંડપણે વહેતો રહ્યો. તેમાંથી સાહિત્યિક પાલી, અર્ધમાગધી, અશોકના શિલાલેખોમાં વપરાયેલી પ્રાકૃત વગેરે વિકસી, જેમને તે દ્વિતીય પ્રાકૃત કહે છે. તેમાંથી વિકસેલી, દશમા સૈકામાં પ્રવર્તતી ભારતની પ્રાંતીય અપભ્રંશભાષાઓને ગ્રિયર્સન તૃતીય પ્રાકૃત કહે છે. પરંતુ અવેસ્તાની કંડિકાઓને સહેલાઈથી ઋગ્વેદની સંસ્કૃતમાં ફેરવી શકાય છે એ હકીકત ગ્રિયર્સનની પ્રથમ પ્રાકૃતની કલ્પનાને નિર્મૂળ ઠરાવે છે. આ ઉપરાંત સંસ્કૃતભાષાએ ઘણાં ભારત-યૂરોપીય શબ્દસ્વરૂપો જાળવી રાખ્યાં છે જે તેના પ્રાચીન ગ્રીક, લૅટિન, જર્મન, પર્શિયન વગેરે ભાષાઓ સાથેના સંબંધને પ્રગટ કરે છે. આ હકીકત વિલિયમ જોન્સે ઈ. સ. ૧૭૮૩માં ભારતમાં આવીને સંસ્કૃતનું અધ્યયન કરતાં નિહાળી અને તેના આધારે તેણે તુલનાત્મક ભાષાશાસ્ત્ર નામની નવીન જ્ઞાનશાખાનો પાયો નાંખ્યો.

જ્યાં સુધી માનવીય સંબંધો, સાંસ્કૃતિક અસરો, રૂઢિઓ, માન્યતાઓ, આર્થિક વ્યવહારો જેવી પ્રાચીન હકીકતોને પ્રકાશમાં લાવવાના કામનો સંબંધ છે ત્યાં સુધી શબ્દોમાં લખાયેલા ઈતિહાસ કરતાં શબ્દના સ્વરૂપ–પરિવર્તનની કડીબદ્ધ માહિતી પ્રસ્તુત કરતું અધ્યયન, અન્ય રીતોથી ન મેળવી શકાય એવી ઘણી મહત્ત્વની વિગતો પ્રમાણિકપણે મેળવી આપી શકે એમ છે. ગ્રીક દેવ જ્યુપિટર, વેદકાલીન દ્યૌસ્પિતરનું અને અબ્રાહમ બ્રહ્મનું રૂપાન્તર છે એ તથ્ય વૈદિક દેવો અને ગ્રીક દેવોનો સંબંધ દર્શાવે છે. સંસ્કૃત ભાષાના કેટલાક શબ્દો પ્રાચીન જર્મન, કેલ્ટિક-ભાષાઓના શબ્દો સાથે ધ્વનિસામ્ય ધરાવે છે, એ સર્વવિદિત છે. પરંતુ "રામસ્ય ગૌઃ" અને "રામ'ઝ કાઉ" એ વાકયખંડો સંસ્કૃતભાષામાં છઠ્ઠી વિભક્તિના "અસ્" પ્રત્યયનું અને અંગ્રેજીના એપોસ્ટ્રોફીના "એસ"નું સામ્ય બતાવે છે, એ હકીકત ધ્વનિસામ્ય ઉપરાંત વિભક્તિ–પ્રત્યયોની સમાનતા પ્રગટ કરીને શબ્દો ઉપરાંત ભાષાનું બંધારણ અને ભાષામાં વ્યકત થયેલા વિચારો કેટલેક અંશે સમાન હતાં એ બાબત છતી કરે છે. પશ્ચિમની આધુનિક સભ્યતા અને સંસ્કૃતિ ગ્રીક સંસ્કૃતિથી પૂર્ણપણે પ્રભાવિત છે, પરંતુ તે ગ્રીક સંસ્કૃતિ વૈદિક સંસ્કૃતિથી પ્રભાવિત હતી એ તથ્ય તુલનાત્મક ભાષાશાસ્ત્રથી જ્ઞાત થયું.

પ્રસ્તુત અભ્યાસગ્રંથમાં લેખકે ગુજરાતીભાષાના લગભગ અઢી હજાર કરતાં વધુ શબ્દો વિષે સંક્ષિપ્ત છતાં માહિતીસભર, પાંડિત્યપૂર્ણ છતાં પ્રાસાદિક, શાસ્ત્રીય છતાં રસપ્રદ અધ્યયન રજૂ કર્યું છે. શબ્દનું મૂળ, તેમાં નિયમમુજબ થતાં ધ્વનિપરિવર્તનો, અર્થવિકાસ, અર્થસંકોચ કે નવીન અર્થછાયાઓનું ગ્રહણ, વપરાશમાંથી લુપ્ત થવું કે અન્ય અર્થસંદર્ભમાં વપરાશ થવો વગેરે બાબતોનું યથોચિત વિગતે નિરૂપણ થયું છે. આ કામમાં લેખકે વૈદિક અને પ્રશિષ્ટ સંસ્કૃત, પ્રાકૃત, પાલી, માગધી, અર્ધમાગધી વગેરેનો આધાર લઈને, ભારતમાં હાલમાં બોલાતી પ્રાંતીય ભાષાઓ–મરાઠી, પંજાબી, કુમાઉ, બંગાળી, બિહારી, કાશ્મીરી, હિન્દી, ગુજરાતી–તેમજ તે તે પ્રદેશની બોલીઓના શબ્દ–અર્થ–વિકાસમાં ફાળો આપતાં પરિબળો અને પારસ્પરિક અસરો વિષે ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યની માહિતી એકત્રિત કરી, તેનું યથાયોગ્ય સંકલન કરી, વ્યવસ્થિત અભ્યાસ રજૂ કર્યો છે.

પોતાની સ્વતંત્ર શોધના પ્રકાશમાં જોડણીકોશમાં કરાયેલી કેટલીક અટકળો ભૂલભરેલી હોવાનું લેખકે જણાવ્યું છે. ‘પિત્રાઈ’ માટે પિતૃવ્ય અને ‘મોળાઈ’ માટે મોસાળને મૂળ ગણવામાં જોડણીકોશકારોએ ભૂલ કરી છે, કેમ કે, આ શબ્દોના અંતે આવતું ‘આઈ’ હકીકતમાં ‘ભાઇ’નું ઘસાયેલું રૂપ છે. ભ્રાતૃક–ભ્રાતિક–ભાઈઅ–હાઈઅ–હાઇ છેવટે આઈ બન્યું છે. તેમાંથી પિત્રાઈ માસિઆઈ કે મશિયાઇ જેવાં સમસ્ત પદો નિસ્પન્ન થયાં છે. ‘દેહ’ શબ્દનો ઇતિહાસ આપણને ભારત–યુરોપીયથી લઈને લેટિન, ગ્રીક, અવેસ્તામાં થતી અર્થની ઊથલ–પાથલો વિષે અનન્ય–લભ્ય જ્ઞાનસામગ્રી પૂરી પાડે છે. ભારત–યૂરોપીય ભાષામાં મૂળ રૂપ ‘ધેય્ઘ’ (Dheigh) = લેપ કરવો, ઘાટ આપવો હોવાનું અનુમાન છે. તેમાંથી આદિમ જર્મનભાષામાં ‘દાયૂઝા’ અને તેમાંથી અંગ્રેજી ‘ડૉ’ (dough) = કણક એવું રૂપ વિકસ્યું. લેટિનમાં તે ‘ફિન્ગો’ (Fingo) = ઘડવું એવા રૂપે વિકસ્યો. તેમાંથી ‘ફિકિટઓ’ ‘ફિગુરા’ વિકસ્યાં. ત્યાર પછી અંગ્રેજીમાં તે ‘ફિકશન’, ‘ફિગર’ બન્યો. અવેસ્તામાં એ ‘દએઝ’ થયો અને ‘પેરિ–દએઝ’ = ફરતી વાડવાળો ઉદ્યાન એ સમસ્તપદમાં રૂપાંતર પામ્યો. તેમાંથી ગ્રીક અને અંગ્રેજી ‘પેરેડાયૂઝ’ = સ્વર્ગોદ્યાન એવું રૂપ પામ્યો. એક શબ્દ હજારો વર્ષની યાત્રામાં કેટલાં માનવકુળોમાં સ્થાન પામે છે, અને કેવી અટપટી અર્થછાયાઓ વિકસાવે છે તેનું આ રસપ્રદ ઉદાહરણ છે.

તે જ રીતે ગ્રીક શબ્દ દ્રખ્મ (drachma) = રૂપાનો સિક્કો, ઈરાનમાં થઈને ‘દ્રમ્મ = રૂપાનો સિક્કો બનીને ભારતમાં આવ્યો. તેમાંથી ‘દામ’ = તાંબાનો સિક્કો એ રૂપે વિકસ્યો. સંસ્કૃત શબ્દોને આપણે રોજબરોજના વ્યવહારમાં પ્રયોજીએ છીએ. તે શુદ્ધ હોય એ આવશ્યક છે. અખબારોમાં ‘આધુનિકીકરણ’ અને ‘ઔદ્યોગિકીકરણ’ ને બદલે આધુનીકરણ અને ઔદ્યોગીકરણ વપરાય છે એ શિથિલતા છે અને શક્ય હોય ત્યાં સુધી ટાળવી જોઈએ.

શબ્દોને આ રીતે વિવિધ પરિપ્રેક્ષ્યમાં નિહાળીને તે અંગેની રજૂઆતને પ્રામાણિક બનાવવા માટે લેખકે પાણિનિના વ્યાકરણગ્રંથ અષ્ટાધ્યાયી અંગ્રેજી માટે વેબ્સ્ટરનો શબ્દકોશ, શ્રી હેમચંદ્રાચાર્યના સિદ્ધહૈમશબ્દાનુશાસન, દેશીનામમાલા અને અભિધાનચિન્તામણિ ઉપરાંત તે તે ભાષાના શબ્દકોશોનો આશ્રય લીધો છે. પોતાનાં વિધાનોને આધાર આપવા અને લખાણને

રસપ્રદ બનાવવા લેખકે ઉદાહરણો માટે વૈદિક સૂક્તો, વિષ્ણુપુરાણ, સપ્તશતી, કુમારસંભવ, નૈષધીયચરિત, વેણીસંહાર, સુભાષિતરત્નકોષ તેમ જ બૌદ્ધ જાતકકથાઓ, જૈન આગમગ્રંથો, વસંતવિલાસ જેવા ગુજરાતી ફાગુઓ, પરમાત્મ-પ્રકાશ જેવાં અપભ્રંશકાવ્યો, સંદેશરાસક, ભાલણકૃત કાદમ્બરીકથાનું રૂપાન્તર, પ્રાચીન ધોળ, હેમચંદ્રાચાર્યે ટાંકેલાં મુક્તકો, દુહાઓ, લોકોક્તિઓ ઉપરાંત સોરઠી દુહાઓ વગેરેનો યથાસ્થાને પ્રયોગ કર્યો છે. આ કારણે ગ્રંથની સામગ્રી બોધપ્રદ બનવા ઉપરાંત રસાળ અને સુરુચિને પોષે એવી બની છે.

દરેક શિક્ષિત ગુજરાતીભાષીએ વાંચવા માટે "જરૂરી"ની કક્ષામાં મૂકી શકાય એવો આ ગ્રંથ છે. ગુજરાતી ભાષાના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે આ ગ્રંથનું કે તેના વિશિષ્ટ ભાગનું અધ્યયન નવી દિશા સૂચવવામાં ઉપયોગી થાય એમ છે.

પૃષ્ઠસંખ્યા ૯૭ ઉપરનો ફકરો અધવચ્ચેથી છપાયો છે. તેની શરૂઆતનો અંશ પાછળના પાન ઉપર નથી તેથી સંદર્ભભંગ થાય છે, છતાં "ઢીંગલી-શાલભંજિકા" એ બે શબ્દોની ચર્ચાનો પ્રવાહ મોટે ભાગે જળવાઈ રહે છે.

ગ્રંથના અન્તે અકારાદિક્રમે શબ્દસૂચિ આપી છે તેનાથી પુસ્તકની ઉપયોગિતા વધે છે.

વિવિધ લિપિઓવાળા અને વિવિધ વિરામચિહ્નોવાળા લખાણનું છાપકામ મોટે ભાગે ભૂલો વિનાનું છે. મુખપૃષ્ઠ કલાત્મક અને સૂચક છે. ગુજરાતી ભાષાનાં આ વિષયનાં પુસ્તકોના નિધિમાં આ ગ્રંથ એક અગત્યનો ઉમેરો કરે છે. અધ્યયનશીલ લેખક પાસેથી ગુજરાત આવાં અનેક અણમોલ પ્રદાનોની આશા રાખે એ સ્વાભાવિક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર, એમ. એસ.
યુનિવર્સિટી, વડોદરા-૩૯૦ ૦૦૨

રામકૃષ્ણ વ્યાસ

* * *

"અવાજનું અજવાળું" (કાવ્યસંગ્રહ): લે. યોગેશ જોશી: પ્રકાશક, વિશ્વમાનવ સંસ્કાર ટ્રસ્ટ, વડોદરા, મુખ્ય વિક્રેતા: આર. આર. શેઠની કંપની, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૪, પૃ. ૯૬, કિંમત રૂ. ૨૫=૦૦.

"પથ્થરોએ રાતભર કણસ્યા કર્યું,
ને સવારે કૂંપળો ફૂટી હતી." (પૃ. ૮૯)

પથ્થરની જડતાને જીવંતતામાં પલટાવી એની કૂખે કૂંપળો પ્રગટાવનાર એક કાવ્યકૂંપળ હવે ફૂટી ગઈ છે. આ કૂંપળ એટલે શ્રી યોગેશ જોશી. ગુજરાતી કાવ્યાકાશના આ નવોદિત નક્ષત્રનો આ પ્રથમ કાવ્યસંગ્રહ છે, 'અવાજનું અજવાળું'. ધ્યાન ખેંચાય એવું એમનું લક્ષણ છે ઈશ્વરને (હા, યોગેશ અત્યાધુનિક નથી!) પ્રશ્ન કરવાની એમની મુદ્રા:

"ઈશ્વરને પૂછ્યું-'હોવું એટલે શું?'
ને કોને ખબર,
મારું શેમાં શેમાં થતું ગયું રૂપાંતર?" (પૃ. ૨૦)

આવા રૂપાંતરમાં માનતા કવિને સજીવ શબ્દ ખપે, કૃત્રિમ/કૃતક નહિ, અરે, ('ટેસ્ટટયૂબ શબ્દો' પણ નહિ. એનું પરિણામ એવું ય આવે, કવિની આકાંક્ષા મહદ્ હોય તો ખાસ, કે એને સૂર્ય પણ શેકહેન્ડ કરવા તલસે, 'ચાવી આપો તમારી ઘડિયાળને/જેથી હું/આગળ ચલાવી શકું રથ.' (પૃ. ૧૭) આ કોઈ અંગત ઉદ્ગાર નથી, ઠેઠ રાજેન્દ્ર–નિરંજનથી બદલાતો આવતો સૂર્ય તરફનો કવિકોણ અહીં આગવી નજરે દેખાશે. સમયચક્ર અને રથચક્રની સહોપસ્થિતિ વચ્ચે સૂર્યમુખે આવો ઉદ્ગાર કદાચ પ્રથમ છે.

આપણી કવિતામાં પરિવેશરૂપે હવે રક્તપિતિઓ સૂરજ, બુઝાઈ ગયેલો ચંદ્ર, કોહવાઈ ગયેલ તારાઓ ને તરડાઈ ગયેલું આકાશ, કંઈ નવાં નથી. અમદાવાદી મિલોનાં ભૂગળાનો ત્રાસ પણ નવો નથી કે લોહીના બાટલા સૂરજને ચડાવવા પડે એય વિશિષ્ટ નથી. વિશિષ્ટ તો છે આ નિષ્ઠુર પરિસ્થિતિને ચિત્રિત કરતી કવિતા :

'દીવાની જ્યોતને ફૂંક મારીને
પતંગિયાં પ્રયાણ કરવાનાં છે
કાળમીંઢ ખડક તરફ.' (પૃ. ૧૬)

પ્રકાશમાંથી અંધકાર તરફ જ અહીં ગતિ નથી, સ્વયંને કુરબાન કરી, નિયતિને સ્વીકારી લેવાની અસહાય મનોદશા પણ છે, એ સિવાય જ્યોત/ખડકનો વિપર્યાસ ન હોય ! આ નગરમાં ('આ ઐશ્વર્યે'–કમ્પેર, કાન્ત) હવે બેઠી છે પાનખર કે પાંખખર !

"સૂકું પાંદડું તો ઠીક
પંખીની પાંખ પણ ખરી પડે
તેવી પાનખર બેઠી છે મારા નગરમાં." (પૃ. ૪૧)

પાનખરને લીધે પાનના થતા પતનને જોઈને હાલી ઊઠે એવું કવિહૈયું, એનું નામ તે હૈયું, જે સાંકળે છે ઠેઠ આકાશના તારાના ખરવા જોડે આખી ઘટનાને આ રીતે : 'આકાશમાંથી/એકાદ તારો ખરતો હોય ત્યારે/બીજા તારાઓ એટલી સાહજિક્તાથી ચળકી શકે ?' (પૃ. ૫૦) વેદનાની આવી અભિવ્યક્તિ, જે યોગેશ પીપળો કે બાવળ કે દાવાનળ દ્વારા, નથી કરી શકયા, તે ઉપર્યુક્ત એકબે પંક્તિમાં સહજતાથી થઈ જાય છે. કવિ બાવળને 'પ્રાર્થના' કરે કે પીપળાને 'શિર નમાવી' વિનવે એમાં રોતલવેડા નહિ હોય તોય ઊર્મિમાંદ્ય તો ખરું જ. ઊર્મિની તીવ્રતા તો છે 'વેદનાનું પિપૂડું' બનાવવાની મસ્તી :

'પીપળાના પાનમાં ઊપસેલી
જીવંત નસોમાં ધબકતી વેદનાનું પિપૂડું–
બનાવીને/શરણાઈની જેમ જ વગાડી શકાય.' (પૃ ૬૫)

પાનને પિપૂડાની જેમ વાળીને એમાંથી અવાજ કાઢતાં બાળકોની છબી આપણે જોઈ છે. અહીં નસો/સૂરો સાથે પિપૂડું/શરણાઈ વેદનાના સંદર્ભે કરુણમધુર કલ્પનનું રૂપ ધારણ

કરે છે. જે વેદન ગાઈવગાડીને યોગેશ ગઝલોમાં સપાટબયાનીમાં મૂકે છે, અને એ વિધાનને લીધે વેધકતા ગુમાવી બેસે છે, એ પણ જોઈએ :

"પ્રેમ પણ સાથે મળે એ આશથી
વેદના મેં એમની માંગી હતી."

મૃત્યુબોધ આજની કવિતાનું વિશિષ્ટ સંવેદન બની ગયો છે. યોગેશનો શબ્દ મૃત્યુને વાસ્તવલક્ષી દૃષ્ટિએ તાકે છે :

"મરણની નજર
લપકારા લેતી બે ફાંટાળી સર્પના જીભ જેવી હોય છે
ને એની રુંવાટી હોય છે સોનેરી રંગની ચમકતી
—ને રુંવાટે રુંવાટે તીક્ષ્ણ ન્હોર..."

જે કવિએ 'મરણની નજર' માપી લીધી હોય, એ નિર્ભ્રાન્ત થઈ ગયો હોય. એ કહે છે, 'બારસાખે મેં જ લટકાવ્યાં છે મારાં હાડપિંજરો.' એને ખબર છે, 'તારા ચળકે ત્યારે આકાશના ને ખરે ત્યારે ધરતીના.' અને એ હકીકતથી કવિ અભાન નથી કે, 'વર્ષાની ધારના લિસોટા ન શોધાય.' છતાં વિસ્મય એ થાય છે કે, યોગેશ એટલા હતાશ નથી. 'ઝાંઝર ખોવાય'નો અર્થ 'પગ પણ ખોવાઈ જાય' એવું સ્વીકારી લેનાર ભોળી જમાતના એ નથી જ. 'મરણની અંદર' પણ ઊડતાં, ના, 'ઊડાઊડ કરતાં'—'પતંગિયાં' એને દેખાય છે ત્યાં સુધી એનો શબ્દ સશ્રદ્ધ રહેવાનો. પતંગિયાં જાણે એને માટે સૌંદર્યનું, સ્ફૂર્તિનું, સંકલ્પનું રૂપાળું આધાન ન હોય, એવું કાવ્યસંગ્રહમાં ઠેર ઠેર વિખરાયેલા સંદર્ભો પરથી સમજાય છે. પરિસ્થિતિની જડતાને સૂચવવા એ કયારેક વક્રોક્તિનો આશ્રય લે છે, દા. ત. '.માળુ હાળુ પવન કેમ નથી?' (કટોકટી) અહીં પવનને અભિવ્યક્તિની મોકળાશ માટે યોગેશે આબાદ પકડ્યો છે. એ જ કાવ્યમાં રમૂજપ્રેરક પ્રાસ પણ આ નાગરી કવિ લાવે છે ત્યારે કટાક્ષ અને હળવાશ સાથે પ્રગટે છે :

'ખાવાનું નહીં કયારેક છીંક કે બગાસું
વહેંચવામાં આવશે એકકેક પતાસું.' (પૃ. ૩૦)

એમ તો આખું કાવ્ય 'કટોકટી' લયસંદર્ભે તપાસવા જેવું બન્યું છે. આરંભે આદેશ, એ પછી પરીકથાકલ્પ વર્ણન, વચ્ચે રાક્ષસના આગમને ભેંકાર થઈ જતા નગરના જાણે સ્નેપ-શૉટ, પ્રભુની જાગૃતિને લીધે ચમત્કૃતિભર્યા ઉદ્‌ગારો અને છેલ્લે વેદનાભર્યો આછો નિઃશ્વાસ: ધ્વનિઓની ભાત અહીં આરોહઅવરોહમાં સહાયરૂપ બની છે—'ભૈ',—નો કાકુ, 'નહીં શકે'ની દૃઢતા (—કે જડતા), 'ફરવાનું', 'કરવાનું'નાં આવર્તનો, એનાં દૃષ્ટાંતો છે.

યોગેશ આધુનિક હોવા છતાં અશ્રદ્ધ નથી. સૃષ્ટિની પેલે પાર રહેલા કિમપિદ્રવ્યનો અણસાર એને આવી ગયો છે. 'કશેક', 'કશુંક', 'કશીક ખબર', 'અજાણી રહસ્યમય કાવ્યપંક્તિ', 'કોઈ નામહીન ફૂલોની અજાણી ગંધ',—જેવા ઉલ્લેખો, આવો કોઈ થાંભલો એને મળી ગયાના ખબર આપે છે. આ કશુંક એ પ્રકાશતત્ત્વ દ્વારા જાણે એ પામવા મથે છે :

૧ 'કેરોસીન ખલાસ થવા આવે
ત્યારે ફાનસ ભપકે તેમ
આ શેનું **અજવાળું**
ભભક ભપક ભપકે છે મારા દેહમાં.' (પૃ. ૩૭)

૨ 'એ ટહૂકાનું લાલ રંગનું **અજવાળું**
ઝાંઝરની જેમ ઝમકે છે મારા લોહીમાં.' (પૃ. ૭૩)

આની યાદી હજુંયે લંબાવી શકાય, 'ક્ષિતિજ પારથી આવતો હાલરડાંનો રેશમી અવાજ', 'ભીંત ઉપર ચોંટી ગયેલું અજવાળું', 'ઘીના દીવાનું હલમલતું અજવાળું', 'શ્રીકૃષ્ણના અવાજનું અજવાળું'—કેટકેટલાં સ્પર્શ/રંગ/તથા દૃશ્ય/ધ્વનિનાં પરિમાણો કવિ-શબ્દે સધાયાં છે. સંગ્રહનું શીર્ષક આ પરિમાણનું પરિણામ તો નહિ હોય ?

અહીં રોમાંચ (અને રોમાન્સ) પણ છે પરંતુ એમાં નાગરિક સૌષ્ઠવ ભારોભાર છે. 'વરસાદી માટી'નું રસિકજનો સમજી શકે એવું કલ્પન ગોઠવી (હા, ગોઠવી!) આ ચતુર નર લલકારી ઊઠે છે :

૧ અમે વરસાદી માટીને પીધી લબ્ લબ્ લબ્ લબ્
ને ત્યાં તો અમને હજાર હજાર ઇન્દ્રિયો ફૂટી મબલક મબલક. (પૃ. ૭૧)

૨ હલબલ હલબલ હિલ્લોળાતા પડછાયા પર
તરાપો થઈને તર્યાં અમે અઢળક અઢળક (પૃ. ૭૧)

ત્રણ જ ક્રિયારૂપો છે, એની તુલનાએ ક્રિયાવિશેષણો વધુ છે અને તેય દ્વિરુક્ત પ્રયોગોરૂપે હોવાથી વધુ સચોટ બન્યાં છે. પ્રિયમિલનનો આનંદ વર્ણવવા કવિએ અહીં ભાષાને ઠીક exploit કરી છે. એવું કલ્પન સફરજનનું છે : એને કવિ 'રાત ભરીને ખાધાં' કહે છે ત્યારે આખી રાત (ને રાતની શી વાત!) બદલાઈ જાય છે. બધે ભાષાને આ રીતે યોગેશ પલાણી હોત તો લગભગ સર્વત્ર જે ગદ્યાળુતા અને વિપુલતા દેખાય છે, એ ન હોત. ગદ્યકાવ્યો રચવાં સહેલાં નથી. દીર્ઘકાવ્યોની રચનારીતિ તરફ યોગેશનું લક્ષ્ય નથી એટલે એ જવા દઈએ. સ્વ. અનિરુદ્ધના અંતેવાસી હોવાથી મઠાર/સંસ્કારનો લાભ એમનાં કાવ્યોને મળી શકયો હોત. આપણા કેટલાક એકલવ્યોને આવો કાવ્યગુરુશિક્ષણાભ્યાસનો લ્હાવો નથી મળ્યો, એ કાવ્યજગતનો ચિંતાનો વિષય નહિ ? યોગેશ જોશી 'એક' ઉપર ફોકસ થવા ઇચ્છે છે, એક કોયલ/રક્તકણ/તારો/ટહૂકો/આંસુ/પતંગિયું/ટીપું ઈત્યાદિ સંદર્ભો પણ એમનાં કાવ્યોમાં વિખરાયેલા છે, દા. ત. 'હજી તો મારે/વરસાદના ટીપા પર આખી સૃષ્ટિને કોતરવાનું કામ બાકી છે' (પૃ. ૮૩) આ સાહસિક સંકલ્પ માટે અંતરની શુભેચ્છાઓ પાઠવીએ.

એ–૯, સજ્જનનગર સોસાયટી,
એસ.ટી. સ્ટેન્ડ સામે, માણસા

હરીશ વિ. પંડિત

* * *

સાહિત્યસ્પર્શ : લે. અને પ્ર. નવનીત શાહ, ૯, નવપ્રભા, કૉલેજ ટીચર્સ કો. ઑપ. હાઉ. સોસાયટી, રાજમહેલ રોડ, પાટણ (ઉ. ગુજરાત), પૃ. ૧૬૪, કિંમત રૂ. ૨૦=૦૦.

'સાહિત્યસ્પર્શ' ગુજરાત સરકારની આર્થિક સહાયથી તૈયાર થયેલો નવનીત શાહનો વિવેચનાત્મક લેખોનો સંગ્રહ છે. ૧૮ લેખોના આ સંગ્રહના ૮ લેખો સાહિત્યના સિદ્ધાંતો વિશે છે. કલાનાં પ્રયોજનો, સાહિત્ય અને શીલ, સર્જન, ભાવન, સાહિત્યમાં ઉપાદાન, અભિવ્યક્તિ, સ્વરૂપ, પ્રત્યાયન તથા સાહિત્ય દ્વારા પ્રજાસંસ્કારનું ઘડતર આ સઘળું આ સૈદ્ધાંતિક લેખોમાં ચર્ચા પામ્યું છે.

સંસ્કૃત આલંકારિક મમ્મટે ગણાવેલાં કલાનાં પ્રયોજનો–યશ, ધન, વ્યવહારજ્ઞાન, અશુભનિવારણ, સદ્યપરમાનંદ અને કાન્તાસંમિત ઉપદેશ–ને લેખકે પહેલા લેખમાં સમજાવ્યાં છે. તો 'સાહિત્ય'માં તેમણે સાહિત્ય સામાન્ય વિશેની ચર્ચા કરી છે ને સર્જક મર્યાદિત એવી ભાષાના માધ્યમ દ્વારા અમર્યાદિત અનુભૂતિને કેવી રીતે વ્યક્ત કરે છે તે દર્શાવ્યું છે. 'સાહિત્ય અને શીલ'માં 'શીલ તેવું સાહિત્ય' કે 'સાહિત્ય તેવું શીલ' આ સૂત્રોની ચર્ચા કરી છે. સાહિત્યમાં પ્રત્યાયનની અગત્ય સમજાવતો લેખ 'સાહિત્યમાં પ્રત્યાયન' છે. 'સર્જન અને ભાવન'માં સર્જનવ્યાપાર વિશે ચર્ચા કરી છે કે સર્જન માટે કોઈ નિયમ ઘડી શકાય નહીં કારણ અનુભૂતિની પળ અને સર્જનની પળ ઘણીવાર એકસાથે જન્મે છે. સર્જનવ્યાપારને સમજાવ્યા પછી કવિની પ્રતિભા વિશે વાત કરી છે. 'સાહિત્યવિવેચન'માં 'વિવેચન' અને 'વિવેચક' આ શબ્દોની વિભાવના આપ્યા પછી વિવેચનકાર્યની મહત્તા અને વિવેચકમાં જોઈતી સજ્જતાની વીગતે વાત કરી છે. 'સાહિત્ય અને પ્રજાસંસ્કારનું ઘડતર' લેખમાં સત્ત્વશીલ સાહિત્ય એવી સંજીવની છે કે જે જડ આત્મામાં ચેતન આણે છે આ મુદ્દાને ચર્ચીને સાહિત્યની અગત્ય સમજાવી છે.

આ પછીના 'સાહિત્યસ્પર્શ'ના દરેક લેખને પોતાનો જુદો વિષય છે. 'ફાગુકાવ્ય' એ મધ્યકાલીન સાહિત્યસ્વરૂપ વિશેનો લેખ છે. 'ફાગુ' શબ્દની વ્યુત્પત્તિથી માંડીને છેક તેના સ્વરૂપ અને પ્રકાર વિશે આ લેખમાં માહિતી છે. 'પ્રાચીનસાહિત્ય' એ રવીન્દ્રનાથ ટાગોરના મૂળ બંગાળી ભાષામાં લખાયેલા પણ પછીથી ગુજરાતીમાં જેનું ભાષાંતર થયું છે તેવા નિબંધ-સંગ્રહના પ્રત્યેક નિબંધનો ક્રમશઃ વીગતે પરિચય આપતો લાંબો લેખ છે. 'દિવ્યચક્ષુ' એક અભ્યાસ' આ લેખમાં ર. વ. દેસાઈની નવલકથાનું તેની વસ્તુસંકલના, પાત્રો, તત્કાલીન પરિવેશ, સંવાદ, શૈલી અને ઉદ્દેશની દૃષ્ટિએ થયેલું વિવેચન છે. 'બટુભાઈનાં નાટકો'નાં સ્ત્રીપાત્રો અને 'મુનશીની ઐતિ. નવલત્રયીનાં ત્રણ પટ્ટરાણી પાત્રો' આ બંને લેખ જે તે કૃતિનાં પાત્રોનો વીગતે–લાંબો પરિચય આપે છે. 'યાત્રા'ની અધ્યાત્મવિષયક કવિતા' આ લેખમાં સુંદરમ્‌ના આ કાવ્યસંગ્રહમાં, ભિન્ન ભિન્ન સ્વરૂપવાળાં કાવ્યોમાં અધ્યાત્મભાવ કેવી રીતે સઘન અને અસરકારક નીવડ્યો છે તેનો પરિચય આપ્યો છે.

'મોરનાં ઈંડાં' એક સફળ નાટ્યકૃતિ' આ લેખમાં શ્રીધરાણીના આ સામાજિક ત્રિઅંકી નાટકને નાટકનાં સ્વરૂપલક્ષણોને આધારે ચકાસ્યું છે. 'ઈન્દુકુમાર અંક : ૧નાં ગીતો'

લેખમાં પ્રથમ અંકમાં આવતાં ગીતો એક પછી એક લઈને આ ગીતો પાત્રને તથા કથાવસ્તુને દીપ્તિમાન કરવામાં કેવી રીતે મદદરૂપ થયાં છે તથા ન્હાનાલાલની ગીતકલા આ ગીતોમાં કેવી પાંગરી છે તેનો પરિચય કરાવ્યો છે. 'લીલોતરી' શ્રી કલાલવિષ્ણુ શ્રી રામ 'બાદલ'નો ૫૭ બોધકથાઓનો–રૂપકથાઓનો–લઘુસંગ્રહ છે. આ સંગ્રહનો 'લીલોતરી'નાં સત્તાવન સુગંધિત પુષ્પો લેખમાં પરિચય આપ્યો છે. સંગ્રહનો છેલ્લો લેખ 'ઉનાળો' (જિતેન્દ્ર કા. વ્યાસ કૃત) ઋતુકાવ્યનું રસદર્શન છે.

'સાહિત્યસ્પર્શ' મુખ્યત્વે વિદ્યાર્થીભોગ્ય વિવેચનસંગ્રહ છે. બધા જ લેખોમાં લેખકનું લક્ષ્ય મુખ્યત્વે વિષયને સ્પષ્ટ અને સરળ શૈલીમાં મૂકવાનું રહ્યું છે. દૃષ્ટાંતોનો લેખકે વિશેષ ઉપયોગ કર્યો છે. લેખક સાહિત્યના સિદ્ધાંતોની વાત કરતા હોય કે ર. વ. દેસાઈની નવલકથા વિશે વાત કરતા હોય પણ વસ્તુવિષય ક્રમશઃ તેમના લેખમાંથી સરળ રીતે સ્ફૂટ થતો આવે છે. લેખના પૂરા વાંચનને અંતે આપણે એક અધ્યાપકની વ્યવસ્થિત નોંધ વાંચી હોય એવી લાગણી અનુભવાય છે. આરંભના સિદ્ધાંત વિશેના લેખોમાં એબરક્રોમ્બી જેવા અંગ્રેજ લેખકોનાં સિદ્ધાતનાં પુસ્તકોનો આધાર લેખકે લીધો છે. આટલાને અંતે એટલું કહેવાનું થાય કે જ્યાં એક મુદ્દો પૂરો થાય અને બીજો શરૂ થાય તેની મધ્યમાં પેરેગ્રાફ હોય તો વાંચવામાં સરળતા રહે અને લખાણ વધુ સ્પષ્ટ થાય. લેખકનો આ પ્રથમ પ્રયાસ છે. હવે પછી તેમની લેખિનીને વધુ ગતિ મળે એવી શુભેચ્છા.

૧૦–અ, રાયપુર સોસાયટી, દિ.બ.મા. શાળા
સામે, કાંકરિયા, અમદાવાદ–૩૮૦ ૦૨૨

કીર્તિદા જોશી

* * *

નીલસલિલ નીરજદલ ઝૂલે : દ્વારકાદાસ હેમરાજ નથવાણી સ્મૃતિગ્રંથ : તેમની રચનાઓ તથા અંજલિઓ, સંપાદક : ભાનુશંકર ઓધવજી વ્યાસ (ઇંગ્લેન્ડ) સહાયક : નીલેશ દ્વારકાદાસ નથવાણી (ઓસ્ટ્રિયા) પ્રકાશક : નથવાણી પબ્લિકેશન (કેશોદ) વતી જયન્તી ઠાકોર, વસન્ત નેચરક્યોર હૉસ્પિટલ, આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૯ વિતરક : નવજીવન પ્રકાશન મંદિર, પો. ઓ. નવજીવન, અમદાવાદ–૩૮૦ ૦૧૪, ૧૯૮૩, પૃ. ૪૦ + ૪૨૧, કિ. રૂ. ૫૫.

'નિલસલિલ નીરજદલ ઝૂલે' એવા આકર્ષક અને ઔચિત્યપૂર્ણ નામાભિધાનયુક્ત સ્મૃતિગ્રંથ પૂર્વઆફ્રિકાના કેનિયા (નાઈરોબી) યુગાન્ડા (જિન્જા)માં વાણિજ્યક્ષેત્રે નામાંકિત 'ધરમશી હેમરાજ નથવાણી'ની પેઢીના ભાગીદાર વેપારી સદ્‌ગત શ્રી દ્વારકાદાસ હેમરાજ નથવાણી (મમુભાઈ)ને અંજલિરૂપ છે. સાહિત્યક્ષેત્રે પ્રતિષ્ઠિત શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસે એ ગ્રંથનું વિશિષ્ટ પ્રકારે સંપાદન કર્યું છે.

સદ્‌ગત શ્રી દ્વારકાદાસ હેમરાજ નથવાણીવિષયક આ સ્મૃતિગ્રંથમાં તેમની વિવિધ રચનાઓ તથા એમને વિશેની અંજલિઓ ગ્રંથસ્થ કરવાના ઉપક્રમ દ્વારા સંપાદકે સદ્‌ગતનું ઉચિત તર્પણ કર્યું છે. શ્રી દ્વારકાદાસ અતિ સામાન્ય ભણતર પામેલા વેપારી હોવા છતાં

સ્વપુરુષાર્થે વાચન, મનન, ચિંતન, લેખન દ્વારા પૂર્વઆફ્રિકામાં અક્ષરક્ષેત્રે પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા પામ્યા તેનો સાક્ષીરૂપ આ ગ્રંથ તેમની વૈવિધ્યપૂર્ણ લલિત–લલિતેતર વાઙ્મયસામગ્રી ધરાવે છે. પ્રથમ વિભાગમાં કર્તાની કવિતા, નિબંધ આદિ સાત પ્રકારની લેખનસામગ્રી અને દ્વિતીય વિભાગમાં તેમને વિશે મિત્ર–પરિવારલિખિત અંજલિ, સંદેશાઓ પ્રગટ કરવામાં સંપાદકે યોગ્ય રીતે જ સદ્દગતની અક્ષરપ્રવૃત્તિને બિરદાવવાની દૃષ્ટિ સેવી છે તેથી આ સ્મૃતિગ્રંથ વિશેષ આયુષ્યનો અધિકારી ઠરે છે. સંપાદકીય પ્રસ્તાવનામાં સદ્દગતનું સમૃદ્ધ વ્યક્તિત્વ આલેખાયું છે તે પણ મનભર છે.

સંપાદકીય નિરૂપણ અને નોંધ દર્શાવે છે તેમ સદ્દગતની ઘણી લેખિત અને મુદ્રિત સામગ્રી સ્થળકાળના પ્રવાહે લુપ્ત થઈ છે જે કદાચ સદ્દગતના અક્ષરદેહને વિશેષ પરિમાણમાં ઉપસાવી શકત તેમ છતાં ઉપલબ્ધ લખાણો પ્રસિદ્ધ કરી તેમના પરિવારે કૃતકૃત્યતા અનુભવી એ ગૌરવપૂર્ણ ઘટના છે.

ગ્રંથસામગ્રી નિર્દેશે છે તેમ સદ્દગતનું રસક્ષેત્ર વિશાળ છે અને લેખનસ્વરૂપમાં વૈવિધ્ય છે; તેમ છતાં એમણે પોતાનામાં સાહિત્યિક શક્તિ હોવાનો નિષેધ કરવાની વિનમ્રતા દાખવી છે તે તેમને સવિશેષ માનાર્હ વ્યક્તિત્વ બક્ષે છે. બે વ્રજભાષા રીતિનાં ગીતો સમેત અહીં એકત્રિત સાત કવિતામાં કોઈ નોંધપાત્ર કવિત્વશક્તિના ઉન્મેષના અભાવ છતાં એમનું ઋજુ હૃદય ઠીક ઠીક આલેખાયું છે. નિબંધોમાં એમાંના રસક્ષેત્રનો યથાર્થ વ્યાપ વર્તાય છે. એમને મતે ગંગાસમ નાઈલપ્રદેશની સંસ્કૃતિને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં નિરૂપતા લેખો સરળ, પ્રાસાદિક અને માહિતીસભર રહ્યા છે. પ્રાચીન સંસ્કૃતિ વિશેના અદ્યતન સંશોધનથી તેઓ પરિચિત છે અને બયાનમાં એમની દૃષ્ટિ વૈજ્ઞાનિક અને તટસ્થ છે. યુગાન્ડામાં ભારતીય સંસ્થાની કુસેવાનો ઉલ્લેખ વિનાસંકોચે તેમણે કર્યો છે. આમ છતાં 'નાઈલ અને યુગાન્ડા' વિશેના બે નિબંધોમાં મુટેસાની માતાના દફનપ્રસંગમાં વલ્કલની સંખ્યાનો વિરોધ અને 'શરદ: શતમ્' નિબંધમાં સ્વામી રામતીર્થ અને સ્વામી વિવેકાનંદની સમાન મૃત્યુવયનો ઉલ્લેખ એમની ચોકસાઈ વિશે સાશંક કરે છે.

એમની પૂર્ણ અપૂર્ણ, સ્વતંત્ર આધારિત, લઘુ પ્રલંબ બારેક વાર્તાઓ ગ્રંથના સૌથી વિશેષ પૃષ્ઠોમાં પ્રસ્તરે છે. વાર્તાવિષયનું વૈવિધ્ય ધ્યાનાકર્ષક છે અને વાર્તાઓ રૂઢ વિષય અને શૈલીની હોવા છતાં કલ્પના અને નિરૂપણની દૃષ્ટિએ હૃદયંગમ છે. ગંભીર અને હળવા નિરૂપણમાં લેખક એકસરખા ખીલે છે. કેટલીક વાર્તાઓ સરળ તેમ જ મનોરમ છે તો 'કળજગનાં કૌતુક' જેવી વાર્તા પ્રસ્તારલક્ષણે અને 'બંસી' 'અચ્છિન્ન પ્રેમધારા' જેવી વાર્તા નિબંધાત્મક નિરૂપણે રસક્ષતિ સર્જે છે તો 'અભયદાન' જેવી દૃષ્ટાન્તકથા બની રહે છે. રામાયણ ભાગવતના પ્રસંગો પર આધારિત વાર્તા રસપ્રદ છતાં કોઈ નવીન ભાત પાડતી નથી. 'અનધિકાર પ્રવેશ' વિજ્ઞાનની મર્યાદા ચીંધતું રૂપાંતરિત નાટક મુખ્યત્વે વિષય અને સંવાદને આધારે રસપ્રદ બને છે.

સદ્દગતનાં પત્રકારિત્વપ્રવૃત્તિ અંગેનાં લખાણો તત્કાલીન સમયરંગનું ચિત્ર અર્પે છે. એમની પત્રકારી ઝુંબેશને પરિણામે મહાત્મા ગાંધીજીનાં અસ્થિ નીલ (નાઈલ) નદીમાં

પધરાવવાનો નિર્ણય લેવાયો હતો. એમનાં આ પ્રકારનાં લખાણો વૃત્તાંત–નિવેદન કરતાં કટાર–લેખનકોટિનાં વિશેષ છે. એમાં એમની અભ્યાસશીલતાનો રંગ આકર્ષે છે. એમના બે સાહિત્યિક આલોચનાના લેખો એમનાં રસ, રુચિ અને ગુણજ્ઞતાના દ્યોતક છે. 'રેખાચિત્રો'ના વિભાગમાં સંગ્રહાયેલ નિબંધોમાં એક મુખ્યત્વે વૈષ્ણવભક્તિ વિશે માહિતીસભર લેખ છે અને બીજા નેહરુથી માંડીને શ્રી અરવિંદમાર્ગી પંડિતરાવ વિશેનાં અંજલિરૂપ લખાણોમાં તે તે વ્યક્તિના કાર્યક્ષેત્રમાં તેમનું ગૌરવ પ્રસ્થાપિત કર્યું છે, જેમાં લેખકની નિર્મળ અને પ્રેમળ હૃદયની ઉષ્મા વર્તાય છે.

દ્વિતીય વિભાગમાં અંજલિરૂપ લખાણોમાં વિવિધ કલમો દ્વારા સદ્ગતનું પ્રભાવશાળી જ્ઞાનપિપાસુ વ્યક્તિત્વ ઊપસે છે. તેમના રસવૈવિધ્ય અને વાચનવૈવિધ્ય સાથે વિનમ્રતા, ઋજુતા, સેવાવૃત્તિ કુટુંબવત્સલતા, સત્યપ્રિયતા, સ્પષ્ટવક્તૃત્વ જેવા ઉમદા ગુણોનો પરિચય આપતા ગુજરાતી અંગ્રેજી લેખો ચરિત્રનાયક માટે આદર પ્રેરે છે.

આ સ્મૃતિગ્રંથમાં સદ્ગતના જ્ઞાતિ પત્ર-પત્રિકા અને આફ્રિકન સમાચારપત્રોમાં પ્રસિદ્ધ ઉપલબ્ધ સામગ્રીનું ચીવટાઈપૂર્વક સંપાદન થયું છે. જો કે નિબંધોમાં લલિત-લલિતેતર સામગ્રી અલગ પાડી કર્તાને વિશેષ ન્યાય આપી શકાયો હોત. 'ક્ષમાપના'માં ઉલ્લેખેલ 'બિરહ રૈન' કાવ્યથી પ્રથમ મુદ્રિત કાવ્ય ઇતર છે કે કેમ તેની સ્પષ્ટતા ઉચિત લેખાત. 'નાઇલ અને યુગાન્ડા' નિબંધના સંક્ષિપ્ત હિન્દીકરણમાં લેખક અને અનુવાદકનો અલગ ઉલ્લેખ આવશ્યક હતો. 'ઉષઃકાલ' વાર્ષિકની પ્રસિદ્ધિ-અપ્રસિદ્ધિ અંગેનો ઉલ્લેખ ગુજરાત માટે સહેજ સંદિગ્ધ રહી જાય છે. અનુક્રમણિકામાં પ્રથમ વિભાગનું શીર્ષક–ઉપશીર્ષક અલગ નિર્દેશી એકરૂપતા જાળવી હોત તો વિશેષ ઉચિત લેખાત. 'વિશ્વમાનવ નહેરુ' નિબંધની સાલ ૧૯૫૬ આપી છે તે કદાચ મુદ્રણદોષ હશે.

ગણેશ નિવાસ, અમૃત શેરી,
વલસાડ–૩૯૬ ૦૦૧

મનોજ દફ

* * *

સાભાર સ્વીકાર

૧ **વમળ :** લે. અને પ્ર. પરેશ દવે, જોષી ટેકરો, આણંદ, (જિ. ખેડા), પૃ. ૫૦, કિંમત : રૂા. ૫ = ૭૦ પૈસા.

૨ **સહજ સુખ (શ્રેણી–૩) :** લે. જશુભાઈ શાહ, પ્ર. જયસચ્ચિદાનંદ સંઘ વતી ખેતશી નરશી શાહ, ૨૦–૧૦, એન્જલ લેન્ડ, નાયગ્રામ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ–૪૦૦ ૦૩૧, પૃ. ૩૨ + ૧૪૪, કિંમત : છાપેલ નથી.

૩ **સહજ સુખ (શ્રેણી–૪) :** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૩૬ + ૧૩૬, કિંમત : છાપેલ નથી.

૪ **અસ્તિત્વ :** લે. દીપક જગતાપ 'અંકુર', ટી. આર. સી. વડિયા પેલેસ કોલોની, રાજપીપળા–૩૯૩ ૧૪૫ (જિ. ભરૂચ), પૃ. ૬૧, કિંમત : રૂા. ૬ = ૩૦ પૈસા.

૫ **ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ :** લે. તપસ્વી નાન્દી, પ્ર. અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૩૮૦ ૦૦૬, પૃ ૧૦ + ૬૦૮, કિંમત : રૂા. ૩૦ = ૦૦.

૬ **श्रीकृष्णोदय :** લે. છજ્જૂરામજી સામનેવાલે, પ્ર. એસ. એસ. શર્મા, ૬૬, રેલ્વે મંડી, હોંશિયારપુર–૧૪૬ ૦૦૧ (પંજાબ), પૃ. ૮૨, કિંમત : છાપેલ નથી.

૭ **श्रीमद्भागवत :** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૩૧૮, કિંમત : છાપેલ નથી.

૮ **એરિસ્ટોટલનું કાવ્યશાસ્ત્ર :** લે. ગો. વિ. કરંદીકર, અનુ. જયા મહેતા અને જશવંતી દવે, પ્ર. રજિસ્ટ્રાર, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, ૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ–૪૦૦ ૦૨૦, પૃ. ૧૪ + ૨૫૬, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

૯ **सेतुबन्ध :** અનુ. જસવંતીબેન દવે, પ્ર. ઉપર મુજબ, પૃ. ૮૦, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

Statement about the ownership and other particulars about newspapers

SVĀDHYĀYA (स्वाध्याय)

(To be published in the first issue every year after the last day of February)

FORM IV

(See Rule 8)

1	*Place of the Publication* :	Oriental Institute, M. S. University of Baroda, Baroda
2	*Periodicity of its Publication* :	Three Months—Dipotsavī, Vasanta-pañcamī, Akṣayatṛtīyā and Janmāṣṭamī
3	*Printer's Name* :	Dr. S. G. Kantawala
	(*Whether citizen of India* ?)	Yes
	(*If foreigner, state the country of origin*)	
	Address :	" Shri-Ram " Kantareshvar Mahadev's Pole, Bajwada, Baroda-390 001
4	*Publisher's Name* :	Dr. S. G. Kantawala
	(*Whether citizen of India* ?)	Yes
	(*If foreigner, state the country of origin*)	
	Address :	"Shri-Ram" Kantareshvar Mahadev's Pole, Bajwada, Baroda-390 001
5	*Editor's Name* :	Dr. S. G. Kantawala
	(*Whether citizen of India* ?)	Yes
	(*If foreigner, state the country of origin*)	
	Address :	"Shri-Ram" Kantareshvar Mahadev's Pole, Bajwada, Baroda-390 001
6	*Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital*	The M. S. University of Baroda, Baroda

I, S. G. Kantawala, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

S. G. Kantawala

Signature of Publisher

શ્રી સયાજી સાહિત્યમાળા

		રૂ. પૈ.
૩૩૩	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૩૩૪	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—(સ્વ.) શ્રી. કનૈયાલાલ ભા. દવે	૫=૫૦
૩૩૫	**ઐતિહાસિક લેખસંગ્રહ**—(સ્વ.) શ્રી પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૩૩૬	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૩૩૭	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૬૪)	૧૦=૫૦
૩૩૮	**ભવાઈના વેશની વાર્તાઓ**—(સ્વ.) શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૩૩૯	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ): ભાગ ૧, સ્કંધ ૧-૩**—(સ્વ.) શ્રી નાગરદાસ અમરજી પંડ્યા (૧૯૬૫)	૮=૦૦
૩૪૦	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા, ભાગ ૧** (૧૯૬૫)	૯=૦૦
૩૪૧	**આધુનિક ગુજરાતના સંતો ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૬૬)	૯=૦૦
૩૪૨	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પ્ર. પુરોહિત (૧૯૬૭)	૭=૫૦
૩૪૩	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા (૧૯૬૭)	૧૫=૫૦
૩૪૪	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૩૪૫	**ઓખામંડળના વાઘેર**—(સ્વ.) શ્રી કલ્યાણરાય ન. જોશી (૧૯૭૦)	૧૩=૦૦
૩૪૬	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૭૦)	૧૩=૦૦
૩૪૭	**પંચદશી તાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી (૧૯૭૧)	૬=૦૦
૩૪૮	**અખો અને મધ્યકાલીન સંતપરંપરા**—(સ્વ.) ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૩૪૯	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—(સ્વ.) નાગરદાસ અ. પંડ્યા (૧૯૭૨)	૧૧=૫૦
૩૫૦	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૩)	૨૬=૦૦
૩૫૧	**ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫)	૮=૭૫
૩૫૨	**ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫=૦૦
૩૫૩	**ભારતીય વીણા**—(સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંડ્યા (૧૯૭૮)	૩૧=૦૦
૩૫૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯)	૯૬=૦૦
૩૫૫	**ચાંપાનેર: એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦)	૩૬=૦૦
૩૫૬	**દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—(સ્વ.) શ્રી ક. ન. જોષી	૪૪=૦૦
૩૫૭	**આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯)	૪૫=૦૦
૩૫૮	**સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧)	૫૨=૫૦
૩૫૯	**કવિ ગિરધર: જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી	૫૧=૦૦
૩૬૦	**વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી	૩૫=૭૫
૩૬૧	**સહસ્રલિંગ અને રુદ્રમહાલય**—(સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે	૭૯=૦૦
૩૬૨	**વૈષ્ણવતીર્થ ડાકોર**—(સ્વ.) ડૉ. મંજુલાલ ર. મજમુંદાર	૪૮=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર (ટપાલખર્ચ સાથે)

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦ (ટપાલખર્ચ સાથે)

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ 'ડાયરેકટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયુટ, વડોદરા–૩૯૦ ૦૦૨' એ નામે મોકલવું. લવાજમ વર્ષ નવેમ્બરથી ઑકટોબર સુધીનું ગણાય છે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
મ. સ. વિશ્વવિદ્યાલય,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા–૩૯૦ ૦૦૨

સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા
સંપાદક